ભરતખંડનો સંક્ષિપ્ત ઇતિહાસ.

તૈયાર કરી પ્રસિદ્ધ કરનાર

સાકરલાલ અમૃતલાલ દવે.

રે. શિનોર—અંગ્રેજીશિક્ષણ માર્ગદર્શિકાના કર્તા.

અને

છોટાલાલ હિંમતલાલ પરીખ.

મીઆંમહંમદની વાડી—વડોદરા.

આવૃત્તિ ૨ જી. પ્રત ૨૦૦૦.

સન ૧૯૧૧.

અમદાવાદ—ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસમાં સોમાલાલ

મંગળદાસે છાપ્યું.

કીંમત રૂ. ૦-૮-૦.

પ્રસ્તાવના.

ઈતિહાસ શબ્દનું ભાન થતાં બનેલા બનાવોનું સત્ય અને નિષ્પક્ષપાતપણે સ્પષ્ટિકરણ એજ તેના ખરા અર્થને સમજાવે છે. તેથી ઈતિહાસ લખવામાં તેના મુખ્ય હેતુને બરોબર રીતે સાચવવો એ ઈતિહાસ કર્તાની વાસ્તવિક ફરજ છે. અને તેની લેખન પદ્ધતિ પણ તેવાજ પ્રકારની સરળ અને સીધી હોવી જોઈએ, કે જેથી નાનાં બાળકોના હાથમાં પુસ્તક આવતાં તે તેને કંટાળારૂપ ન લાગે અને સરળતાથી તેના યથાર્થ સ્વરૂપને તે સમજી શકે. ઈતિહાસ એ પણ દષ્ટાંતરૂપે એક અવલોકન કરવાજેવી નીતિજ છે. એ નીતિનું યથાર્થ ભાન આપણા બાળકોના ચંચળ હૃદયમાં તેવુંજ યથાર્થ થાય તોજ તે ઘણું અગત્યનું છે. રામાયણ, મહાભારત આદિ મોટા ઈતિહાસોની હકીકત તે સહેલાઈથી યાદ રાખી શકે છે. છતાં આધુનિક ઈતિહાસો યાદ રાખી શકતા નથી, તેનું કારણ જોતાં એમજ જણાય છે કે તેમાં જોઈએ તેવી રસિકતા હોતી નથી પરંતુ જો તે વાર્તારૂપે રસિક કરી બાળકોને બતાવવામાં આવે છે તો તે બાળકોના મન ઉપર સારી અસર કરેછે, અને તેમાં રહેલા નીતિતત્વને તે પોતે પોતાની મેળે ઓળખી લે છે, એમ સમજી દરેક બાળકને આ પુસ્તક સરળ અને રસિક લાગે તે પ્રમાણે તેમાં બનતી ગોઠવણ કરી છે.

આ ગ્રંથનો મુખ્ય આધાર ટેલર, ઍલ્ફીન્સ્ટન માર્શમેન અને સિંકલેર વિગેરેના બનાવેલા ઈતિહાસમાંથી લીધેલો છે અને તેથી ગ્રંથકાર તેમનો આભાર માને છે. ઈતિહાસ શિખવતી વખતે તેમાં આવતાં મુખ્ય સ્થળોનું દિગ્દર્શન બાળ વિદ્યાર્થીઓને કરાવવું જોઈએ, તેમજ નકશો પાસે રાખી તે સ્થળો તેમાં કયાં કયાં આવેલાં છે તે બતાવવાં જોઈએ.

અને તેથી આ ગ્રંથની પાછળ આપેલા પરિશિષ્ટમાં મુખ્ય મુખ્ય જોવા લાયક સ્થળોની સાધારણ માહિતી આપેલી છે. ઘણી વખત એવું જોવામાં આવે છે કે, બાળવિદ્યાર્થીઓને કોઇ પ્રખ્યાત માણસની હકીકત પૂછવામાં આવે છે ત્યારે તેની કયાંથી અને કેવી રીતે શરૂઆત કરવી તે તેમનાથી સમજાતું નથી. વળી કોઇ કોઇ પાત્રોની વાત બે ચાર પ્રકરણમાં આવતાં તેનું કેવી રીતે એકીકરણ કરવું તે તેમને સુઝતું નથી. તેથી આ ગ્રંથમાં એવા મુખ્ય મુખ્ય પાત્રોની હકીકત ટુંકામાં આપવામાં આવી છે, જે શરૂઆતમાં વિદ્યાર્થીઓને લાભકારક થઇ પડશે એમ અમારૂં માનવું છે.

આ અમારો પ્રથમ પ્રયાસ છે અને તેમાં ભૂલ ન થવા માટે બનતી કાળજી રાખવામાં આવી છે, છતાં પણ ઇતર વિદ્વાન તરફથી જો કદાપિ ઘટતી સૂચના કરવામાં આવશે તો તે સ્વિકારી બીજી આવૃત્તિમાં તે પ્રમાણે સુધારો કરવા બનતી તજવીજ થશે.

ગ્રંથકર્ત્તા.

આવૃતિ બીજી.

આ નવી આવૃત્તિમાં મેહેરબાન સાક્ષરવર્ય શ્રીયુત **હીરાલાલ વ્રજભુખણદાસ શ્રૉફ** જેઓ હાલ વડોદરામાં **શ્રી સયાજી હાઇસ્કુલના પ્રિન્સિપાલ** સાહેબ છે તેઓએ કરેલી સૂચનાપ્રમાણે સ્મિથ દીલાફોસા વિગેરેના ઇતિહાસોની મદદ લઈ સુધારો વધારો કરવામાં આવ્યો છે. તેને માટે ગ્રંથકાર એ ઇતિહાસકારોનો તેમજ મે. શ્રૉફ સાહેબ જેઓ વિદ્યાર્થિઓને વિદ્યાનાં સાધનો તૈયાર કરવામાં વખતોવખત જોઇતી મદદ આપે છે તેમનો આભાર માને છે.

કર્ત્તા.

OPINIONS.

Shri Sayaji High School, Baroda.
Nov. 7, 1910.

MY DEAR MR. SAKARLAL,

I have gone through the press copy of your "Short History of India," written in a simple and charming style in Gujarati, and I am glad to say it will do as a text book of Indian History in the first three standards of Anglo-Vernacular Schools. I may suggest here that you will add to the usefulness of the book by appending a summary of Chapter I, Physical features, of Vincent Smith's authoritative book on Indian History, entitled 'The Oxford Students' History of India.'

Very truly Yours,
(Sd.) H. V. SHROFF.
Principal.

Baroda Camp,
1*st November*, 1910.

MY DEAR MR. SAKARLAL DAVE,

Your new little book is nicely got up. It is an admirable production of its kind both in plan

and in execution. The narrative is simple and succinct, free from dry details; and this, combined with the clear expression of facts in easy language makes the epitome well suited to the needs of little children for whom it is intended. The contents of the book being mostly biographical in their nature will lend additional facility to beginners in their study, and will make history-reading a pleasurable task to children.

Wishing you and Mr. Parikh all success in your attempt.

I remain,
Yours Sincerely,
(Sd.) M. N. WADIA.
Assistant Master, Baroda High School.

I have gone through a greater portion of Messrs Dave and Parikh's brief History of India. The authors seem to have taken great pains in preparing the book. The want of such a book was long felt and this book will materially help the teachers and the taught in makiug the subject interesting as well as instructive. In short

the book is exactly to the point and is likely to create a taste for History among the students.

Dwarka, 12*th* *November* 1910.

(Sd) C. J. PATHAK.
M. A.
Assistant Master.
Amreli High School.

I have carefully gone through the notes on Indian History by Messrs Sakarlal A. Dave and Chhotalal. H. Parikh and I pronounce the book a suitable text-book on History for Standards II and III in the state English Schools.

For clearness and accuracy of information the compilers deserve as much credit as for their sense of proportion in avoiding to make the book too large for small Children.

(Sd) ANANTRAI GIRDHARLAL
DESAI. B. A.
Head Master. Pattan
High School.

Dharmaj A. V. School.

28*th October* 1910

I have gone through some portion of the book and have great pleasure to note that the book will prove very useful to students of Standards II and III of A. V. Schools.

The authors really deserve encouragement.

(Sd) M. H. BUCKLE, B. A.
Head Master, A. V. School,
Dharmaj

Baroda,

9*th November*. 1910

I have glanced through most of the pages of your Indian History and am glad to find that the plan and arrangement of the book are in every way satisfactory. I hope it will prove of much value to children studying in Anglo-Vernacular schools and will amply reward your labours by a wide circulation.

(Sd) R. C. SHAH, B. A.
Assistant Master, Baroda High school.

અનુક્રમણિકા.

હિંદની કુદરતી સ્થિતિ.

ઉપોદ્‌ઘાત—કોઇ પણ દેશનો ઇતિહાસ જાણ્યા પહેલાં તે દેશની કુદરતી સ્થિતિનું ભાન થવું જોઇએ અને તે બાળકોના હૃદયમાં સંપૂર્ણ ઠસ્યા પછી તે દેશના ઇતિહાસનું જ્ઞાન મેળવવું તેમને વધારે સહેલું લાગે છે. અને તેથી કરીને **હિંદની કુદરતી સ્થિતિનું** અત્રે વર્ણન કરવામાં આવ્યું છે.

બંગાળા ઉપસાગરની પૂર્વે આવેલો બ્રહ્મદેશ હાલમાં હિંદ સાથે જોડાયેલો છે પરંતુ પ્રથમ તે હિંદનો ભાગ નહોતો. તેથી તે દેશનો ઇતિહાસ આ પુસ્તકમાં આપેલો નથી તોપણ તે સંબંધી હિંદના ઇતિહાસમાં લાગુ થતી હકીકત યોગ્ય સ્થળે આપવામાં આવી છે. તેમજ લંકા પણ હિંદની દક્ષિણે આવેલું છે છતાં તે હિંદનો ભાગ નથી અને તેનો ઇતિહાસ પણ આ પુસ્તકમાં આવ્યો નથી. તે અંગ્રેજ સંસ્થાનોના સેક્રેટરીની દેખરેખ નીચે છે.

હિંદની સીમા—તેની ઉત્તરે હિમાલય અને કારાકોરમ પર્વતો આવેલા છે. તેની ઉત્તર પશ્ચિમે (વાવ્યકોણ) સિંધુ નદી વહે છે અને સિંધુ નદીની પશ્ચિમે પણ પર્વતો આવેલા છે; ઉત્તર પૂર્વ દિશા તરફ આસામ અને કાચાર પર્વતોની ટેકરીઓ આવેલી છે; અને બાકીનો ભાગ પાણીથી ઘેરાયેલો છે.

હિંદનો રસ્તો—પ્રાચીન કાળમાં જ્યાં સુધી કોઇ પણ રાજ્યને દરિઆઇ મુસાફરીની સત્તા હાથ લાગી નહોતી ત્યાંસુધી હિંદમાં પેસવાનો માર્ગ ઉત્તર તરફથી મળી આવતો હતો. છતાં પણ ઉત્તર તરફના હિમાલય અને કારાકોરમ પર્વતોમાં થઇને હિંદમાં પેસવાનો ભાગ્યેજ કોઈ માર્ગ જડી આવતો. પણ સિંધુ નદીની પશ્ચિમે આવેલા પહાડોમાં થઇને કેટલાક રસ્તા હિંદમાં આવવાના હતા; જેવા કે **બોલનઘાટ, ખૈબરઘાટ** વિગેરે. જો કે હિંદ એશિયા ખંડના રૂશિયા, ઇરાન અને

ચીનથી પર્વતોને લીધે જુદો પડયો છે છતાં બ્રિટિશ સરકારની દરિયાઈ સત્તા ઉપર ઘણોજ કાબુ હોવાને લીધે તે દરિયાઈ માર્ગેથી ગ્રેટ બ્રિટન સાથે જોડાયેલો છે. અર્વાચીન કાળમાં દરિયાઇ બંદરો હિંદમાં પેસવાના મુખ્ય બારાં રૂપ થઇ પડ્યા છે.

હિંદના કુદરતી ભાગ--હિંદની પશ્ચિમે આવેલા ખંભાતના અખાતથી પૂર્વે મહા નદીના મૂખ સુધી આવેલા પર્વતો અને અરણ્યોને લીધે હિંદના કુદરતી બે ભાગ પડેલા છે ૧ **ઉત્તર હિંદુસ્થાન** અને **દક્ષિણ હિંદુસ્તાન**. (આર્યાવર્ત અથવા હિંદુસ્તાન અને દક્ષિણ હિંદુસ્તાન અથવા દખણ.)

ઇતિહાસકારોએ પાડેલા હિંદના ત્રણ ભાગ--નર્મદા નદીની ઉત્તર તરફના પ્રદેશને આર્ય ગ્રંથકાર "આર્યાવર્ત" (આર્યનો મુલક) કહેતા અને મુસલમાનો તેને "હિંદુસ્તાન" (હિંદુનો મુલક) કહેતા. હાલ હિંદુસ્તાન એ આખા હિંદના મુલકને લાગુ પડે છે. પ્રાચીન લોકો દક્ષિણ હિંદુસ્તાન જે દ્વીપકલ્પ રૂપે છે તેને દક્ષિણ કહેતા જેનો અપભ્રંશ 'દખણ' થયો છે. પણ હાલમાં કૃષ્ણા અને તુંગભદ્રા નદીના ઉત્તરના પ્રદેશનેજ દખણ કહે છે અને તેમાં મુખ્યત્વે કરીને નિઝામના રાજ્યના મુલકનો અને મુંબઇ ઇલાકાના કેટલાક ભાગનો સમાવેશ થાય છે અને તેની દક્ષિણ તરફ તુંગભદ્રાથી કેપકોમોરીન સુધીનો મુલક કે જેમાં મદ્રાસ ઇલાકો; કોચીન, અને ત્રાવણકોરના દેશી રાજ્યો આવેલાં છે તેને "ટામીલ દેશ" કહે છે. આ પ્રમાણે હિંદના ત્રણ ભાગ થાય છે; ૧ આર્યાવર્ત, ૨ દખણ, અને ૩ ટામિલ દેશ.

હિંદુસ્તાન કે આર્યાવર્ત—આમાં મુખ્ય સિંધુ નદી અને તેની શાખાઓનો પ્રદેશ આવેલો છે, અને તેમાં પંજાબ, સિંધ, કચ્છ અને અરવલ્લીની પશ્ચિમે આવેલા રજપૂતાનાનો સમાવેશ થાય છે. ગંગાનદીની દક્ષિણના મુલકને બંગાળા કહે છે અને ઉત્તરે આવેલા મુલકને હાલ આગ્રા અને અયોધ્યાના સંયુકત પ્રાંતો કહે છે. આ બન્ને મુલકો ગંગાનદીથી એક બીજાથી જુદા પડે છે. બિહાર અને તિહર્તદેશ (પૂર્વના

મગધ અને મિથિલ દેશ) જો કે હાલ બંગાળા સરકારના તાબામાં છે તો પણ તેનો સમાવેશ આગ્રા અને અયોધ્યાના સંયુક્ત પ્રાંતોમાં થાય છે. સૌરાષ્ટ્ર કે કાઠીયાવાડ જ્યાં માળવામાં થઇને સહેલાઇથી જઈ શકાય છે તે ગંગાનદીના પ્રદેશની ઉત્તરના રાજ્યનો ભાગ છે. વળી સિંધ અને રજપૂતાનામાં જ્યાં મોટાં મોટાં રણો છે ત્યાં પ્રથમ ફળદ્રૂપ દેશો હતા પણ હાલ તે પ્રદેશો મોટાં રણ થઈ પડ્યાં છે.

પૂર્વ કે પશ્ચિમ ઘાટ—દક્ષિણ હિંદુસ્તાનમાં સંહ્યાદ્રિ પર્વતો કે જે હાલ ' પશ્ચિમ ઘાટ ' તરીકે ઓળખાય છે, તે લગભગ નર્મદાનદીથી તે કેપ કોમોરિનસુધી ઉત્તર દક્ષિણ આવેલા છે, અને તે હિંદના ઇતિહાસમાં યાદ રાખવા લાયક છે. કારણ કે તેની ઉંચી ઉંચી ટેકરીઓપર મરાઠા લોકોએ મોટાં મોટાં કિલ્લા બાંધી મરાઠીરાજ્યને પૂર્ણ કળાએ પહોંચાડયું હતું અને તેની ગુફાઓ અને ખીણોમાં ભરાઇ રહી તેઓએ મુસલમાનોને હંફાવી પોતાનું રાજ્ય લગભગ બે સૈકા સુધી ટકાવી રાખ્યું હતું. આ પર્વતો અને મલબાર કિનારા વચ્ચેના સાંકડા પ્રદેશને ' કોંકણ ' કહે છે. અહીંના સર્પ ઘણા ઝેરી હોય છે અને છેડવામાં આવે તો છેડનારને ડંશ કર્યાવિના રહેતા નથી, પૂર્વઘાટના પર્વતો પૂર્વ કિનારા તરફ આવેલા છે પણ તેના સંબંધી કાંઈ જાણવાજોગ ઇતિહાસ નથી.

હિંદની મહત્તા—ઉત્તર તરફના ગરમ પ્રદેશની ફળદ્રૂપ જમીનમાંથી ઉદ્યમી પ્રજાએ ભેગા કરેલા દ્રવ્યને લીધે એશિયાના બીજા દેશોના લોકો હિંદઉપર સ્વારીઓ કરવાને લલચાયા હતા. ઉત્તર તરફથી આવેલી નવી પ્રજા મહારાષ્ટ્ર સુધી આવેલી પણ કોઇ પણ રાજા છેક દક્ષિણ સુધી રાજ્ય સ્થાપી શકયો નહોતો. તામિલદેશની લક્ષ્મીરૂપ ગણાતા મોતી, પીપર અને તેજાનાનો ઉપભોગ દરયાઈ પરદેશી પ્રજાએ કરેલો પણ ઉત્તર તરફની પ્રજા તેનો ઉપભોગ કરી શકી નહોતી. યુરોપના દરિયાઈ રાજ્યના વેપારીઓની આ કિંમતી માલનો વેપાર કરવાની જીજ્ઞાસાથી આ અર્વાચીન ઇતિહાસનું રૂપ બનેલું છે, અને જેને લીધે પાશ્ચાત્ય પ્રજા હાલમાં હિંદઉપર સામ્રાજ્ય ભોગવે છે.

હિંદના પ્રાચીન ઇતિહાસનો ટુંક સાર.

આર્યોવિષે હકીકત.

આર્યોની ઉત્પત્તિ—પાશ્ચાત્ય વિદ્વાનો આર્યોનું મૂળ સ્થાન મધ્ય એશિયામાં કલ્પે છે, પણ આર્યો આ દેશને પોતાની ઉત્પત્તિનું મૂળ સ્થાન માને છે. તેઓ પ્રથમ કુરૂક્ષેત્રમાં વસતા હતા અને ત્યાંથી વસ્તી આર્યાવર્તમાં અને ધીમે ધીમે બીજા ભાગોમાં ફેલાઈ. બસેં વરસ પછી આર્યલોકોએ પૂર્વ તરફના સમુદ્રથી દક્ષિણ તરફના સમુદ્ર સુધીનો અને હિમાલયથી તે વિંધ્યાચલ સુધીનો મુલક કબજે કર્યો. આ મુલકનું નામ તેઓએ **આર્યાવર્ત** પાડયું. પારસીલોક આ ભાગને હિંદુસ્તાન અને વિંધ્યાચળની દક્ષિણના મુલકને દખણ કહેતા. જ્યારે ગ્રીક લોકોએ હિંદુસ્તાનઉપર સ્વારી કરી હતી ત્યારે તેઓ આ દેશના લોકોને 'ઇંડોઇ' કહેતા અને તે ઉપરથી આ દેશ 'ઇંડિયા' કહેવાય છે.

આર્ય ધર્મ અને જ્ઞાતિ બંધારણ—આર્યોનું મૂળ ધર્મ પુસ્તક-વેદ છે અને તે અનાદિ હોઇ બ્રહ્માદ્વારા ઋષિમુનિઓને દ્રષ્ટ થયો. આ વેદના ચાર ભાગ પડ્યા. ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ. આર્ય અગ્નિ, સૂર્ય અને ઇંદ્ર આદિ દેવોને પૂજતા. આગળ જતાં આર્યોને જેમ જેમ મુલક જીતવાની ઉત્કંઠા થઈ તેમ તેમ તેઓ પોતાનામાં શુરવીર યોદ્ધા પસંદ કરી લડાઇનું કામ કરવા લાગ્યા. આ લોકો જન્મથીજ વર્ણાશ્રમનો ધર્મ માનનારા હતા. ભગવાન મનુએ આ જાતિના ચાર ભાગ પાડ્યા છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર. આ ચારે વર્ણોમાંથી જે જે પોતપોતાના કર્મ અને ગુણ પ્રમાણે આચરણ કરતા તે તે શ્રેષ્ઠ ગણાતા અને બાકીના તે તે જ્ઞાતિમાં ભ્રષ્ટ ગણાતા; અર્થાત્ આર્યાવર્તમાં જાતિનું નિયામક જન્મ હતો પણ ઉચ્ચ નીચ નિર્ણય કરનાર કર્મ અને ગુણ ગણાતા અને તેઓ મનુ ભગવાને બાંધી આપેલા કાયદાને અનુસરીને ચાલતા હતા. આ સર્વ હકીકત તેમના મનુસ્મૃતિ નામના ધર્મ પુસ્તકમાંથી મળી આવે છે. પાછળથી જેમ જેમ આર્યો બીજી પ્રજાઓના સહવા-

સમાં આવતા ગયા તેમ તેમ તેઓ પોતાના ધર્મથી ભ્રષ્ટ ન થવા પુરતાજ નવા નવા જાતિબંધનો બાંધવા લાગ્યા. તેઓ બ્રહ્મચર્યાદિ ચારે આશ્રમો પાળતા અને હજી પણ હિંદુઓમાં તેનો પડછાયો રહેલો છે.

રામાયણ અને મહાભારત—આ બે હિંદુઓના જુનામાં જુના ઇતિહાસ છે. રામાયણ વાલ્મિકિ ઋષિએ લખેલું છે અને **મહાભારત** ભગવાન વેદવ્યાસે લખેલું છે. તે વખતે હિંદુઓના બે વંશ હતા, સૂર્ય-વંશ અને ચંદ્રવંશ. સૂર્યવંશની રાજ્યધાની અયોધ્યા (અર્વાચીન અયોધ્યા પાસે) અને ચંદ્રવંશની રાજ્યધાની હસ્તીનાપૂરમાં (અર્વાચીન દિલ્લી પાસે) હતી. આ બે વંશના રાજાઓ સૂર્યવંશી અને ચંદ્રવંશી કહેવાતા. સૂર્યવંશમાં **હરિશ્ચંદ્ર, રામ** આદિ ધર્મપરાયણ રાજાઓ થઇ ગયા, અને ચંદ્રવંશમાં પ્રતાપિ **પાંડવ, કૌરવો** થઇ ગયા. રામ અને પાંડવ કૌરવોના સંપૂર્ણ ઇતિહાસનું વર્ણન રામાયણ અને મહા-ભારતમાં આપેલું છે અને તેનાથી ભાગ્યેજ કોઇ અજાણ્યું હોઇ શકે તેથી તે અત્રે આપવાની જરૂર નથી.

પરદેશી લોકોની સ્વારીઓ—પાંડવ કૌરવોના થઇ ગયા પછી કેટલાક વર્ષો વિત્યા બાદ ઇ. સ. પૂર્વ ૬૦૦ થી ૩૨૫ સુધીમાં સીથીયન પારસી, અને ગ્રીક લોકો હિંદપર સ્વારીઓ કરી અથાગ ધન લેઈ ગયા પણ આર્યો પોતાનું વિદ્યારૂપી ધન અને પોતાનો ધર્મ સાચવી રહ્યાથી જેવાને તેવા બની જતા. સિકંદરની સ્વારી વખતે હિંદમાં મુખ્ય **અશ્વ-નંદી** રાજાઓ હતા. ત્યાર પછી જ્યારે ગ્રીસના રાજા **સેલ્યુકસે** હિંદ ઉપર સ્વારી કરી ત્યારે હિંદના મગધ દેશમાં ચક્રવર્તિ **ચંદ્રગુપ્ત** રાજા રાજ્ય કરતો હતો. તેની માતા નામ ઉપરથી તેના વંશજો " મૌર્ય " કહેવાયા. તેણે ગ્રીક લોકોને હરાવી કાઢી મુકયા પણ પાછળથી તેણે સેલ્યુકસ સાથે સંધી કરી અને તે તેની પુત્રી સાથે પરણ્યો. તેની રાજ્ય-ધાની પટણા (પાટલી પુત્ર) માં હતી.

બુદ્ધ અને બૌદ્ધ ધર્મ--મૌર્ય વંશના ચંદ્રગુપ્ત પછી **અશોક** આદિ ગુપ્ત કુળના ઘણા પ્રખ્યાત રાજાઓ થઇ ગયા છે. એ રાજ્યના

અંત પછી વળી કેટલેક વખતે **કાશી**ની ઉત્તરે **સુદ્ધોદન** રાજાને ત્યાં **ગૌતમબુદ્ધ**નો જન્મ થયો. તે રાજ્યનો અનાદર કરી મોટો ધર્મસ્થાપક બન્યો. તેણે પૃથ્વિના ઘણા ભાગોમાં પોતાના સિદ્ધાન્તો ફેલાવ્યા, પણ તેનાથી બ્રાહ્મણ ધર્મ ઉતરતો ન હોવાથી તે ધર્મ હિંદમાં વધારે વખત ટકી શકયો નહિ તો પણ ચીન, તાર્તરી, લંકા વિગેરે ઘણા દેશોમાં હજી પણ ચાલે છે, અને હાલ પૂર્વ તરફના લોકોનો ⅔ ભાગ તે ધર્મને માને છે.

હિંદના બીજા પ્રખ્યાત રાજાઓ—ત્યાર પછી કેટલેક વર્ષે પરમાર વંશમાં નીતિમાં શ્રેષ્ટ ગણાતો **ભર્તૃહરી** રાજા થયો. તેણે વિરાગને લીધે રાજ્યનો ત્યાગ કર્યા પછી તેનો ભાઈ **વિક્રમાદિત્ય** ઉજ્જનમાં રાજ્ય કરવા લાગ્યો. તે પરદુઃખભંજનના નામથી પ્રસિદ્ધ થયો. તેણે પોતાના ગુણ અને પરાક્રમો વડે પાંડવોનો શક બંધ કરી પોતાનો શક (સંવત) ચાલુ કર્યો જે આજે પણ ચાલે છે. તેના વંશમાં વિદ્યાનો પૂરે પૂરો ઉપાસક **ભોજરાજા** થયો. તેના વખતમાં **કાલિદાસ** કરીને એક પ્રખ્યાત કવિ થઈ ગયો અને તેણે શાકુન્તલ નાટક રચ્યું છે. ત્યાર પછી દક્ષિણમાં **શાલિવાહન** થયો. તે જાતે કુંભાર હતો, અને તેની રાજ્યધાની "પૈઠણ" માં હતી. તેનો પણ હાલ શક ચાલે છે આ વખતે હિંદમાં ઘણા રાજ્યો હતા. કાશ્મીરમાં ગોનાર્દ કુળનો **મેઘવાહન** રાજા રાજ્ય કરતો હતો. ગુજરાતમાં ત્યાર પછી ચાવડા સોલંકી અને વાઘેલા વંશના રાજાઓ થયા. વાઘેલા વંશનો છેલ્લો રાજા કરણ હતો. અને કનોજ રાઠોડ વંશના રાજા જયચંદના તાબામાં હતું. કરણે તથા જયચંદે પોતાના રાજ્યો કેવી રીતે ખોયાં તે આગળ આવશે. એ રીતે હિંદના ઉત્તર અને દક્ષિણ બન્ને પ્રાંતમાં તે વખતે ક્ષત્રિય રાજ્યો હતા, અને તેઓ હમેશાં કર્ત્તવ્ય પરાયણ રહી પોતાની પ્રજાને સંતોષ આપતા.

મુસલમાની ધર્મ.

આ ધર્મ પ્રથમ **અરબસ્તાનમાં** નીકળ્યો. આરબ લોકો પ્રથમ મૂર્તિપૂજક હતા. પણ ઈ. સ. ૫૬૯ માં તે ધર્મનો સ્થાપનાર **મહમંદ**

પેગંબર મકકામાં જન્મ્યો. તે લગભગ પોતાની ૪૦ વર્ષની ઉમ્મરનો થયો ત્યારે તે ધર્મનો ઉપદેશ કરવા લાગ્યો. તે કહેતો કે પરમેશ્વર એકજ છે અને તે મૂર્તિ પૂજવાની મના કરે છે. આપણે તમામ મુસલમાન ભાઇઓ છીએ. મૂતિપૂજકોને મુસલમાન બનાવવાથી ઇશ્વર રાજી થાય છે, અને ધર્મને માંટે સ્વાત્માર્પણ કરનારને મોક્ષ મળે છે. એ પ્રમાણે બોધ કરી તેણે ઘણાકને પોતાના શિષ્યો બનાવ્યા. ઘણા આરબો તેની વિરૂદ્ધ પંથના ચુસ્ત અનુયાયીઓ હોવાથી તેની સામા ઉઠયા એટલે તે ત્યાંથી નાશી મદીને ગયો. ત્યાં પણ તેણે તે બોધ કરવો કાયમજ રાખ્યો અને પોતાના શિષ્યોમાં એવું ઝનુન ઉત્પન્ન કર્યું કે તેઓ સામા થનારને હરાવી પોતાના ધર્મમાં લાવવા લાગ્યા. આ મહંમદ ઇ. સ. ૬૩૨ માં પોતાની ૬૨ વર્ષની ઉમ્મરે મરણ પામ્યો. પણ તેણે ધર્મનું એવું બીજ રોપ્યું હતું કે તે દિવસે દિવસે ઘણોજ ફેલાયો. તેના મરણ પછી તેના શિષ્યો ગાદીએ બેસતા અને તેઓ પોતાને ખલીફા કહેતા. ધીમે ધીમે તેઓ પોતાનો ધર્મ બહાર દેશમાં ફેલાવવા ઉત્સુક બન્યા અને લશ્કરનો જમાવ કરવા લાગ્યા. તેઓએ ઇરાન પછી તુર્કસ્તાન જીતી તેના બસ્રા શહેરમાં ગાદી સ્થાપી. ત્યાંથી તેઓએ આખા આફ્રિકામાં મુસલમાની ધર્મ ફેલાવ્યો. ત્યારપછી તેઓએ યૂરોપખંડમાં સ્પેન તુર્કસ્તાન વિગેરે મુલક જીતી ત્યાં પણ ધર્મના ઝનુનમાં મુસલમાની રાજ્ય સ્થાપ્યું. ઇ. સ. ૭૧૧ માં બસ્રાના પાદશાહે પોતાના ભત્રિજા મહંમદ કાસમને લશ્કર આપી સિંધ જીતવા મોકલ્યો. તેણે સિંધ જીતી ત્યાંના રાજાને ખંડીઓ બનાવ્યો. પણ થોડાજ વખત પછી રજપૂતો આરબોને હાંકી કાઢી સ્વતંત્ર થઇ ગયા. આ પ્રમાણે યુરોપ, આફ્રિકા અને એશિયા એ બધે એ ધર્મ ફેલાયો; પણ ૨૦૦ વર્ષ સુધી હિંદમાં પેશી શક્યો નહોતો. તેઓને જમીનમાર્ગે થઇને હિંદમાં આવતાં હિંદુકુશ પર્વત આડે આવતો હતો, તેથી તેઓ દરિયાઇ માર્ગે હિંદમાં પેઠા. આ પ્રમાણે ખલિફાના રાજ્યનો વિસ્તાર ઘણોજ વધવાથી તેમના નિમેલા સુબાઓ સ્વતંત્ર થઇ ગયા.

ભરતખંડનો સંક્ષિપ્ત ઇતિહાસ.

પ્રકરણ ૧.

મુસલમાનોનું હિંદમાં આવવું.
અને
મહંમદ ગિઝની ઈ. સ. ૯૯૭ થી ઇ. સ. ૧૦૩૦.

તાતારદેશના મુસલમાની રાજ્યની રાજ્યધાની **બુખારા**માં હતી. ત્યાંના સુલતાનના **અલપ્તગીન** નામે ગુલામે ઇ. સ. ૯૬૧ માં મુસલમાની રાજ્ય સ્થાપી ગિઝનીમાં રાજ્યધાની કરી. તેના મરણ પછી તેનો જમાઇ **સબક્તગીન** ગાદીએ બેઠો. તેણે હિંદ ઉપર સ્વારીઓ કરવા માંડી. તેણે પંજાબના રાજા **જયપાળ**ને હરાવી તેની પાસે દર વર્ષે ખંડણી આપવાનું કબૂલ કરાવ્યું. ઇ. સ. ૯૯૭ માં તે મરી જવાથી તેનો દિકરો મહંમદ ગાદીએ બેઠો. આ મહંમદ, **મહંમદ ગિઝની** તરિકે ઓળખાય છે.

મહંમદ ગિઝની—મહંમદે પોતાના પિતાના વખતમાં હિંદુસ્તાનમાંથી ઘણો કિમતી માલ ઉંટ ઉપર ભરીને લેઇ જતાં જોયો હતો. તેથી પોતે ગાદીએ બેઠા પછી હિંદુસ્તાન ઉપર ચઢાઇ કરી ત્યાંની અથાગ દોલતને લૂંટી લાવવા વિચાર કર્યો. આ વિચાર પાર પાડવાને તેણે હિંદુસ્તાન ઉપર સત્તર સ્વારીઓ કરી. પ્રથમ તે પંજાબપર ચઢી આવ્યો ને પોતાના ઘણા મોટા લશ્કરવડે ત્યાંના રાજા જયપાળને હરાવી પુષ્કળ પૈસા લઇ ગિઝની ચાલ્યો ગયો. હાર ખાવાથી રાજા જયપાળે પોતાના પુત્ર અનંગપાળને ગાદી સોંપી પોતે જીવતો બળી મુઓ.

આ પરદેશી અને જબરા દુશ્મનને હાંકી કાઢવા અનંગપાળે ઉજ્જન, ગ્વાલિયર, દિલ્લી, અજમેર વિગેરેના રાજાઓને પોતાની મદદે બોલાવ્યા અને તે મોટું લશ્કર જમાવી મહંમદ સામે લઢવા ગયો; આ લઢાઇમાં પણ રજપૂતોને હરાવી મહંમદ આગળ વધી નગરકોટનું માતબર દેવાલય લૂંટી પુષ્કળ દ્રવ્ય લઇ ચાલ્યો ગયો. તે હમેશાં પોતાની લૂંટમાંથી પોતાના સરદારોને અને સિપાઇઓને કંઇક હિસ્સો આપતો અને તેથીજ તેઓ તેની સાથે રહી ખરા મનથી લઢતા. ઇ. સ. ૧૦૨૪ માં તેણે છેલ્લી સ્વારી ગુજરાતમાં **સોમનાથ**ના દેવળપર કરી, અને રક્ષણ કરવા ભેગા થએલા હિંદુઓને હરાવી તે દેવળ લૂંટયું અને મૂર્તિ ન ભાગવા ઘણું દ્રવ્ય આપવાનું કહ્યા છતાં પણ મૂર્તિ તોડી નાંખી. પછી પંજાબના મુખ્ય શહેર લાહોરમાં પોતાનો એક સૂબો મૂકી પોતે પુષ્કળ ધન લેઇ ગિઝની ચાલ્યો ગયો, જ્યાં પછીના ૭ વર્ષ રાજ્ય કરી તે ઇ. સ. ૧૦૩૦ માં મરણ પામ્યો.

મહંમદના ગુણ—મહંમદ એક બહાદૂર લડવૈયો હતો. તે તાબે થયેલા કેદીઓને મારી નાંખતો નહોતો. હિંદુસ્તાનમાંથી આવેલા પૈસાવડે તેણે ગિઝની શહેરને ઘણું દીપાવ્યું હતું. વળી તેણે ઘણા સારા મકાનો બંધાવ્યાં હતાં તથા પાઠશાળાઓ સ્થાપી હતી. તે વિદ્વાનોને તથા કવિઓને આશ્રય આપતો હતો. પરંતુ **ફરદુશી** નામના એક કવિને તેની પાંસે લખાવેલા કાવ્યનો યોગ્ય બદલો ન મળવાથી તે તેને કંજુસ કહેતો. મહંમદની મુખ્ય મતલબ આર્ય ધર્મના દેવળો તોડવાં, મૂર્તિઓ ભાંગવી, દેવળો તથા મુલકો લૂંટી ધન લેઇ જવું, હિંદુઓને વટલાવી મુસલમાન કરવા તથા ગુલામો કરી વેચવા એ હતી. એ મતલબ કેટલેક અંશે સરી ખરી, પણ હિંદુઓને વટલાવી મુસલમાન કરવાની તેની મતલબ પાર પડી નહિ.

પ્રકરણ ૨.

મહંમદ ઘોરી ઇ. સ. ૧૧૮૬ થી ૧૨૦૬.

ઘોરવંશની સ્થાપના—મહંમદ ગિઝનીના વંશના રાજાઓએ ૧૫૦ વર્ષ ગિઝનીમાં રાજ્ય કર્યું. ત્યારબાદ અફઘાનિસ્તાનના ઘોરવંશે તે રાજ્ય જીતી લીધું. એ વંશનો મુખ્ય સરદાર **ગ્યાસુદીન** ઘોરી હતો. એનો ભાઇ **મહમદ ઘોરી** અથવા **શાહબુદીન ઘોરી** ઘણો શૂરો અને પરાક્રમી પણ નિર્દય હતો. આથી ગ્યાસુદીન રાજ્યનું કામ કરતો તથા શાહબુદીન લઢાઇનું કામ કરતો.

રજપૂત રાજ્યો—આ વખતે હિંદુસ્તાનમાં ચાર રજપૂત રાજ્યો હતાં; ૧ દિલ્લીમાં તુંવાર, ૨ અજમેરમાં ચોહાણ, ૩ કનોજમાં રાઠોડ અને ૪ ગુજરાતમાં વાઘેલા. દિલ્લીના તુંવાર રાજા અનંગપાળને પુત્ર નહિ હોવાથી પોતાની પુત્રીના પુત્ર **પૃથ્વીરાજ ચોહાણ**ને દત્તક લેઇ દિલ્લીપતિ બનાવ્યો હતો.

ઘોરીશાહની દિલ્લીપર સ્વારી—ઘોરીશાહે પ્રથમ સ્વારી દિલ્લીપર ઇ. સ. ૧૧૯૧ માં કરી. પૃથ્વીરાજ મોટું લશ્કર લેઇ **થાનેશ્વર** આગળ તેને મળ્યો. ઘોરીશાહ સજ્જડ હાર ખાઇ ઘાયલ થઇ નાશી છુટયો. આથી નાહિમત ન થતાં ઇ. સ. ૧૧૯૩ માં તે ફરી દિલ્લીપર ચઢી આવ્યો. પૃથ્વીરાજ પોતાનું લશ્કર લેઇ તેની સામે લઢવા ગયો. બન્ને લશ્કરો **થાનેશ્વર** આગળ ફરી ભેગાં થયાં, ઇ. સ. ૧૧૯૩; પણ રાત્રીના સુલેહના વખતમાં ઘોરીશાહે કપટથી રજપૂતોપર છાપો મારી તેમને હરાવ્યા અને પૃથ્વીરાજ આ લઢાઇમાં માર્યો ગયો. આ પ્રમાણે હિંદના હિંદુ અને રજપૂત રાજ્યનો અંત આવ્યો. દિલ્લી અને અજમેર જીતી **કુતુબુદીન** નામના સરદારને તે મુલક સોંપી તે પાછો ગયો.

કનોજ તથા બીજા રાજ્યોપર સ્વારી—બીજે વર્ષે ઘોરીશાહે કનોજપર સ્વારી કરી **જયચંદ**ને હરાવી કનોજ તથા બના-

રસ લીધાં. તે બનારસમાંથી પુષ્કળ દ્રવ્ય લૂંટી ચાર હજાર ઉંટ ભરી કિમતી માલ લેઇ ગયો. ત્યાર પછી તેણે તથા તેના સરદારોએ મળી લગભગ આખું હિંદુસ્તાન લીધું.

ઘોરીશાહનું મરણ—મહંમદ ઘોરી પોતાની છેલ્લી સ્વારીમાં પંજાબમાં થઇને જતો હતો ત્યારે ગક્કર નામની પહાડી પ્રજાને તેણે આગળ સતાવેલી હોવાથી તેમાંના કેટલાકે એક રાત્રે તેના તંબુમાં પેસી તેને ઠાર કર્યો. તેના મરણ પછી કુતુબુદ્દીન નામના તેના સરદારે હિંદુસ્તાનનો મુલક દબાવી પોતાને દિલ્લીનો સુલતાન કહેવરાવવા લાગ્યો. ખરી રીતે જોતાં મુસલમાનો ગિઝનીશાહ મારફત નહિ પણ ઘોરીશાહ મારફત હિંદમાં આવી રાજ્ય કરવા લાગ્યા. ગિઝનીશાહ તો ફક્ત લૂંટ કરી ચાલ્યો ગયો હતો. મહંમદ ઘોરીનો સરદાર **કુતુબુદ્દીન** જાતે ગુલામ હોવાથી તેનો વંશ ગુલામ વંશ કહેવાય છે.

ઘોરીશાહના અને ગિજનીશાહના ગુણની સરખામણી—મહંમદ ઘોરી મહંમદ ગિઝનીના જેવોજ પરાક્રમી હતો ને એણે પણ તેની માફક હિંદુસ્તાન ઉપર ઘણી સ્વારીઓ કરી. સ્વારીઓ કરવામાં બન્ને મહંમદોની ધારણા જુદીજ હતી. ગિજનીશાહની ધારણા માત્ર પૈસા લૂંટી જઇ, દેવળો તથા મૂર્તિઓ ભાંગી, પ્રાચીન આર્ય કીર્તિને ઝાંખ લગાડવાની હતી. પણ ઘોરીશાહની મતલબ તો મુલકો જીતી લેઇ હિંદુસ્તાનમાં પોતાનું રાજ્ય સ્થાપવાની હતી.

પ્રકરણ ૩.

પૃથ્વીરાજ—(ચોહાણ).

પૃથ્વીરાજ–તેની અને જયચંદ વચ્ચે દ્વેષનું કારણ અને તેનો અંત—મહંમદ ઘોરી જ્યારે હિંદપર ચઢી આવ્યો ત્યારે

દિલ્લીની ગાદી ઉપર આ ચોહાણ રાજા રાજ્ય કરતો હતો. દિલ્લીના તુંવાર રાજાની બે પુત્રીઓમાંની એક અજમેરના રાજા સોમેશ્વર ચોહાણને તથા બીજી કનોજના રાઠોડ રાજાને આપી હતી. તુંવાર રાજાને પેટે પુત્ર ન થવાથી દિલ્લીની ગાદી તેણે પોતાના દોહીત્ર (સોમેશ્વરના પુત્ર) પૃથ્વીરાજ ચોહાણને આપી. કનોજના રાઠોડ રાજાના પુત્ર જયચંદને દિલ્લીની ગાદીમાંથી કાંઇ પણ ભાગ ન મળવાથી તેને અને પૃથ્વીરાજને અદાવત થઇ. પૃથ્વીરાજ જાતે ઘણોજ શૂરો અને પરાક્રમી હતો. જેવો તે શૂરો હતો તેવોજ તે ખૂબસુરત પણ હતો. ઘોરીશાહની પહેલી સ્વારી થઇ ગયા પછી, કનોજના જયચંદે રાજસૂયજ્ઞ કરવા માંડયો. તેમાં ઘણા રજપૂત રાજાઓ આવ્યા હતા. પોતે સર્વ રાજાઓનો ઉપરી હોય એમ જણાવી આવેલા દરેક રાજાને કાંઇ પણ કામ સોંપવામાં આવ્યું. પૃથ્વીરાજ જયચંદનું ઉપરીપણું ન સ્વિકારતો હોવાથી યજ્ઞમાં આવ્યો નહિ, તેથી તેનું એક પુતળું બનાવી, હાથમાં છડી આપી, તેને દ્વારપાળની જગ્યાએ ઉભું રાખવામાં આવ્યું. જયચંદની ઘણીજ રૂપવાન કન્યા **સંયુકતાના** લગ્ન માટે આ વખતેજ સ્વયંવર કરવામાં આવ્યો હતો. મંડપમાં ભરાયલા દરેક રાજા પોતાના બાપનું ઉપરીપણું સ્વિકારે છે અને પૃથ્વીરાજ તેમ ન સ્વિકારતો હોવાથીજ તેનું પુતળું ઉભું કર્યું છે એમ જાણી, સંયુકતાએ તેવા બહાદૂર નરનેજ વરવાની ઇચ્છાથી, પૃથ્વીરાજના પુતળાને વરમાળ આરોપી. ગુપ્તવેશ લઇ પૃથ્વીરાજ આ વખતે કનોજમાં આવ્યો હતો, તે સંયુકતાનું હરણ કરી તેને દિલ્લી લઇ ગયો. આથી, તેમજ દિલ્લીની ગાદીમાં પોતાને ભાગ ન મળવાથી જયચંદે શાહબુદ્દીન ઘોરીને પૃથ્વીરાજ ઉપર ચડી આવવા કહેણ મોકલ્યું, તથા પૃથ્વીરાજને પોતે મદદ ન કરી, મુસલમાનોનો પગ હિંદમાં ઘાલ્યો. પૃથ્વીરાજ ૧૧૯૩ માં થાણેશ્વરની લડાઇમાં ઘોરીશાહ સાથે લડતાં હાર્યો અને મરાયો.

બીજા ઇતિહાસ કર્તા જણાવે છે કે પૃથ્વીરાજને આ લડાઇમાં કેદ પકડી ઘોરીશાહ ગિઝની લઇ ગયો. **ચંદ બારોટ** નામનો પૃથ્વીરાજનો

રાજકવિ અને મોટો યોદ્ધો તેની પાછળ ગયો અને શાહને પૃથ્વીરાજનું ધનુર્વિદ્યામાં કૌશલ્ય દેખાડતાં મરાવ્યો. ઘોરીશાહ ઉંચે બાંધેલા એક માંચડા ઉપર બેઠો હતો, ત્યાંથી તેણે શબ્દ કહાડયો. આ શબ્દ કયાંથી આવે છે તે જગા બરોબર તાકી, પૃથ્વીરાજે શાહના કપાળમાં શબ્દ વેધી બાણ મારી તેને મારી નાંખ્યો. અને પછી તે અને ચંદ બારોટ બન્ને તરતજ સભામાંજ તરવારથી કપાઇ મુવા. આ પ્રમાણે દિલ્લીના છેલ્લા ક્ષત્રિય રાજાનો અંત આવ્યો. દિલ્લીની ગાદી ત્યાર પછીથી આજસુધી કોઇ પણ હિંદુરાજાના હાથમાં આવી નથી. જો રજપૂતો આ વખતે પોતાનો અંદર અંદરનો કુસુંપ છોડી પૃથ્વીરાજની કુમકે આવ્યા હોત તો ભરતખંડમાં મુસલમાની રાજ્ય થવા પામત નહિ. ઉત્તરહિંદમાં આ પ્રમાણે રજપૂતો મુસલમાનોથી હાર્યાથી તે મુલક છોડી દઇ મારવાડ અને અરવલ્લી ડુંગરાની પૂર્વ અને પશ્ચિમ બાજુએ જઇને વસ્યા, અને તેનેજ હાલ **રજપૂતાના** કહે છે.

પ્રકરણ ૪.

અફઘાન કે પઠાણ રાજાઓ–૧૨૦૬ થી ૧૫૨૬–૩૨૦ વર્ષ.

અફઘાન રાજાઓએ ૩૨૦ વર્ષ દિલ્લીમાં રાજ્ય કર્યું. તેમની પઠાણ નામની જાત ઉપરથી તેઓ પઠાણ કહેવાય છે. વળી તેઓ અફઘાનીસ્તાનમાંથી આવેલા હોવાથી અફઘાનો પણ કહેવાય છે. તેમના પાંચ વંશ દિલ્લીની ગાદીઉપર થયા; **ગુલામ, ખીલજી, તઘલખ, સૈયદ** અને **લોદી.** હિંદુઓ માટે આ વખત ઘણોજ ભયંકર હતો. અફઘાનોએ ઘણાં ખરાં હિંદુરાજ્યો લઇ લીધાં. ઠેરેઠેર લડાઈ ટંટા ચાલતાજ હતા. રાજા અને લશ્કરના ભયથી લોકો પોતાની માલમતા ભોંયમાં દાટી

રાખતા. સલાહ શાંતિ જરા પણ રહેતી નહિ; હિંદુને મુસલમાન બનાવવામાં તથા તેમનાં દેવળો તોડવામાંજ મુસલમાનો પોતાની મોટાઇ માનતા. મુસલમાન ન થાય તેની કતલ કરવી એજ પોતાની ફરજ માનતા. પોતાની જીંદગી બચાવવા કેટલાક મુસલમાન થતા પણ ખરા. પઠાણ રાજાઓના કેટલાક મુખ્ય સરદારો વટલેલા હિંદુઓ હતા. હિંદમાં જનાર સુખી થાય છે એમ સાંભળી બીજા પણ ઘણા ખરા બહાદૂર લોકો તુર્કસ્તાન તથા ઇરાનમાંથી આવ્યા, જેમને મુસલમાન રાજા અને સુબેદારોએ જાગીરો પણ આપી. ઉત્તરહિંદના ઘણાં ખરાં મોટાં મુસલમાન કુટુંબો જેઓ આજે પણ મોટી જાગીરો ખાય છે, તેઓ આવી રીતેજ આવેલા હતા. પોતપોતાની નાની નાની ટુકડી જમાવી, રાજા નબળો પડતાં આ લોકો સ્વતંત્ર થઇ બેસવા લાગ્યા.

પ્રકરણ ૫.

ગુલામવંશ ૧૨૦૬ થી ૧૨૯૦-૮૪ વર્ષ.

ગુલામવંશના નવ રાજા અને એક રાણી મળી દશ રાજાઓ થયા, જેમાંનાં પાંચ રાજાઓનો ઇતિહાસ જાણવા જેવો છે.

કુતુબુદ્દીન—ઇ. સ- ૧૨૦૬ થી ૧૨૧૦. આ હિંદુસ્તાનનો પહેલો મુસલમાન બાદશાહ હતો. તે જાતનો તુર્ક હતો. જે લોકોને મુસલમાનો લડાઇમાં પકડીને કેદ કરતા, તેમને તેઓ ગુલામ કરીને રાખતા. તેમ કુતુબુદ્દીન પણ નાનપણમાં ગુલામ હતો. શેઠને છોકરું ન હોય તો ગુલામને દત્તક લેતા. તેવી રીતે કુતુબુદ્દીન પોતાના શેઠના કુટુંબમાં દાખલ થયો હતો. આ વંશના ઘણા ખરા રાજાઓ ગુલામ હોવાથી આ વંશને ગુલામવંશ કહે છે. કુતુબુદ્દીન એક બહાદૂર લડવૈયો તથા કાબેલ સરદાર હતો. પોતાની કોમના લોકોને તે ઘણી બક્ષીસો આપતો, તેથી તેને ઉદાર કુતુબ કહેતા. પણ હિંદુઓ પ્રત્યે તે ઘાતકી રીતે વર્ત્યો હતો. તેણે ઘણા હિંદુ દે-

વળો તોડ્યાં હતાં અને તેના તોડેલા પથ્થરથી તેણે દિલ્હી પાસે પોતાના નામથી એક મિનારો બંધાવવા માંડ્યો. તેને **કુતુબમિનાર** કહે છે. આ કુતુબમિનાર દુનિયામાં સૌથી ઉંચો છે. એની ઉંચાઇ ૨૫૦ ફુટની છે. એના પછી એનો છોકરો **આરામ** ગાદીએ આવ્યો પણ તે દમ વગરનો હોવાથી તેનો બનેવી અલ્તમશ તેને મારી નાખી ગાદીએ બેઠો.

અલ્તમશ—ઇ. સ. **૧૨૧૦ થી ૧૨૩૬.** એ કુતુબુદ્દીનનો ગુલામ હતો, અને પાછળથી તે તેની દિકરી સાથે પરણ્યો હતો. આ રાજા આ વંશમાં સૌથી સમર્થ થઇ ગયો. **બખત્યાર ખીલજી**એ કુતુબુદ્દીનના વખતમાં બંગાળા તથા બહાર પ્રાંતો સર કર્યાં હતા તથા તે પણ કુતુબુદ્દીનની બીજી દીકરી સાથે પરણ્યો હતો. અલ્તમશના તાબામાં રહેવું ઠીક ન લાગવાથી પોતે સ્વતંત્ર થવા પ્રયત્ન કરતો હતો, પણ અલ્તમશે તેને લડાઇમાં હરાવ્યો તથા માર્યો. સિંધનો હાકેમ પણ આ પ્રમાણે સ્વતંત્ર થવા ઇચ્છતો હતો તેને પણ અલ્તમશે હરાવ્યો, પરંતુ તે પોતાના કુટુંબ સાથે નાસતાં સિંધુ નદીમાં ડુબી મુવો. અલ્તમશે ગ્વાલીયર અને માળવાના રજપૂતો સાથે છ વર્ષ લડાઈ કરી તેમને વશ કર્યાં, ત્યાર પછી દિલ્લી જઇ અધૂરો રહેલો કુતુબમિનાર તેણે પૂરો કરાવ્યો. એના વખતમાં **ચંધીઝખાન** (જંધીસખાન) નામનો એક બૌદ્ધમાર્ગી તાતર સરદાર ઘણું જબરૂ લશ્કર લેઇ એશિયાના ઘણાખરા મુસલમાની રાજ્યો જીતતો સિંધુ નદી સુધી આવી પહોંચ્યો. એક તુર્ક સરદારે તેની સામા થવા માટે અલ્તમશની મદદ માગી પણ તે તેણે આપી નહિ. આથી ચંગીઝખાન તેના ઉપર ખુશ થઇ દિલ્હી ઉપર ચઢાઇ ન કરતાં ઇરાન તરફ પાછો ફર્યો. ઈ. સ. ૧૨૩૬ માં અલ્તમશ મરણ પામ્યો. તેના પછી તેનો મોટો દિકરો ગાદીએ આવ્યો પણ તે નાલાયક જણાયાથી સાત માસમાં તેની પાસેથી રાજ્ય લઇ લેઇ તેની બહેન રજીઆને ગાદી આપવામાં આવી.

પ્રકરણ ૬.

ગુલામવંશ (ચાલુ.)

રજીઆ—ઇ. સ. **૧૨૩૬ થી ૧૨૩૯**. દિલ્લીની ગાદી ઉપર માત્ર આ એકજ સ્ત્રીએ રાણી તરીકે રાજ્ય કર્યું છે. તે બહાદૂર હતી. મુસલમાની રિવાજ મુજબ તે બુરખો કે પડદો રાખ્યા વગર સુલતાનોની પેઠે ખુલ્લા દરબારમાં ગાદીપર બેસતી તથા મરદાની પોષાક રાખતી. તે ઘણી હોંશિઆર, ભણેલી તથા ઉદ્યોગી હતી. પોતાના એક હબસી ગુલામપર તેની મહેરબાની થવાથી તેના સરદારો તેના સામા થયા. રજીઆએ તરત એક તુર્ક સરદાર સાથે લગ્ન કર્યું, જે તેને માટે ઘણી બહાદૂરીથી લડ્યો પણ બેઉ જણ લડાઇમાં માર્યાં ગયાં. ત્યાર પછી ૭ વર્ષમાં બે રાજાઓ થઈ ગયા પણ તેમના વખતમાં કંઈ જાણવા જોગ બનાવ બન્યો નથી. ત્યાર પછી ઇ. સ. ૧૨૪૬ માં અલતમશનો પૌત્ર ગાદીએ આવ્યો.

નાઝિરૂદ્દીન—ઇ. સ. **૧૨૪૬ થી ૧૨૬૬**. એણે ગાદીએ બેઠા પછી પોતાના બનેવી ગ્યાસુદ્દીનને મુખ્ય પ્રધાન બનાવ્યો, અને તેના ઉપર રાજકાજનો સંપૂર્ણ ભરોંસો મૂકી પોતે એક ધાર્મિક ફકીરની જીંદગી ગુજારવા લાગ્યો. રજપૂતોએ જીતેલો મુલક ગ્યાસુદ્દીને પાછો મેળવ્યો, તથા મોગલો વારંવાર ચઢી આવતા હતા તેને તેણે પાછા હઠાવ્યા- નાઝિરૂદ્દીન ઘણોજ સાદો હતો. બીજા મુસલમાનો માફક વધારે સ્ત્રીઓ ન પરણતાં તે એકજ સ્ત્રી પરણી તેના હાથનું રાંધેલું ખાતો, તથા પોતાના હાથે કુરાનની નકલો લખી, તેને વેચી તેમાંથી જે મળતું તે ઉપર પોતાનું ગુજરાન ચલાવતો હતો. પોતાનો તમામ વખત ખુદાની બંદગીમાં તથા પુસ્તકો લખવામાં ગાળતો હતો. તે ઇ. સ. ૧૨૬૬ માં અપુત્ર મરણ પામ્યો,

બલબન—ઇ. સ. **૧૨૬૬ થી ૧૨૮૭**. નાઝિરૂદ્દીન અપુત્ર મરણ પામવાથી તેનો વજીર ગ્યાસુદ્દીન **બલબન** નામ ધારણ કરી ગાદીએ

બેઠો. તે હિંદુઓ તરફ તેમજ હાથમાં આવેલા દુશ્મનો તરફ ઘણી ઘાતકી રીતે વર્તતો હતો. એના વખતમાં **ટોગ્રલ** નામના બંગાળાના સુબેદારે બળવો કર્યો. બલબને તેને હરાવી તેને તથા તેનાં બૈરાં છોકરાંને ઘણી ઘાતકી રીતે મારી નાખ્યાં. અને પોતાના છોકરા **બઘરાખાન**ને તે ઠેકાણે સુબો બનાવ્યો, વળી તેણે **મેવાત** ઉપર સ્વારી કરીને ૧૦૦૦૦૦ માણસને ઘણી ક્રુરતાથી મારી નાખ્યાં. આવો ઘાતકી છતાં તે ઘણો ઉદાર અને બુદ્ધિશાળી હતો. એશિયાના જુદા જુદા ભાગમાંથી ઘણા મુસલમાન રાજાઓ તથા અમીરો આ રાજાના આશ્રયમાં આવીને રહેતા, તેમને તે માનપૂર્વક આશ્રય આપતો હતો. એના વખતમાં મોગલ લોકો ચઢી આવવાથી તેણે પોતાના પાટવી કુંવર **મહુંમદ**ને તેમની સામે લડવા મોકલ્યો. પણ તે લડાઈમાં હાર્યો અને મરાયો. બલબન પુત્ર શોકથી ૮૦ વર્ષની ઉમરે મરણ પામ્યો. પાદશાહના મરણ પછી તેના દિકરા બઘરાખાને ગાદીની ઇચ્છા ન જણાવવાથી તેના છોકરા **કૈકુબાદ**ને ગાદી આપી.

કૈકુબાદ—ઈ. સ. ૧૨૮૭ થી ૧૨૯૦. ગાદીએ બેઠા પછી આ બાદશાહ ઘણી ખરાબ રીતે વર્ત્યો. **નાજીમુદીન** નામના તેના વજીરે બાદશાહને તેના બાપ સાથે વિરોધ કરાવી તે પોતેજ બાદશાહ સામે લડવા ઉભો થયો, પણ પિતાએ પુત્રને પક્ષમાં લેઈ નાજીમુદીનનો ઘાત કરાવ્યો. પાદશાહ પાછો બદફેલીમાં પડ્યો; આખરે તેના નવા વજીર **જલાલુદીને** તેને મારી નાખી પોતે બાદશાહ થયો. એ જલાલુદીન ખીલજીવંશનો હોવાથી તે તથા તેના વંશના બાદશાહો ખીલજી કહેવાય છે.

પ્રકરણ ૭.

ખીલજીવંશ ૧૨૯૦ થી ૧૩૨૦–૩૦ વર્ષ.

જલાલુદીન—ઈ. સ. ૧૨૯૦ થી ૧૨૯૫. પોતાના બાદશાહને મારી ગાદીએ બેઠો તે વખત તેની ઉમર ૭૦ વર્ષની હતી. તે ઘણો ભલો

હતો, તથા મિત્ર અને દુસ્મન તરફ હમેશાં એક સરખો દયાભાવથી અને નમ્રતાથી વર્તતો હતો. તે **અલાઉદ્દીન** નામના પોતાના ભત્રીજાને દીકરા જેવો જાણતો, તથા તેના ઉપર ઘણો વિશ્વાસ રાખતો. આ અલાઉદ્દીન માત્ર આઠ હજાર માણસો લઇને ૭૦૦ માઇલ મુસાફરી કરી દક્ષિણમાં દોલતાબાદ—અસલનું દેવગીરી—સુધી જઈ પહોંચ્યો. રજપૂતો તેની સામે ટક્કર ઝીલવા તૈયાર નહોતા, તેથી તેણે દેવગીરીના રાજા રામદેવ ઉપર એકદમ છાપો મારી નગરમાં લૂંટ ચલાવી અને કેટલોક મુલક સર કરી તે દિલ્લી તરફ પાછો ફર્યો. અલાઉદ્દીન પાછા ફર્યાના સમાચાર સાંભળી તેનો કાકો ખુશ થતો કોઈ પણ માણસ સાથે રાખ્યા વગર તેને મળવા ગયો. બુઢો પાદશાહ ભેટવા જતાંજ કપટી અને ઘાતકી ભત્રિજાએ તેની છાતીમાં કટાર ખોસી મારી નાંખ્યો. ત્યારબાદ દિલ્લી જઈ તેના બે છોકરાને મારી નંખાવી અલાઉદ્દીન પોતે બાદશાહ બન્યો.

અલાઉદ્દીન—૧૨૯૫ થી ૧૩૧૫. અલાઉદ્દીન પોતાના કાકાને અને તેના બે છોકરાઓને મારી ગાદીએ બેઠો, ઇ. સ. ૧૨૯૫. તે ઘાતકી નિર્દય, ધાર્યું કરે તેવો, કઠણ છાતીવાળો તથા આખા ખીલજીવંશમાં સૌથી બળવાન હતો. પોતાના કાકાનું ખુન કરવાથી તેમજ આવા બીજા દુર્ગુણોને લીધે તે **અલાઉદ્દીન ખુની** તરિકે ઓળખાય છે. પોતાના કાકાનું ખુન ભૂલાવવાને દક્ષિણથી આણેલું સઘળું દ્રવ્ય પોતાની પ્રજાને વહેંચી આપ્યું. તેણે ગુજરાતના રાજા **કરણઘેલાને** હરાવી **ગુજરાત** જીતી લીધું તથા તેની રાણી કમળાદેવીને પોતાની બેગમ બનાવી. તેણે **રણથંભોર**નો ગઢ સર કર્યો. ચીતોડના રાણા **ભીમદેવ**ની સ્ત્રી **પદ્મિની** ઘણી ખૂબસુરત હતી. અલાઉદ્દીનને તેની ખુબસુરતીની ઘણીજ તારીફ થતી સાંભળી તેના ઉપર મોહ ઉપજ્યો; અને તેની સાથે લગ્ન કરવાની ઇચ્છાથી તેણે **ચિતોડ ગઢ** ઉપર સ્વારી કરી. પણ બહાદુર રજપૂતો સામે તેનાથી ટકી શકાયું નહિ પણ છેવટે મહામુશીબતે ચિતોડગઢ લીધું પણ ત્યાંના સીસોદીઆ રજપૂતો તાબે થયા નહિ. થોડા વખત

પછી ત્યાના રાણા **હમીરે** ચિતોડગઢ પાછું લઈ લીધું. તેણે ગુજરાત જીત્યું તે વખતે ખંભાતથી **કાફુર**ને ગુલામ તરીકે પકડી આણ્યો હતો. તેની બહાદુરી જોઈ પોતાંની તેનાપર પ્રીતિ થવાથી તેને લશ્કર આપી ઈ. સ. ૧૩૦૬ માં **દક્ષિણ** જીતવા મોકલ્યો. તેણે તૈલંગણ, મહારાષ્ટ્ર, કર્ણાટક, મહીસૂર, મલબાર વિગેરે જીતી લઇ આખા દક્ષિણ હિંદમાં બાદશાહની આણ ફેરવી. એના વખતમાં ઘણા મોગલો હિંદુસ્તાન ઉપર ચઢી આવ્યા હતા તેમને તેણે હરાવી પાછા કાઢ્યા. અલાઉદ્દીન પોતાના રાજ્યના પાછલા વખતમાં ઘણો દારૂ પીવાના દુર્વ્યસનમાં પડયો હતો તેથી પોતાની સર્વ સત્તા તેણે કાફુરના હાથમાં સોંપી દીધી. કાફુરે તેના બે દીકરાને કેદ કરાવ્યા અને પાદશાહને ઝેર દેઈ મારી નાંખ્યો. તેણે તેના બે છોકરાઓની આંખો કેદખાનામાં ફોડી નખાવી અને તેના **ઉમ્મર** નામના દિકરાને ગાદીએ બેસાડયો અને પોતે રાજ્ય મેળવવા પ્રયત્ન કરવા લાગ્યો. પરંતુ બાદશાહના ઉમરાવોએ તેને મારી નાંખી બાદશાહના ત્રીજા દીકરા **મુબારક**ને ગાદીએ બેસાડયો.

અલાઉદ્દીનની રાજ્યનીતિ—અલાઉદ્દીનના વખતમાં ઉમરાવો પોતાની મરજી પ્રમાણે વર્તી શકતા નહોતા. લગ્ન કરવામાં કે મિત્રને જમવા તેડવામાં પણ બાદશાહની રજા લેવી પડતી હતી. જમીન પણ બાદશાહ કહે તેટલીજ ખેડી શકાતી હતી. લોકો પાસે વધારે પૈસો થાય તો તેઓ જોરાવર થાય એમ જાણી તેમની પાસેથી વધારાનો પૈસો પોતે લૂંટી લેતો હતો.

પ્રકરણ ૮.

કાફુર અને ખીલજીવંશની સમાપ્તિ.

કાફુર—કાફુર જાતનો હિંદુ હતો. અલાઉદ્દીને ગુજરાત લીધું ત્યારે એણે તેને ખંભાતથી ગુલામ તરીકે આણ્યો હતો. પોતે વટલાઇ મુસલ-

માન થઇ પોતાની હુંશીયારીથી બાદશાહની પ્રીતિ મેળવી શક્યો હતો. ઇ. સ. ૧૩૦૬ માં તેને લશ્કર આપી બાદશાહે દક્ષિણ જીતવા મોકલ્યો હતો. પ્રથમ તેણે તૈલંગણઉપર સ્વારી કરી તેની રાજધાની **વરંગુળ** જીતી લીધું. લગભગ છ વર્ષ સુધીમાં આખા દક્ષિણ હિંદપર દિલ્લીપતિની આણ ફેરવી. દક્ષિણપર સ્વારી કરવા જતી વખતે પાદશાહની બેગમ (ગુજરાતના રાજા કરણ ઘેલાની રાણી) કમળાદેવીએ પોતાની દિકરી **દેવળદેવી** કે જે તેના પિતા કરણરાજા સાથે બાગલાણના કિલ્લામાં હતી તેને લેતાં આવવા કાપુરને કહ્યું હતું. દેવગીરીના રાજા રામદેવના છોકરા શંકરદેવ સાથે તેનું લગ્ન થવાની તૈયારી હતી, એટલામાં કાપુરે પોતાના લશ્કરની એક ટુકડી મોકલી તેને પકડી લીધી અને દિલ્લી પહોંચડાવી દીધી. ત્યાં તેને બાદશાહે પોતાના દિકરા **ખીજરખાન** સાથે પરણાવી દીધી. કાપુરે રામદેવને હરાવી અને કેદ પકડી દિલ્લી મોકલાવી દીધો; પરંતુ બાદશાહ તેની સાથે સારી રીતે વર્ત્યો હતો. રાજા રામદેવના મરણ પછી તેના દિકરા શંકરદેવે પાદશાહ ઉપર પોતાનું વેર વાળવા બળવો કર્યો, પણ કાપુરે આવી તેને હરાવ્યો અને તેને મારી નાંખી તેનો સઘળો દેશ ઉજ્જડ કર્યો. બાદશાહ છેવટના વખતમાં દારૂની લેહમાં પડી રાજ્યની તમામ લગામ પોતાના માનીતા કાપુરને સોંપી દીધી. કાપુરે રાજ્ય લોભથી બાદશાહને ઝેર દેઇ મારી નાંખ્યો અને તેના બે છોકરાની આંખો ફોડી કેદમાં નાખ્યા. અંતે બાદશાહના એક **ઉમ્મર** નામના દિકરાને ગાદીએ બેસાડયો અને પોતે સઘળો કારભાર કરવા લાગ્યો. રાજ્ય મેળવવાનો પ્રયત્ન કરતાં પાદશાહના ઉમરાવોએ તેને મારી નાંખી મુબારકને ગાદીએ બેસાડયો.

મુબારક—ઇ. સ. ૧૩૧૫ થી ૧૩૨૦. એ અલાઉદ્દીનનો ત્રીજો છોકરો હતો, તેને ઉમરાવોએ ગાદીએ બેસાડયો, પણ તે ઘણો નબળો રાજા હતો. તેણે પોતાના નાના ભાઇની આંખો ફોડાવી નાંખી તથા પોતાને ગાદીએ આણનારનેજ મારી નંખાવ્યો, અને કોઈ નીચ (ઢેડ)

વટલેલા હિંદુને **ખુશરૂખાન**ના ખેતાબથી પ્રધાન બનાવ્યો. **મુબારક** ઘણો દુષ્ટ અને રંડીબાજ હતો. તેણે દક્ષિણના રાજા **હરપાળ**ની જીવતાં ચામડી ઉતરાવી નાંખી મરાવી નંખાવ્યો. ખુશરૂ મલબાર સુધી સ્વારી કરી પુષ્કળ પૈસો જીતી લાવ્યો. તેણે રાજ્યલોભથી બાદશાહને તથા ખીલજી વંશના તમામ માણસોને મારી નંખાવી પોતે ગાદીએ બેઠો. ઇ. સ. ૧૩૨૦. પરંતુ પોતે હિંદુ હોવાથી તેને મુસલમાની ધર્મ ઉપર તિરસ્કાર હતો. તેથી તેણે મસીદોમાં મૂર્તિઓ ગોઠવી અને પોતે કુરાન ઉપર બેસવા લાગ્યો. આથી તમામ મુસલમાનો તેની સામા થયા. એટલામાં પંજાબનો સુબો **ગ્યાસુદ્દીન તઘલખ** ચઢી આવ્યો. તેણે ખુશરૂને હરાવી મારી નાંખ્યો, અને પોતે ગાદીએ બેઠો. ઇ. સ. ૧૩૨૦.

ખીલજીવંશના ઇતિહાસ ઉપરથી વાંચનારે એટલો સાર લેવાનો છે કે, માણસ સ્વાર્થ કે લોભને લીધે ગમે તેવાં નીચ કૃત્ય કરે છે પણ તેનો બદલો પરમેશ્વર તેને આપ્યાવિના રહેતોજ નથી. દરેક બાદશાહે ખૂન કરી રાજ્ય મેળવ્યું પણ તે દરેકનું ખૂન થઇ તેના હાથમાંથી રાજ્ય ગયું; અર્થાત તેમના કૃત્યનો બદલો તેમને મળ્યા વગર રહ્યોજ નહિ માટે "પાપ કરવાનો વિચાર કરવો એ પણ પાપજ છે."

પ્રકરણ ૯.

તઘલખ વંશ ઈ. સ. ૧૩૨૦ થી ૧૪૧૪-૯૪ વર્ષ,

ગ્યાસુદ્દીન—ઇ. સ. **૧૩૨૦ થી ૧૩૨૫.** એ ખીલજીવંશના છેલ્લા બાદશાહને હરાવી ગાદીએ બેઠો. દિલ્લીથી બે માઇલ દુર **તઘલખાબાદ** નામે એક ગઢ બંધાવી પોતે ત્યાં રહેતો હતો. તેણે રાજ્યની વ્યવસ્થા ઘણી સારી રાખી હતી. તેના દીકરા જુમાખાને તૈલંગણ ઉપર સ્વારી કરી **વરંગુળ** જીત્યું. ત્યાંથી પાછા ફરતાં તેનો પિતા ગ્યાસુદીન

તેને. માન આપવા માટે સામો ગયો. પરંતુ માન આપવાની જગાએ ઉભો કરેલો લાકડાંનો માંડવો તૂટી પડતાં તેનો બાપ ચગદાઈ ગયો. જુમાખાન **મહુંમદ** નામ ધારણ કરી ઇ. સ. ૧૩૨૫ માં ગાદીએ બેઠો.

મહુંમદ—ઇ. સ. **૧૩૨૫ થી ૧૩૫૧.** એ ઘણો બહાદૂર બાદશાહ હતો. તેમજ લડાઇમાં ઘણો કુશળ હતો. તેને વિદ્યાનો ઘણો શોખ હોવાથી તે વિદ્વાનોને આશ્રય આપતો. આવા અનેક ગુણો છતાં તે એટલો બધો મતિલો ને જુલમી હતો કે તેને બધા ધિક્કારતા. ગાદીએ બેસતાંજ તેણે દક્ષિણપર સ્વારી કરી ત્યાં પોતાની સત્તા બેસાડી; પરંતુ પોતાના જુલમી અને ગાંડાં કૃત્યને લીધે તેણે પોતાની હયાતીમાંજ તે સત્તા ખોઇ હતી. એના વખતમાં મોગલો ઘણીવાર ચઢી આવતા તેમને તે પૈસાની મોટી રકમ આપી પાછા કાઢતો. આથી તેની તીજોરી ઘણી ખાલી થઈ ગઈ હતી, તે તર કરવાને તેણે **ચીન** જીતવા એક લાખ માણસનું મોટું લશ્કર મોકલ્યું. પરંતુ હિમાલયના ઠંડા પ્રદેશમાં થઈ પસાર થતાં ઘણું લસ્કર નાશ પામ્યું અને તેમાનાં બાકી રહેલાં જે થોડાં માણસો ચીન પહોંચ્યાં, તે હારીને પાછા આવ્યાં; તેમને તેણે મારી નંખાવ્યાં. આથી તેની ધારણા પાર ન પડવાથી એણે ચાંદીને બદલે ત્રાંબા નાણું ચલાવ્યું અને ભારે કરો નાંખ્યા. તેના જુલમી કરને લીધે ઘણા ખેડુતો નાશી જંગલમાં જતા રહ્યા. તેમને લશ્કરથી ઘેરી તેણે મારી નંખાવ્યા. ઇ. સ. ૧૩૩૮ માં તેના ભત્રીજાએ બંડ કર્યું, તેના સામા તે લશ્કર લેઇને ગયો અને તેને પકડી તેના શરીરની ખાલ ઉતરાવી મારી નાંખ્યો. ત્યાર પછી તે દેવગીરી ગયો. ત્યાંની હવા પાણી તથા ત્યાંનો ભભકો જોઈ તે શહેરને **દોલતાબાદ** નામ આપી પોતાની રાજધાની કરવાનું તેને મન થયું. તેથી તેણે દિલ્લી જઇ ત્યાંના લોકોને ત્યાં જઇ વસવા હુકમ કર્યો. દેવગીરી દિલ્લીથી ઘણુંજ દૂર હોવાથી તેમજ દુષ્કાળ અને ભૂખમરાને લીધે ઘણા માણસો પોતાના બૈરાં છોકરાં સાથે જતાં રસ્તામાંજ મરણ પામ્યા. ગુજરાતમાં બંડ ઉઠયું

તે સમાવવા તે જાતે ગયો. પરંતુ બંડ સમાવી પાછા ફરતાં તે ઇ. સ. ૧૩૫૧ માં સિંધમાં મરણ પામ્યો. તેણે પોતાના પડી ગએલા એક દાંત ઉપર ઘણો પૈસો ખરચી એક મસીદ બંધાવી હતી.

સ્વતંત્ર થઈ ગયેલાં રાજ્યો—એના ગાંડા અને જુલમી કૃત્યોને લીધે પાદશાહત નબળી પડી જવાથી ઘણાં રાજ્યો સ્વતંત્ર થઈ ગયાં. **ગકર** લોકોએ પંજાબમાં સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું. બંગાળામાં પણ સ્વતંત્ર રાજ્યની સ્થાપના થઇ. દક્ષિણમાં ઇ. સ. ૧૩૩૬ માં **વિજયાનગર**માં એક હિંદુ રાજ્ય સ્થાપન થયું તેમજ ઇ. સ. ૧૩૪૭ માં **હુસન ગંગુ**એ સ્વતંત્ર **બ્રાહ્મણીરાજ્ય** સ્થાપ્યું.

પ્રકરણ ૧૦.

તઘલખવંશની સમાપ્તિ.

ફીરોજશાહ—ઇ. સ. **૧૩૫૧** થી **૧૩૮૮**. મહમદ પછી તેનો ભત્રીજો ફીરોજશાહ ગાદીએ આવ્યો. તેણે ૩૭ વર્ષ રાજ્ય કર્યું. તેના વખતમાં રાજ્યમાં શાંતિ હતી. તે ઘણો ડાહ્યો પાદશાહ થઇ ગયો છે. તેણે લોકો ઉપરના જુલમી કરો કાઢી નાંખ્યા અને લોકોપયોગી ઘણા કામો કર્યાં. તેણે ઠેકાણે ઠેકાણે મસીદો તથા મુસાફરોને માટે ધર્મશાળાઓ અને ઠેરઠેર પૂલો બંધાવ્યા. તેણે જમનાથી સતલજ સુધીની એક મોટી નહેર બંધાવી હતી તે હજી પણ કાયમ છે અને તેને હાલમાં અંગ્રેજોએ સુધારી ઘણા સારા પાયાપર આણી મૂકી છે. એના પછીના પાદશાહોના વખતમાં કંઇપણ જાણવાજોગ બનાવ બન્યા નથી. તઘલખવંશનો છેલ્લો બાદશાહ **મહંમદ** ઇ. સ. ૧૩૯૪ માં ગાદીએ બેઠો.

મહંમદ—ઇ. સ. **૧૩૯૪** થી **૧૪૧૨**. આ બાદશાહ ઉમરે નાનો

હોવાથી ગુજરાત, માળવા, ખાનદેશ અને જુવાનપુરના પઠાણુ રાજ્યો દિલ્હીના તાબામાંથી સ્વતંત્ર થઇ ગયાં. બાદશાહના તાબામાં ફક્ત દિલ્લી રહ્યું. આવી અવ્યવસ્થા જોઇને મુગલલોકો તાતાર સરદાર **તૈમુર**ની સરદારી નીચે દિલ્લીપર ચઢી આવ્યા. **તૈમુરે** કેટલાક દિવસસુધી દિલ્લી લૂંટયું અને શહેરમાં ભારે કતલ ચલાવી. આ વખતે મહંમદ ગુજરાતમાં નાશી ગયો. **તૈમુર**ના ગયા પછી તે પાછો દિલ્લી ગયો અને લગભગ ૧૨ વર્ષ રાજ્ય કર્યું. એટલામાં પંજાબના સુબા **ખીજરખાંએ** દિલ્લીઉપર સ્વારી કરી તઘલખ વંશનો અંત આણ્યો, અને પોતે ગાદીએ બેઠો, ઇ. સ. ૧૪૧૪.

તૈમુર— તૈમુરનો જન્મ તાર્તરીમાં થયો હતો. તે જાતે તુર્ક હતો. તેનો બાપ તાર્તરીના બાદશાહની નોકરીમાં હતો. રાજ્યમાં ઘણી અવ્યવસ્થા ચાલતી હતી તે વખતે તૈમુર ૩૪ વર્ષની ઉમ્મરનો હતો અને એક ટૂકડીનો સરદાર પણ હતો. પોતાની અક્કલ હુંશીયારીથી તમામ બળવા સમાવી પોતે તાર્તરીનો બાદશાહ થયો. તેણે ઇરાન, સૈબીરીયા અને રૂશીયાનો કેટલોક ભાગ જીતી લેઈ પોતે મધ્ય એશિયાનો બાદશાહ કહેવડાવવા લાગ્યો. ઇ. સ. ૧૩૯૮ માં તેણે હિંદુસ્તાનપર મોટી સ્વારી કરી, રસ્તામાં આવતાં શહેરો અને ગામોને બાળતો અને લૂંટતો દિલ્લીપર ચઢી આવ્યો. આ વખતે દિલ્લીની ગાદીએ તઘલખવંશનો છેલ્લો બાદશાહ **મહંમદ** રાજ્ય કરતો હતો. તૈમુરના અસંખ્ય લશ્કરને જોઇ પોતે ભયભીત થઇ ગયો અને દિલ્લીના દરવાજા બંધ કરાવી માંહે ભરાઈ બેઠો, પણ થોડા વખત પછી વગર વિચારે તે લઢાઇ કરવાને દરવાજા બહાર નીકળ્યો, પરંતુ તે સજ્જડ હારખાઇ ગુજરાત નાશી ગયો. તૈમુર દિલ્લીમાં પેઠો અને તેણે આખું શહેર લૂંટી પાંચ દિવસ સુધી ભારે કતલ ચલાવી. તૈમુરની આ લૂંટ અને કતલ ઘણી નિર્દયતા ભરેલી હતી, અને તે આખા હિંદુસ્તાનમાં આજે પણ પ્રસિદ્ધ છે. દિલ્લીમાંથી પુષ્કળ ધન લેઇ, પંજાબમાં **ખિજરખાં** નામે સુબો મૂકી પોતે તાર્તરી પાછો ગયો.

પ્રકરણ ૧૧.

સૈયદવંશ ઈ. સ. ૧૪૧૪ થી ઇ. સ. ૧૪૫૦–૩૬ વર્ષ.

ખીજરખાં—ઇ. સ. **૧૪૧૪ થી ૧૪૨૧.** પંજાબના સુબા ખીજરખાંએ તઘલખવંશના છેલ્લા બાદશાહ મહંમદને હરાવી સૈયદવંશની ગાદી સ્થાપી પોતે રાજ્ય કરવા લાગ્યો. એ વંશ ૩૬ વર્ષ ચાલ્યો. એ વંશમાં ચાર રાજા થઇ ગયા. તેમાંના કોઇના વખતમાં કંઇપણ જાણવા જોગ હકીકત બની નથી. પેહેલો રાજા ખીજરખાં તૈમુરનો મૂકેલો પંજાબનો સુબો હતો, તેણે પોતાનું રાજ્ય ન્યાયદૃષ્ટિથી ચલાવી પ્રજાનો સારી રીતે પ્રેમ મેળવ્યો; પરંતુ કોઇ વધારાનો મુલક જીતી લેઇ રાજ્યમાં વધારો કરી શકયો નહિ. તેના પછી **મુબારક** બાદશાહ થયો, તેણે ૧૨ વર્ષ રાજ્ય કર્યું. ત્યાર પછી ઇ. સ. ૧૪૩૩ માં **મહંમદ** ગાદી ઉપર બેઠો. આ બાદશાહે ૧૦ વર્ષ રાજ્ય કર્યું. છેલ્લો બાદશાહ **અલાઉદ્દીન** ઇ. સ. ૧૪૪૩ માં ગાદીએ બેઠો. આ ત્રણે બાદશાહો ઘણા નબળા હતા તેથી ધીમે ધીમે તેમનાં તાબાનાં રાજ્યો સ્વતંત્ર થઈ ગયાં તે એટલે સુધી કે છેલ્લા બાદશાહના વખતમાં દિલ્લી અને તેની આસપાસ ફકત બાર માઇલ સુધીનો મુલક તેના તાબામાં હતો. એ રાજ્ય કરવાને લાયક ન જાણાયાથી ઇ. સ. ૧૪૫૦ માં પંજાબનો સુબો **બહીલોલ લોદી** તેના પર ચઢી આવ્યો. પરંતુ બાદશાહે તેની સામે ન થતાં પોતાની ગાદી તેને સોંપી દીધી અને પોતે પેન્શન લઇ **બદૃવાન**ના કિલ્લામાં પોતાની બાકીની જીંદગી ખેતીવાડી કરીને પૂરી કરી.

પ્રકરણ ૧૨

લોદીવંશ ઈ. સ. ૧૪૫૦ થી ઇ. સ. ૧૫૨૬—૭૬ વર્ષ.

બહીલોલખાન—ઇ. સ. **૧૪૫૦ થી ૧૪૮૮.** બહીલોલખાન એ પંજાબનો સુબો હતો, તેણે સૈયદવંશના છેલ્લા બાદશાહ અલ્લાઉદ્દીન પાસેથી દિલ્લી જીતી લઇ લોદીવંશની ગાદી સ્થાપી. એ વંશ ૭૬ વર્ષ સુધી ચાલ્યો. સૈયદવંશના રાજાઓ કરતાં તે વધારે જોરાવર હતો. ૨૬ વર્ષ સુધી લઢી તેણે અયોધ્યા અને જુવાનપુરના રાજ્ય જીત્યાં અને તેણે સિંધુનદીથી બનારસ સુધી અને જમનાનદીથી હિમાલય સુધી રાજ્યનો વિસ્તાર વધાર્યો. તે ઇ. સ. ૧૪૮૮ માં મરી ગયો. તેના પછી તેનો છોકરો સિકંદર ગાદીએ બેઠો.

સિકંદર—ઇ. સ. **૧૪૮૮ થી ૧૫૧૭.** એ બહુ બહાદુર, વિદ્વાન પણ ધર્માંધ અને જુલમી હતો. તેણે બહારનું રાજ્ય જીતી લેઇ દિલ્લીના રાજ્યમાં વધારો કર્યો. હિંદુઓ પ્રત્યે તે બહુ ઘાતકી રીતે વર્ત્યો. તેણે હિંદુઓને યાત્રાએ જવાની મના કરી અને તેઓના દેવાલયો તોડી તેજ કાટમાલ વડે મસીદો બંધાવી. તેના વખતમાં ઇ. સ. ૧૪૯૮ માં યુરોપના પોર્ટુગીઝ લોકો **વાસકોડીગામા** નામના કુશળ નાવિક સાથે હિંદુસ્તાનમાં પહેલ વહેલા આવ્યા અને દક્ષિણમાં **કાલીકટ** બંદરમાં કોઠી કરી રહ્યા. તે ઇ. સ. ૧૫૧૭ માં મરી ગયો અને તેની પછી તેનો વડો દીકરો ઇબ્રાહીમ ગાદીએ બેઠો.

ઈબ્રાહીમ—ઇ. સ. **૧૫૧૭ થી ૧૫૨૬.** એ મગરૂર અને ઘણો ઘાતકી હતો. તે પોતાના ઉમરાવો સાથે ઘણીજ ખરાબ રીતે વર્તતો હતો, તેથી તેઓએ ઘણા નાખુશ થઇ બળવા કર્યા. પંજાબના સુબા **દોલતખાન** લોદીએ દિલ્લી જીતવાને કાબુલના બાદશાહ **બાબરને** કહેણ મોકલ્યું. બાબર ચઢી આવ્યો અને ઇ. સ. ૧૫૨૬ માં પાણીપતના

રણમાં ઇબ્રાહીમને હરાવી દિલ્લીનો કબજો લીધો અને મોગલાઇ રાજ્યની હિંદમાં સ્થાપના કરી.

પ્રકરણ ૧૩.

લોદી વંશની આખરે હિંદની સ્થિતિ.

લોદી વંશની આખરે હિંદની સ્થિતિ—પઠાણ બાદશાહોએ એકંદર ૩૨૦ વર્ષ રાજ્ય કર્યું. ઇ. સ. ૧૨૦૬ થી ૧૫૨૬. આ વખતમાં ઘણા પઠાણો હિંદમાં ઘર કરીને રહ્યા હતા. તેમનામાંના ઘણાએ તો ધર્માંધપણે હિંદુઓપ્રત્યે વર્તી તેમને પીડી, લૂંટી અને વટાળીને મુસલમાન કર્યાં અને જેઓ ન થયા તેમને કતલ પણ કરી નાંખ્યાં. હિંદુધર્મ ઉપર આટલો જુલમ થવા છતાં તે નાશ તો પામી શક્યો નહિજ, તો પણ પઠાણોના જુલમથી આર્યવિદ્યામાં વધારો ન થતાં તેમાં ઘટાડો થયો ખરો. કુતુબુદ્દીન, ગ્યાસુદ્દીન તથા ફીરોજશાહ આ ત્રણ બાદશાહો ન્યાયી, ભલા અને સદ્‌ગુણી હતા. તેમણે લોકોપયોગી ઘણાં કામ કર્યાં તથા નિર્દય શિક્ષાઓ બંધ પાડી તોપણ તેમનાં સાર્વજનિક કામો હિંદુ કરતાં મુસલમાનો માટે વધારે હતાં. હિંદુઓને તેથી ઘણોજ થોડો લાભ થયો છે. પઠાણ બાદશાહોએ પોતાના રાજ્યની હદ હિંદમાં વધારી ઘણાં રાજ્યો ખાલસા કર્યાં હતાં અને દક્ષિણમાં પોતાના રાજ્યની હદ છેક કૃષ્ણા નદી સુધી વધારી હતી. તો પણ રજપૂત રાજ્યો છેક નાબુદ થઈ ગયાં નહોતાં. જોરાવર બાદશાહના વખતમાં તેઓ ખંડણી આપતા અને નબળાના વખતમાં સ્વતંત્ર થઈ જઇ રાજ્ય કરતા હતા. આવા પઠાણ બાદશાહોના વખતમાં મુસલમાન સુબાઓ પણ હિંદમાં પોતે મુલક જીતી લેઈ સ્વતંત્રપણે રાજ્ય કરવા લાગ્યા. મહંમદ તઘલખ (મહંમદ ગાંડા) ના વખતમાં દક્ષિણમાં બે મોટા સ્વતંત્ર રાજ્યો સ્થપાયાં હતાં. **૧ બાહ્માણી રાજ્ય. ૨ વિજયનગરનું રાજ્ય.** તઘ-

લખવંશની આખરે **ગુજરાત, માળવા** અને **જુવાનપુર**ના રાજાઓ સ્વતંત્રપણે રાજ્ય કરવા લાગ્યા. લોદીવંશની આખરે **પંજાબ અને બંગાળા**ના સુબાઓ તથા બીજા કેટલાક રજપૂત રાજાઓ સ્વતંત્રપણે રાજ્ય કરતા હતા. આ રજપૂત રાજ્યો પૈકી **ચિતોડ**નું રાજ્ય મુખ્ય હતું અને ત્યાં સૂર્યવંશી **રાણોસંગ** બીજા બધા રજપૂત રાજાઓના ઉપરી તરીકે રાજ્ય કરતો હતો. પઠાણ બાદશાહોનો અમલ લોદીવંશની આખરે એટલો બધો નબળો પડી ગયો હતો કે ફક્ત છેલ્લા બાદશાહ **ઇબ્રાહીમ**ના વખતમાં ફક્ત દિલ્લી અને તેની આસપાસનો થોડોજ મુલક તેના તાબામાં રહ્યો હતો.

પ્રકરણ ૧૪.

મોગલાઇ રાજ્યની સ્થાપના વખતે હિંદનાં મુખ્ય સ્વતંત્ર રાજ્યો.

બ્રાહ્મણી રાજ્ય- બ્રાહ્મણી રાજ્ય **હુસનગંગુ**એ ઇ. સ. ૧૩૪૭ માં ગુલબર્ગમાં સ્થાપ્યું. **હુસન** એક ગરીબ અફઘાન હતો. દિલ્લીના ગંગુ નામના બ્રાહ્મણને ત્યાં ત્રીસ વર્ષ સુધી ગુલામ તરીકે રહી ખેતીનું કામ કરતો હતો. ખેતરમાંથી જડેલું ગુપ્ત ધન પોતાના શેઠને સોંપી દીધાથી **ગંગુ** તેના પ્રમાણિકપણાથી ઘણો ખૂશ થયો. આગળ જતાં તે મોટો રાજા થશે એમ ગંગુને લાગવાથી અને પોતાને મહંમદ તઘલખ સાથે સારો પરિચય હોવાથી તેણે હુસનને ત્યાં સોંપ્યો. ગુલામ તરીકે તે જાફરખાં નામે ઓળખાતો હતો. તઘલખ બાદશાહે હુસનને એક ટુકડીનો સરદાર બનાવ્યો. તે દક્ષિણમાં કેટલોક મુલક જીતી લઇ થોડા વખત પછી તે સ્વતંત્રપણે રાજ્ય કરવા લાગ્યો. રાજા બન્યા પછી પોતાના ગંગુ શેઠના ઉપકારના બદલામાં તેને દિવાન બનાવી તેનું નામ કાયમ રાખવા પોતે

હસનગંગુ બ્રાહ્મણી નામ ધારણ કરી બ્રાહ્મણી રાજ્ય સ્થાપ્યું. આ રાજ્ય ૧૭૫ વર્ષ સુધી ચાલ્યું. તેનો છેલ્લો બાદશાહ મહંમદશાહ નબળો હોવાથી તેના મુલકના સુબાઓ જુદા જુદા મુલકો પચાવી પડી સ્વતંત્રપણે રાજ્ય કરવા લાગ્યા. એ રાજ્યોમાંથી નીચે પ્રમાણે પાંચ સ્વતંત્ર રાજ્યો થયાં. ૧ વરાડ, ૨ બિજાપુર, ૩ અહંમદનગર, ૪ ગોવલકોંડા અને ૫ બિડર.—

૧. **વરાડનું રાજ્ય**—**ઈમાદઉલ્મુલ્કે** ઇ. સ. ૧૪૮૪ માં એ રાજ્ય સ્થાપ્યું અને ઇ. સ. ૧૫૭૪ માં અહંમદનગરના રાજાએ તે જીતી લઇ પોતાના રાજ્યમાં સાથે જોડી દીધું.

૨. **બિજાપૂરનું રાજ્ય**—**આદિલશાહે** એ રાજ્ય ઇ. સ. ૧૪૮૯ માં સ્થાપ્યું અને ૧૯૭ વર્ષ પછી તેને **ઔરંગજેબે** ઇ. સ. ૧૬૮૬ માં જીતી લેઇ મોગલ રાજ્ય સાથે જોડી દીધું.

૩. **અહંમદનગરનું રાજ્ય**—**નિઝામ અહંમદશાહે** ઇ. સ. ૧૪૮૭ માં એ રાજ્ય સ્થાપ્યું. ૧૫૦ વર્ષ પછી શાહજહાંએ ઇ. સ. ૧૬૩૭ માં તે જીતી લેઇ મોગલ રાજ્ય સાથે જોડી દીધું.

૪. **ગોવલકોંડાનું રાજ્ય**—ઇ. સ. ૧૫૧૨ માં **કુતુબશાહે** એ રાજ્ય સ્થાપ્યું. ૧૭૫ વર્ષ પછી **ઔરંગજેબે** ઇ. સ. ૧૬૮૭ માં તે જીતી લેઇ મોગલ રાજ્ય સાથે જોડી દીધું.

૫. **બિડરનું રાજ્ય**—**અહંમદ બરીદે** એ રાજ્ય સ્થાપ્યું અને ઔરંગજેબે ઇ. સ. ૧૬૫૭ માં તે જીતી લેઇ મોગલ રાજ્ય સાથે જોડી દીધું.

વિજયનગરનું હિંદુ રાજ્ય—કાફુરે વરંગુળ જીત્યા પછી ત્યાંથી નાશી ગયેલા **બુકરાય** અને **હરરાય** નામના બે ભાઇઓએ દક્ષિણમાં તુંગભદ્રા નદીને કાંઠે ઇ. સ. ૧૩૩૬ માં એક હિંદુ રાજ્ય સ્થાપ્યું અને રાજ્યધાની **વિજયનગર**માં કરી. આ હિંદુ રાજાઓને બ્રાહ્મણી

વંશના રાજાઓ સાથે અને તેના અંત પછી થયેલાં પાંચ મુસલમાની સ્વતંત્ર રાજ્યો સાથે સતત ઝગડા ચાલતા. ૧૬ માં સૈકાની શરૂઆતમાં એ રાજ્યનો વિસ્તાર બહોળો અને સત્તા બહુ પ્રબળ હતાં. દક્ષિણના બીજા હિંદુ રાજાઓ પણ તેમની સત્તામાં હતા. ત્યાંના રાજા **રામરાજાએ** બિજાપુર ઉપર ચઢાઇ કરી તેનો કેટલોક મુલક જીતી લીધો, તથા ગોવલ-કોંડાના રાજાને હરાવી પુષ્કળ પૈસો લીધો. આથી મુસલમાન રાજાઓએ આવેશમાં આવી તેની સત્તા તોડવા એકત્ર થઇ વિજયનગરના રાજા ઉપર ચઢાઇ કરી. **ટેલીકોટા** આગળ ભારે યુદ્ધ થયું, ઇ. સ. ૧૫૬૫. હિંદુ રાજા હાર્યો અને મરાયો અને તેનો મુલક વહેંચી લેવામાં આવ્યો. આ પ્રમાણે દક્ષિણમાં હિંદુસત્તા પડી ભાગી પણ પછીથી મુસલમાની રાજ્યો માંહોમાંહે લઢવાથી રામરાજાના ભાઇએ આ કુસંપનો લાભ લેઇ થોડો મુલક જીતી લીધો અને ચંદ્રગીરીમાં રાજ્ય કરવા લાગ્યો. ઇ. સ. ૧૬૩૫ માં ચંદ્રગીરીના રાજાના એક વંશજે ઇંગ્લાંડની **ઈસ્ટ-ઇંડિયા કંપનીને** પ્રથમ પગ મૂકવાની જગા આપી જ્યાં તેઓએ મદ્રાસની કોઠી સ્થાપી.

મેવાડનું રજપૂત રાજ્ય—મેવાડનું રાજ્ય રજપૂતસ્થાનમાં આવેલું છે. તેનું મુખ્ય શહેર **ચિતોડ** છે. મેવાડના રજપૂત રાજાઓ સૂર્ય-વંશી રામના વંશના કહેવાતા હોવાથી ત્યાંના રાજાઓ સૂર્યવંશી રાણાઓ કહેવાય છે. પ્રથમ તેઓ વલ્લભીપુરમાં રાજ્ય કરતા હતા. ત્યાર પછી તેઓના વંશજ **બાપારાવળે** ચિતોડ જીત્યું અને પોતાની રાજધાની ચિતોડમાં કરી. ત્યાર પછી તેના વંશમાં **કુંભારાણો** થયો. કુંભારાણાએ માળવા અને ગુજરાતના મુસલમાન પાદશાહોને હરાવી માળવાના પાદશાહને કેદ કર્યો. કુંભારાણાની સ્ત્રીનું નામ **મીરાંબાઈ** હતું, તેનો ઇતિહાસ હાલમાં આખા ગુજરાતમાં સુપ્રસિદ્ધ છે. આખા રજપૂતસ્થાનનાં રજપૂત રાજ્યોમાં મેવાડનું રાજ્ય મુખ્ય હતું. તેના રાજા ઘણા કુળવાન હોવાથી સઘળા રજપૂત રાજાઓ તેની તરફ માનની નજરે જોતા હતા.

તેમ તેના ખંડીઆ રાજા હતા. જ્યારે હિંદુસ્તાન ઉપર બાબર ચડી આવ્યો ત્યારે ચિતોડમાં કુંભારાણાનો પૌત્ર **સંગરાણો** રાજ્ય કરતો હતો.

જોધપુરનું રજપૂત રાજ્ય—અલ્લાઉદ્દીન ઘોરીના વખતમાં કનોજ તૂટ્યા પછી ત્યાંના રાઠોડ રજપૂતો રજપૂતાનામાં આવીને રહ્યા હતા. ધીમે ધીમે તેઓ બળવાન થયા અને તેઓમાંના એક **જોધા** રાઠોડે જોધપુર વસાવી ત્યાં પોતાની રાજધાની કરી, ઇ. સ. ૧૪૫૯. આગળ જતાં એ રાઠોડ રાજાઓ ઘણાજ બળવાન થયા. જ્યારે બાબર હિંદમાં આવ્યો ત્યારે જોધપુરમાં **માલદેવ** રાજા રાજ્ય કરતો હતો.

જયપુરનું રજપૂત રાજ્ય—જયપુરનું રાજ્ય બાબર આવ્યો ત્યારે બીજા રજપૂત રાજ્યોની પેઠે સ્વતંત્ર હતું. તેની રાજધાની **અંબર**માં હતી. અકબરના વખત સુધી તે ત્યાંજ રહી હતી. એ રાજ્યની કાંઇ જાણવા જોગ વધારે હકીકત નથી. આગળ જતાં અકબર બાદશાહને ત્યાંના રાજાએ પોતાની કુંવરી પરણાવી ત્યારે તે રાજ્ય પ્રસિદ્ધિમાં આવ્યું.

ગુજરાતનું સ્વતંત્ર રાજ્ય—ગુજરાતનું રાજ્ય ઇ. સ. ૧૩૯૬ માં મુજફ્ફરશાહે સ્વતંત્ર સ્થાપ્યું. તે ૧૬૯ વર્ષ ચાલ્યું એટલે ઇ. સ. ૧૫૬૫ માં અકબર બાદશાહના વખતમાં તેનો અંત આવ્યો, તે દરમિયાન ત્યાં ૧૩ રાજા થઇ ગયા. મુજફ્ફરશાહ પ્રથમ રજપૂત હતો તે વટલાઇને મુસલમાન થયો હતો. તેના છોકરા અહંમદશાહે **અમદાબાદ** વસાવી પોતાની રાજ્યધાની ત્યાં કરી. તેણે લગભગ ૫૦ વર્ષ સુધી રાજ્ય કર્યું. એના પછીના રાજા મહંમદશાહે રાજ્યનો વિસ્તાર ઘણોજ ફેલાવ્યો. તેના પછી બીજો મુજફ્ફરશાહ ઇ. સ. ૧૫૧૧ માં ગાદીપર આવ્યો. તે વખતે રજપૂતાનામાં રાણો સંગ રાજ્ય કરતો હતો, એની સાથે તેને ઘણી વખત યુદ્ધમાં રોકાવું પડ્યું હતું. તેની પછી તેનો ત્રીજો છોકરો બહાદુરશાહ ગાદી ઉપર આવ્યો. બાબર હિંદમાં આવ્યો ત્યારે ગુજરાતની ગાદી ઉપર આ બહાદુરશાહ રાજ્ય કરતો હતો.

પ્રથમ મુસલમાની રાજ્યોમાં થયેલા મુખ્ય બનાવોની સાલવાર યાદી.

	પૃષ્ઠ.	
મહમદ ગિઝની	૧	...ઇ. સ. ૯૯૭ થી ૧૦૩૦
સોમનાથના દેવળ ઉપર સ્વારી...	૨ ...	...ઇ. સ. ૧૦૨૪
થાણેશ્વરની પહેલી લડાઇ ...	૩ ...	...ઇ. સ. ૧૧૯૧
થાણેશ્વરની બીજી લડાઇ ...	૩ ...	...ઇ. સ. ૧૧૯૩
કાફુરની દક્ષિણ ઉપર સ્વારી ...	૧૨ ...	...ઇ. સ. ૧૩૦૬
વિજયનગરના હિંદુ રાજ્યની સ્થાપના	૧૬, ૨૨	...ઇ. સ. ૧૩૩૬
બ્રાહ્મણી રાજ્યની સ્થાપના ...	૧૬, ૨૧	...ઇ. સ. ૧૩૪૭
તૈમુરની હિંદ ઉપર સ્વારી ...	૧૭ ...	...ઇ. સ. ૧૩૯૮
પોર્ટુગીઝ લોકોનું હિંદમાં આવવું...	૨૦ ...	...ઇ. સ. ૧૪૯૮
પાણીપતની લડાઇ	૧૯, ૨૬	...ઇ. સ. ૧૫૨૬
બ્રાહ્મણી રાજ્યના પાંચ ભાગ ...	૨૨	...ઇ. સ. ૧૩૪૭ થી ૧૫૬૫
૧ વરાડનું રાજ્ય	૨૨	...ઇ. સ. ૧૪૮૪ થી ૧૫૭૪
૨ બિજાપુરનું રાજ્ય ...	૨૨	...ઇ. સ. ૧૪૮૯ થી ૧૬૮૬
૩ અહમદનગરનું રાજ્ય ...	૨૨	...ઇ. સ. ૧૪૮૭ થી ૧૬૩૭
૪ ગોવલકોંડાનું રાજ્ય ...	૨૨	...ઇ. સ. ૧૫૧૨ થી ૧૬૮૭
૫ બિડરનું રાજ્ય	૨૨ ...	... ઇ. સ. ૧૬૫૭
તાલીકોટાની લડાઇ... ...	૨૩ ...	... ઇ. સ. ૧૫૬૫
અંગ્રેજોએ મદ્રાસ આગળ કોઠી સ્થાપવી	૨૩ ...	... ઇ. સ. ૧૬૩૫
જોધપુરના રાજ્યની સ્થાપના ...	૨૪ ...	... ઇ. સ. ૧૪૫૯
ગુજરાતનું સ્વતંત્ર રાજ્ય ...	૨૪ ...	... ઇ. સ. ૧૩૯૬

પ્રકરણ ૧૫.

મુગલાઈ રાજ્ય ૧૫૨૬ થી ૧૮૫૭-૩૩૧ વર્ષ.

બાબર—ઇ. સ. **૧૫૨૬** થી **૧૫૩૦**. બાબર તૈમુરથી છઠ્ઠી પેઢીએ થયેલો શેખ મીરજાંનો છોકરો હતો. અને તેની મા હિંદ ઉપર ચઢી આવેલા **ચંગીઝખાન**ના વંશની હતી. તૈમુરના બાપદાદાઓ તુર્કસ્તાન અને ચીન વચ્ચેના મોંગોલીયા પ્રદેશના અસલ વતની હતા, તે ઉપરથી તેઓ મોગલ કે મુગલ કહેવાય છે. બાબરનો બાપ તુર્કસ્તાનના **ખોકંદ** પ્રાંતનો સુબેદાર હતો. બાબર ઇ. સ. ૧૪૮૨ માં જન્મ્યો હતો. બાર વર્ષની ઉમ્મરે તે ખોકંદની ગાદીએ બેઠો. ત્યાર પછી તેને તેના કાકા સાથે લડાઇ થઇ તેમાં તે હાર્યો અને ૨૦ વર્ષ સુધી તેણે પોતાના સરદારો સાથે ભટકયા કર્યું. તેનો ઘણો વખત લડાઇઓમાં ગયો. તેણે ત્રણ વખત **સમરકંદ** જીત્યું અને ત્રણ વખત ખોયું. પોતાના રાજ્યમાં ફત્તેહમંદ થવાની તેમજ સહીસલામત રહેવાની થોડી આશા હોવાને લીધે તે પોતાના સરદારોને લઇને અફ્ઘાનીસ્તાનમાં આવ્યો. અહીં તેણે **કાબુલ** **અને ગિઝની** જીતી લીધાં અને પોતે કાબુલમાં સ્વતંત્રપણે રાજ્ય કરવા લાગ્યો. હિંદ જીતવા સારૂં તે ચાર વખત પજાંબમાં આવ્યો પણ થોડો મુલક જીતી લેઇ પાછો ફર્યો. હિંદમાં દિલ્લીની ગાદીઉપર લોદીવંશનો છેલ્લો બાદશાહ **ઇબ્રાહીમ** લોદી રાજ્ય કરતો હતો, પણ તે ઘણો નબળો હોવાથી તેના સરદારો તેમજ બીજાં રાજ્યો સ્વતંત્ર થઇ ગયાં હતાં. તેના સુબા **દોલતખાં લોદીએ** પંજાબમાં બળવો કર્યો અને બાબરને હિંદ જીતવા કહેણુ મોકલ્યું. બાબરને તો એટલુંજ જોઇતું હતું. તેથી તે એક મોટું લશ્કર લેઇ હિંદપર ચઢી આવ્યો અને ઇબ્રાહીમ લોદીને **પાણીપત**ના મેદાનમાં હરાવ્યો, ઇ. સ. ૧૫૨૬. બાબરની ઇચ્છા હિંદમાં રાજ્ય સ્થાપવાની હતી તેથી કાબુલ પાછા નહીં જતાં તેણે દિલ્હીમાં પોતાનું રાજ્ય સ્થાપ્યું, ઇ. સ. ૧૫૨૬.

હિંદનાં રાજ્યો— બાબરે જ્યારે દિલ્હી જીત્યું ત્યારે તેના તાબામાં દિલ્હી, આગ્રા અને તેની આસપાસનો થોડો મુલક આવ્યો. બંગાળામાં અપ્રધાન પાદશાહો સ્વતંત્રપણે અમલ ચલાવતા હતા. રજપૂતાનામાં જોધપુર, જયપુર, ચિતોડ વિગેરેના રજપૂત રાજાઓનું રાજ્ય હતું. દક્ષિણમાં બ્રાહ્મણી રાજ્યના પાદશાહોનો અમલ હતો. અને ગુજરાતમાં બહાદુરશાહ રાજ્ય કરતો હતો.

રાણો સંગ—એ ચિતોડનો સૂર્યવંશી રાણો હતો. તે ઘણોજ શૂરો અને બળવાન હતો. બધા રજપૂતોમાં તે અગ્રેસર હતો, અને રાણો કહેવાતો હતો. તેની ધારણા હિંદમાં રજપૂત રાજ્યની પુનઃ સ્થાપના કરવાની હતી. અને તેથીજ બાબરને હિંદ ઉપર ચઢી આવવાનું દોલતખાં લોદીએ કહેણ મોકલ્યું તેમાં તે સામેલ હતો. તેનું ધારવું એવું હતું કે તૈમુરની માફક બાબર પણ લૂંટ કરી પાછો જશે પણ તેમ નહિ થતાં બાબર તો દિલ્લીમાં રાજ્ય કરી રહ્યો. આથી તેણે હિંદમાં નવી સત્તા જામતી શરૂઆતમાંજ અટકાવવાનો ઇલાજ લેવો ધાર્યો. તેણે બાબરને હિંદમાંથી હાંકી કાઢવાનો નિશ્ચય કર્યો. જોધપુર, જયપુર વિગેરે સઘળા રજપૂતોને એકઠા કરી પોતે સર્વનો અગ્રેસર થઇ એક મહાન લશ્કર લેઇ તે આગ્રા તરફ ચાલ્યો. બાબર પણ આ હકીકત સાંભળી મુસલમાનોનું જબરૂં લશ્કર લેઇ તેની સામે થયો. **ફત્તેપુર સીક્રી** આગળ ઇ. સ. ૧૫૨૭ માં મોટી લડાઇ થઇ. રજપૂતો જેસલમેર આગળ વધ્યા અને મુસલમાનો તદ્દન નાહિંમત થઇ ગયા. બાબરે તેમને અસરકારક ભાષણથી ઉશ્કેર્યાં અને તેઓ રજપૂતો ઉપર તૂટી પડ્યા, તોપણ રજપૂતોના મહાન બળ આગળ તેઓ ટકી શકયા નહિ. એટલામાં રજપૂતોના સૈન્યના મોખરે ઉભેલા તુંવાર રાજા શિલાદિત્યને બાબરે ફોડયો અને પોતાના પક્ષમાં લીધો. આથી રજપૂત સૈન્યમાં ભંગાણ પડયું અને રજપૂતો હાર્યા. રાણો સંગ ઘણો ઘાયલ થવાથી તેને નસાડી મૂકવામાં આવ્યો. તે પોતાનો પરાજય થયેલો સાંભળી તે મરણ પામ્યો. તે યુદ્ધકળામાં ઘણોજ પ્રવીણ

હતો. લડાઇમાં તેણે પોતાની એક આંખ, એક હાથ અને એક પગ ખોયાં હતાં. તેના શરીરના જુદા જુદા ભાગપર તલવાર અને ભાલાના એંશી ઘા તો સ્પષ્ટ જણાતા હતા.

બીજાં રાજ્યો તાબે કરવાં—બીજે વર્ષે બાબરે **ચંદેરી**ના રાજ્યપર સ્વારી કરી તે કિલ્લાને ઘેરો ઘાલ્યો. રજપૂતો બહાદુરીથી લડ્યા અને કેશરીયાં કરી મરણ પામ્યા. બાબરના દિકરા હુમાયુએ **જુવાનપુર** જીતી લીધું, ત્યાર પછી **બંગાળા** અને **બહાર** પ્રાંતો જીતી લેઇ મોગલાઈ રાજ્ય સાથે જોડી દીધા. આ પ્રમાણે બાબરે પોતાની ચાર વર્ષની કારકીર્દિમાં ગુજરાત શિવાય લગભગ આખું હિંદુસ્તાન તાબે કર્યું.

બાબરના ગુણ—બાબર ઘણો શૂરો તેમજ બહાદૂર લડવૈયો હતો, તેને કસરતનો ઘણો શોખ હતો. તે ઘોડાપર એક દિવસમાં સો માઇલ જેટલી મુસાફરી કરતો અને રસ્તામાં આવતી નદીઓ તરીને પાર જતો. તેને લખવાનો ઘણો શોખ હતો. લડાઇમાં તે કદી પણ નાહિંમત થતો નહોતો. લડાઇના વખતમાં તે વખત બચાવી કવિતા લખતો. તેણે પોતાનું જીવન ચરિત્ર લખ્યું છે. લડાઇનો શોખ છતાં પણ તે ઘાતકી નહોતો. લોકોના જીવ લેવા, દેવાલયો તોડવાં કે દેશ લૂંટવા એ તેની ધારણા નહોતી. તેની ઇચ્છા હિંદપર ડહાપણથી રાજ્ય ચલાવવાની હતી. તે ઉદ્યમી તેમ નિયમસર કામ કરનારો હતો.

બાબરનું મરણ—તેનું મરણ એક ચમત્કારિક રીતે થયું છે. તેનો પુત્ર હુમાયુ ઘણો માંદો પડ્યો. તે વખતે તેના એક ધાર્મિક અમલદારે કહ્યું કે જો તમે તમારો વહાલો કોહીનુર અર્પણ કરો તો તમારો પુત્ર બચશે. બાબર બોલ્યો કે મારી વહાલામાં વહાલી વસ્તુ મારી જીંદગી છે તે હું મારા પુત્રને માટે અર્પણ કરીશ, એમ કહી તેણે પોતાના પુત્રની જીંદગીને બદલે પોતાની જીંદગી આપવા ખુદાની પ્રાર્થના કરી. કુદરતની ઇચ્છાથી હુમાયુ સાજો થયો અને બાબર માંદો પડ્યો અને મરણ પામ્યો,

ઈ. સ. ૧૫૩૦. તેને ચાર પુત્ર હતા. **હુમાયુ, કામરાન, હિંદાલ** અને **મીરજાઅશ્કરી**.

પ્રકરણ ૧૬.

હુમાયુ.

હુમાયુ—ઈ. સ. **૧૫૩૦ થી ૧૫૫૫.** બાબર પછી તેનો વડો દિકરો હુમાયુ પોતાની ૨૩ વર્ષની ઉમ્મરે ગાદીએ બેઠો. તેને ત્રણ ભાઇઓ હતા. પોતાના પિતાએ તેને ભાઇઓ સાથે માયાળુપણે વર્તવાનું કહ્યું હતું, તેથી તેણે દરેકને રાજ્યમાંથી કેટલોક હિસ્સો આપી પોતાના બાપની આજ્ઞા પાળી. કામરાનને તેણે અફગાનીસ્તાન અને પંજાબ આપ્યાં પણ તેમાં તેની મોટી ભૂલ થઈ હતી. કારણ કે જે દેશમાંથી સારા લડવૈયાને લાવી બાબરે હિંદમાં મુગલાઇ રાજ્યનો પાયો નાંખ્યો હતો તે દેશ ભાઇના કબજામાં ગયાથી તે કુમક આવતી બંધ થઇ; જેથી હુમાયુને આગળ ઘણું રખડવું પડયું. અને ભાઇએ પણ ગાદી પચાવી પડવાના લોભથી તેની ભલમનસાઇનો ઉલટો બદલો આપ્યો. બાબર પોતે હિંદમાં આવી વધારે વખત જીવી શક્યો નહોતો, એટલે તેને પોતાની સત્તા પૂરેપૂરી બેસાડવાનો વખત મળ્યો નહોતો, તેથી તે કામ હુમાયુના માથે પડયું. બાબરના મરણની વાત સાંભળી હિંદમાં કેટલાક અફઘાન રાજાઓએ હુમાયુ સાથે લઢવાની તૈયારી કરી. તેમાં બે મુખ્ય હતા. ૧ ગુજરાતનો રાજા **બહાદુરશાહ** અને ૨ બંગાળનો સુબો **શેરખાં.**

ગુજરાત ઉપર ચઢાઈ—આ વખતે ગુજરાતનો પાદશાહ બહાદુરશાહ હતો. એણે માળવાનું રાજ્ય જીતી લેઇ વરાડ અને અહંમદનગરના રાજાઓને તાબે કર્યાં હતા. એણે હુમાયુના એક બંડખોર સાળાને આશ્રય આપ્યો હતો અને તેને એ હુમાયુને પાછો સોંપતો નહોતો. વળી એણે લોદીવંશના એક અલ્લાઉદ્દીન લોદીને લશ્કર તથા નાણાંની મદદ

આપી દિલ્હીનું રાજ્ય જીતવા મોકલ્યો અને પોતે લશ્કર લેઈ ચિતોડ ઉપર સ્વારી કરી. રાણા સંગના મરણ પછી રજપૂતો નબળા પડી જવાથી એણે સંગના પુત્રને નસાડી ચિતોડ જીતી લીધું. આથી સંગની રાણી **કરૂણાવતીએ** હુમાયુને ભાઈ તૂલ્ય ગણી તેની મદદ માગી, રાણો સંગ બાબર જોડે લડયો હતો તોપણ એક રજપૂત અબળાની તરફથી તે મુસલમાન રાજા સામે લશ્કર લેઈ આવ્યો. આ વખત બહાદુરશાહ ચિતોડ જીતી મંદેસરમાં પડાવ કરી રહ્યો હતો; હુમાયુએ તેને હરાવી **મંદેસર** જીતી લીધું, અને ચિતોડની ગાદીએ તેના ખરા વારસને બેસાડયો. હુમાયુએ બહાદુરશાહની પાછળ પડી આખો ગુજરાત પ્રાંત જીતી લીધો અને **ચાંપાનેર** કે જ્યાં બહાદુરશાહે પોતાનો ખજાનો સંતાડયો હતો તે પણ લીધું. બહાદુરશાહ ખંભાત થઈ દીવ ગયો અને ત્યાં પોર્ટુગીઝ લોકો સાથે લડતાં મરાયો.

શેરખાં—એ જાતે અફઘાન હતો. નાનપણથીજ તેને લડાઇનો શોખ હતો. અને તે ધીમે ધીમે પોતાની યુદ્ધકળાથી આગળ વધ્યો હતો; જ્યારે હુમાયુ ગુજરાતમાં હતો ત્યારે તે દિલ્લી ઉપર પોતાની સત્તા બેસાડવાનો પ્રયત્ન કરતો હતો. તેણે બંગાળાપર સ્વારી કરી અને બહારપ્રાંત જીતી લીધો. હુમાયુ આ વખતે ગુજરાતમાં હતો. આ વાતની ખબર પડતાં તે તાબડતોબ બંગાળે જવા નીકળ્યો. તેણે શેરખાંને હરાવી **ચુનાર**નો કિલ્લો લીધો. શેરખાં હમાયુ સામે ટકાશે નહિ એમ જાણી **રોહીતાના** કિલ્લામાં ભરાઇ બેઠો. આગળ જતાં હુમાયુએ **ઘોર** પ્રાંત કબજે કર્યો. પરંતુ એકાએક વરસાદ પડવાથી હુમાયુ આગળ વધી શકયો નહિ અને રસ્તામાંજ તેનું લશ્કર તાવ અને મરડાની બીમારીથી માંદું પડયું એટલે એને પાછા ફરવું પડયું. આ તકનો લાભ લઇ શેરખાંએ રોહીતાના કિલ્લામાંથી બહાર નીકળી હુમાયુને **બકસર** આગળ ઇ. સ. ૧૫૩૯ માં હરાવ્યો; હુમાયુ મહામુશીબતે નદી તરી પાર ગયો અને થોડા સરદારો સાથે આગ્રે પહોચ્યો. અહીં તે લશ્કર ભેગું કરી શેરખાં સામે લઢવા

ગયો, પણ **કનોજ** આગળ ઇ. સ. ૧૫૪૦ માં તે સખત હાર પામ્યો. નિરાશ થઇ તે પોતાના ભાઇ કામરાનની પાસે લાહોર ગયો. પરંતુ ત્યાં મદદ નહિ મળવાથી સિંધના રણમાં થઇને **અમરકોટ** ગયો; જ્યાં આગળ તેની સ્ત્રી **હમીદા બેગમે મહાન અકબરને** જન્મ આપ્યો, ઇ. સ. ૧૫૪૨. ત્યારબાદ ઇ. સ. ૧૫૪૪ માં તે ઈરાન પહોંચ્યો. અહીં તેને તેનો સરદાર **બહેરામખાન** મળ્યો અને તેની સાથે તેણે અકબરને પોતાના ભાઈ કામરાન પાસે કંદહાર મોકલી દીધો.

પ્રકરણ ૧૭.

સુરવંશ ઇ. સ. ૧૫૪૦ થી ૧૫૫૫–વર્ષ ૧૫.

શેરખાં—ઇ. સ. **૧૫૪૦ થી ૧૫૪૫.** કનોજ આગળ હુમાયુને હરાવ્યા પછી તેણે દિલ્લી લીધું અને પોતે રાજ્યપદ ધારણ કરી સુરવંશની ગાદી સ્થાપી. ઇ. સ. ૧૫૪૨ માં તેણે માળવા જીતી લીધું, તેમજ બસીનનો કીલ્લો તાબે કર્યો. ચિતોડ જીતી તેણે રજપૂતાના તાબે કર્યું. બુદેલખંડમાં **કલીન્જરનો** ગઢ જીતતાં તેનું દારૂખાનું સળગી ઉઠ્યું અને સખ્ત દાઝવાથી મરણ પામ્યો; ઇ. સ. ૧૫૪૫.

શેરખાંના ગુણ—એના રાજ્યના પાંચ વર્ષ હિંદના ઇતિહાસમાં યાદ રાખવા જેવાં છે. યુદ્ધપ્રસંગે અને સુલેહના પ્રસંગે કેમ વર્તવું તે તે સારી પેઠે સમજતો હતો. તે બહાદૂર લડવૈયો અને ઘણાજ મોટા મનનો હતો, તેમજ એક બુદ્ધિશાળી રાજ્ય કર્તા હતો. જો કે તેનો ઘણો ખરો વખત લડાઇના કામમાં ગયો છતાં પણ તેણે પોતાના રાજ્ય વહીવટમાં ઘણો સુધારો કર્યો હતો. તેણે બંગાળાથી સિંધુનદી સુધી એક મોટી સડક બંધાવી હતી અને મુસાફરોને માટે ધર્મશાળાઓ બંધાવી

હતી અને કુવા ખોદાવ્યા હતા. તેમજ રસ્તાની બંને બાજુએ ઝાડ રોપાવ્યાં હતાં. ઘોડાપર ટપાલ લેઈ જવાની રીત હિંદુસ્તાનમાં પ્રથમ દાખલ કરનાર આજ બાદશાહ હતો.

સુરવંશના છેલ્લા બાદશાહો—શેરખાં પછી તેનો છોકરો ગાદીએ બેઠો અને તેણે પણ પોતાના બાપની પેઠે રાજ્ય ચલાવી લોકોપયોગી કામ કર્યાં. આ વંશમાં છેલ્લો બાદશાહ આદીલશાહ થયો. તેણે એક **હેમુ** નામના હિંદુને પ્રધાન બનાવ્યો. હેમુ ઘણો ચાલક હતો. તેણે હિંદુઓને રાજ્યમાં નોકરીઓ આપી. આથી મુસલમાનો નારાજ થઈ સામા થયા. આ પ્રસંગમાં શેરખાંના ભત્રીજા **સીકંદરશાહે** હેમુને હરાવી દિલ્લી લેઇ લીધું. અને હેમુ પંજાબમાં નાશી ગયો.

હુમાયુની હિંદપર ચઢાઇ—હુમાયુ હિંદમાંથી ગયા પછી ઇરાનમાં રહ્યો હતો. ત્યાંના પાદશાહે તેને મદદ આપી અફઘાનીસ્તાન જીતવા મોકલ્યો. તેણે પોતાના ભાઇ કામરાન પાસેથી કંદહાર જીતી લેઇ આખો અફઘાનીસ્તાન સર કર્યો; તેણે કામરાનની આંખો ફોડાવી નાંખી અકબરને છોડાવ્યો. હિંદાલ લડાઇમાંજ મરી ગયો હતો, અને અશ્કરી મક્કે જતાં રસ્તામાંજ માર્યો ગયો હતો. હવે હુમાયુને પોતાનું હિંદનું રાજ્ય પુનઃ પ્રાપ્ત કરવાની ઇચ્છા થઇ તેથી તે હિંદ ઉપર ચઢી આવ્યો. આ વખતે સુર વંશનો છેલ્લો બાદશાહ સિકંદર રાજ્ય કરતો હતો. હુમાયુએ તેને **સરહિંદ** આગળ ઇ. સ. ૧૫૫૫ માં હરાવી મુગલાઇ રાજ્યની પુનઃ સ્થાપના કરી. પરંતુ તે વધારે વખત ગાદી ભોગવી શકયો નહિ. સીઢી ઉપરથી ખસી પડવાથી તે મરણ પામ્યો; ઇ. સ. ૧૫૫૬.

હુમાયુના ગુણ—હુમાયુ સ્વભાવે દયાળુ, ભાઇઓ પ્રત્યે માયાળુ, સાદો અને મોટા મનનો હતો. લડાઇમાં બાબરના જેવો તે શૂરો નહોતો. અને તેથીજ તે શેરખાં જેવા સીપાઇથી હાર્યો હતો. ક્રૂર ભાઇઓ પ્રત્યેની પોતાની ભલમનસાઇને લીધે તેને હિંદ છોડવું પડ્યું હતું.

ડીઓ અને મોજીલો હતો. **ઔરંગજેબ** એ દક્ષિણનો સુબો હતો, તે સ્વાભાવે લોભી, લુચ્ચો, અને ધાતકી હતો. પણ તે ચુસ્ત મુસલમાન હતો. અને તેથી તે હિંદુઓને તેમજ તેમના ધર્મને ઘણોજ ધિક્કારતો હતો. **મુરાદ** એ ગુજરાતનો સુબો હતો. તે ભોળો, મુર્ખ, દારૂડીઓ અને સ્વચ્છંદી હતો.

પ્રકરણ ૨૫.

શાહજહાં (ચાલુ)

ભાઇઓની માંહોમાંહે લડાઇ—ઇ. સ. ૧૬૫૭ માં શાહજહાં ભયંકર માંદો પડ્યો. આ વખતે દારા તેની પાસે હતો અને તેથી રાજ્યનો તમામ કારભાર તે કરવા લાગ્યો. આ વાત તેના ભાઇઓને ન ગમવાથી તેઓએ પોતાને ગાદી મળે એવો પ્રયત્ન કરવા માંડ્યો. ઔરંગજેબને બાદશાહની માંદગીના સમાચાર મળતાં તેણે ગુજરાતમાં આવી મુરાદને સમજાવ્યો કે માંરે તો ફકીર બની મક્કે જવું છે, પણ તને રાજ્ય મળે તેટલા માટે હું તને મદદ આપવા આવ્યો છું. ભોળો મુરાદ તેના પ્રપંચી પણ મીઠાં વચનોથી ભોળવાઇ ગયો, અને તેની સાથે પોતાનું લશ્કર લેઇ આગ્રે આવવા નીકળ્યો. શુજા પણ બંગાળેથી પોતાનું લશ્કર લઇ ચઢી આવ્યો. દારાએ પોતાના દીકરા **સુલેમાન** તથા જયપુરના રાજા **જયસિંહને** મોકલી તેને હરાવ્યો, તેથી તે પાછો બંગાળે નાશી ગયો. ઔરંગજેબ તથા મુરાદના લશ્કરને અટકાવવા દારાએ જોધપુરના રાજા **જશવંતસિંહને** લશ્કર આપી મોકલ્યો. બંને ભાઇઓના એકત્ર થયેલા લશ્કર સામે **ઉજ્જૈન** આગળ ભારે યુદ્ધ થયું. પણ જશવંતસિંહ હાર્યો અને મહા મુશિબતે જોધપુર નાશી ગયો. આથી ઔરંગજેબ સહેલાઇથી આગ્રે આવી પહોંચ્યો. ઉતાવળીઓ દારા પોતાના પુત્ર સુલેમાનની પાછા આવવાની રાહ ન જોતાં જાતેજ પોતાના રજપૂત સિપાઇઓ સાથે તેની સામા થવા બહાર નીકળી પડ્યો. બંને લશ્કરોનું

આગ્રાના મેદાનમાં ભારે યુદ્ધ થયું. દારા પોતાના હાથીને તીર વાગવાથી ઘોડા ઉપર બેસી લડવા લાગ્યો. આથી રજપૂત સૈન્ય તેને હાથીપર ન જોતાંજ ગભરાઇ નાસવા લાગ્યું અને દારા હારીને પંજાબમાં નાસી ગયો. ઔરંગઝેબે આગ્રામાં જઇ શાહજહાંને કેદ કર્યો, અને મુરાદને ગાદીએ બેસાડવાની તૈયારીઓ કરતો હોય એવો ઢોંગ મચાવ્યો. પછીથી તેણે મુરાદને મુસલમાનોમાં દારૂડીયા તરીકે જાહેર કરી તેમની પાસે તેને ગાદીને માટે નાલાયક ઠરાવરાવ્યો અને તેને કેદ કરી ગ્વાલીયર મોકલી દીધો. પછી પોતે **આલમગીર** (દુનીયાનો રાજા) નામ ધારણ કરી ઇ. સ. ૧૬૫૮ માં ગાદીએ બેઠો.

શાહજહાંના ગુણ—એ ઘણો બહાદુર અને પરાક્રમી તેમજ સ્વભાવે ભલો અને દયાળુ હતો. ગાદીએ બેસતાંજ પોતાના પુત્રો શિવાય તેણે બાબરના કુટુંબનાં સઘળાં માણસોને મરાવી નાખ્યાં એજ ફકત તેનું નિર્દય કામ હતું અને તેનું ફળ તેને અંતે ભોગવવું પડયું. તેણે હિંદુ મુસલમાનને ધર્મના ભેદ ન રાખતાં સમાન ગણી પ્રજાને પુત્ર સમાન પાળી હતી. ઉપર પ્રમાણે ઘાતકી કામ કર્યાં છતાં તે રાજ્ય ચલાવવામાં બહુ ચતુર હતો. તેના વખતમાં પ્રજા ઘણી સુખી અને સંતોષી હતી. તેણે રાજા ટોડરમલની રીત મુજબ દક્ષિણમાં જમાબંદી કરાવી હતી. કેદ થયા પછી તે આઠ વર્ષ જીવ્યો અને આગ્રામાં ઇ. સ. ૧૬૬૬ માં મરણ પામ્યો.

શાહજહાંનાં બાંધકામો—તેનું રાજ્ય તેનાં બાંધકામને માટે પ્રખ્યાત છે, જ્યારે તે ગુજરાતનો સુબો હતો ત્યારે તેણે **અમદાવાદમાં** એક મહેલ બંધાવ્યો હતો, તે આજે પણ **શાહબાગના** નામે પ્રસિદ્ધ છે. તેના વખતમાં અફઘાનીસ્તાનનો સુબો **અલિમર્દાનખાન** તેના આશ્રયતળે આવી રહ્યો હતો, તે શિલ્પવિદ્યામાં (મકાનો બાંધવાના કામમાં) બહુજ કુશળ હતો. તેની મદદથી તેણે પોતાની વહાલી બેગમ **મમતાજમહાલની** યાદગીરી રાખવા માટે આગ્રામાં જમના નદીને કિનારે

આરસપહાણનો રત્નજડિત એક **મહેલ** બંધાવ્યો હતો, તે આજે પણ **તાજમહેલને** નામે પ્રસિદ્ધ છે, અને તે આખી દુનિયામાં તેની કારીગીરીને માટે શ્રેષ્ઠ છે. વળી તેણે પોતાને બેસવા માટે મોરના આકારનું એક રત્નજડિત તખ્ત બનાવ્યું હતું, તેને **મયૂરાસન** કહે છે.

પ્રકરણ ૨૬.

ઔરંગજેબ

ઔરંગજેબ—ઇ. સ. **૧૬૫૮ થી ૧૭૦૭**. ઔરંગજેબ પિતાને કેદ કરી ઇ. સ. ૧૬૫૮ માં ગાદીએ બેઠા. ત્યાર પછીનાં ચાર વર્ષ પોતાના ભાઇ ભત્રીજાઓને મારી નાંખવા ખાતે ગાળ્યાં. **શુજા અને દારા** આ વખતે ગાદીને માટે યત્ન કરતા હતા અને **મુરાદ** તો કેદમાંજ હતો. શુજા બંગાળેથી લશ્કર લેઇ ચઢી આવ્યો પણ ઔરંગજેબે તેને હરાવી નસાડ્યો. તે **આરાકાન** જતો રહ્યો જ્યાં તેનો નાશ થયો. દારા પણ ગુજરાતમાંથી મોટું લશ્કર લઇ અજમેર સુધી આવી પહોંચ્યો, જ્યાં આગળ ઔરંગજેબે તેને હરાવી નસાડ્યો. દારાને સિંધમાં થઇને નાસતાં એક અફઘાને પકડી ઔરંગજેબ પાસે મોકલાવી દીધો. ઔરંગજેબે તેને ગરદન મરાવ્યો. ત્યાર પછી દારાના પુત્ર સુલેમાનને તેમજ મુરાદ અને તેના પુત્રોને પણ મારી નંખાવી તે નિર્ભયપણે રાજ્ય કરવા લાગ્યો.

હિંદુઓ પ્રત્યે જુલમ— ઔરંગજેબે હિંદુઓ ઉપર ધર્મ સંબંધી જુલમ કરવા માંડ્યો. જે લોકો મુસલમાન ન થયા તેમને મોટી મોટી જગાઓ ઉપરથી દૂર કર્યા. તેણે હિંદુઓનાં દેવળો અને મૂર્તિઓ તોડી નાંખી તે જગાએ મસીદો બંધાવી. હિંદુ લોકોનું પવિત્ર સ્થાન **બનારસ** (કાશી) તેણે લૂંટ્યું અને દેવસ્થાનોને જમીનદોસ્ત કરી નાંખ્યાં. હિંદુઓની ધર્મ સંબંધી ક્રિયાઓ તેણે બંધ કરી, અને જે જજીઆવેરો મહાન અકબરે માફ કરી હિંદુઓની પ્રીતિ મેળવી હતી

તે જજીઆવેરો તેણે ફરી ચાલુ કરી હિંદુઓનાં મન દુભવ્યાં. આવા રીતે ધાર્મિક જુલમથી રજપૂત સરદારો એનાથી છુટા થયા અને જે હિંદુઓ આજ સુધી પાદશાહના અંગત મિત્રો હતા, તે મટીને તેના હવે કટ્ટા દુશ્મન થયા. પંજાબમાં **ગોવિંદસિંહ**ની સરદારી નીચે શીખ લોકોએ બળવો કર્યો, પણ પાદશાહે તે સમાવ્યો. **નારનોલ** ગામ આગળ **સતરામી** લોકોએ બળવો કર્યો તે પણ એ મહા મુસ્કેલીથી સમાવ્યો. હિંદુઓને દાબમાં રાખી શક્યો.

રજપૂતાના ઉપર ચડાઈ—ઔરંગઝેબે રજપૂતાનાના રજપૂત રાજાઓ પ્રત્યે ઉપર બતાવ્યા પ્રમાણે અનેક જાતના જુલમ કરી તેમને તાબે કરવા વિચાર કર્યો. અને તેથી તે એક મોટું લશ્કર લઈ રજપૂતાનામાં પેઠો. જયપુરના રાજા **જયસિંહે** જજીઆવેરો આપવાનો કબુલ કર્યો. જોધપુરના રાજા **જશવંતસિંહ**ને તો તેણે કપટથી મારી નંખાવેલોજ હતો. વળી તેના મોટા દિકરાને દિલ્લીમાં મારી નંખાવ્યો અને જોધપુર ખાલસા કરવા વિચાર કર્યો. આ વાત **દુર્ગાદાસ** નામના એક બહાદુર સરદારના જાણવામાં આવવાથી તેણે જોધપુરના બાળકુંવરને આબુના પર્વતોમાં મોકલી દીધો, જ્યાં તે સહીસલામત રહી શક્યો. આથી બાદશાહ પોતાના શાહજાદા અકબર સાથે મોટું લશ્કર લઈ જોધપુર ઉપર ચઢી આવ્યો. દુર્ગાદાસે અકબરને ફોડી પોતાના પક્ષમાં લઈ લીધો અને તેને દક્ષિણમાં મરાઠાઓના સરદાર **સંભાજી**ના આશ્રય નીચે મોકલી દીધો. ઔરંગઝેબ આથી ઘણોજ ચીડાઈને રજપૂતો ઉપર તૂટી પડ્યો. ઉદેપુરનો રાણો **રાજસિંહ** તેમની વારે આવ્યો, આ લડાઈમાં બાદશાહે રજપૂતોને ઘણા હેરાન કર્યાં. તેમજ રજપૂતોએ પણ મુસલમાનને પજવવામાં બાકી રાખી નહિ. તેઓની મસીદો તોડી અને કુરાનો બાળી નાંખ્યાં. પરંતુ રજપૂતોની ઘણી ખુવારી થઇ, અને રાણો રાજસિંહ અરવલ્લીના ડુંગરામાં ભરાઈ ગયો, પણ તેણે જજીઆવેરો કબુલ કર્યો નહિ, તેમજ પોતે બાદશાહને નમ્યો પણ નહિ. એટલામાં ખોરાક ખૂટવાથી અને દક્ષિણમાં મરા-

કાઓનું જોર વધારે ને વધારે વધતું જવાથી તેમજ તેના છોકરા અકબરે બંડ કર્યાંથી તેને દક્ષિણમાં જવાની જરૂર પડી. તેથી કરીને તેણે રાજસિંહને સ્વતંત્રપણે રાજ કરવા દેઇ અને જોધપુરનો બાળકુંવર **અજીતસિંહ** મોટો થાય ત્યારે તેને તેનું રાજ્ય પાછું સોંપવું એમ ઠરાવી તેણે સંધી કરી. ત્યાર બાદ તેણે પોતાનું મન દક્ષિણ જીતવા તરફ લગાડયું.

દક્ષિણમાં મરાઠા લોકોનો ઉદય—દક્ષિણમાં મુસલમાનોના જુલમને લીધે મરાઠા લોકો **શિવાજીની સરદારી** નીચે ઘણા ઉન્મત્ત બની ગયા હતા. શરૂઆતમાં લૂંટફાટથીજ પૈસો ભેગો કરી શિવાજીએ કેટલુંક લસ્કર જમાવી એક પછી એક કિલ્લા સર કરવા માંડયા હતા. બળવાન મોગલ સૈન્ય સાથે સામે મોંઢે લડી શકાય તેમ નહોતું, તેથી તેણે લઢવાની જુદીજ રીત પકડી હતી. મોગલ સૈન્ય ચડી આવે ત્યારે ડુંગરામાં ભરાઇ જવું અને આજુબાજુએથી ઓચિંતા છાપા મારી, તેમનાં ગામો લૂંટી અને તેમને ખોરાકનો ખુટકો પાડી એવા તો હેરાન કરવા કે જેથી તેઓને થાકીને પાછા ફરવાની ફરજ પડે. શિવાજીએ **બિજાપુરના** રાજાનો કેટલોક મુલક જીતી લીધો હતો તેમ બાદશાહનો કેટલોક મુલક પણ તેણે તાબે કર્યો હતો. આથી બાદશાહે જયપુરના રાજા જયસિંહને તેને તાબે કરવા મોકલ્યો. તેના સમજાવવાથી શિવાજી પોતાના છોકરા સંભાજીને લઇને દિલ્હી ગયો પણ બાદશાહે તેમને કપટથી કેદ કર્યાં. પરંતુ જયસિંહના પુત્રની મદદથી તેમજ પોતાની ચાલાકીથી તે નાશીને દક્ષિણમાં ગયો, અને રાયગઢમાં મરાઠી રાજ્ય સ્થાપી પોતે રાજા કહેવડાવવા લાગ્યો.

પ્રકરણ ૨૭.

ઔરંગજેબ (ચાલુ).

દક્ષિણપર સ્વારી—જ્યારે ઔરંગજેબે ઇ. સ. ૧૬૮૩ માં દક્ષિણપર સ્વારી કરી ત્યારે શિવાજી મરણ પામેલો હતો અને તેનો છોકરો સંભાજી ગાદીપર હતો. તેણે પોતાના એક શાહાજાદા **મોઆજીમ**ને સંભાજી સામે મોકલ્યો પણ તે મહા મુશીબતે પાછો આવ્યો. પોતાના બીજા શાહજાદા **આજીમ**ને તેણે બિજાપુર જીતવા મોકલ્યો, તે પણ હારીને પાછો આવવાથી બાદશાહે જાતે જઇ તે રાજ્ય જીતી લીધું અને તેને મોગલાઇ રાજ્ય સાથે જોડી દીધું, ઇ. સ. ૧૬૮૬. ત્યાર પછી તેણે **ગોવલકોંડા**પર સ્વારી કરી તે રાજ્ય પણ ઈ. સ. ૧૬૮૭ માં ખાલસા કર્યું. બીજે વરસે **કર્ણાટક** અને **તૈલંગણ** જીતી લીધાં. આ પ્રમાણે ઇ. સ. ૧૬૮૮ સુધીમાં મરાઠા લોકો શિવાય આખો દક્ષિણ હિંદ બાદશાહે સર કર્યો.

મરાઠા સાથે લડાઇ—હવે તેણે મરાઠાઓને વશ કરવા ફરી પ્રયત્ન કર્યો ઇ. સ. ૧૬૮૯ માં **તુકારબખાન** નામના સરદારને પાદશાહે સંભાજી ઉપર મોકલ્યો. આ વખતે સંભાજી વિષયી અને આળસુ બની ગયો હતો. પોતાના બાપના જેવી બહાદુરી અને ચપળતા ન રાખવાથી તે હાર્યો અને કેદ પકડાયો. બાદશાહે તેને મુસલમાન થવાનું કહ્યું ત્યારે તેણે ઘણાજ હલકા શબ્દોથી તેનું અપમાન કર્યું આથી બાદશાહે તેને ઘણીજ ઘાતકી રીતે મારી નંખાવ્યો અને તેના પુત્ર શિવાજીને કેદ કરી દિલ્હી મોકલી દીધો. મહાન શિવાજીએ મરાઠાઓમાં જાતિ અભિમાન એટલું બધું ઉભું કર્યું હતું કે આથી તેઓનું બળ કમી થવાને બદલે ઉલટું વધ્યું અને તેઓ ઘણાજ ઉશ્કેરાઇ મોગલોને હેરાન કરવા લાગ્યા. આખરે મરાઠાની પજવણીથી બાદશાહે કાયર થઇ સુલેહ કરવા કહેણ મોકલ્યું પણ મરાઠાઓની શરતો તેનાથી કબૂલ

થઇ નહિ. આખરે થાકીને તેને પાછા ફરવાની ફરજ પડી. મરાઠાઓ તેની પાછળ પડ્યા પણ તે મહા મુસ્કેલીથી અહમદનગર જઇ પહોંચ્યો, અને ત્યાં થોડાજ વખતમાં ૮૯ વર્ષની ઉમ્મરે ઇ. સ. ૧૭૦૭ માં મરણ પામ્યો. તેને ચાર છોકરા હતા; **મોઆજીમ, આજીમ, અકબર, અને કામબક્ષ**. પરંતુ અકબર દક્ષિણમાં બંડ કર્યા પછી ઇરાન નાશી ગયો હતો.

ઔરંગજેબના ગુણ—તે ઘણો શૂરો, બુદ્ધિમાન, દઢ, દીર્ઘ દષ્ટીવાળો અને યુદ્ધકળામાં કુશળ હતો, છતાં નિર્દય, કપટી, લુચ્ચો અણવિશ્વાસુ, પાપી અને ધર્માંધ હતો. તેને કોઇનો પણ વિશ્વાસ નહિ હોવાથી રાજ્યનું તમામ કામ તે પોતાને હાથે કરતો. મરતી વખતે તેને પોતાના પાપકર્મોનો પસ્તાવો થયો હતો. તેની મોટામાં મોટી ઉમેદ દક્ષિણમાં મરાઠાઓને તાબે કરવાની હતી. બિજાપુર અને ગોવળ-કોંડા જીતવામાં તેણે પોતાનું જે બળ ગુમાવ્યું તેજ બળ જો તેણે પ્રથમ મરાઠાઓને દાબી દેવામાં કામે લગાડયું હોત તો તે મરાઠાઓને તાબે કરી શકત અને બિજાપુરના અને ગોવળકોંડાના રાજ્યો પાછળથી સહેલાઇથી તાબે થાત. આ તેની એક મોટામાં મોટી ભૂલ થઇ હતી. અકબરના જેવી હિંદુઓને મેળવી લેવાની રાજનીતિ તેણે ચાલુ રાખી હોત તો અકબરના કરતાં પણ તેણે પોતાનું રાજ્ય ઘણા સારા પાયાપર આણી મૂક્યું હોત અને તે આખા હિંદુસ્તાનમાં શ્રેષ્ઠ અને સર્વોપરી બાદશાહ કહેવાયો હોત.

અકબર અને ઔરંગજેબનો મુકાબલો—બેઉ જણાએ લગભગ સરખીજ મુદ્દત સુધી રાજ્ય કર્યું. અકબરે દીર્ઘ અને ન્યાયદ-ષ્ટિથી રાજ્યને આબાદ કર્યું અને ઔરંગજેબે તેનો વિસ્તાર વધાર્યો છતાં ધાર્મિક જુલમથી તેની પડતીનો પાયો ખોદ્યો. અકબર હિંદુ મુસલ-માનને સમાન ગણતો અને ઔરંગજેબ મુસલમાનોનો પક્ષ કરતો અને હિંદુઓને ધિક્કારતો. અકબરે હિંદુઓ ઉપરનો જજીઆવેરો તથા યાત્રા

વેરો માફ કર્યો હતો, ત્યારે ઔરંગજેબે તે ચાલુ કર્યો હતો. અકબર પોતાના સરદારોપર વિશ્વાસ રાખી દરેક કામ તેમને સોંપતો. જ્યારે ઔરંગજેબ કોઇના ઉપર વિશ્વાસ ન રાખતાં દરેક કામ જાતેજ કરતો. હિંદુપ્રજાને પુત્ર સમાન ગણી તેમનાપર અકબર માયા રાખતો અને મોટી સરદારીઓ આપતો, પણ ઔરંગજેબ તેમને ધિક્કારી નોકરીમાંથી કાઢી મુકતો. અકબરે પોતાની પ્રજાની ધર્મસંબંધી લાગણી ન દુખાય માટે તેઓને તેમની મરજી પ્રમાણે ધર્મ પાળવા દીધો. ઔરંગજેબે સર્વને મુસલમાની ધર્મ પાળવાની ફરજ પાડી અને જેઓ મુસલમાન થયા નહિ તેમને અનેક રીતે હેરાન કર્યા.

પિતા પુત્રોની કૃતજ્ઞતા અને કૃતઘ્નતા—શરૂઆતના મોગલ પાદશાહો રાજ્યકાજમાં ડાહ્યા હોવા છતાં તેમને બહારના શત્રુઓ કરતાં તેમના શાહજાદાઓ તરફથી વધારે પીડા થઇ હતી. અકબરના સામો સલીમ, સલીમ સામો શાહજહાં તથા શાહજહાં સામો ઔરંગજેબ તથા તેના બીજા પુત્રો, એમ પુત્રોએ પિતાના સામા થઇ તેમને પજવ્યા હતા. મુગલવંશના પ્રથમના ૭ બાદશાહોમાં પહેલા બે અને છેલ્લા એમાં કેટલો તફાવત હતો? બાબરે પોતાના પ્યારા પુત્ર માટે જીંદગી આપી અને હુમાયુએ પણ પોતાની જીંદગી લેવા તાકતા ભાઇઓને વારંવાર માફી આપી; જ્યારે શાહજહાંએ તેમજ તેના પુત્ર ઔરંગજેબે રાજ્ય લોભથી પોતાના તમામ ભાઇઓને તથા તેમનાં છોકરાંને પણ મારી નાખ્યાં હતાં.

પ્રકરણ ૨૮.

છેલ્લા મોગલ બાદશાહો.

બહાદુરશાહ—ઇ. સ. ૧૭૦૭ થી ૧૭૧૨ ઔરંગજેબના મરણ વખતે તેના ત્રણ દિકરા જીવતા હતા. **મોઆજીમ,** (શાહઆલમ)

આઝીમ અને કામબક્ષ. બાદશાહના મરણ પછી આઝીમ પોતાને બાદશાહ કહેવડાવવા લાગ્યો, પરંતુ તેના મોટા ભાઈ મોઆઝીમે તેને **આગ્રા** આગળ હરાવી માર્યો અને પોતે **બહાદુરશાહ** નામ ધારણ કરી ગાદીએ બેઠો. કામબક્ષ દક્ષિણમાં લશ્કર ભેગું કરી ગાદીને માટે યત્ન કરતો હતો, તેને **ઝુલ્ફીકારખાને** હરાવી મારી નાંખ્યો, અને પોતે બાદશાહની પ્રીતિ સંપાદન કરી તેનો વજીર બન્યો. બાદશાહે રજપૂત ઉપરનો જઝીઆવેરો બંધ કરી અકબરની માફક તેમની સાથે ચાલવાનું વચન આપી તેમને પોતાના પક્ષમાં લીધા. આ વખતમાં શીખ લોકોએ **બંધુ** નામના તેમના ગુરૂની આગેવાની તળે દિલ્હીથી લાહોર સુધીનો મુલક જીતી લીધો હતો. પણ બાદશાહે રજપૂતોની મદદથી તેમને હાંકી કાઢ્યા, ઇ. સ. ૧૭૧૦. આ લડાઇમાંથી પાછા ફરતાં ઇ. સ. ૧૭૧૨ માં તે લાહોરમાં મરણ પામ્યો. આ બાદશાહના વખતમાં રાજ્યમાં શાંતિ સારી રહી હતી. તેણે ઔરંગઝેબની માફક ભત્રિજાઓને ન મારતાં તેમને સારી જાગીરો આપી હતી. તે ઔરંગઝેબ જેવો હોંશિયાર અને બહાદુર નહોતો તેમ તેના જેવો નિર્દય પણ નહોતો.

જહાંદારશાહ—ઇ. સ. **૧૭૧૨ થી ૧૭૧૩.** બહાદુરશાહ પછી ઝુલ્ફીકારખાનની મદદથી સઘળા ભાઇઓને મારી તે ઇ. સ. ૧૭૧૨ માં ગાદીએ બેઠો. પણ તે દુરાચરણી અને રંડીબાજ નીકળવાથી લોકો તેની સામા ઉઠયા. આ અવ્યવસ્થાનો લાભ થઇ તેનો ભત્રિજો **ફરૂખશીઅર** કે જે પ્રથમ બંગાળે નાશી ગયો હતો તેણે બંડ કર્યું. આ વખતે ફરૂખશીયરના મુખ્ય સહાયક સૈયદ નામના બે ભાઇઓ હતા. ૧ અલ્હાબાદનો સુબો **સૈયદ અબદુલ્લા** અને ૨ બહારનો સુબો **સૈયદ હુસેન.** આ બેની મદદથી તેણે જહાંદારશાહને **આગ્રા** આગળ હરાવી તેને તથા તેના વજીર ઝુલ્ફીકારખાનને મારી નાંખ્યા, અને પોતે ગાદીએ બેઠો.

ફરૂખશીઅર—ઇ. સ. **૧૭૧૩ થી ૧૭૧૯.** તે સૈયદોની મદદથી ગાદીએ બેઠો. તેણે સૈયદ અબદુલ્લાને વજીર અને સૈયદ હુસેનને સેનાધિપતિ બનાવ્યો. તે બાદશાહ બન્યો ખરો પણ સઘળો રાજ્યકારભાર સૈયદો કરતા હતા, અને તેમના આગળ તેનું કંઇ પણ ચાલતું નહોતું. આથી તે સૈયદોથી સ્વતંત્ર થવા ઇચ્છતો હતો. તેથી તેણે સૈયદ હુસેન રજપૂતો સાથે લડતાં માર્યો જાય એવા ઇરાદાથી તેને જોધપુર જીતવા મોકલ્યો; પણ તેણે જોધપુરના રાજા સાથે સલાહ કરી તેની પુત્રી બાદશાહને પરણાવી. પોતાની ધારણા પાર ન પડવાથી બાદશાહે એક બીજી યુકિત રચી. તેણે **નિઝામ-ઉલ-મુલ્ક** પાસેથી દક્ષિણની સુબાગીરી લઇ લેઇ હુસેનને દક્ષિણનો સુબો નિમ્યો. પરંતુ બાદશાહએ **દાઉદખાનને** ગુપ્ત રીતે કહેવડાવવાથી તે તેની સામો થયો પણ તે હાર્યો અને મરાયો. ત્યારપછી હુસેને મરાઠી રાજ્ય ઉપર સ્વારી કરી. આ વખતે મરાઠી લોકનો રાજા શાહુ હતો પણ રાજ્યનો કુલ કારભાર **બાલાજી વિશ્વનાથ** પેશ્વા કરતો હતો, તેણે હુસેનને સજ્જડ હરાવ્યો. આ પ્રમાણે હાર ખાવાથી અને બાદશાહ તેનો જીવ લેવા કાવતરું કરે છે એમ સમજાયાથી તેણે પેશ્વા સાથે સંધી કરી. સંધીની શરતો પાદશાહ પાસે કબુલ કરાવવા તે પેશ્વાને લેઇને દિલ્લી ગયો. પણ પેશ્વાની ભારે માગણીઓ બાદશાહે કબુલ રાખી નહિ તેથી હુસેને તેને મારી નાંખ્યો. ઇ.સ. ૧૭૧૯. હુસેનના દિલ્લી ગયા પછી દક્ષિણની સુબાગીરી નિઝામ-ઉલ-મુલ્કે પાછી લઇ લીધી. ફરૂખશીયરના મરણ પછી બે ભાઇઓએ એક પછી એક એમ બે છોકરાઓને ગાદીએ બેસાડ્યા, પરંતુ તેઓ ટુંક મુદતમાં મરી જવાથી બહાદુરશાહના પૌત્ર **મહંમદશાહને** ગાદી આપી. આ બે ભાઇઓ ધારે તેને ગાદીએ બેસાડતા અને ધારે તેને ઉઠાડી મુકતા તેથી તેઓ "**રાજા બનાવનાર**" કહેવાયા.

મહંમદશાહ—ઇ. સ. **૧૭૧૯ થી ૧૭૪૮.** તેણે ગાદીએ બેઠા પછી આ બે સૈયદ ભાઇઓથી સ્વતંત્ર થવા ધાર્યું, અને લોકો પણ તેમના

કારભારથી નાખુશ હતા. નિઝામ–ઉલ્–મુલ્ક ઘણો બળવાન અને સ્વતંત્ર સુબો થઇ બેઠો હતો. બાદશાહે પોતાના સરદારો સાથે સૈયદોનો નાશ કરવાનો સંકેત કરી સૈયદ હુસેનને લેઇ દક્ષિણ ઉપર સ્વારી કરી અને અબદુલ્લાને રાજ્ય કારભાર સંભાળવા દિલ્લી રહેવા દીધો. થોડે ગયા પછી હુસેનને તેણે મારી નંખાવ્યો. આથી અબદુલ્લા પોતાના ભાઇનું વેર લેવાને લસ્કર લઇ સામો આવ્યો પણ તે **શાહપુર** આગળ હાર્યો અને મરાયો. બાદશાહે નિઝામ–ઉલ–મુલ્કને પોતાનો વજીર નિમ્યો, પણ બાદશાહની કેટલીક રીતભાત તેને પસંદ નહિ પડવાથી તે દક્ષિણમાં પાછો ગયો અને હૈદ્રાબાદમાં ઇ.સ. ૧૭૨૦ માં ગાદી સ્થાપી. આ પ્રમાણે ઇ. સ. ૧૭૨૦ થી નિઝામના રાજ્યની શરૂઆત થાય છે. નિઝામના ગયા પછી બાદશાહે **સાદતઅલ્લીખાન**ને વજીર બનાવ્યો પણ તેને બાદશાહ સાથે નહિ બનવાથી તે અયોધ્યાનો સ્વતંત્ર સુબો થઇ બેઠો. અજીતસિંહે જોધપુરની આજુબાજુનો મુલક લેઇ લીધો, એમ ઘણા સરદારો મુલક દબાવી પડી સ્વતંત્ર થઇ બેઠા. વળી મરાઠાઓ પણ ઘણા જોરમાં આવ્યા હતા અને બાજીરાવ પેશ્વાના સરદાર ગાયકવાડે ગુજરાત, હોલ્કરે માળવા, તથા સિંધિયાએ બુંદેલખંડ જીતી લીધાં. એવામાં ઇરાનનો **નાદીરશાહ** તૈમુરની માફક દિલ્લી ઉપર ચઢી આવી એક આખો દિવસ કતલ ચલાવી, પુષ્કળ પૈસો, મયુરાસન તથા કોહીનુર લેઇ ચાલ્યો ગયો. ઇ. સ. ૧૭૩૯. ત્યાર પછી આઠ વર્ષે એટલે ઇ. સ. ૧૭૪૭ માં **અહંમદશાહ** દુરાનીએ પંજાબ ઉપર ચઢાઇ કરી **સરહિંદ** લીધું, તેથી શાહજાદા અહંમદશાહે તેને હરાવી પાછો કાઢયો. મોગલ બાદશાહનો આ છેલ્લોજ જય હતો તેમજ મયુરાસન ઉપર કોહીનૂર ધારણ કરી બેસનાર આ છેલ્લોજ મુગલ બાદશાહ હતો.

પ્રકરણ ૨૯.

નાદીરશાહની સ્વારી અને મોગલાઇનો અંત.

નાદીરશાહની સ્વારી—ઔરંગજેબના મરણ પછી સુમારે ત્રીસેક વર્ષ ઉપર એક ઈરાની સરદાર નાદીરખાને ઈરાનનું રાજ્ય જીતી લીધું અને તે નાદીરશાહ નામ ધારણ કરી ગાદીએ બેઠો. તેના રાજયના કેટલાક કેદીઓ મોગલ બાદશાહના આશ્રય નીચે આવી રહ્યા હતા. નાદીરશાહે પોતાનો એલચી મોકલી બાદશાહને તે કેદીઓને સોંપી દેવા કહેવડાવ્યું. પણ બાદશાહે તેનું અપમાન કરી, તે કેદીઓને સોંપ્યા નહિ. આથી તૈમુરની પેઠે **નાદીરશાહ** મોટું લશ્કર લેઈ દિલ્લી ઉપર ચઢી આવ્યો. મહંમદશાહ લશ્કર લેઇ તેની સામો ગયો અને **કરનલ** આગળ ભારે યુદ્ધ થયું, તેમાં મહંમદશાહ હાર્યો અને પકડાયો. નાદીરશાહની ઈચ્છા ફક્ત લૂંટ કરવાની હતી તેથી જ્યારે મહંમદશાહે તેને જોઇએ તેટલો પૈસો આપવાનું કબૂલ કર્યું ત્યારે તેણે તેને છોડયો, અને ઘણા માનથી તે તેની સાથે દિલ્લી ગયો. પણ રાતમાં નાદીરશાહ મરી ગયાની ખોટી બુમ ઉઠ્યાથી તેના લશ્કરઉપર બાદશાહના લશ્કરે તૂટી પડી કતલ ચલાવી. આ વાત જ્યારે નાદીરશાહના જાણ્યામાં આવી ત્યારે તેણે પોતાના લશ્કરને દિલ્લી બાળવા અને ત્યાં કતલ ચલાવવા હુકમ આપ્યો. તે ઉપરથી તેના સિપાઇઓએ એક આખો દિવસ ખૂબ કતલ તથા લૂંટફાટ ચલાવી, ત્રીસ હજાર માણસો મારી નાંખી, ઘરો બાળી નાંખ્યાં. આખરે મહંમદશાહે આવી કતલ બંધ કરવા નાદીરશાહને આજીજી કરી ત્યારે તેણે તેમ કરવા હુકમ આપ્યો. બાબરના વખતથી એકઠો કરેલો બધો ખજાનો, ઝવેરાત, મયૂરાસન વિગેરે સર્વ તેણે લૂટી લીધું. વળી દિલ્લી તથા અયોધ્યા વિગેરે સ્થળોના માતબર અમીરોની પાસેથી પુષ્કળ ધન પડાવી તે પાછો ફર્યો. હિંદની લૂંટના પૈસા એટલા બધા થયા કે તેણે

પોતાના તમામ નોકરોને ત્રણ માસનો પગાર બક્ષીસ આપ્યો તથા રૈયત પાસેથી એક વર્ષ સુધી કોઈ પણ પ્રકારનો કર લીધો નહિ. તેના મરણ પછી તેના એક સરદાર **અહંમદશાહ દુરાનીએ** કાબુલ અને કંદહાર કબજે કરી દુરાની રાજ્ય સ્થાપ્યું. આ દુરાનીએ પાછળથી હિંદ ઉપર પાંચ સ્વારીઓ કરી મોગલ રાજ્યને છેક પાયમાલ કરી દીધું, અને મરાઠાઓને છેક નિર્બળ કરી મુકયા.

મોગલાઈ રાજ્યની પડતીનાં કારણો—મોગલવંશના એકંદર ૧૭ બાદશાહો થયા, જેમાંના પહેલા ૭ એટલે ઔરંગજેબ સુધીના બાદશાહો બહાદૂર અને બળવાન હતા, અને તેમણેજ ખરી રીતે રાજ્ય કર્યું હતું. પરંતુ ઔરંગજેબની જુલમી અને પક્ષપાતી રાજનીતિથી સરદારો દિલગીર થઇ ગયા. ઠેર ઠેર બંડ ઉઠાવી તેઓ સ્વતંત્ર બની ગયા. શીખ, રજપૂત અને મરાઠા લોકો પૂર જોસમાં આવતા ગયા. ઔરંગજેબ પછીના બાદશાહો નબળા થવાથી મુલક ખોઇ બેસી માત્ર નામનાજ રાજા કહેવાયા. મરાઠાઓએ આગળ વધી મોગલાઇની પડતીનો પાયો શરૂ કર્યોજ હતો. એટલામાં નાદીરશાહ તેમજ અહંમદશાહ દુરાની (અહમદશાહ અબદલ્લી) ની સ્વારીઓથી પાદશાહત નબળી પડી ગઈ. તેમજ મરાઠાઓએ પાછળથી ઘણાજ જોરાવર બની દિલ્લીની પાદશાહતને ઘણોજ ધોકો પહોંચાડયો.

મોગલાઇ રાજ્યનો અંત—મહંમદશાહ પછી ઈ. સ. ૧૭૪૮ થી ઈ. સ. ૧૮૫૮ સુધી દિલ્લીની ગાદીપર ૫ મોગલ બાદશાહો થયા. **૧ અહંમદશાહ, ૨ આલમગીર બીજો, ૩ શાહઆલમ બીજો, ૪ અકબર બીજો, ૫ મહંમદ બહાદુરશાહ.** તેમાંના દરેક જણ એક પછી એક નબળા થઈ ગયા. અલ્હાબાદ અને અયોધ્યા અહંમદશાહનો વજીર દબાવી પડ્યો હતો. રજપૂતો અને અફઘાન સરદારો સ્વતંત્ર થઈ બેઠા હતા. અહંમદશાહ પછી તેનો કાકો આલમગીર ગાદીએ બેઠો. ત્યાર

પછી અહંમદશાહનો શાહજાદો જે નાશી ગયો હતો તે **શાહઆલમ બીજો** એ નામ ધારણ કરી ગાદીએ બેઠા. આણે લગભગ ૫૦ વર્ષ સુધી રાજ્ય કર્યું. એના વખતમાં મરાઠા પૂર જોસમાં આવી ગયા હતા અને તેમણે મોગલાઇ તોડવાનો વિચાર કર્યો. પરંતુ ઈ. સ. ૧૭૬૧ માં અહંમદશાહ અબદલ્લીએ પાંચમી વાર ચઢી આવી મરાઠાઓને હરાવ્યા. શાહઆલમ માત્ર નામનોજ બાદશાહ રહ્યો હતો. ઘણાખરા સરદારો સ્વતંત્ર બની ગયા હતા, અને તેના તાબામાં તો ફક્ત દિલ્લી અને આગ્રા આ બેજ રહ્યાં હતાં. તે થોડો વખત અંગ્રેજના અને થોડો વખત મરાઠાઓના તાબામાં રહ્યો હતો. **ગુલામ કાદર** નામના સરદારે ઇ સ. ૧૭૮૬ માં તેને આંધળો કર્યો, પરંતુ સિંધિયાએ તેને છોડાવી પોતાના તાબામાં રાખ્યો હતો. છેવટે અંગ્રેજ સરદાર **લેકે** સિંધિયાને ઈ. સ. ૧૮૦૩ માં હરાવી તેને છોડાવ્યો. પણ તે ઈ. સ. ૧૮૦૬ માં મરણ પામ્યો તેની પછી તેનો પુત્ર અકબર ગાદીએ બેઠા તે નામનોજ બાદશાહ હતો. અંગ્રેજો જે આપતા તે ખાઇને બેસી રહેતો. ઈ. સ. ૧૮૩૭ માં તેના મરણ પછી તેનો પુત્ર **મહમદ** બહાદુરશાહ નામ ધારણ કરી ગાદીએ આવ્યો. મુગલાઈ રાજ્યનો આ **છેલ્લોજ** બાદશાહ હતો, તેને પણ અંગ્રેજો પાળતા હતા. પરંતુ ઈ. સ. ૧૮૫૭ ના બળવામાં અંગ્રેજો વિરૂદ્ધ તેણે ભાગ લીધો તેથી તેને કેદ કરી રંગુન મોકલી દેવામાં આવ્યો; જ્યાં તે ઈ. સ. ૧૮૬૨ માં મરણ પામ્યો.

યૂરોપી પ્રજા—મોગલ બાદશાહોના વખતમાં યૂરોપમાંથી અંગ્રેજ, ફ્રેન્ચ તેમજ પોર્ટુગીઝ લોકો વેપાર અર્થે હિંદમાં આવ્યા હતા. તેઓએ જુદે જુદે ઠેકાણે પોતાની કોઠીઓ ચાલી હતી. ઈ. સ. ૧૭૬૧ ની મોટી હારથી મરાઠાઓ નબળા પડી ગયા. હિંદમાં આથી અંગ્રેજો તેમજ ફ્રેન્ચ આ બે પ્રજાને હિંદનું ધણીપણું લેવાની ઈચ્છા થઈ અને તેથી તેઓ માંહોમાંહે લડવા લાગ્યા. તેમાં આખરે અંગ્રેજો ફાવ્યા. તેમણે નબળા થઈ ગયેલા હિંદુ મુસલમાનોને હરાવી હિંદનું ધણીપણું હાથ કર્યું.

મોગલાઈ રાજ્યના મુખ્ય બનાવોની સાલવાર યાદી.

મુખ્ય બનાવ.	પૃષ્ઠ.	સાલ.
બાબરનો જન્મ	૨૬	...ઈ. સ. ૧૪૮૨
મોગલાઈ રાજ્યની સ્થાપના ...	૨૬	...ઈ. સ. ૧૫૨૬
ફત્તેહપુર સીક્રીની લડાઈ ...	૨૭	...ઈ. સ. ૧૫૨૭
બાબરનું મરણ	૨૮	...ઈ. સ. ૧૫૩૦
બકસરની લડાઈ	૩૦	...ઈ. સ. ૧૫૩૯
કનોજની લડાઈ	૩૧	...ઈ. સ. ૧૫૪૦
અકબરનો જન્મ	૩૧	...ઈ. સ. ૧૫૪૨
સરહિંદની લડાઈ	૩૨	...ઈ. સ. ૧૫૫૫
પાણીપતની બીજી લડાઈ ...	૩૩	...ઈ. સ. ૧૫૫૬
ખુશરૂનું મરણ	૪૩	...ઈ. સ. ૧૬૨૧
શાહજહાંની દક્ષિણપર સ્વારી ...	૪૪	...ઈ. સ. ૧૬૨૦
સર ટોમ્સ રોનું હિંદમાં આવવું ...	૪૬	...ઈ. સ. ૧૬૧૫
ખાજહાંન લોદીનો બળવો ...	૪૭	...ઈ. સ. ૧૬૩૭
અહમદનગરના રાજ્યનો અંત ...	૪૮	...ઈ. સ. ૧૬૩૭
શાહજહાંના શાહજાદાઓની માંહોમાંહેની લડાઇ	૪૯	...ઈ. સ. ૧૬૫૭
ઔરંગજેબની દક્ષિણપર સ્વારી ...	૫૪	...ઈ. સ. ૧૬૮૩
બિજાપુર ખાલસા થવું... ...	૫૪	...ઈ. સ. ૧૬૮૬
ગોવલકોંડા ખાલસા થવું ..	૫૪	...ઈ. સ. ૧૬૮૭
ઔરંગજેબનું મરણ	૫૫	...ઈ. સ. ૧૭૦૭
શીખ લોકોનો બળવો	૫૭	...ઈ. સ. ૧૭૧૦
નિજામના રાજ્યની સ્થાપના ...	૫૯	.. ઈ. સ. ૧૭૨૦
નાદીરશાહની સ્વારી	૫૯	...ઈ. સ. ૧૭૩૯
છેલ્લા મોગલ બાદશાહનો નાશ ...	૬૨	...ઈ. સ. ૧૮૬૨

પ્રકરણ ૩૦.

મરાઠી રાજ્ય.

મહારાષ્ટ્ર—મરાઠા લોક અસલ મહારાષ્ટ્રના રહીશ હતા. આ મહારાષ્ટ્ર દેશ દક્ષિણ હિંદુસ્તાનમાં આવેલો છે તેની હદ ઉત્તરે તાપી નદીથી દક્ષિણે ગોવા સુધી અને પશ્ચિમે અરબી સમુદ્રથી તે પૂર્વે કૃષ્ણા નદી સુધી આવેલી છે. મહારાષ્ટ્રનો મુખ્ય ભાગ કોકણ છે અને તે પશ્ચિમ ઘાટ અને અરબી સમુદ્રની વચ્ચે આવેલો છે.

મરાઠાની ઉત્પત્તિ—જ્યારે અલાઉદ્દીન ખીલજીએ ઈ. સ. ૧૨૯૪ માં દક્ષિણ ઉપર સ્વારી કરી ત્યારે મહારાષ્ટ્રમાં **દેવગીરીનું** મરાઠા રાજ્ય મુખ્ય હતું. ત્યાં **રામદેવ** કરીને રાજા રાજ્ય કરતો હતો, અને તે જાતે મરાઠો હતો. આ દેવગીરીનું રાજ્ય દિલ્લીના મુસલમાની રાજ્ય સાથે અલાઉદ્દીન ખીલજીના વખતમાં જોડી દેવામાં આવ્યું હતું, ત્યાર પછી લગભગ ચારસો વરસ સુધી મરાઠા લોકોનો કાંઇ જાણવા જોગ ઇતિહાસ બન્યો નથી. દેવગીરી તુટયા પછી ઈ. સ. ૧૩૪૭ માં **હસન ગંગુએ** દક્ષિણમાં **બાહ્મણી રાજ્ય** સ્થાપ્યું. તે નબળું પડી જવાથી તેના પાંચ ભાગ પડી જઇ **અહમદનગર, બિજાપુર,** વગેરે રાજ્યો સ્થપાયાં. આ રાજ્યો મુસલમાનોના તાબામાં હોવા છતાં તેમની નોકરીમાં બ્રાહ્મણ અને મરાઠાઓને પણ રાખવામાં આવતા હતા. અહમદનગરના રાજ્યમાં **માલોજી ભોંસલે** કરીને એક મરાઠો એક લસ્કરી ટુકડીનો સરદાર હતો. તેની બહાદુરી અને યુદ્ધકળાથી પ્રસન્ન થઇ ત્યાંના બાદશાહે તેને પુનાની જાગીર આપી હતી. તેના પછી તેનો છોકરો **શાહજી** થયો તે પણ પોતાના બાપના જેવો બહાદુર નીકળ્યો. મોગલ બાદશાહ જહાંગીરના વખતમાં જ્યારે શાહજહાંએ દક્ષિણ ઉપર સ્વારી કરી ત્યારે અહમદનગરના રાજ્ય તરફથી મોગલો સામા લડનાર **મલીકંબરને** આ શાહજીએ

ઘણી સારી મદદ કરી હતી. મલીકંબરના મરણ પછી શાહજીએ એક નાના છોકરાને અહમદનગરની ગાદીએ બેસાડી, પોતે રાજ્યકારભાર કરવા લાગ્યો. **ખાનજહાન લોદીએ** શાહજહાં સામો બળવો કર્યો ત્યારે તેણે લોદીને મદદ કરી હતી. આથી શાહજહાંએ અહમદનગર ઉપર સ્વારી કરી તેને ખાલસા કર્યું. ત્યાર પછી શાહજી બિજાપુરના રાજાની નોકરીમાં રહ્યો. બિજાપુરના રાજાએ તેને **કર્ણાટક** જીતવા મોકલ્યો. તે **બેંગ્લોર** જીતી જય મેળવી પાછો ફર્યો તેથી બિજાપુરના રાજાએ તેને કેટલીક નવી જાગીરો આપી. પોતાના બાપના તરફથી વારસામાં મળેલી પુનાની જાગીર તેણે પોતાના દિકરા **શિવાજીને** આપી. મરાઠી રાજ્યનો સ્થાપનાર આ મહાન પુરૂષ હતો, અને તે હાલ પણ **મહાન શિવાજીને** નામે ઓળખાય છે.

પ્રકરણ ૩૧.

મહાન શિવાજી.

શિવાજીનો ઉદય—તેનો જન્મ ઈ. સ. ૧૬૨૭ માં થયો હતો. તેના બાપે તેને પુનામાં **દાદાજી કોંડેવ** નામના બ્રાહ્મણની દેખરેખ નીચે રાખ્યો. આ બ્રાહ્મણે તેણે યુદ્ધકળામાં બહુજ પ્રવીણ કર્યો. જ્યારે તે ૧૬ વર્ષની ઉમરનો થયો ત્યારે તે લૂંટારાના ટોળામાં ભળવા લાગ્યો. પોતે આનંદી અને મળતાવડા સ્વભાવનો હોવાથી તેમનામાં ભળી જતાં તેને વાર લાગી નહિ. તેણે તેઓની સાથેને સાથે રહી પર્વતોના વિકટ રસ્તાઓની સારી માહિતી મેળવી. આગળ જતાં પોતાની ચાલાકીથી અને બહાદૂરીથી તે તેમનો સરદાર બન્યો. પોતાના શિક્ષક તરફથી મળેલા શિક્ષણથી તેનામાં આર્ય ધર્મનું ગૌરવ આવી ગયું હતું. તે લૂંટારાઓ સાથે ધીમે ધીમે લૂટફાટ કરવા લાગ્યો પ્રથમ એણે **ટોર્નાનો**

કિલ્લો લીધો. ત્યાંથી મળી આવેલા અખૂટ ધનવડે તેણે કેટલાંક શસ્ત્રો ખરીદ કર્યાં. ત્યારબાદ **માતા ભવાની**ની સ્થાપના કરી **રાયગઢ**નો કિલ્લો બાંધ્યો. ત્યાર પછી તેણે બિજાપુરના તાબાના તેમજ મોગલોના તાબાના કેટલાક મુલકો લેઈ લીધા, એટલુંજ નહિ પણ તેમની પ્રજાને લૂંટફાટ કરી એટલી હેરાન કરી કે બન્ને જણને તેની સાથે યુદ્ધમાં ઉતરવું પડયું.

શિવાજીનું બળ વધવાનું કારણ— શિવાજી એક પછી એક મુલક જીતતો ગયો. બિજાપુરના શાહે તથા મોગલ પાદશાહે ધાર્યું હોત તો તેઓએ શિવાજીની સત્તાને દાબી દીધી હોત. પરંતુ આ વખતે મોગલ પાદશાહ તરફથી તેના તરપ્ફ ઝાઝું લક્ષ આપવામાં આવ્યું નહોતું. તેમજ એ લૂંટારો શું કરનાર છે એમ ધારી બિજાપુરના શાહે તેને રોક્યો નહિ અને તે સુસ્ત થઈ બેસી રહ્યો. આનો લાભ લેઈ શિવાજી એક પછી એક કિલ્લા સર કરતો ગયો. જ્યારે તેણે **કલ્યાણ**નો કિલ્લો સર કર્યો ત્યારે તેની આંખો ઉઘડી કે હવે શિવાજીને તાબે કરવો જોઇએ, નહિતો તે બિજાપુરની ગાદીને ધોકો પહોંચાડશે. તેને બીવડાવવાને બિજાપુરના શાહે તેના બાપ શાહજીને કેદ કર્યો. શિવાજીએ આ વખતે સમયસૂચકતા વાપરી શાહજહાં સાથે સલાહ કરી. આથી બિજાપુરના શાહે ડરીને શાહજીને છુટો કર્યો. આ વખતે શાહજહાંનો પુત્ર ઔરંગજેબ દક્ષિણનો સુબો હતો. પરંતુ એવામાં શાહજહાં માંદો પડવાથી તે ગાદીને માટે દિલ્લી ગયો. આથી બિજાપુરના શાહનો ડર ઓછો થઇ ગયો અને તેણે શિવાજીને તાબે કરવા ઈલાજ લીધા.

અફ્ઝુલખાં—બિજાપુરના રાજાએ તેને તાબે કરવા માટે અફ્ઝુલખાંની સરદારી નીચે એક લસ્કર મોકલ્યું. શિવાજીએ અફ્ઝુલખાંની આવવાની ખબર સાંભળતાંજ, પોતાનાથી એવા મોટા લસ્કરની સામે ટકી શકાશે નહિ, એમ જાણી તેણે ખાન પાસે માફી માગી અને પોતે જીતેલો મુલક પાછો આપવાનું કબુલ કર્યું. તેણે તેને એકાંત સ્થળે

મળવા બોલાવ્યો. ત્યાં ભેટતાંજ તેણે પોતાની પાસે સંતાડી રાખેલા વાઘનખ ખાનના પેટમાં ખોસી તેને મારી નાંખ્યો. પછી પ્રથમના સંકેત પ્રમાણે તેના સંતાઈ રહેલા લશ્કરે બિજાપુરના લશ્કરને કાપી નાંખ્યું. આવી દગલબાજી ભરેલી પણ મહાન્ પ્રયત્નથી મરાઠાઓ તેને વધારે ને વધારે ચહાવા લાગ્યા. બિજાપુરના લશ્કરમાંથી મળેલા ખજાનાથી તેની સ્થિતિ વધારે પ્રબળ થઈ.

સાહિસ્તખાન—બિજાપુરના લશ્કરની પાયમાલી કર્યાં પછી મોગલોના ત્રાસમાંથી હિંદુઓને મુક્ત કરવાનો શિવાજીએ નિશ્ચય કર્યો. તેણે એક મોટું લશ્કર જમાવી, મોગલોના મુલકો લૂંટવા માંડ્યા. આ વખતે દક્ષિણનો સુબો **સાહિસ્તખાન** હતો, તેને દિલ્હીના બાદશાહ ઔરંગઝેબે એ મરાઠા સરદારને ખરેખરી સજા કરવાને ફરમાવ્યું. તેણે મરાઠી રાજ્યપર સ્વારી કરી **પુના** જીતી ત્યાંજ પડાવ નાંખ્યો. આ વખતે શિવાજીએ કોઈ જાણે નહિ એમ ચુપકીથી ફક્ત પોતાની સાથે થોડાજ માણસો રાખી, જે ઘરમાં સુબો સુતો હતો તે ઘર ઉપર એકદમ છાપો માર્યો. મોગલ સરદાર મહા મુશીબતે નાશી છુટયો, અને મોગલ લશ્કર ભેગું થાય તે પહેલાં શિવાજી પોતાના માણસો લઈ નાશી ગયો. ત્યાંથી જઈ ઈ. સ. ૧૬૬૪ માં તેણે **સુરત** લૂંટયું અને ત્યાંથી મળેલો પૈસો તે રાયગઢ લઈ ગયો. અહીં તેણે પોતાના નામના શિક્કા પડાવ્યા, અને પોતે રાજાનો ખિતાબ ધારણ કર્યો.

પ્રકરણ ૩૨.

શિવાજી (ચાલુ).

શિવાજી ઉપર ચઢાઈ—મોગલ લોકોનો કાફલો સુરત બંદરેથી મક્કે હજ કરવા જતો હતો, તે વખતે શિવાજીએ મોટું લશ્કર ભેગું કરી

ત્યાં જઇ તેમને લૂંટી ઘણા હેરાન કર્યા. ઔરંગઝેબે તેની સત્તાને પ્રથમ-થીજ જામવા દીધી હતી એજ તેની મોટી ભૂલ હતી. તેને શિવાજીના વધતા બળને નાબુદ કરવાનો ઇરાદો તો હતો, પણ શાહજહાં તે વખતે કેદમાં જીવતો હતો અને પોતે જો શિવાજીની પાછળ દિલ્હી છોડી તેને તાબે કરવા જાય, તો પોતાના બાપના મળતીયાઓ તેને પદભ્રષ્ટ કરી નાંખે એવો તેને ભય હતો. અને આવા વહેમ તથા અણવિશ્વાસને લીધેજ તે શિવાજી ઉપર લક્ષ આપી શકયો નહોતો; પણ પોતે ચુસ્ત મુસલમાન હોવાથી મક્કે જતા જાત્રાળુઓ ઉપર થતો જુલમ તેનાથી સહન થઇ શકયો નહિ. તેથી તેણે જયપુરના રાજા **જયસિંહ**ને લશ્કર આપી મોક-લ્યો. જયસિંહના સમજાવવાથી શિવાજીએ મોગલો સાથે સંધી કરી. સંધીમાં એવું ઠર્યું કે તેણે જીતેલો તમામ મુલક મોગલોને પાછો આપવો અને તેઓએ તેને અમૂક મૂલકની **ચોથ** એટલે પેદાશનો ચોથો ભાગ ઉઘરાવવાનો હક્ક આપવો.

શિવાજીનું કેદ પકડાવું—મોગલોની સાથે સંધી કર્યા પછી શિવાજીએ જયસિંહની સાથે રહી મોગલો તરફથી બિજાપુરના રાજાની સાથે લઢી જય મેળવ્યો. આથી ઔરંગઝેબે ખુશ થઇ તેને દિલ્હી આવવા કહેણ મોકલ્યું. ઔરંગઝેબ ઘણોજ કપટી અને દગલબાજ હોવાથી તેને તેનો વિશ્વાસ આવ્યો નહિ. પણ જયસિંહના ભરોંસા ઉપર તે તેની સાથે દિલ્લી ગયો પણ ઔરંગઝેબે કપટ કરી તેને કેદ કર્યો.

શિવાજીને રાજ્યાભિષેક—તે દિલ્હીમાં થોડો વખત કેદમાં રહ્યા પછી જયસિંહના પુત્રની મદદથી તે કેદખાનામાંથી નાશી છુટયો, અને સહીસલામત રાયગઢ પહોંચ્યો, ઇ. સ. ૧૬૬૬. ઔરંગઝેબે આ વાત જાણી એટલે તેણે પોતાના દિકરા **મોઆજીમ** અને જોધપૂરના રાજા **જસવતસિંહ** એ બન્નેને તેની સામા મોકલ્યા. પણ ખુબ પૈસા આપી તેઓની સાથે તેણે સંધી કરી તેમને પાછા વાળ્યા. આગળ જતાં તેનું જોર એટલું વધ્યું કે છેવટે બિજાપુરના રાજાએ તેને ખંડણી

આપવી કબૂલ કરી. તેણે ઇ. સ. ૧૬૭૪ માં બીજી વાર સુરત લૂટયું અને તેજ વરસમાં તેને રાયગઢમાં રાજ્યાભિષેક કરવામાં આવ્યો. આ વખતે તેણે બ્રાહ્મણોને સોનાનું દાન આપ્યું અને ઘણો પૈસો ધર્માદા કર્યો.

શિવાજીનો અંત—આ વખતે તેનો બાપ શાહજી મરી ગયો હતો. તેની કર્ણાટકમાં મોટી જાગીરો હતી. તે તેનો નાનો ભાઈ **વ્યંકાજી** પચાવી પડયો હતો. આ વ્યંકાજી **તંજાવર**ની ગાદીનો સ્થાપનાર હતો. શિવાજીએ તે જાગીરમાં પોતાનો અડધો હિસ્સો હોવાથી તે લેવાને ઇ. સ. ૧૬૭૬ માં **કર્ણાટક** ઉપર સ્વારી કરી. તેના ભાઇએ તેના ભાગનો હિસ્સો આપવાનું કબૂલ કર્યાથી તે પાછો ફર્યો. તેના મોટા છોકરા સંભાજીનું કંઇક અંશે મોગલો તરફનું વલણ જણાયાથી તેને પોતાના પાછલા વર્ષમાં તેના તરફનો ઘણો સંતાપ થયો હતો અને તેથીજ તેણે સંભાજીને કેદમાં રાખ્યો હતો. આ મહાન પુરૂષ શિવાજી ૫૩ વર્ષની ઉમરે ઇ. સ. ૧૬૮૦ માં રાયગઢમાં મરણ પામ્યો. તેને બે દિકરા હતા; **સંભાજી અને રાજારામ.**

શિવાજીના ગુણ—તે ઘણો બહાદૂર, શૂરો અને યુકિતબાજ હતો. તે વાંચતાં કે લખતાં શિખ્યો નહોતો, તોપણ તે યુદ્ધકળામાં નાનપણથીજ પ્રવીણ થયો હતો. તે ભાલો, તરવાર વિગેરે વાપરવાની શસ્ત્ર ક્રિયા સારી પેઠે શિખ્યો હતો. તેના બ્રાહ્મણ શિક્ષકે તેનામાં હિંદુધર્મની સારી છાપ પાડી હતી. એ નાનો હતો ત્યારે તેને મહાભારત અને રામાયણના વીરપુરૂષોની વાતો સાંભળવી બહુ ગમતી હતી, અને તેમના જેવા વીર પુરૂષ થવાની તેને ઇચ્છા થતી. પોતાનું કામ કાઢી લેવામાં તે કોઇ કોઇ વખતે દગલબાજી કરી નિર્દયતા વાપરતો, પણ પોતાનું કામ પાર પડ્યા પછી તે દરેક ઉપર દયા રાખતો. મુલકો જીતી રાજ્યોનો વિસ્તાર વધારવાનું કામ તે કરતો અને રાજ્ય વ્યવસ્થાનું કામ તેણે પોતાના મુખ્ય પ્રધાન (પેશ્વા) **મોરારપંથ**ને સોંપ્યું હતું. હિંદુ તથા હિંદુ ધર્મ ઉપર

થતો જુલમ જોઇ તેનું રક્ષણ કરવાને તેણે પોતાનાથી બનતું કર્યું, અને પોતાની કોમમાં આર્યધર્મનું અભિમાન એટલું બધું ફેલાવ્યું કે ઔરંગઝેબ જેવા મહાન બાદશાહને પણ તેના શૌર્ય આગળ પોંચા કરડવા પડ્યા, અને એજ મરાઠાઓને લીધે મોગલાઇની પડતીનો પાયો ઔરંગઝેબના વખતમાંજ શરૂ થયો. તેણે હિંદુધર્મનું તથા હિંદુઓનું એટલું અભિમાન સાચવ્યું હતું કે તે આજે પણ મરાઠાઓમાં દેવ તરીકે પૂજાય છે અને **મહાન શિવાજી**ના નામે ઓળખાય છે.

સંભાજી—ઇ. સ. **૧૬૮૦ થી ૧૬૮૯**—શિવાજીના મરણ પછી તેના નાના પુત્ર **રાજારામ**ને ગાદીએ બેસાડવામાં આવ્યો. પિતાના મરણના સમાચાર સાંભળી **સંભાજી** કેદખાનામાંથી છુટી આવ્યો અને કેટલાક સરદારોની મદદથી રાજારામને કેદ કરી ગાદીએ બેઠો. એનામાં એના પિતાના જેવા ગુણ નહોતા. તે ઘણો ઘાતકી અને નિર્દય હતો. પોતે યુદ્ધકળામાં બહાદૂર હતો ખરો, પણ એ બહાદૂરીનો ઉપયોગ ન કરતાં એક **કલુષા** નામના બ્રાહ્મણની દોસ્તીમાં અવળે રસ્તે દોરાઇ ગયો. તે ઘણો વિષયી અને દુર્વ્યસની બની ગયો હતો. તેણે શિવાજીના વખતના સારા સારા માણસોને નોકરીમાંથી દૂર કરી પોતાના દોસ્ત કલુષાને મુખ્ય પ્રધાન નિમ્યો હતો. તેનામાં પ્રધાનગીરીને છાજે એવો એક પણ ગુણ નહોતો. સંભાજીના દુર્ગુણો તથા જુલમને લીધે મરાઠી રાજ્ય દોદલું થઇ ગયું.

સંભાજીનો અંત—તેના વખતમાં મોગલ બાદશાહ ઔરંગઝેબે ઇ. સ. ૧૬૮૩ માં દક્ષિણ ઉપર સ્વારી કરી તેણે પોતાના દિકરા **મોઆજીમને** મરાઠાઓને વશ કરવા મોકલ્યો. પરંતુ મરેઠાઓએ દેશ ઘણો ઉજ્જડ કરી નાંખેલો હોવાથી તેમજ અન્ન પાણીનો તંગાસ પડવાથી તેને પાછા ફરવું પડ્યુ. વળી બાદશાહનું ઘણું ખરૂં લશ્કર દક્ષિણના બીજાં રાજ્યો ખાલસા કરવામાં નાશ પામ્યું હતું. આ તકનો લાભ લઇ મરાઠાઓએ મોગલાઇનો અંત આણ્યો હોત, પરંતુ સંભાજીએ દુર્વ્યસનમાં પડી

રાજ્ય વ્યવસ્થામાં બિલકુલ લક્ષ આપ્યું નહોતું. એક વખતે તે પોતાના પ્રધાન કલુષા સાથે મોગલોના હાથમાં પકડાઈ ગયો. ઔરંગજેબે તેને મુસલમાન થવાનું કબૂલ કરે તો છોડી મુકવાનું કહેવડાવ્યું, પણ સંભાજીએ તેને કહાવ્યું કે જો તું તા'રી છોકરી પરણાવે તો હું મુસલમાન થાઉં. આથી ઔરંગજેબે ગુસ્સે થઈ તેને ઘણી ઘાતકી રીતે મારી નંખાવ્યો, અને તેના છોકરા શિવાજીને કેદ કરી દિલ્લી મોકલી દીધો. ઇ. સ. ૧૬૮૯.

પ્રકરણ ૩૩.

સંભાજીના મરણ પછી મરાઠી રાજ્યની વ્યવસ્થા.

ઇ. સ. ૧૬૮૯ થી ઇ. સ. ૧૭૦૮ સુધી.

રાજારામ—ઇ. સ. ૧૬૮૯ થી ૧૭૦૦. સંભાજીના અઘટિત કૃત્યોથી જો કે મરાઠી રાજ્યની નબળી સ્થિતિ થઇ હતી છતાં મરાઠાઓમાંથી હિંદુધર્મનું અભિમાન નાશ પામ્યું નહોતું. સંભાજીના મરણથી મરાઠાઓ તાબે થશે એમ ઔરંગજેબનું ધારવું હતું, પણ તે તેની ભૂલ હતી. સંભાજી પ્રત્યેની બાદશાહની નિર્દયતા ભરેલી વર્તણુંક જોઇ તેઓ વધારે ઉશ્કેરાઈ ગયા. તેઓએ એક સભા ભરી સંભાજીના દિકરા શિવાજીની વતી રાજ્યકારભાર કરવા તેના ભાઈ રાજારામને પ્રતિનિધિ નિમ્યો. હવે દિવસે દિવસે મરાઠાઓની સત્તા વધારે પ્રબળ થતી ગઇ. તેઓ જીંજીનો કિલ્લો સર કરી ત્યાં રાજ્ય કરવા લાગ્યા. બાદશાહે જીંજીગઢ ઉપર સ્વારી કરવા **ઝલફિકારખાન**ને મોકલ્યો. તેણે જીંજીગઢ સર તો કર્યો, પરંતુ રાજારામ તેને પૈસાની મોટી રકમ આપી નાશી છુટયો. તેણે સતારે જઇ મરાઠી રાજ્યની સ્થાપના કરી. ઇ. સ. ૧૬૯૮. ત્યાં બે વરસ રાજ્યકારભાર કરી તે ઇ. સ. ૧૭૦૦ માં મરણ પામ્યો.

તારાબાઈ—ઇ. સ. ૧૭૦૦ થી ૧૭૦૮. રાજારામના મરણ પછી તેના છ વરસના છોકરા શિવાજીને ગાદીએ બેસાડી તેની મા તારાબાઇ રાજ્યકારભાર કરવા લાગી. તે બહુ બહાદૂર અને ચતુર હતી. તેણે પણ મુસલમાનો સાથે લડાઇ ચાલુ રાખી. મરાઠાઓ પોતાના અસલ રિવાજ મુજબ છુપા છવાયા રહી, બાદશાહના લશ્કરને હેરાન કરવા લાગ્યા, તે એટલે સુધી કે બાદશાહના લશ્કરને ઘાસ દાણો મળતો પણ અટકાવ્યો. તેનું લશ્કર લગભગ ૨૫ વર્ષ સુધી સતત લડીલડીને થાકી જઇ કંટાળી ગયું હતું. વળી અધુરામાં પુરૂં ભુખમરાને લીધે કેટલુંક લશ્કર નાશ પામ્યું હતું. આથી મુસલમાનો લડવાને તદન અશકત થઇ ગયા હતા અને મરાઠાઓ તો તેમને હેરાન કરતા બંધ પડ્યા નહોતા. આથી છેવટે બાદશાહને થાકીને તેમની સાથે સંધી કરવાની જરૂર પડી. પરંતુ મરાઠાઓ પૂર બળમાં આવેલા હોવાથી તેઓએ એવી તો ભારે માગણીઓ કરી કે તે બાદશાહથી કબુલ થઇ નહિ. આથી તેઓ તેની પાછળ પડ્યા પણ બાદશાહ મહા મુશિબતે અહંમદનગર જઇ પહોંચ્યો, જ્યાં તે પોતાના રાજ્યને નબળી હાલતમાં મૂકી ઇ. સ. ૧૭૦૭ માં મરણ પામ્યો.

મરાઠી રાજ્યના બે ભાગ—સંભાજીના દિકરા શાહુને બાદશાહે કેદ પકડી ઇ. સ. ૧૬૮૯ માં દિલ્હી મોકલી દીધો હતો. તે વખતે તેની ઉમર છ વર્ષની હતી. ઔરંગજેબ ઇ. સ. ૧૭૦૭ માં દક્ષિણમાં મરી ગયો, ત્યારે દિલ્હીની ગાદીને માટે તેના છોકરાઓ માંહો માંહે લડવા લાગ્યા. આથી **આઝીમે** પોતાને મરાઠાની મદદ મળે એમ ધારી શાહુ સાથે સલાહ કરી તેને છુટો કર્યો. શાહુનું મૂળ નામ શિવાજી હતું, પણ તે પોતાના બાપદાદાની માફક કેદમાંથી નાશી ગયો નહિ તેથી મુસલમાનો તેને **શાહુ** કહેતા અને તે એજ નામથી ઓળખાય છે. તેણે દક્ષિણમાં જઇ સતારાની ગાદીને માટે દાવો કર્યો. તે વખતે તારાબાઇ પોતાના છોકરાની વતી રાજ્યકારભાર કરતી હતી. તે

ખરો શાહુ નથી પણ કોઇ વેશધારી ધૂતારો છે, એમ કહી તે તેની સામી થઇ. પરંતુ તે ખરો હક્કદાર હતો અને તેથીજ ઘણા ખરા મરાઠાઓએ તેનો પક્ષ લેઇ તેને ગાદીએ બેસાડ્યો. આથી તારાબાઇ કોલ્હાપુર ગઇ અને ત્યાં ગાદી સ્થાપી પોતાના છોકરાના નામે રાજ્યકારભાર ચલાવવા લાગી. આ પ્રમાણે મહાન શિવાજીએ સ્થાપેલા મરાઠી રાજ્યના બે ભાગ પડ્યા. **સતારામાં** શાહુ રાજ્ય કરવા લાગ્યો અને **કોલ્હાપુરમાં** તારાબાઇ રાજ્યકારભાર કરવા લાગી. આગળ જતાં હિંદુસ્તાનના ગવર્નર જનરલ **લૉર્ડ ડેલાઉઝીના** વખતમાં સતારા અંગ્રેજોએ ઇ. સ. ૧૮૪૯ માં ખાલસા કર્યું છે, પણ કોલ્હાપુરની ગાદી આજે પણ હયાત છે.

શાહુ—ઇ. સ. **૧૭૦૮ થી ૧૭૪૮.** એણે લગભગ ૪૦ વર્ષ રાજ્ય કર્યું પણ પોતે નાનપણથીજ મોગલ દરબારમાં લાડમાડથી ઉછરેલો હતો તેથી તેણે રાજ્યકાજમાં કંઇ લક્ષ આપ્યું નહિ. તેણે બધા કારભાર પોતાના મુખ્ય પ્રધાન પેશ્વાને સોંપી દીધા. તેના વખતમાં **બાલાજી વિશ્વનાથ** પેશ્વા હતો અને તે કુલ કારભાર કરતો હોવાથી તે **પહેલા પેશ્વા** તરીકે ઓળખાય છે. તેણે દક્ષિણના સુબા **હુસેનને** હરાવી તેની સાથે સલાહ કરી, લગભગ આખા દક્ષિણ ઉપર ચોથ મેળવવાનો હક્ક મેળવ્યો. એ પેશ્વા ઇ. સ. ૧૭૨૦ માં મરણ પામ્યો. તેના પછી તેનો છોકરો **બાજીરાવ** પેશ્વા થયો. તેણે લગભગ વીસ વરસ સુધી રાજકારભાર કર્યો. તેણે મુગલ બાદશાહ **મહુંમદશાહના** વખતમાં લગભગ દિલ્હી સુધી મરાઠી સત્તા ફેલાવી મરાઠી રાજ્યનો વિસ્તાર ઘણોજ લાંબો વધાર્યો હતો; તેમજ **ગુજરાત, માળવા** અને **બુંદેલખંડની** ચોથ ઉઘરાવવાનો હક્ક મેળવ્યો હતો. આ પ્રમાણે બીજા પેશ્વા બાજીરાવના વખતમાં મરાઠી સત્તા સાર્વભૌમ જેવી દેખાઇ હતી. તે ઇ. સ. ૧૭૪૦ માં મરણ પામવાથી તેના છોકરા બાલાજી બાજીરાવને પેશ્વાની જગા મળી. તે ત્રીજા પેશ્વાને નામે ઓળખાય છે. ઇ. સ. ૧૭૪૮ માં શાહુ અપુત્ર મરણ પામ્યો.

પ્રકરણ ૩૪.

મરાઠી રાજ્યની પડતી અને સતારાની ગાદીનો અંત.

રાજારામ—ઇ. સ. ૧૭૪૮ થી ૧૭૭૮. શાહુ અપુત્ર મરણ પામવાથી સતારાની ગાદીને માટે વાટાઘાટ ચાલી. કોલ્હાપુરના રાજાનો સતારાની ગાદી ઉપર શ્રેષ્ટ હકક હતો. તેમજ તે ગાદી સ્થાપનાર તારાબાઇ પણ હયાત હતી. શાહુની રાણીએ પણ તારાબાઇની સત્તાથી ડરીને કોલ્હાપુરના વંશને ગાદી મળે એમ પોતાની ખુશી જણાવી. તારાબાઇ પણ પોતાના દિકરા શિવાજીના પુત્ર **રાજારામ**ને સતારાની ગાદીએ બેસાડી તેના પ્રતિનિધિ તરીકે રાજ્યકારભાર કરવા ઇચ્છતી હતી. આ વખતે સતારાની ગાદીનો કુલ કારભાર **બાલાજી બાજીરાવ પેશ્વા** કરતો હતો. તારાબાઇ જો પ્રતિનિધિ થાય તો પોતાની સત્તાનો નાશ થાય એવું તે સારી પેઠે જાણતો હતો, તેથી તેણે રાજારામને ગાદીએ તો બેસાડયો, પરંતુ તેણે શાહુરાજાની સહીનું એક **વીલ** ઉભુ કર્યું. તેમાં એવું લખેલું હતું કે જ્યાં સુધી મહાન શિવાજીના વંશમાં ગાદી રહે ત્યાં સુધી કુલ કારભાર પેશ્વાએ કરવો. આમ થાય તો બ્રાહ્મણ વર્ગ રાજ્યમાં કર્તા હરતા થઇ પડે માટે આ વાત મરાઠા સરદારોને પસંદ પડી નહિ. પરંતુ પેશ્વા ઘણોજ કાબેલ અને ચતુર હતો તેથી આખરે તે વીલ મંજુર થયું, અને આ પ્રમાણે પેશ્વાનો હકક વંશપરંપરા ચાલુ રહ્યો. રાજારામને ગાદીએ બેસાડ્યા પછી તમામ કારભાર પેશ્વા પોતે નિર્ભયપણે કરવા લાગ્યો. તારાબાઇ રાજકારભારમાં કુશળ હોવાથી આ વાત તેનાથી સહન થઇ શકી નહિ, તેથી તેણે પોતાના પૌત્રને પેશ્વાની સત્તામાંથી મુક્ત થવા ઉશ્કેર્યો. તેણે તેમ કરવા યત્ન તો કર્યો પણ તે નિષ્ફળ ગયો. તે ૩૮ વરસ નામનું રાજ્ય કરી ઇ. સ. ૧૭૭૮ માં અપુત્ર મરણ પામ્યો.

સતારાની ગાદીનો અંત—રાજારામના મરણ પછી એક ભોંસલે કુળના શાહુ નામે છોકરાને સતારાની ગાદીએ બેસાડવામાં આવ્યો.

તેણે છેલ્લા પેશ્વા **બાજીરાવ**ના વખતમાં પેશ્વાઇ તોડવાનો યત્ન કર્યો પણ તેમાં તે હાર્યો અને કેદ પકડાયો, અને મરણ પર્યંત કેદમાંજ રહ્યો. પણ જ્યારે ઇ. સ. ૧૮૧૮ માં અંગ્રેજોએ પેશ્વાનું રાજ્ય ખાલસા કર્યું, ત્યારે તેમણે સતારાની ગાદીએ શાહુના દિકરા **બાળાસાહેબ**ને બેસાડયો, પણ ઇ. સ. ૧૮૩૭ માં અંગ્રેજોએ પોતાની વિરૂદ્ધ તેનું વર્તન જણાયાથી, તેને ગાદી ઉપરથી ઉઠાડી મૂકી! તેના ભાઇ **આપાસાહેબ**ને ગાદી સોંપી. તે ઇ. સ. ૧૮૪૮ માં અપુત્ર મરણ પામવાથી અંગ્રેજોએ સતારા ખાલસા કરી પોતાના રાજ્ય સાથે જોડી દીધું. આ પ્રમાણે **મહાન શિવાજી**એ સ્થાપેલા મરાઠી રાજ્યની મોટી ગાદીનો ૧૮૫ વર્ષે અંત આવ્યો. પરંતુ તેના પૌત્ર શાહુના વખતમાં મરાઠી રાજ્યની એક નાની શાખા કોલ્હાપુરમાં સ્થાવામાં આવેલી તે આજે પણ ચાલે છે.

પ્રકરણ ૩૫.

પેશ્વાનું રાજ્ય ઇ. સ. ૧૭૧૪ થી ૧૮૧૮.

પેશ્વાનો ઉદય--મહાન શિવાજીના વખતથીજ પેશ્વા રાજકાજનું કામ કરતા અને મરેઠાઓ લડાઇનું કામ કરતા. આગળ જતાં જેમ જેમ મરાઠી સત્તા નબળી પડતી ગઇ, તેમ તેમ પેશ્વાનું જોર વધતું ગયું. શાહુ પોતે નાનપણથીજ દિલ્હીમાં મોગલ દરબારમાં ઉછરેલો હતો અને ત્યાંનો મોજશોખ તેણે ભોગવ્યો હતો. ગાદીએ બેઠા પછી પણ તેવોજ ઠાઠમાઠ ભોગવવો તેને ઘણોજ ગમતો હોવાથી, તેણે રાજકાજમાં બીલકુલ લક્ષ આપ્યું નહિ અને તમામ સત્તા તેણે પેશ્વાને સોંપી દીધી. પેશ્વા પણ સમયનો લાભ લેઇ તેને જોઇએ તે કરતાં પણ વધારે માન આપી તેને હમેશાં ખુશ રાખતા. આ પ્રમાણે તેઓએ પોતાનું ચલણ રાજ્યમાં એટલું બધું

વધારી દીધું કે તેમના હાથમાં શાહુ તો એક પુતળા જેવો બની ગયો હતો. શાહુના આવવાથી સતારાની ગાદીના બે ભાગ પડી જઇ બીજી ગાદી કોલ્હાપુરમાં સ્થપાઇ હતી. આથી કેટલાક મરાઠાઓ શાહુની વિરૂદ્ધ પડ્યા હતા. વળી દક્ષિણના મુલકો ઉપર દિલ્હીના બાદશાહે મુકેલા સુબાઓનું જોર વધારે હતું. આથી પોતાના મરાઠી રાજ્ય ઉપર તેમજ જીતેલા મુસલમાની મુલકો ઉપર પોતાની સત્તા જાળવવાનું કામ શાહુથી બને તેમ નહોતું. અત્યાર સુધી તો પેશ્વા ફક્ત રાજકાજનું કામ કરતા, પણ લડાઇનું કામ કરતા નહોતા, પરંતુ શાહુના વખતમાં તેમને તે કામ પણ માથે લેવું પડ્યું. આ વખતે **બાલાજી વિશ્વનાથ** પેશ્વા હતો. તેણે પોતાની હુંશીયારીથી મરાઠાઓને કાબુમાં રાખ્યા, એટલુંજ નહિ પણ મુગલ બાદશાહના દક્ષિણના સુબા હુસેનને હરાવી મરાઠી સત્તાનો તેણે ઘણો વધારો કર્યો હતો. શાહુ રાજાએ તેની બહાદુરી અને હોંશીયારીથી ખુશી થઇ રાજ્યની સ્વતંત્ર સત્તા તેને સોંપી દીધી. શાહુ રાજાના વખતથીજ પેશ્વાનું પ્રબળ વધવાથી બાલાજી વિશ્વનાથ એ પહેલા પેશ્વા તરિકે ઓળખાય છે. જો કે શાહુએ લગભગ ૪૦ વર્ષ રાજ્ય કર્યું, તોપણ તે ફક્ત નામનુંજ હતું.

બાલાજી વિશ્વનાથ–પહેલો પેશ્વા—ઇ. સ. ૧૭૧૪ થી ૧૭૨૦. એ પ્રથમ કોઇ ગામડામાં મહેતાનું કામ કરતો. આગળ જતાં પોતાની અક્કલ હોંશીયારીથી તે સારી પદ્દી મેળવતો ગયો. તે લડાઇના કામમાં ઘણોજ કુશળ હતો. આવા અનેક ગુણોને લીધે તે શાહુ રાજાના વખતમાં પેશ્વાની પદ્દી મેળવી શક્યો. તેના વખતમાં મોગલ બાદશાહના દક્ષિણના સુબા સૈયદ હુસેને મરેઠી રાજ્ય ઉપર ચઢાઇ કરી, પણ બાલાજી વિશ્વનાથે તેને એવી તો સજ્જડ હાર ખવરાવી કે જેથી હુસેનને સંધી કરવાની ફરજ પડી. આ સંધીથી પેશ્વાએ આખા દક્ષિણમાં ચોથ તથા સરદેશમુખી[1] ઉઘ-

---

૧. ટીપ—**ચોથ** એટલે ઉપજનો ચોથો ભાગ અને **સરદેશમુખી** એટલે જમીનની ઉપજનો દશમો ભાગ.

રાવવાનો હક્ક મેળવ્યો, અને શાહુ મહાન શિવાજીના તમામ મુલ્કોનો સ્વતંત્ર રાજા તરિકે મનાવા લાગ્યો. આગળ જણાવ્યા પ્રમાણે સતારાની ગાદીના બે ભાગ પડયા હતા. હુસેનના ગયા પછી દક્ષિણનો સુબો નિઝામ-ઉલ્-મુલ્ક હતો. તે આ બે મરાઠી રાજ્યની ગાદી વચ્ચે માંહોમાંહે કલહ થાય એવી યુક્તિ રચતો હતો. તેને પણ પેશ્વાએ હરાવી રાજ્યમાં સારી શાંતિ રાખી હતી. તે પેશ્વાઇનો કુલ કારભાર પોતાના મોટા પુત્ર **બાજીરાવ**ને સોંપી ઈ. સ. ૧૭૨૦ માં મરણ પામ્યો.

પ્રકરણ ૩૬.

બાજીરાવ—બીજો પેશ્વા.

બાજીરાવ-બીજો પેશ્વા—ઈ. સ. **૧૭૨૦ થી ૧૭૪૦.** એ પણ પોતાના બાપના જેવોજ રાજકાર્યમાં કુશળ અને લડાઇના કામમાં પણ તેવોજ બહાદૂર હતો. તેના બાપે આખું દક્ષિણ તાબે કર્યુંજ હતું. હવે એણે મોગલ રાજ્યને પાયમાલ કરી મરાઠી રાજ્યનો વાવટો અટક સુધી ઉડાવવા નિશ્ચય કર્યો. આ વખતે દક્ષિણનો સુબો નિઝામ-ઉલ્-મુલ્ક હતો. તે મરાઠાઓની સત્તા વધતી અટકાવવા બાજીરાવને સંકટમાં લાવી મુકતો, પરંતુ બાજીરાવ પોતાની અક્કલ હોંશીયારીથી તે સંકટ દૂર કરી શકતો હતો. પ્રથમ નિઝામ-ઉલ્-મુલ્કે કોલ્હાપુરના રાજાને સતારાની ગાદીનો નીમે ભાગ લેવાને ઉશ્કેર્યો અને પોતે બાદશાહ તરફથી પ્રતિનિધિ તરિકે મરેઠી રાજ્યનો ભાગ નક્કી કરી આપવા ઠરાવ્યું. બાજીરાવને આ વાતની ખબર પડતાં તેણે નિઝામના રાજ્ય ઉપર સ્વારી કરી તેને નમાવ્યો. પછી તેણે કોલ્હાપુરના રાજા સંભાજીને હરાવી તેને કોલ્હાપુર અને તેની આસપાસનો થોડો મુલક આપી, બાકીના તમામ મરાઠી રાજ્યોપર શાહુની સત્તા કબુલ કરાવરાવી. પછી તે દિલ્લી તરફ જવા નિકળ્યો.

દિલ્લી જતાં વચમાં નડેલી અડચણ—ત્રિંબકરાવ દાભાડે નામના મરાઠા સરદારે પીલાજી ગાયકવાડની મદદથી ગુજરાતના સુબા **હુંમદખાં** પાસેથી ચોથ ઉઘરાવવાનો હક્ક મેળવ્યો હતો. પરંતુ દિલ્લી જતાં બાજીરાવે એ ચોથ ઉઘરાવી. આથી દાભાડે નાખુશ થયો, અને નિઝામની ઉશ્કેરણીથી તે બાજીરાવના સામો થયો પણ હાર્યો અને મ. રાયો. પણ બાજીરાવે મરાઠી સરદારોને ખુશ રાખવા માટે તેના દિકરાને સેનાપતિની જગા આપી, પણ તે નાનો હોવાથી પીલાજી ગાયકવાડને તેનો રક્ષક નિમ્યો. આ પીલાજીના કાકા દામાજીને પ્રથમ સમશેર બહાદુરનો ઇલકાબ મળેલો હતો અને બાજીરાવે પીલાજીને શાહુ મહારાજા પાસે આ વખતે સેનાખાસખેલનો ઇલકાબ અપાવ્યો (આ પીલાજી વડોદરાની ગાદીનો સ્થાપનાર હતો અને તેથીજ આજે પણ વડોદરાના મહારાજા **સેનાખાસખેલ સમશેર બહાદુર કહેવાય છે**). આ પ્રમાણે બાજીરાવે મરાઠી સરદારોને પોતાના પક્ષમાં મેળવી લીધા.

ભોપાળની લડાઈ—પેશ્વા નર્મદાથી ચંબલ સુધીનો મુલક સર કરતો કરતો છેક દિલ્લી સુધી આવી પહોંચ્યો. આ વખતે દિલ્લીની ગાદી ઉપર મોગલ બાદશાહ **મહમંદશાહ** રાજ્ય કરતો હતો. તે મોજશોખમાં પડી ગયો હતો તેથી તેણે બાજીરાવ પેશ્વાની માગણીઓ કબુલ કરી સલાહ કરી. એ કરારની નિઝામ-ઉલ્-મુલ્કને ખબર પડતાં તેણે દિલ્લી જઇ બાદશાહને મરાઠા સામે લઢવાને ઉશ્કેર્યો. તેથી બાદશાહે તેને પૈસાની તેમજ લશ્કરની મદદ આપવાથી તે બાજીરાવના સામો આવ્યો. મરાઠાઓ તેમજ મુસલમાનો વચ્ચે **ભોપાળ** આગળ ભારે યુદ્ધ થયું ઇ. સ. ૧૭૩૮, પણ નિઝામ-ઉલ્-મુલ્ક હાર્યો અને તેણે મરાઠા સાથે સંધી કરી. સંધીમાં એવું ઠર્યું કે આખો માળવા પ્રાંત અને નર્મદાથી ચંબળ સુધીનો તમામ મુલક મરાઠાઓને આપવો, અને લડાઇના ખર્ચ પેટે પચાસ લાખ રૂપીઆ નિઝામે બાદશાહ પાસેથી તેમને અપાવવા. આ શરતો નક્કી કરી બાજીરાવ પાછો સતારે ગયો, જ્યાં તે ઇ. સ.

૧૭૪૦ માં મરણ પામ્યો. તેણે પોતાના સરદારોએ બજાવેલી **નોકરીની** બુજ કરી, **મલ્હારરાવ હોલકરને** ઈંદોરમાં, **પીલાજીરાવ ગાયકવાડને** ગુજરાતમાં, **રાણોજી સિંધીયાને** ગ્વાલીયરમાં, અને **રાઘોજી ભોસલેને** વરાડમાં-સુબા તરીકે નિમી તેમને ચોથ ઉઘરાવવાનો હકક આપ્યો. આ સરદારો આગળ ઉપર પેશ્વાઈ નબળી પડતાં સ્વતંત્ર થઇ જઇ રાજ્ય કરવા લાગ્યા, બાજીરાવને બે દિકરા હતા, **બાલાજી બાજીરાવ** અને **રઘુનાથરાવ** (રાઘોબા).

પ્રકરણ ૩૭

બાલાજી બાજીરાવ.

બાલાજી બાજીરાવ-ત્રીજો પેશવા-ઈ. સ. **૧૭૪૦ થી ૧૭૬૧** બાજીરાવના મરણ પછી તેનો છોકરો **બાલાજી બાજીરાવ** પેશ્વા નિમાયો. શરૂઆતમાં તેને રાઘોજી ભોંસલે તરફથી ઘણી અડચણો વેઠવી પડી, પરંતુ તે પોતાના બાપદાદાઓના જેવો બાહોશ હોવાથી સઘળી અડચણો દુર કરી પોતાની સત્તા વધારતો ગયો. ઈ. સ. ૧૭૪૮ માં શાહુના મરણથી ફરી પાછા મરાઠા લોકો બ્રાહ્મણોની સામે થયા, અને રાઘોજીએ તેમને મદદ કરી, પણ બાલાજીએ તેને ફોડી પોતાના પક્ષમાં લેઇ લીધો. સતારાની ગાદીઉપર કોલ્હાપુરની ગાદીના વંશજ રાજારામને બેસાડી પોતે કુલ કારભાર કરવા લાગ્યો. આ રાજારામે તેનાથી સ્વતંત્ર થવા યત્ન તો કર્યો પણ તેમાં તે ફાવી શકયો નહીં. એ વરસમાં પેશ્વાનું જોર એટલું તો વધી પડયું કે તેણે તમામ મરાઠી સરદારોને વશ કરી, પોતે પુનામાં ગાદી સ્થાપી ત્યાં રાજા તરીકે સ્વતંત્રપણે રાજ્ય કરવા લાગ્યો. ઇ. સ. ૧૭૫૧.

પેશ્વાનો વિજય વાવટો—મરાઠા સરદારો એક પછી એક દેશ

જીતી લેઇ તાબે કરવા લાગ્યા, ભોંસલે **ઓરિસા** જીતી લેઇ બંગાળા તરફ ગયો. હોલકરે **બુંદેલખંડ** સર કર્યું અને રાઘોબા મુલકો સર કરતો કરતો છેક પંજાબસુધી જઇ પહોંચ્યો. આ વખતે પંજાબમાં અફઘાનિસ્તાનના અહમદશાહ દુરાનીનો મુકેલો સુબો હતો. રાઘોબાએ તેને હરાવી નસાડયો. આ પ્રમાણે ઘણા ખરા મરાઠા સરદારો ઉત્તર હિંદમાં વિજય કરતા હતા તે વખતે દક્ષિણ હિંદમાં પેશ્વા નિઝામને તાબે કરવા રોકાયલો હતો. નિઝામ પેશ્વાની વધતી જતી સત્તાને અટકાવવાનો યત્ન કરતો હતો. તેની સામે પેશ્વાએ પોતાના સરદાર સદાશીવરાવ ભાઉને મોકલ્યો. તેણે **ઉદગીર** આગળ નિઝામને હરાવી તેને સલાહ કરવાની ફરજ પાડી. આથી નિઝામે અહમદનગર અને બીજો કેટલોક મુલક પેશ્વાને આપ્યો, ઇ. સ. ૧૭૬૦. આ પ્રમાણે પેશ્વાનો વિજયવાવટો આખા હિંદુસ્તાનમાં ફરકવા લાગ્યો. પણ 'ચડે તે પડે' એ કહેવત પ્રમાણે આ પેશ્વાના વખતમાં મરાઠી સત્તા પૂર્ણ કળાએ પહોંચી અને એનાજ વખતમાં તેને સખત ધોકો લાગ્યો.

પાણીપતની લડાઇ અને મરાઠી સત્તાને પહોંચેલો ધોકો—અહમદશાહ દુરાનીના મુકેલા સુબાને મરાઠાઓએ હરાવી પંજાબ સર કર્યું, એ વાતની તેને ખબર પડતાં તે એક મોટું લશ્કર લેઇ હિંદુસ્તાન ઉપર ચડી આવ્યો. આ વખતે સિંધીયા અને હોલકર ઉત્તર હિંદમાં પોતાની સત્તા બેસાડતા હતા, તેમને હરાવી દુરાની છેક દિલ્લી સુધી આવી પહોંચ્યો. આ વાત પેશ્વાને કાને આવી એટલે તે એટલો બધો ઝનુનમાં આવી ગયો કે તેણે હિંદમાં હિંદુ રાજ્ય સ્થાપવાનો નિશ્ચય કરી એક જબરૂં લશ્કર તૈયાર કર્યું અને તેની સરદારી ઉદગીરના વિજયી સદાશીવરાવ ભાઉને આપી, અને તેની મદદમાં જવાને તમામ મરાઠા સરદારોને ફરમાવ્યું. તે પ્રમાણે તમામ સરદારો પોતપોતાના લશ્કર સાથે તેને રસ્તામાં આવી મળ્યા. આ હિંદુ અને મુસલમાન વચ્ચેનું યુદ્ધ હોવાથી હિંદુ લોકો મરાઠાઓના

લશ્કરમાં સામેલ થયા. ઘણા રજપૂત રાજાઓ તેમજ જાટ રાજા **સૂરજમલ** પણ મરાઠી લશ્કરમાં આવી મળ્યો. આણી તરફ દુરાનીને પણ અયોધ્યાના નવાબ **સુજા-ઉદ્-દૌલ્લા**ની અને **રોહીલા** લોકોની મદદ આવી પહોંચી હતી. સૂરજમલ વિગેરે કેટલાક હિંદુ સરદારોએ મરાઠા સરદાર ભાઉને, મહાન શિવાજીએ વાપરેલી યુક્તિપ્રમાણે મુસલમાનોને હેરાન કરી, લડાઇ લંબાવવા સૂચના કરી, પરંતુ ભાઉ પોતાને ઉદ્‌ગીરની લડાઇમાં મળેલી ફત્તેહથી એટલો બધો મગરૂર બની ગયો હતો કે તેણે કોઇની પણ સલાહ માની નહિ અને તે સામે મોંઢે લડાઇ કરવા ઉતરી પડ્યો. મુસલમાનો અને હિંદુઓ વચ્ચે **પાણીપત**ના મેદાનમાં ત્રીજી વખત ભારે યુદ્ધ થયું. અફ્ઘાનીસ્તાનના પ્રચંડ યવનો સામે મરાઠાઓ થોડી વાર ટકી શક્યા તો ખરા પણ એટલામાં પેશ્વાનો છોકરો વિશ્વાસરાવ અને સદાશીવભાઉ બન્ને મરાયા. આથી લશ્કરમાં ભંગાણ પડ્યું અને મુસલમાનોએ વધારે જોરપર આવી મરાઠી લશ્કરના લગભગ બે લાખ માણસોને કતલ કરી નાંખ્યાં. આવી ભારે ખુવારી કોઇ લડાઇમાં જોવામાં આવી નથી. આ પ્રમાણે નર્મદાથી ઉત્તરના મુલકો ઉપર મરાઠી સત્તા નાશ પામી. આ હારથી અને પોતાના પુત્ર તેમજ ઘણા ખરા મરાઠા વીરોના મરણના શોકથી પેશ્વા પણ તેજ વરસમાં મરણ પામ્યો. ઇ. સ. ૧૭૬૧.

માધવરાવ—ચોથો પેશ્વા—ઇ. સ. **૧૭૬૧ થી ૧૭૭૨**. બાલાજીના મરણ પછી તેનો પુત્ર **માધવરાવ** પેશ્વા થયો. તે પુખ્ત ઉમરનો થયેલો ન હોવાથી તેના કાકા રાઘોબાને તેના પ્રતિનિધિ તરીકે નિમવામાં આવ્યો. પરંતુ તેની સાથે નહિ બનવાથી થોડા વખતમાં માધવરાવે તેની પાસેથી તમામ સત્તા લેઇ લીધી, અને તેને કેદ કરી પોતે સ્વતંત્રપણે રાજ્ય કરવા લાગ્યો.

મરાઠી સત્તાનો પુનરૂદ્ધાર—માધવરાવ પોતાના બાપ જેવો બહાદૂર અને હોંશીયાર હતો. તેણે પોતાના બાપની ગયેલી કીર્તિ

પાછી મેળવી. તેના વખતમાં મ્હૈસુરમાં **હૈદરઅલી** સ્વતંત્ર રાજ્ય સ્થાપી પોતાની સત્તા જમાવતો હતો. પેશ્વાએ જાતે જઇ તેને હરાવ્યો અને તેની પાસેથી કેટલોક મુલક લીધો. ત્યાર પછી તેણે ઉત્તરમાં ચંબલ નદી સુધી પહોંચી કેટલાંક રજપૂત રાજ્યો જીતી રજપૂત રાજાઓ પાસેથી ખંડણી લીધી. સિંધીયાએ રોહીલખંડ જીતી લીધું અને વળી દિલ્લીના નામના બાદશાહ **શાહઆલમ** બીજાએ તેનો આશ્રય લેવાથી દિલ્લી અને તેની આસપાસનો મુલક પણ મરાઠાઓના તાબામાં આવ્યો. આ પ્રમાણે પેશ્વાની ઝાંખી થયેલી કીર્તિને પુનઃ પ્રાપ્ત કરી માધવરાવ લગભગ ૧૧ વર્ષ રાજ્ય કરી ઇ. સ. ૧૭૭૨ માં મરણ પામ્યો.

પ્રકરણ ૩૮.

પાંચમો અને છઠ્ઠો પેશ્વા.

નારાયણરાવ-પાંચમો પેશ્વા—ઇ. સ. ૧૭૭૨ થી ૧૭૭૩. માધવરાવને પુત્ર ન હોવાથી તેનો નાનો ભાઇ **નારાયણરાવ** ગાદીએ બેઠો. માધવરાવના મરણ પહેલાં તેનો કાકો રાઘોબા કેદમાંથી છુટો થયો હતો. નારાયણરાવ ગાદીએ બેઠા પછી એક વર્ષમાં એકાએક તેનું ખૂન થયું. આ ખૂન કોણે કર્યું તે હજુ સુધી કોઇના જાણવામાં આવ્યું નથી, પરંતુ ઘણાખરા મરાઠા સરદારોને તેના કાકા રાઘોબા ઉપર વહેમ ગયો હતો.

રાઘોબા—નારાયણરાવના ખૂનથી જુનાનું રાજમંડળ રાઘોબાની સામું થયું. પણ તે ઘણો બાહોશ અને બહાદૂર લડવૈયો હોવાથી જે સામા થયા તેને તાબે કરી ગાદીએ બેઠો. આ કુસંપનો લાભ લેઇ હૈદ્રાબાદના **નિઝામઅલીએ** મરાઠાઓનો કેટલોક મુલક જીતી લીધો. આથી રાઘોબાએ નિઝામના રાજ્યપર ચઢાઇ કરી અને તેને હરાવી સંધી કરવાની ફરજ પાડી. નિઝામે તેને કેટલોક મુલક આપી પોતાનો ખજાનો

સોંપી દઈ જેટલું જોઇએ તેટલું લેવાનું કહ્યું. આવી નિઝામની ઉદારતા જોઇ રાઘોબાએ પોતે લીધેલો મુલક પણ તેને પાછો સોંપી દીધો.

બીજો માધવરાવ--છઠ્ઠો પેશ્વા—ઇ. સ. **૧૭૭૩ થી ૧૭૯૫.** ઉપર બતાવ્યા પ્રમાણે રાઘોબા નિઝામ સાથે લડાઇમાં રોકાયેલો હતો તે-વામાં નારાયણરાવની વિધવા સ્ત્રીને છોકરો સાંપડયો. પુનામાંના કેટલા મુખ્ય સરદારોએ એક મતે તેને **માધવરાવ બીજા** તરીકે માની તેની વતી રાજ્ય કારભાર કરવા એક રાજમંડળ નિમ્યું અને તેના પ્રતિનિધિ તરીકે **નાનાફડનવીસ**ને નિમ્યો. આ વાતની ખબર પડતાં રાઘોબા નિઝામના રાજ્યમાંથી પુને આવવા નીકળ્યો, પણ પુનાના રાજમંડળે તેની સામા લશ્કર મોકલ્યું. રાઘોબાએ તે લશ્કરને હરાવી પાછું કાઢયું. આ વખતે તેણે પુને આવી એકદમ ગાદીનો કબજો કરી લીધો હોત પણ તેમ નહિ કરતાં તે બા'રોબાર ગુજરાત તરફ ચાલ્યો ગયો.

અંગ્રેજો—મોગલાઈ રાજ્યના અંતમાં બતાવ્યા પ્રમાણે અંગ્રેજ લોક વેપાર માટે હિંદમાં આવી રહ્યા હતા. તેઓએ **મુંબઇ, મદ્રાસ અને કલકત્તા** વિગેરે ઠેકાણે પોતાની કોઠીઓ ઘાલી હતી. ઇ. સ. ૧૭૬૧ માં તેઓએ ફ્રેંચને હરાવી પોતાની સત્તા શ્રેષ્ઠ કરી હતી. પરંતુ હજુ તેઓએ હિંદના મુલકો જીતી લેઇ પોતાનું રાજ્ય સ્થાપ્યું નહોતું. હવે તેમણે પોતાની યુકિત રાજ્ય સંપાદન કરવા તરફ લગાડી. બેની લડાઇ થાય તો એક પક્ષને આશ્રય આપી રાજ્યનો વિસ્તાર વધારવો એજ તેમની ધારણા હતી. આ વખતે મોગલ શહેનશાહત તો તદન નબળીજ પડી ગઇ હતી. મરાઠાઓ અને બ્રાહ્મણ વર્ગના માંહો-માંહેના કુસંપથી મરાઠી સત્તા પણ નબળી પડવા માંડી હતી. આ કુસંપનો લાભ લઇ અંગ્રેજોએ પોતાની સત્તા પ્રબળ કરવા માંડી. બેની લડાઇમાં ત્રીજાનું કામ થાય એ કહેવત પ્રમાણે અંગ્રેજો એકને આશ્રય આપી એકપછી એક એમ મુલકો સર કરતા ગયા. આખરે તેઓએ એક જબરૂં રાજ્ય સ્થાપ્યું, જેના પ્રતાપથી હાલ આપણે ખુલ્લે બારણે સુખ-

શાંતિમાં રહીએ છીએ. અંગ્રેજ લોકોનો ઇતિહાસ આગળ આવશે ત્યારે તેમના સંબંધી સવિસ્તર હકીકત કહેવામાં આવશે.

મરાઠી પહેલો વિગ્રહ—ગુજરાત ભણી ગયા પછી રાઘોબાએ સુરત જઈ મુંબઇના ગવર્નરની મદદ માગી, એટલે પુનાના રાજમંડળે કલકત્તાના ગવર્નરની મદદ માગી. પરંતુ છેવટે અંગ્રેજોએ રાઘોબાનો પક્ષ લીધો અને તેમની અને મરેઠાઓની વચ્ચે યુદ્ધ થયું. આવું યુદ્ધ તેમની વચ્ચે હિંદુસ્તાનમાં ચાર વખત થયેલું હોવાથી આ યુદ્ધને **મરાઠી પહેલો વિગ્રહ** કહે છે. આ યુદ્ધનો અંત **સાલબાઈ**ની સંધીથી આવે છે. આ બધો ઇતિહાસ અંગ્રેજ લોકોના વખતમાં બનેલો હોવાથી તેની સવિસ્તર હકીકત **વૉરન હેસ્ટીંગ્સ**ના વખતમાં કહેવામાં આવશે.

ખરડાની લડાઈ—સાલબાઇની સંધીથી રાઘોબાને રાજ્ય ન મળતાં તેને પેન્શન બાંધી આપવામાં આવ્યું. ત્યાર પછી ૧૩ વર્ષ સુધી એટલે ઇ. સ. ૧૭૯૫ સુધી પેશ્વાની વતી કુલ કારભાર નાનાફડનવીસે સુખશાંતિથી ચલાવ્યો, પણ એટલામાં ફરી લડાઇનો પ્રસંગ આવ્યો. ઉદ્દગીરની લડાઈમાં હારી નિઝામે કબુલ કરેલી ખંડણી મરાઠાઓને આપી નહિ. તેથી નાનાફડનવીસે તમામ મરાઠા સરદારોને બોલાવી તે ખંડણી વસુલ કરવા નિઝામના રાજ્ય ઉપર ચઢાઇ કરી. આ વખતે તમામ મરાઠા સરદારો પેશ્વાની સરદારી નીચે છેલ્લી વખતજ ભેગા થયા હતા. નિઝામ અને મરાઠા વચ્ચે **ખરડા** આગળ ભારે યુદ્ધ થયું, તેમાં નિઝામ હાર્યો અને તેણે ખંડણી આપવી કબુલ કર્યું.

છઠ્ઠા પેશ્વાનું મરણ—બીજો માધવરાવ પેશ્વા ૨૨ વર્ષનો ઉમરનો થયો તોપણ તેને રાજ્યકારભાર સોંપવામાં આવ્યો નહિ અને નાનાફડનવીસ સઘળો કારભાર મનસ્વીપણે કરતો હતો. પેશ્વાએ તેના હાથમાંથી બધી સત્તા લેઇ લેવા પ્રયત્ન કર્યો પણ તેમાં તે ફાવ્યો નહિ.

વળી રાઘોબાનો પુત્ર બાજીરાવ તેનો નાનપણનો મિત્ર હતો, તેને નાના-ફડનવીસે કેદ કર્યો હતો. તેને છુટો કરવા પેશ્વાએ નાનાને ઘણું કહ્યું, છતાં તેણે માન્યું નહિ. આવી રીતે નાનાફડનવીસના હાથમાં પુતળા તરીકે રહી રાજા કહેવડાવવું તેને પસંદ પડયું નહિ તેથી તે અગાસી ઉપરથી પડી ઈ. સ. ૧૭૯૫ માં મરણ પામ્યો.

પ્રકરણ ૩૯.

સાતમો પેશ્વા અને પેશ્વાઈનો અંત.

બાજીરાવ બીજો-સાતમો પેશ્વા—ઈ. સ. ૧૭૯૬ થી ૧૮૧૮. માધવરાવ બીજાના મરણ પછી રાઘોબાના પુત્ર બાજીરાવને ગાદી મળી. તે તેના બાપના જેવો બહાદૂર નહોતો તોપણ નાનાફડનવીસની ચાલાકીથી પેશ્વાઈ જળવાઈ રહી. ઈ. સ. ૧૮૦૦ માં તેના મરણથી પેશ્વાઈનો અસ્ત થવા માંડ્યો. બાજીરાવ પોતે રાજ્યકાજના કામમાં કુશળ નહિ હોવાથી **દોલતરાવ** સિંધીયાના કહ્યા પ્રમાણે ચાલતો હતો. એટલામાં **જસવંતરાવ** હોલકરે સિંધીયા અને પેશ્વાના એકત્ર થએલાના લશ્કરને ઈ. સ. ૧૮૦૧ માં **પુના** આગળ હરાવ્યું. તેથી બાજીરાવે **વસાઈ** નાશી જઈ અંગ્રેજનો આશ્રય લીધો અને ત્યાં તેણે અંગ્રેજ સાથે સંધી કરી, ઈ. સ. ૧૮૦૨.

વસાઈની સંધી—સંધીમાં એવું ઠર્યું કે-પેશ્વાના રાજ્યનું રક્ષણ કરવાને અંગ્રેજે પુનામાં એક લશ્કર રાખવું અને તેના ખર્ચપેટે પેશ્વાએ અંગ્રેજને ૨૬ લાખની ઉપજનો મુલક આપવો. પેશ્વાએ પોતાના રાજ્યમાં અંગ્રેજના કોઈ પણ દુશ્મનને રાખવો નહિ. સુરત અંગ્રેજને આપવું અને ગાયકવાડ અને નિઝામ વચ્ચેની સરહદની તકરારનો ચુકાદો અંગ્રેજ સરકારે કરવો.

વસાઈની સંધીની અસર—પેશ્વાએ વસાઇની સંધી સિંધીયા, હોલ્કર, ભોંસલે વિગેરે મુખ્ય સરદારોને પુછ્યા શિવાય કરેલી હોવાથી તેઓએ તે સંધી કબુલ કરી નહિ. અને તેથી તેઓએ ઐકય કરી પેશ્વાઇ તોડી મહાન શિવાજીએ સ્થાપેલા મરાઠી રાજ્યનો પુનરૂદ્ધાર કરવાનો ઇરાદો કર્યો અને અંગ્રેજ સાથે તેઓ યુદ્ધમાં ઉતર્યા. સિંધીયા અને ભોંસલેના અંગ્રેજ સાથે થયેલા યુદ્ધને **મરાઠી બીજો વિગ્રહ** કહે છે. અને હોલ્કર અને અંગ્રેજ વચ્ચે જે યુદ્ધ થયું તેને **મરાઠી ત્રીજો વિગ્રહ** કહે છે. આ બંને વિગ્રહ **મારક્વીસ ઑફ વેલેસ્લી**ના વખતમાં થયેલા હોવાથી તેનો પૂર્ણ હેવાલ તેના વખતમાં કહેવામાં આવશે.

પેશ્વાઇનો અંત—વસાઇની સંધીથી અંગ્રેજે પેશ્વાના રક્ષણ માટે પુનામાં લશ્કર રાખ્યું હતું, તોપણ તેમના રક્ષણ નીચે રહેવું તેને ગમતું નહોતું. છતાં સિંધીયા અને હોલ્કર આગળ પોતાની સત્તા જાળવી રાખવી તેને અશકય લાગવાથી તે દસ વરસ સુધી શાંતપણે બેશી રહ્યો. પણ ઇ. સ. ૧૮૧૩ માં **ત્રિંબકજી ડેંગ્લેની** શીખવણીથી સિંધીયા અને હોલ્કર સાથે ઐકય કરી પોતાની સત્તા પુનઃ પ્રાપ્ત કરવાને ઇરાદે પેશ્વાએ અંગ્રેજ સાથે લડાઇ આરંભી. આ વિગ્રહને **મરાઠી ચોથો વિગ્રહ** કહે છે. તે ગવર્નર જનરલ **મારક્વીસ ઑફ હેસ્ટીંગ્સ**ના વખતમાં થયેલો હોવાથી તેની સવિસ્તર હકીકત તેની કારકીર્દિમાં આપવામાં આવશે. બાજીરાવ આ લડાઇમાં હારીને કર્ણાટક નાશી ગયો. આથી અંગ્રેજોએ પુના ખાલસા કરી પેશ્વાઇનો અંત આણ્યો. ત્યાર પછી તેઓએ સતારા જીત્યું અને ત્યાંની જુની ગાદીઉપર **બાળાસાહેબને** બેસાડી સતારા ઉપરનો પેશ્વાઇનો હકક કાઢી નાંખ્યો. પછી બાજીરાવ અંગ્રેજોને શરણે ગયો ત્યારે તેઓએ તેને આઠ લાખનું પેન્શન બાંધી આપી કાનપુર આગળ **બિથોરમાં** રાખ્યો. ઇ. સ. ૧૮૧૮.

પ્રકરણ ૪૦.

મરાઠી રાજ્યના મુખ્ય સરદારો.

રાણોજી સિંધીયા—એ બાલાજી વિશ્વનાથનો ઘોડેસ્વાર હતો. તે પોતાની બહાદૂરીથી અને અકકલ હોંશીયારીથી તેનો રક્ષક નિમાયો હતો. આગળ જતાં તેને એક મોટા સરદારની જગા મળી. તે સિંધીયાના નામે ઓળખાય છે, અને હાલ પણ તેના વંશજો સિંધીયા કહેવાય છે. બીજા પેશ્વા બાજીરાવે તેને માળવા જીતવા મોકલ્યો, ત્યાં તેણે મરાઠી સત્તા બેસાડી ચોથ ઉઘરાવવાનો હકક મેળવ્યો. તેણે પોતાની બહાદૂરીથી ઉત્તર હિંદુસ્તાન તાબે કર્યું. બીજા પેશ્વા બાજીરાવે તેની હોંશીયારીથી ખુશ થઈ તેને ગ્વાલિયરમાં સુબા તરીકે નિમ્યો. હાલ પણ ગ્વાલીયર અને તેની આસપાસનો મુલક તેના વંશજોને તાબે છે.

મહાદજી સિંધીયા—એ રાણોજી સિંધીયાનો અનૌરસ પુત્ર હતો. તેણે બુંદેલખંડ, રોહીલખંડ વિગેરે દેશો જીતી મરાઠી સત્તા ઘણી વધારી, તેમજ તેણે રજપૂત રાજાઓને જીતી રજપૂતાનામાં પણ ચોથ ઉઘરાવવાનો હકક મેળવ્યો. આ પ્રમાણે એક પછી એક મળેલી ફત્તેહથી ફુલાઇ જઇ તેણે બંગાળામાં અંગ્રેજો પાસેથી પણ ચોથ લેવાનો પ્રયત્ન કર્યો પણ તે નિષ્ફળ થયો. તેણે પોતાના લશ્કરને અંગ્રેજના લશ્કર જેવી કવાયત વિગેરેની કેળવણી અપાવવા એક ફ્રેંચ સરદાર **કાઉન્ટ ડી બાઇન**ને રાખ્યો હતો. તેણે લશ્કરને કેળવી ઘણા સારા પાયાપર લાવી મુકયું હતું. મરાઠી પહેલા વિગ્રહમાં અંગ્રેજો વિરૂદ્ધ મરાઠા સરદારોએ કરેલા ઐકયમાં તે પણ હતો. તેથી જનરલ કર્નાકે તેના રાજ્યપર સ્વારી કરી તેને હરાવી, સલાહ કરવાની ફરજ પાડી. આ વખતે દક્ષિણમાં **હૈદરઅલી**નું જોર વધતું હતું, તેથી કલકત્તાના ગવર્નર જનરલ **વૉરન-હેસ્ટીંગ્સ**ને મરાઠાઓની મદદથી હૈદરની સત્તા તોડવાનું યોગ્ય લાગવાથી

તેણે સિંધીયાને ફોડી પોતાના પક્ષમાં લીધો. એટલે સિંધીયાએ પોતે અંગ્રેજો સાથે સંધી કરી તેથી પેશ્વાના દરબારમાં પોતાનું માન ઓછું ન થાય એટલાજ માટે **સાલબાઇ** મુકામે પેશ્વા અને અંગ્રેજ વચ્ચે સંધી કરાવવામાં તે કારણભૂત થયો હતો. આગળ જતાં તેણે દિલ્લી અને આગ્રા જીતી લેઇ ત્યાંના મોગલ બાદશાહ **શાહઆલમ**ને પોતાને શરણે રાખ્યો હતો. તેની સત્તા ધીમે ધીમે ઘણીજ વધી તો ખરી પણ પોતાના લશ્કરનો તેમજ બાદશાહનો ખર્ચ નભાવવામાં તેને પૈસાની તાણ પડવા લાગી. આથી તેણે રજપૂત રાજાઓ ઉપર એવા તો ભારે કર નાંખ્યા કે તેઓ તેની સામા થયા અને તેને રજપૂતાના છોડી નાશી જવું પડ્યું. વળી તેણે મુસલમાન સરદારોની જાગીરો જપ્ત કરી તેથી મુસલમાનો પણ તેના સામા થયા. રોહીલખંડના જાગીરદારના પુત્ર **ગુલામકાદરે** દિલ્લીપર ચઢાઇ કરી, બાદશાહની આંખો ફોડી નાંખી તેને કેદ કર્યો. આથી સિંધીયા મોટું લશ્કર લેઇ તેનાપર ચઢી આવ્યો; તેણે ગુલામ કાદરને હરાવી મારી નાંખ્યો અને બાદશાહને છોડવ્યો. આથી બાદશાહે તેને વંશપરંપરાનો પ્રતિનિધિનો ખિતાબ આપ્યો અને **વકીલ-ઇ-મુતાલીક**નો જે ઇલકાબ નિઝામ-ઉલ-મુલ્કને મહંમદશાહે આપ્યો હતો તેજ ઇલકાબ પેશ્વાને આપ્યો. હવે બ્રાહ્મણોની સત્તા તોડી મહારાષ્ટ્રમાં પોતાની સત્તા સર્વોપરી કરવાનો નિશ્ચય કરી સિંધીયા પુના તરફ ઇ. સ. ૧૭૯૪ માં મોટું લશ્કર લેઇ જવા નિકળ્યો. આ વખતે છઠ્ઠો પેશ્વા માધવરાવ ૨૧ વર્ષની ઉમ્મરનો થયો હતો છતાં નાના ફડનવીસ રાજ્યનો કુલ કારભાર પોતે કરતો હતો. બાદશાહ તરફથી પોતે પેશ્વાને વકીલ -ઇ-મુતાલીકનો ઇલકાબ આપવા પ્રતિનિધી તરીકે આવે છે એમ સિંધીયાએ જણાવ્યું. દિલ્લીના નામના બાદશાહ તરફથી મરાઠાની મહાન સત્તાના ધણીને આ ઇલકાબ મળે તે ત્યાંના રાજમંડળને યોગ્ય ન લાગ્યું. પરંતુ સિંધીયાની ચડતી કળાને લીધે ત્યાંનું રાજમંડળ આડે આવી શક્યું નહિ. પોતે પેશ્વાનો ખાસદાર છે એમ કહેતો હતો પણ

નાનાને ખસેડી પેશ્વાને પોતાના કાબુમાં લેઇ, પોતાની સત્તા સર્વોપરી કરવા તે ગુપ્ત રીતે યુક્તિ રચતો હતો. પરંતુ એટલામાં ઇ. સ. ૧૭૯૪ માં તેના એકાએક મરણથી તેની ધારણા તેના મનમાંજ રહી ગઇ.

દોલતરાવ સિંધીયા--મહાદજી સિંધીયા પછી તેનો ભત્રિજો **દોલતરાવ** સિંધીયા ગાદીપર આવ્યો. તે પણ પોતાના કાકાના જેવોજ રાજકાર્યમાં કુશળ હતો. પણ નાનાફડનવીસ આગળ તેનું કંઇ પણ ચાલતું નહોતું. પરંતુ ઇ. સ. ૧૮૦૦ માં **નાનાના** મરણથી બાજીરાવ પેશ્વાને પોતાના તાબામાં લેઇ તે કુલ કારભાર કરવા લાગ્યો. જસવંતરાવ હોલ્કરને તેની સત્તાની ઇર્ષા થવાથી તેણે સિંધીયાના મુલક ઉપર સ્વારી કરી કેટલોક મુલક જીતી લીધો. દોલતરાવે પણ તેના મુલક ઉપર ચઢાઇ કરી તેની રાજધાનીનું શહેર ઇંદોર જીતી લીધું. આથી હોલકર મોટું લશ્કર લેઇ તેની સામો આવ્યો પણ તે હાર્યો ને નાશી ગયો. પણ થોડા વખત પછી સિંધીયાની બેદરકારીનો લાભ લેઇ ફરી પાછો તે લશ્કર ભેગું કરી તેની સામે ચઢી આવ્યો. ઇ. સ. ૧૮૦૧ માં પુના આગળ બંને લશ્કરનું ભારે યુદ્ધ થયું, તેમાં સિંધીયા હાર્યો અને નાશી ગયો. આ પ્રમાણે પેશ્વાએ પોતાનો આશ્રય જતો રહેવાથી વસાઇ મુકામે અંગ્રેજ સાથે સંધી કરી તેમનો આશ્રય લીધો. આ સંધીમાં પેશ્વાએ કરેલી સરતો સિંધીયાને પસંદ નહીં પડવાથી, તે ભોંસલે સાથે ઐકય કરી અંગ્રેજ સાથે યુદ્ધમાં ઉતર્યો. આને મરાઠી બીજો વિગ્રહ કહે છે. તેમાં તે હાર્યો છે, અને ઇ. સ. ૧૮૦૩ માં સીરજી અંજેન ગામ આગળ થયેલી સંધીની રૂએ તેણે અંગ્રેજનું ઉપરીપણું સ્વીકાર્યું છે.

મલ્હારાવ હોલ્કર—એ પોતાની બહાદુરીથી બીજા પેશ્વા બાજીરાવના વખતમાં મોટી પદ્વી મેળવી શક્યો હતો. તેણે મરાઠી સત્તા ફેલાવવામાં પેશ્વાને ઘણી મદદ કરી હતી. તેથી પેશ્વાએ તેને માળવાના ૮૪ ગામની

ચોથ ઉઘરાવવાનો હક્ક આપ્યો હતો. તે ઇંદોરમાં પોતાની ગાદી સ્થાપી ઇ. સ. ૧૭૬૬ માં મરણ પામ્યો. ત્યારપછી તેના વંશજો પેશ્વાઇ નબળી પડતાં ઇંદોરમાં સ્વતંત્રપણે રાજ્ય કરવા લાગ્યા. તેનો પુત્ર તેની હયાતી-માંજ મરણ પામ્યો હતો.

તુકાજી હોલ્કર—મલ્હારરાવના મરણ પછી તેનો પૌત્ર ગાદીઉપર આવ્યો પણ તે નાની વયમાં મરણ પામવાથી તેની મા **અહલ્યાબાઇ** સઘળો રાજકારભાર કરવા લાગી. તેણે **તુકાજી** હોલ્કર નામના સિલે-દારને દત્તક લેઇ ગાદીએ બેસાડયો. તુકાજી લડાઇનું કામ કરતો અને રા-જ્યનો સઘળો કારભાર તે કરતી હતી. તે ઘણી બહાદુર અને હોંશીયાર હતી. તેના વખતમાં ઇંદોર ઘણુંજ આબાદ થયું હતું. તેના મરણ પછી તુકાજી સ્વતંત્રપણે રાજ્ય કરવા લાગ્યો. તે પણ પોતાની સત્તા ઘણી વ-ધારી ઇ. સ. ૧૭૯૫ માં મરણ પામ્યો.

જસવંતરાવ હોલ્કર—તુકાજીના મરણ પછી તેનો પુત્ર **જસ-વંતરાવ** હોલ્કર ગાદીએ બેઠો. ઇ. સ. ૧૮૦૧ માં તેણે પેશ્વા અને સિં-ધીયાના એકત્ર થયેલા લશ્કરને **પુના** આગળ હરાવી જય મેળવ્યો. મ-રાઠી બીજા વિગ્રહથી સિંધીયા અને ભોંસલેની સત્તા તદન નબળી પડી ગઇ હતી, તેનો લાભ લેઇ તેણે હિંદમાં પોતાની સત્તા શ્રેષ્ટ કરવાનો ઇરાદો કર્યો અને તેથી તેને અંગ્રેજો સાથે યુદ્ધમાં ઉતરવું પડયું. આને **મરાઠી ત્રીજો વિગ્રહ** કહે છે. આ બધી હકીકત મારક્વીસ ઓફ વેલેસ્લીના વખતમાં થયેલી હોવાથી તેની પુર્ણ હકીકત તેના રાજ્યમાં આવશે.

રાઘોજી ભોંસલે—તે એક બહાદુર મરાઠા સરદાર હતો. તેણે પ-હેલા બાજીરાવ પેશ્વાને મરાઠી સત્તા ફેલાવવામાં ઘણી સારી મદદ કરી. તેની નોકરીથી ખુશ થઇ બાજીરાવે તેને વરાડ પ્રાંતનો સુબો બનાવી ચોથ ઉઘરાવવાનો હક આપ્યો. બાજીરાવના મરણ પછી તેના પુત્ર બાલાજી બાજીરાવને પેશ્વાઇ મળે તો બ્રાહ્મણની સત્તા વધે તેથી કેટ-

લોક મરાઠા સરદારો તેની વિરૂદ્ધ પડ્યા, તેમાં રાઘોજી ભોંસલે આગેવાન હતો. તેને બાલાજીએ બંગાળા અને બહાર પ્રાંતની ચોથ ઉઘરાવવાનો હકક આપી પોતાના પક્ષમાં લીધો. પછીથી રાઘોજીએ ઓરિસા જીતી લીધું. આગળ જતાં પેશ્વાઇ નબળી પડવાથી તેણે નાગપુરમાં રાજધાની કરી ત્યાં સ્વતંત્ર રીતે રાજ્ય કરવા માંડયું. આગળ જતાં તેના વંશજે પેશ્વાઇ તોડી મહારાષ્ટ્રમાં પોતાની સત્તા સર્વોપરી કરવાને સિંધીયા સાથે ઐકય કરી અંગ્રેજો સાથે યુદ્ધ આરંભ્યું હતું, આને **મરાઠી બીજો વિગ્રહ** કહે છે. આ યુદ્ધની સવિસ્તર હકીકત મારકવીસ ઑફ વેલેસ્લીના વખતમાં આવશે. તેના મરણ પછી આપાસાહેબ ગાદી ઉપર આવ્યો. તેણે ઇ. સ. ૧૮૧૭ માં **મરાઠી ચોથા વિગ્રહ**માં અંગ્રેજો વિરૂદ્ધ ભાગ લેવાથી તેઓએ તેને હરાવી નસાડી મુકયો અને તેની જગાએ ભોંસલે કુળના એક છોકરાને ગાદીએ બેસાડયો. તે ઇ. સ. ૧૮૫૩ માં અપુત્ર મરણ પામવાથી નાગપુર અંગ્રેજ લોકોએ ખાલસા કર્યું.

નાનાફડનવીસ—તે જાતે બ્રાહ્મણ હતો. તે પોતાની અક્કલ હોંશીયારીથી પેશ્વાના પ્રધાનપદને પામ્યો હતો. નારાયણરાવ પેશ્વાનું ખૂન થયા પછી તેના કાકા રાઘોબાને ગાદી મળી, તે વાત તેને પસંદ નહોતી. રાઘોબાએ જયારે નિઝામના રાજ્યઉપર સ્વારી કરી હતી ત્યારે પુનામાં નારાયણરાવની વિધવા સ્ત્રીને પુત્ર થયો. આ વખતે નાનાફડનવીસે આ પુત્રને બીજા માધવરાવ પેશ્વા તરીકે જાહેર કરી એક રાજમંડળ નિમ્યું અને પોતે કુલ કારભાર કરવા લાગ્યો. તે ઘણો ખટપટીઓ અને રાજનીતિજ્ઞ પુરૂષ હતો. તેની સત્તામાં આડે આવનાર મરાઠા સરદારોઓમાં મુખ્ય મહાદજી સિંધીયા હતો. પણ તે પોતાની ચતુરાઇથી સર્વ મુશિબતો દૂર કરી પોતાની સત્તા ટકાવી શકયો હતો. રાઘોબાએ અંગ્રેજની મદદ માગી તોપણ તેણે પેશ્વા તરફથી લઢી તેને ગાદી મળવા દીધી નહિ. સિંધીયા વિગેરે મરાઠા સરદારો પેશ્વાઇ તોડી પોતાની સત્તા બેસાડવાનો યત્ન કરતા હતા પણ તેની ચતુરાઇથી પેશ્વાઇ જળવાઇ રહી હતી. જયાંસુધી તે

જીવ્યો ત્યાંસુધી કોઇપણ મરાઠા સરદાર પેશ્વાઇને ધાકકો પહોંચાડી શકયો નહોતો. પણ ઇ. સ. ૧૮૦૦ માં તેના મરણથી પેશ્વાઇ નબળી પડતી ગઇ.

મરાઠી રાજ્યના મુખ્ય બનાવોની સાલવાર યાદી.

મુખ્ય બનાવ.	પૃષ્ઠ.	સાલ
મહાન શિવાજીનો જન્મ.	૬૫	ઇ. સ. ૧૬૨૭
શિવાજીનું પહેલીવાર સુરત લૂંટવું.	૬૭	ઇ. સ. ૧૬૬૪
શિવાજીનું બીજીવાર સુરત લૂંટવું.	૬૯	ઇ. સ. ૧૬૭૪
શિવાજીને રાજ્યાભિષેક.	૬૯	ઇ. સ. ૧૬૭૪
શિવાજીની કર્ણાટક ઉપર સ્વારી.	૬૯	ઇ. સ. ૧૬૭૬
શિવાજીનું મરણ	૬૯	ઇ. સ. ૧૬૮૦
સંભાજીના દિકરા શિવાજીને કેદ.	૭૧	ઇ. સ. ૧૬૮૯
સતારામાં મરાઠી રાજ્યની સ્થાપના.	૭૧	ઇ. સ. ૧૬૯૮
શાહુનું ગાદીએ આવવું.	૭૧	ઇ. સ. ૧૭૦૮
કોલ્હાપુરની ગાદીની સ્થાપના	૭૩	ઇ. સ. ૧૭૦૮
શાહુનું મરણ.	૭૩	ઇ. સ. ૧૭૪૮
સતારાની ગાદીનો અંત	૭૪	ઇ. સ. ૧૮૪૮

પેશ્વાના રાજ્યના મુખ્ય બનાવોની સાલવાર યાદી.

પેશ્વાની ગાદીનો પુનામાં સ્થાપના	૭૯	ઇ. સ. ૧૭૫૧
ઉદ્‌ગીરની લડાઇ	૮૦	ઇ. સ. ૧૭૬૦
પાણીપતની ત્રીજી લડાઇ	૮૧	ઇ. સ. ૧૭૬૧
સાલબાઇની સંધી	૮૪	ઇ. સ. ૧૭૮૨
ખરડાની લડાઇ	૮૪	ઇ. સ. ૧૭૯૫
પુનાની લડાઇ	૮૫	ઇ. સ. ૧૮૦૧
વસાઇની સંધી	૮૫	ઇ. સ. ૧૮૦૨
પેશ્વાઇનો અંત	૮૬	ઇ. સ. ૧૮૧૮

પ્રકરણ ૪૧.

બ્રિટિશ રાજ્ય.

યૂરોપી પ્રજાનું હિંદમાં આવવું.

પોર્ટુગીઝ લોકો—સોળમા સૈકાની અગાઉ અરબસ્તાન અને ઇજિપ્તના વેપારીઓ હિંદુસ્તાનમાંથી માલ લઈ જઈ યૂરોપ પહોંચાડી વેપાર કરતા. તેઓ હિંદુસ્તાનના મલબાર કાંઠેથી નીકળી, અરબી અને રાતા સમુદ્રમાં થઇને ઇજિપ્તમાં ઉતરતા અને ત્યાંથી ભૂમધ્ય સમુદ્રને માર્ગે ઇટાલી કે તુર્કસ્તાન માલ પહોંચાડતા. આથી ઇજિપ્તના સુલતાનને માલના જકાતની સારી ઉપજ થતી. પંદરમા સૈકાની આખરે યૂરોપી પ્રજાને હિંદુસ્તાન જવાનો દરિયાઈ માર્ગ શોધી કાઢવાની ઉત્કંઠા થઈ અને પોર્ટુગાલની પ્રજાએ પહેલ કરી. ત્યાંની પ્રજા નૌકા સંબંધી શિલ્પ કળામાં સારી પ્રવીણ થઇ હતી, અને તેમને તે કામમાં તેમના રાજા તરફથી સારૂં ઉત્તેજન મળતું.

કેપઓફ્ગુડહોપ—પોર્ટુગાલમાંથી હિંદુસ્તાન જવાનો દરિયાઈ માર્ગ ખોળવા જનાર પહેલો પુરૂષ **બાર્થોલોમ્યુ ડાએઝ** હતો. તે ઇ.સ. ૧૪૮૭ માં પોર્ટુગાલથી નીકળી આફ્રિકાની પશ્ચિમે આવેલા આટ્લાંટિક મહાસાગરમાં થઈ આફ્રિકાના દક્ષિણ બિંદુ સુધી આવી પહોંચ્યો. અહીં તેને પવનનું તોફાન ઘણું લાગવાથી તેણે તે ભૂશિરનું નામ **સ્ટૉર્મ ભૂશીર** આપ્યું. પણ ત્યાંથી હિંદુસ્તાન જવાનો માર્ગ જડવાની સારી આશા પડવાથી પોર્ટુગાલના રાજાએ તે ભૂશીરનું નામ **કેપ ઓફ્ ગુડ હોપ** પાડ્યું અને આજે પણ તે તેજ નામથી ઓળખાય છે.

અમેરિકાની શોધ—સ્પેનના રાજાને પણ હિંદુસ્તાન જવાનો માર્ગ શોધી કાઢવાની ઇચ્છા થઈ આવવાથી તેણે **કોલમ્બસ** નામના નાવિકને

દરિયાઈ શોધને માટે મોકલ્યો. પણ તેણે પશ્ચિમમાં જઈ **અમેરિકા** ખોળી કાઢયો. ઇ. સ. ૧૪૯૨.

હિંદુસ્તાનની શોધ—બાર્થોલોમ્યુના આવ્યા પછી દસ વર્ષે પોર્ટુગાલના રાજાએ ફરી ત્રણ વહાણની સરદારી **વાસ્કોડીગામાને** આપી તેને હિંદુસ્તાન જવાના દરિયાઈ માર્ગની શોધ કરવા મોકલ્યો. વાસ્કોડીગામા પોર્ટુગાલથી નીકળી આટ્લાંટિક મહાસાગરમાં થઇ 'કેપ ઓફ ગુડહોપ' આગળ સહી સલામત આવી પહોંચ્યો. પછી તેણે હિંદી મહાસાગરમાં મુસાફરી આરંભી, અને ૨૩ દિવસ સુધી સતત્ મુસાફરી કરીને તે ઇ. સ. ૧૪૯૮ માં મલબાર કાંઠાના **કાલીકટ** બંદરે આવી પહોંચ્યો. ત્યાં હિંદુરાજા **ઝામોરિન** રાજ્યકરતો હતો. તેણે તેને જોઇતી સવડ કરી આપીને પોતાના રાજ્યમાં વેપાર કરવાની છુટ આપી. આ વખતે મલબાર કાંઠાપર ઇજીપ્ત અને અરબસ્તાનના વેપારીઓ વેપાર કરતા હતા અને તેઓ **મૂર** કહેવાતા હતા. તે વેપારીઓને લાગ્યું કે આ નવી યુરોપી પ્રજાનો પગ વેપાર અર્થે હિંદમાં પેસે તો તેઓના વેપારને ઘણું નુકશાન થાય. તેથી તેમણે કાલીકટના ઝામોરિન રાજાને જણાવ્યું કે તેઓ દરિયાઇ લૂંટારા છે અને હિંદમાં લૂંટ કરવા આવ્યા છે. આથી રાજાની તેમના ઉપર અપ્રીતિ થઈ અને વાસ્કોડીગામાને ત્યાં રહેવું સહી સલામત નહિ લાગવાથી તે ઈ. સ. ૧૪૯૯ માં પોર્ટુગાલ પાછો ગયો. તેણે કરેલી આ નવી શોધથી તેને તેના રાજા તરફથી સારૂં માન મળ્યું.

કેબ્રલ—પોર્ટુગાલના રાજાએ ફરી પાછો બીજીવાર એક કાફલો તૈયાર કરી **કેબ્રલ**ની સરદારી નીચે ૧૩ વહાણો અને ૧૨૦૦ માણસો મોકલ્યાં. તે મલબાર કાંઠે ઇ. સ. ૧૫૦૦ માં આવી પહોંચ્યો. વાસ્કોડીગામા જે માણસોને કેદ પકડી પોર્ટુગાલ લેઇ ગયો હતો તેમને તેણે ઝામોરિનને પાછા સોંપ્યા. આથી રાજાએ ખુશ થઇ તેને ત્યાં કોઠી ઘાલવાની રજા આપી. પણ મૂર વેપારી ઘણા વરસના જામેલા હોવાથી માલ વેચવામાં અને માલ ખરીદવામાં તેમને હરકત કરતા. તેથી કેબ્રલે તેઓનું

એક કિમતી વહાણ લૂંટી લીધું અને તેમાંનો માલ પોતાના વહાણમાં ભરી તે ખાલી વહાણ સળગાવી મૂંકયું. આથી તેઓ લૂંટારા છે એવું ત્યાંના રાજાને તથા તેની પ્રજાને દ્દસી ગયું, તેથી તેઓએ તેની કોઠીને ઘેરો ઘાલ્યો અને તેના પચાસ માણસ મારી નાંખ્યાં. આથી કેબ્રલે મૂર લોકના દસ વાહણ લૂંટી લઇ સળગાવી દીધાં અને શહેરના કેટલાક ભાગમાં આગ લગાડી પોતે કોચીન તરફ ચાલ્યો ગયો. ત્યાંનો રાજા ઝામોરિનનો ખંડીઓ રાજા હતો, અને તે તેનાથી સ્વતંત્ર થવા ઇચ્છતો હતો. આ નવી પ્રજા પોતાને મદદરૂપ થઇ પડશે એમ જાણી તેણે તેમને ત્યાં કોઠી ઘાલવાની રજા આપી. પછી ત્યાં થોડા માણસો મૂકી તે ઇ. સ. ૧૫૦૧ માં પોર્ટુગાલ પાછો ગયો.

પ્રકરણ ૪૨.

યૂરોપી પ્રજા. (ચાલુ)

આલબુકર્ક—ઇ. સ. ૧૫૦૫માં પોર્ટુગાલના રાજાએ હિંદુસ્તાનના પહેલા સુબા તરીકે **ઑલમેડાને** મોકલ્યો પણ તે મૂર લોકોની સાથે થયેલી લડાઇમાં માર્યો ગયો. તેના મરણ પછી હિંદના બીજા સૂબા તરીકે **આલબુકર્ક**ને મોકલવામાં આવ્યો. આના વખતમાં પોર્ટુગીઝ સત્તા ખરેખરી જામી. તેણે વિચાર કર્યો કે પશ્ચિમ કિનારા ઉપર કોઠીઓ ઘાલવા કરતાં કોઇ એક શહેર કે મુલક સર કરવો કે જ્યાં સહી સલામત રહી શકાય અને વહાણ વિગેરે બીન અડચણે રહી શકે. આ ઇરાદાથી તેણે કાલીકટને ઘેરો ઘાલ્યો પણ તેમાં તે ફાવ્યો નહી. ત્યારે તેણે **ગોવા** શહેરને પોતાની રાજ્યધાની કરવાનો નિશ્ચય કરી ત્યાંના સુલતાનની ગેરહાજરીમાં તે શહેરનો કબજો કર્યો અને

પોતે રાજા તરીકે રાજ્ય કરવા લાગ્યો. પછી તેણે પોર્ટુગીઝની સત્તા વધારવા તરફ લક્ષ દોડાવ્યું. તેણે **સિયામ, જાવા** અને **સુમાત્રા**ના ટાપુઓ જીતી ત્યાં પોતાની સત્તા બેસાડી. પછી તેને ઇરાનની અખાતમાં આવેલા **ઓરમઝ** બેટનો કબજો લીધો. આ પ્રમાણે મળેલી ફતેહથી તેની દરિયાઇ સત્તા સર્વોપરી થઇ. આટલી બધી પોર્ટુગીઝની સત્તા આ સુબાએ વધારી છતાં ત્યાંની સરકારે તેની નોકરીની કદર ન કરતાં તેને કમી કર્યો. આ વાતની તેને ખબર પડતાં તે ઘણોજ નાહિંમત થઇ જઇ ઇ. સ. ૧૫૧૫ માં મરણ પામ્યો

પોર્ટુગીઝ સત્તાનો વધારો--સોળમા સૈકામાં પોર્ટુગીઝ લોકની દરિયાઇ સત્તા ભારે થઇ પડી. તેઓએ ઇ. સ. ૧૫૧૭ માં **સિલોન** લીધું અને ત્યાર પછી તેઓએ ચીન તરફ જઇ **મેકાઉ**ના ટાપુમાં પહેલવહેલી યુરોપી કોઠી ઘાલી. ઇ. સ. ૧૫૩૧ માં તેઓએ **દીવ** લીધું. પોર્ટુગીઝની સત્તાને અટકાવવા ગુજરાતના રાજાએ તુર્કસ્તાનના રાજાની મદદથી એક મોટું લશ્કર જમાવી દીવને ઘેરો ઘાલ્યો પણ તેમાં તે સજ્જડ હાર્યો અને તેને નાશી જવું પડયું. વળી ઇ. સ. ૧૫૩૮ માં શેરખાં નામના અફઘાને બંગાળાના રાજાને હેરાન કરવાથી તેણે પોર્ટુગીઝની મદદ માટે ગોવે એક એલચી મોકલ્યો. આ વખત પ્રથમજ તેઓ બંગાળી ઉપસાગરમાં થઇને ગંગા નદીના મુખ આગળ આવ્યા અને ત્યાં તેઓએ એક જગાએ કોઠી ઘાલી હુગલી શહેર વસાવ્યું. પરંતુ મોગલ બાદશાહ શાહજહાંએ પોર્ટુગીઝોને હરાવી તે ગઢ કબજે કર્યો હતો અને તેમને ગુલામ તરીકે વેચ્યા હતા.

ડચ લોકોનો ઉદય અને પોર્ટુગીઝોની પડતી--સત્તરમાં સૈકાની શરૂઆતમાં પોર્ટુગીઝોની સત્તા પુરેપુરી જામી હતી. એ અરસામાં વલંદા નામની એક પ્રજા તેમની શત્રુ ઉત્પન્ન થઇ. ઇ. સ. ૧૫૯૬ માં વલંદા લોકો પૂર્વ તરફના સમુદ્ર ઉપર દરિયાઇ લશ્કર લેઇ ચઢી આવ્યા. તેઓએ લઢીને પોર્ટુગીઝના સિયામ, મલાકકા, સિલોન વિગેરે બેટ લેઇ

લીધા. ઇરાનના રાજાએ તેમનો ઓરમઝ બેટ લેઇ લીધો. આ પ્રમાણે પોર્ટુગીઝની સત્તા ધીમે ધીમે નબળી પડતી ગઈ, આખરે હિંદુસ્તાનમાં તેમના તાબામાં ફક્ત **દીવ દમણ** અને **ગોવા** રહ્યાં અને આજે પણ તે તેમનાજ તાબામાં છે.

પ્રકરણ ૪૩.

ફ્રેંચ તથા અંગ્રેજ લોકનું હિંદમાં આગમન.

ફ્રેંચ ઇસ્ટ ઈંડિયા કંપની—સત્તરમા સૈકાની આખરે ફ્રેંચ લોકોએ પૂર્વ તરફના દેશોમાં વેપાર કરવાના ઇરાદાથી એક **ઈસ્ટ ઇંડિયા કંપની** સ્થાપી. પ્રથમ તેઓ આફ્રિકાની પૂર્વે આવેલા **બુર્બોન** અને **માડાગાસ્કર** બેટનો કબજો કરી ત્યાં રહ્યા. ત્યાંથી એક **માર્ટિન** નામે સરદારે દક્ષિણ હિંદુસ્તાનના **કોરોમાંડલ** કિનારા ઉપર મુકામ કરી, ત્યાંના એક દેશી રાજા પાસેથી કેટલીક જમીન મેળવી **પોંડીચેરી** નામનું શહેર વસાવ્યું, ઇ. સ. ૧૬૭૪. શિવાજીએ ઇ. સ. ૧૬૭૬ માં તે શહેરને ઘેરો ઘાલ્યો હતો, પણ માર્ટિનની બહાદુરીથી તેનું રક્ષણ થયું હતું. થોડા વખત પછી વલંદા લોકોએ તે શહેર જીતી લીધું હતું. પણ યુરોપમાં થએલી **રિસવિક**ની સંધીથી ફ્રેંચ લોકોને તે પાછું મળ્યું, અને તે આજે પણ ફ્રેંચ લોકોના તાબામાં છે. વળી ઇ. સ. ૧૬૭૯ માં તેઓએ બંગાળામાં હુગલી નદીપર આવેલા **ચંદ્રનગર** શહેરમાં કોઠી ઘાલી.

બ્રિટિશ ઈસ્ટ ઇંડિયા કંપની—પોર્ટુગાલનું આ સાહસ અને તેથી તેને થયેલો લાભ જોઇ ઇંગ્લાંડને પણ પૂર્વ તરફના દેશોમાં વેપાર કરવાનું મન થયું. આ વખતે ઇંગ્લાંડમાં **ઇલિઝાબેથ રાણી** રાજ્ય કરતી હતી. તેણે ત્યાંના નાવિકોને દરિયાઇ શોધને માટે ઉત્તેજન આપી રાજ્ય તરફથી જોઇતી મદદ આપી. ઇ. સ. ૧૫૯૩ માં કેટલાક નાવિકો ઇંગ્લાંડથી આવી હિંદની સ્થિતિ જોઇ ગયા, અને તેમણે અંગ્રેજ લોકોને

હિંદનાં જુદાં જુદાં રાજ્યોનો વૈભવ અને તેના શહેરોની સૌંદર્યતા વિષે કહી બતાવ્યા ઉપરથી તેમને પણ હિંદમાં વેપાર કરવાની ઉત્કંઠા થઇ. આથી ઇંગ્લાંડમાં એક મંડળ ઉભું થયું અને તેણે તે કામને માટે આશરે ૩૦૦૦૦ પૌંડનું એક મોટું ભંડોળ ભેગું કર્યું. ઇ. સ. ૧૫૯૯ ની આખરે ઇલિઝાબેથ રાણીએ તે મંડળને સનદ આપી તેનું નામ **ઈસ્ટ ઈંડિયા કંપની** પાડ્યું અને તેને પંદર વરસ સુધી પૂર્વ તરફના દેશોમાં વેપાર કરવાનો ઇજારો આપ્યો. તેના મરણ પછી **પહેલા જેમ્સ** રાજાએ આ કંપનીને વેપાર કરવાને કાયમનો હક્ક આપ્યો.

અંગ્રેજોએ હિંદમાં વેપાર અર્થે મેળવેલો હક્ક—ઇ. સ. ૧૬૧૧ માં ઇસ્ટ ઇંડિયા કંપનીના વહાણો સુરત આવ્યાં. તે વખતે ત્યાં પોર્ટુગીઝ લોકો રહેતા હતા. તેઓએ તેમને હાંકી કાઢવા યત્ન કર્યો પણ તે નિષ્ફળ ગયો. ઇ. સ. ૧૬૧૫ માં ઇંગ્લાંડના **પહેલા જેમ્સ** રાજાએ **સર ટોમસ રોને** હિંદમાં ત્યાંના બાદશાહ જહાંગીર પાસે વેપારના કોલ કરાર કરવા મોકલ્યો. તેણે પોતાની ચતુરાઇથી બાદશાહ પાસેથી વેપાર કરવાના હક્ક મેળવ્યા, અને કંપનીને સુરત, અમદાવાદ, અને ખંભાતમાં કોઠી ઘાલવાની રજા મળી. ત્યાર પછી જહાંગીર બાદશાહની શાહજાદી માંદી પડવાથી સુરતથી એક અંગ્રેજ ડાક્ટરને ઔષધ કરવા બોલાવવામાં આવ્યો. તેના ઔષધથી તેને આરામ થવાથી તેના માગ્યા પ્રમાણે કંપનીને બંગાળામાં વેપાર કરવાની અને ત્યાં કોઠી ઘાલવાની રજા મળી. આ પ્રમાણે તેઓએ બંગાળામાં ઇ. સ. ૧૬૨૦ માં પહેલવહેલી કોઠી **પટના**માં ઘાલી.

યુનાઇટેડ ઈસ્ટ ઈંડિયા કંપની--ઇસ્ટ ઇંડિયા કંપનીના માણસોને વેપાર કરવામાં શરૂઆતમાં ઘણી અડચણો વેઠવી પડી કારણ કે ડચ લોકો તેમની સામા થયા. ડચ લોકોએ અંગ્રેજ કંપનીના દસ માણસોને **આમ્બોયના**માં કતલ કરી નાંખ્યા. વળી તેમને પોતાના દેશની બીજી મંડળીઓ તરફથી ઘણી હરકત થઇ. ફકત આ કંપનીનેજ

હિંદમાં વેપાર કરવાનો હક મળવાથી બીજી વેપારી કંપનીઓ તેની અદેખાઇ કરવા લાગી. વળી ઇંગ્લાંડમાં એક બીજી કંપની ઉભી થઇ અને તે હિંદમાં વેપાર કરવા લાગી. આથી બન્ને કંપનીને નુકશાન સોસવું પડતું હતું. તેથી ત્યાંના રાજાએ એ બન્ને કંપનીને જોડી દેઇ તેને **યુનાઇટેડ ઈસ્ટ ઇંડિયા કંપનીનું** નામ આપ્યું.

કંપનીએ હિંદમાં મેળવેલાં સંસ્થાનો—પ્રથમ કંપનીના માણસોએ દક્ષિણ હિંદના પૂર્વ કિનારા ઉપર ઇ. સ. ૧૬૨૫ માં **મછલીપટ્ટનમાં** કોઠી ઘાલી. ત્યાર પછી તેઓએ ચંદ્રગીરીના રાજા પાસેથી કેટલીક જમીન વેચાતી લઇ મદ્રાસપટ્ટણ આગળ જગા પસંદ કરી ત્યાં **ફોર્ટ સેંટ જ્યોર્જ** નામનો કિલ્લો બાંધી ઇ. સ. ૧૬૫૪ માં **મદ્રાસ** શહેર વસાવ્યું. ઇ. સ. ૧૬૬૨ માં પોર્ટુગાલના રાજાએ પોતાની કુંવરી ઇંગ્લાંડના રાજા **બીજા ચાર્લ્સ** સાથે પરણાવી અને પહેરામણીમાં હિંદુસ્તાનનું **મુંબઈ** શહેર આપ્યું. ચાર્લ્સ રાજાએ અમુક રકમ લેઇ મુંબઇ કંપનીને સોંપી દીધું. ઇ. સ. ૧૬૬૨ સુધી પશ્ચિમ કિનારા ઉપર કંપનીની કોઠી સુરતમાં હતી, ત્યાંથી હવે તેઓએ ઉપાડી મુંબઇમાં કોઠી ઘાલી, અને ત્યાં તેઓ નિર્ભયપણે રહેવા ગયા. કોરોમાંડલ કોસ્ટ ઉપર ફ્રેંચ લોકોનું મુખ્ય સ્થાન પોંડીચેરી હતું. તેની હરિફાઇમાં અંગ્રેજોએ **ટેગનાપટ્ટણ** નામનું શહેર કોઇ હિંદુ રાજા પાસેથી ખરીદી ત્યાં એક કિલ્લો બાંધી તેનું નામ **ફોર્ટ સેંટ ડેવીડ** પાડયું. ત્યાર પછી તેઓએ ધીમે ધીમે બંગાળામાં પગ પેસારો કરવા માંડયો. ઇ. સ. ૧૬૫૬ માં હિંદનો શહેનશાહ શાહજહાં માંદો પડયો તે વખતે એક અંગ્રેજ ડાકટરે તેની તબીયત સુધારી તેથી તેણે ખુશ થઇ અંગ્રેજોને હુગલી નદી ઉપર કોઠી ઘાલવાની રજા આપી. આ પ્રમાણે ધીમે ધીમે તેઓ બંગાળામાં વેપાર કરવા લાગ્યા. આગળ જતાં તેઓએ બંગાળાના નવાબની મદદથી **કલકત્તાની** આસપાસ કેટલીક જમીન મેળવી અને ત્યાં **ફોર્ટ સેંટ વિલિયમ** નામનો કિલ્લો બાંધ્યો ઇ. સ. ૧૬૯૮.

પ્રકરણ ૪૪.

દક્ષિણમાં ફ્રેંચ સત્તા.

કર્ણાટકના રાજ્યની અવ્યવસ્થા—દિલ્લીના બાદશાહ મહંમદશાહના દક્ષિણના સુબેદાર નિઝામ-ઉલ્-મુલ્કે **દોસ્તઅલ્લીને** કર્ણાટકનો નવાબ નિમ્યો હતો. ઇ. સ. ૧૭૩૫ માં રઘુજી ભોંસલે નામના મરાઠી સરદારે કર્ણાટક સુધી ચઢી આવી ત્યાંના નવાબને હરાવી મારી નાંખ્યો અને તેના જમાઇ **ચંદાસાહેબને** કેદ પકડી તે સતારે લેઇ ગયો. આથી નવાબનો છોકરો **સફદરજંગ** પોતાના અને પોતાના બનેવી ચંદાસાહેબના કુટુંબને લઇને પોંડીચેરીમાં ફ્રેંચ લોકોને શરણે ગયો. થોડી મુદત પછી તેણે મરાઠાઓને એક કરોડ રૂપીઆ આપવાનું કબુલ કરી સંધી કરી, તેથી તેઓએ તેને દિલ્લીના બાદશાહ અગર તો તેના દક્ષિણના પ્રતિનિધિ નિઝામ-ઉલ્-મુલ્કને જણાવ્યા વગર કર્ણાટકનો નવાબ નિમ્યો. ઇ. સ. ૧૭૪૦. એ અરસામાં બાજીરાવ પેશ્વાનું મરણ થવાથી તેનો પુત્ર બાલાજી પોતાની સત્તા જમાવવામાં ગુંથાયો હતો અને મરાઠા સરદારો પણ પેશ્વાની સત્તા તોડવાનો યત્ન કરતા હતા. આ કુસંપનો લાભ લઇ નિઝામ-ઉલ્-મુલ્કે કર્ણાટક ઉપર સ્વારી કરી મરાઠાઓના મુકેલા નવાબ સફદરજંગને હરાવી મારી નાંખ્યો અને **અનવરૂદીનને** ત્યાંનો નવાબ બનાવ્યો.

પહેલો ફ્રેંચ વિગ્રહ—ઇ. સ. ૧૭૪૧ માં ડુપ્લે ફ્રેંચ ગવર્નર તરીકે પોંડીચેરીમાં આવ્યો, અને તેણે ફ્રેંચ સત્તા સર્વોપરી કરવાનો નિશ્ચય કર્યો. ઇ. સ. ૧૭૪૬ માં યૂરોપ અને ફ્રાન્સ વચ્ચે લડાઈ થવાનો સંભવ હતો એટલે પોતાનો હેતુ પાર પાડવામાં ડુપ્લેને ફ્રાન્સથી લશ્કર કે પૈસાની મદદ મળે તેમ નહોતું. અને અંગ્રેજ લોકોની મદદને માટે તો ઇગ્લાંડથી એક વહાણનો કાફલો નીકળી ચૂકયો હતો. આ વા-

તની ખબર પડવાથી ડુપ્લેએ, પોંડીચેરી ઉપર અંગ્રેજો હલ્લો ન કરે એમ મદ્રાસના ગવર્નરને ફરમાવવા, કર્ણાટકના નવાબને વિનંતી કરી. અને તે પ્રમાણે મદ્રાસના ગવર્નરે પણ નવાબનો હુકમ માન્ય કર્યો. પણ એટલામાં ડુપ્લેને આફ્રિકાના મોરીશીયસ બેટના પ્રમુખ **લેબર્ડુનેસની** કુમક આવી પહોંચી એટલે તેણે અંગ્રેજોને હિંદમાંથી કાઢી મુકવાનો નિશ્ચય કરી લેબર્ડુનેસને મદ્રાસ જીતવા મોકલ્યો. તેણે મદ્રાસ જીતી ત્યાંનો કિલ્લો કબજે કર્યો. પણ જો અંગ્રેજો યોગ્ય દંડ આપે તો મદ્રાસ તેમને પાછું સોંપવું એવી સલાહ કરી તે પાછો પોંડીચેરી ગયો. ડુપ્લેની ઇચ્છા તો અંગ્રેજોને હિંદમાંથી હાંકી કાઢવાની હતી, તેથી તેણે લેબર્ડુનેસે અંગ્રેજો પાસેથી લાંચ લીધી છે એવું તેની ઉપર તહોમત મૂકી તેની કરેલી શરતો કબુલ રાખી નહિ,¹ અને પોતે જાતે મદ્રાસ જઇ ત્યાંના અંગ્રેજોને કેદ કરી તે બંદર પોતાને સ્વાધિન કર્યું, ઇ. સ. ૧૭૪૬.

કર્ણાટકના નવાબની પોંડીચેરી ઉપર ચઢાઈ—જ્યારે ફ્રેંચ લોકોને લેબર્ડુનેસની મદદ આવી પહોંચી ત્યારે ડુપ્લેની પેઠે મદ્રાસના ગવર્નરે ફ્રેંચ લોકો પોતાને હરકત ન કરે એવી તજવીજ કરવા કર્ણાકટના નવાબને કહાવ્યું પણ ડુપ્લેએ મદ્રાસ જીતી નવાબને આપવાનું સમજાવ્યાથી તેણે અંગ્રેજોની માગણી સ્વિકારી નહિ. પણ મદ્રાસ જીત્યા પછી જ્યારે ડુપ્લેએ નવાબને તે સોંપ્યું નહિ ત્યારે નવાબે તેનાપર ચીડાઇ જઇ પોતાના છોકરાને ૧૦૦૦૦ માણસનું લસ્કર આપી પોંડીચેરીમાંથી ફ્રેંચને હાંકી કાઢવા મોકલ્યો. તેણે આવી પોંડીચેરીને ઘેરો ઘાલ્યો. તે સાંભળી ડુપ્લે ૧૦૦૦ માણસનું લસ્કર લેઇ સામો આવ્યો. બંને લસ્કરનું યુદ્ધ **થોમી** આગળ થયું, તેમાં નવાબનો પુત્ર હાર્યો અને નાશી

---

૧ ટીપ—લેબર્ડુનેસ ત્યાંથી ફ્રાન્સ ગયો; ત્યાં તેને ડુપ્લેએ મુકેલા આરોપને લીધે કેદ કરવામાં આવ્યો. પણ ત્રણ વરસ પછી તેને છુટો કરવામાં આવ્યો અને છુટયા પછી તરતજ તે મરણ પામ્યો.

ગયો એટલે લશ્કરમાં પણ ભંગાણ પડયું અને મહા મુશિબતે લશ્કર **આર્કટ**માં આવી પહોંચ્યું. આટલા થોડા માણસવડે ફ્રેંચને મળેલી ફત્તેહથી યૂરોપી લશ્કરની યુદ્ધકળા હિંદમાં ચઢીઆતી ગણાઇ.

મદ્રાસ અંગ્રેજોને પાછું મળે છે—મદ્રાસ જીત્યા પછી દુપ્લેએ **ફોર્ટ સેંટ ડેવીડ**ને ઘેરો ઘાલ્યો, પણ મેજર લૉરેન્સે તેનો બહાદુરીથી બચાવ કર્યો. એટલામાં અંગ્રેજને ઇંગ્લાંડથી કુમક આવી પહોંચી, એટલે ફ્રેંચ લોકોને ઘેરો ઉઠાવવો પડયો. હવે ફ્રેંચનું વેર લેવાને અંગ્રેજોએ પોંડીચેરીને ઘેરો ઘાલ્યો. પણ નવો આવેલો સરદાર યુદ્ધકળામાં પ્રવીણ અને ચાલાક નહિ હોવાથી તેને પાછું હઠવું પડયું, ઇ. સ. ૧૭૪૮. પણ ઇ. સ. ૧૭૪૯ માં યુરોપમાં ઇંગ્લાંડ અને ફ્રાન્સ વચ્ચે **એકસ-લા-ચેપલ**ની થયેલી સંધીથી મદ્રાસ અંગ્રેજોને પાછું મળ્યું.

પ્રકરણ ૪૫.

ફ્રેંચ સત્તા (ચાલુ)

દુપ્લેની ફ્રેંચ રાજ્ય સ્થાપવાની યુકિત—દુપ્લે ઘણોજ આગ્રહી હતો. તેથી તેણે ફરીથી ફ્રેંચ રાજ્ય સ્થાપવાનો નિશ્ચય કર્યો. આ વખતે કર્ણાટકનો નવાબ અનવરૂદીન હતો. તે લડાઇના કામમાં જોઇએ તેવો બહાદુર નહોતો, અને તેની રાજ્ય વ્યવસ્થાથી પ્રજા પણ ઘણી નાખુશ હતી. તેથી દુપ્લેને લાગ્યું કે જો પોતાનો મિત્ર ચંદા સાહેબ કર્ણાટકનો નવાબ થાય તો પોતાનો હેતુ પાર પાડવામાં તે પોતાને મદદ રૂપ થઇ પડે. પણ આ વખતે ચંદા સાહેબ કેદમાં હતો. તે ઘણો લોકપ્રિય હતો અને કર્ણાટકના માજી નવાબનો વારસ પણ હતો. તેથી દુપ્લેએ મરાઠાઓને સાત લાખ રૂપીઆ આપી ચંદા સાહેબને છોડવ્યો.

હૈદ્રાબાદની ગાદી માટે ખટપટ—હૈદ્રાબાદની ગાદી સ્થાપનાર નિઝામ–ઉલ્–મુલ્ક ઇ. સ. ૧૭૪૮ માં મરણ પામ્યો. તેને પાંચ પુત્ર હતા. તેના મરણ વખતે તેનો બીજો પુત્ર નાસિરજંગ તેની પાસે હતો. તે મોટા મોટા સરદારોને પૈસા આપી તેમને પોતાના પક્ષમાં લેઇ ગાદીએ બેઠો. પણ તેનો વડો ભાઇ ગ્યાસુદ્દીન દિલ્હીના બાદશાહનો વજીર હતો. તે દક્ષિણની સુબેદારીનો હક્ક દિલ્હીપતી પાસેથી મેળવી હૈદ્રાબાદ આવવા નીકળ્યો હતો. પણ તેને તેની ઓરમાન માએ પોતાના દિકરા નિઝામ અલ્લીને ગાદી મળે એવા ઇરાદાથી રસ્તામાં દોલતાબાદ આગળ ઝેર દઇ મારી નાંખ્યો. તેથી તેનો વડો પુત્ર મુજફ્ફરજંગ ગાદીનો હક્કદાર વારસ થયો, અને તેણે હૈદ્રાબાદની ગાદીનો દાવો કર્યો.

અંબુરની લડાઇ—નિઝામ–ઉલ્–મુલ્કના મરણથી કર્ણાટકના નવાબ અનવરૂદ્દીનને કોઇનો આધાર રહ્યો નહિ. અને માજી નવાબના વારસ ચંદાસાહેબે કર્ણાટકની ગાદીનો દાવો કર્યો. મુજફ્ફરજંગને હૈદ્રાબાદની અને ચંદાસાહેબને કર્ણાટકની ગાદી લેવી હતી એટલા માટે બંને જણાએ ઐક્ય કરી ફ્રેંચની મદદ માગી. ડુપ્લેને તો એટલુંજ જોઇતું હતું. ચંદાસાહેબને કર્ણાટકનો નવાબ બનાવી અને મુજફ્ફરજંગને દક્ષિણનો સુબો નિમી એ બન્ને ઉપર પોતાની સત્તા રાખવાના ઇરાદાથી ડુપ્લેએ તેમની મદદે **બુસી**ની સરદારી નીચે ફ્રેંચ લશ્કર મોકલ્યું. ત્રણે જણના એકત્ર થયેલા લશ્કરે ઈ. સ. ૧૭૪૯ માં **અંબુર** આગળ કર્ણાટકના નવાબ અનવરૂદ્દીનને હરાવી માર્યો, તેથી તેનો છોકરો **મહંમદઅલ્લી** નાશી જઇ ત્રિચીનાપલ્લીમાં ભરાયો. આ ફત્તેહ મેળવ્યા પછી તેઓ પોંડીચેરી ગયા, જ્યાં ડુપ્લેએ ચંદાસાહેબને કર્ણાટકના નવાબ તરીકે અને મુજફ્ફરજંગને દક્ષિણના સુબા તરીકે જાહેર કર્યા. તેના બદલામાં તેઓએ ડુપ્લેને ૮૧ ગામ આપી કૃષ્ણાથી કેપકોમોરીન સુધી ફ્રેંચનું ઉપરીપણું સ્વિકાર્યું.

ફ્રેંચ સત્તાનો વધારો—બુસીએ ઇ. સ. ૧૭૫૦ માં જીંજીગઢ સર કર્યો. નાસિરજંગ કર્ણાટકમાં થયેલી ઉથલ પાથલની વાત સાંભળી મોટું લશ્કર લેઇ ચઢી આવ્યો. પણ રસ્તામાં તેને કોઇ દુશ્મને મારી નાંખ્યો. બુસી મુજફ્ફરજંગને સાથે લેઇ તેને હૈદ્રાબાદની ગાદીએ બેસાડવા જતો હતો એટલામાં મુજફ્ફરજંગને પણ તેના કોઇ દુશ્મને મારી નાંખ્યો. આથી બુસીએ હિંમત નહિ હારતાં નિઝામના ત્રીજા પુત્ર **સલાબતજંગ**ને ગાદીએ બેસાડયો અને તેની પાસે ફ્રેંચનું ઉપરીપણું સ્વિકારાવ્યું. સલાબતજંગે પોતાની સહીસલામતીને માટે બુસીને ફ્રેંચ લશ્કર સહિત હૈદ્રાબાદમાં રાખ્યો અને તેના લશ્કરના ખર્ચ પેટે ફ્રેંચને ઉત્તર **સરકાર પ્રાંત** આપ્યો, ઇ. સ. ૧૭૫૩. હવે ડુપ્લેને પોતાની ધારણા પાર પડ્યા જેવી જણાઇ અને તેણે આ ફત્તેહની યાદગીરીમાં એક મિનારો બંધાવી તેની આસપાસ **ડુપ્લે-ફત્તેહ-આબાદ** શહેર વસાવ્યું.

પ્રકરણ ૪૬

ફ્રેંચ સત્તા (ચાલુ).

અંગ્રેજ લોકની સ્થિતિ—યૂરોપમાં અંગ્રેજ અને ફ્રેંચ વચ્ચે થએલી એકસ-લા-ચેપલની સંધીની રૂએ અંગ્રેજોને મદ્રાસ પાછું મળ્યું હતું. ત્યારપછી તેઓ શાંતપણે બેસી રહ્યા હતા. પણ ડુપ્લેએ તો દક્ષિણ હિંદમાં ફ્રેંચ સત્તા પુરેપુરી બેસાડી ચંદા સાહેબને કર્ણાટકનો નવાબ નિમ્યો. આ વખતે મહંમદઅલ્લી ત્રિચીનાપલ્લીમાં જઇને ભરાયો હતો. ચંદાસાહેબે જ્યારે ત્રિચીનાપલ્લીને ઘેરો ઘાલ્યો, ત્યારે મહંમદઅલ્લીએ અંગ્રેજ, મરાઠા અને તંજાવરના રાજાની મદદ માગી. જો મહંમદઅલ્લીને બદલે ચંદાસાહેબ કર્ણાટકનો નવાબ થાય તો તેની

મદદથી અંગ્રેજોને હિંદમાંથી હાંકી કાઢવાનો દુપ્લેનો હેતુ પાર પડે તેમ હતું અને અંગ્રેજો પણ દુપ્લેની આ ધારણા જાણતા હતા, અને તેથીજ મદ્રાસના ગવર્નરે મહંમદઅલ્લીનો પક્ષ લેવો ઠીક ગણી તેની મદદે લશ્કર મોકલ્યું.

કલાઈવની યુકિત અને આર્કટનો ઘેરો—મદ્રાસથી મહંમદઅલ્લીની મદદે મોકલેલા લશ્કરમાં **રોબર્ટ કલાઈવ** કરીને એક લશ્કરી માણસ હતો. તેનાજ બુદ્ધિ બળે અંગ્રેજો ફાવ્યા અને દુપ્લેની ધારણા નિષ્ફળ થઈ. કલાઇવને લાગ્યું કે સામા થઇ લડવા કરતાં કોઇ બીજી યુકિત કરવામાં આવે તો મહંમદઅલ્લીનો બચાવ થાય. આથી તેણે મદ્રાસના ગવર્નરને જણાવ્યું કે કર્ણાટકની રાજ્યધાની **આર્કટ** ઉપર ચડાઇ કરવામાં આવે તો ત્યાં લશ્કર જુજ હોવાથી તે શહેર તરતજ હાથમાં આવશે, અને તેનો બચાવ કરવાને ચંદાસાહેબને ત્રિચીનાપલ્લીનો ઘેરો ઉઠાવવો પડશે. મદ્રાસના ગવર્નરને તેની યુકિત યોગ્ય લાગી અને તેણે તેને ૨૦૦ યુરોપીયન અને ૩૦૦ દેશી સિપાઇનું લશ્કર આપી આર્કટ ઉપર મોકલ્યો. કલાઇવે વગર મહેનતે આર્કટ સર કરી તેનો કબજો કર્યો. આ વાતની ખબર ત્રિચીનાપલ્લી પહોંચતાંજ ચંદા સાહેબે ઉશ્કેરાઈ જઈ પોતાના દિકરા **રાજાસાહેબ**ને ૧૦૦૦૦ હજાર માણુસનું લશ્કર આપી આર્કટ ઉપર મોકલ્યો. રાજાસાહેબે આવી તેને ઘેરો ઘાલ્યો. કલાઇવના ઘણા માણસો માંદગીથી મરી ગયા હતા તો પણ તે લગભગ સાત અઠવાડીયાં સુધી ટકી રહ્યો. મોરારીરાવ નામનો મરાઠા સરદાર અંગ્રેજ લોકોની બહાદુરીથી ખુશ થઇ તથા તેઓ આગળ ઉપર પોતાને મદદ રૂપ થઇ પડશે એમ જાણી અંગ્રેજની મદદે મોટું લશ્કર લેઈ આવ્યો, એટલે રાજાસાહેબ ઘેરો ઉઠાવી જતો રહ્યો.

આર્નીની લઢાઈ--રાજાસાહેબે ઘેરો ઉઠાવ્યા પછી મદ્રાસથી કલાઇવની મદદે લશ્કર આવી પહોંચ્યું. મોરારીરાવ લશ્કર લેઇ તેની મદદે આવેલોજ હતો. હવે લશ્કરમાં ભરતી થયેલી જોઇ કલાઇવ લ-

ડાઇ કરવાનો નિશ્ચય કરી રાજાસાહેબની પાછળ પડયો. બન્ને લશ્કરનું **યુદ્ધ આર્ની** આગળ થયું; ઇ. સ. ૧૭૫૧. રાજાસાહેબ આ લડાઇમાં હાર્યો અને તેને નાશી જવું પડયું. ત્યાંથી કલાઇવ ફોર્ટ સેંટ ડેવીડ ગયો. રસ્તામાં તેણે ડુપ્લેએ બંધાવેલા ડુપ્લે-ફત્તેહ-આબાદ શહેરનો નાશ કર્યો.

કલાઇવની ફત્તેહ અને ચંદાસાહેબનું મરણ—કલાઇવને મળેલી ફત્તેહથી મદ્રાસના ગવર્નરે **મેજર લૉરેન્સ**ને લશ્કર આપી મહંમદઅલ્લીને છોડાવવા ત્રિચીનાપલ્લી ઉપર મોકલ્યો. કલાઇવને પણ મરાઠા, મ્હૈસુરના રીજન્ટ અને તંજાવરના રાજા તરફથી લશ્કરની મદદ આવી પહોંચી હતી તે લેઇ તે મેજર લૉરેન્સ સાથે ત્રિચીનાપલ્લી ગયો. એટલે ચંદાસાહેબ ઘેરો ઉઠાવી **શ્રીરંગામ** જતો રહ્યો. કલાઇવે શ્રીરંગામને ઘેરો ઘાલ્યો, તેથી ચંદાસાહેબ તંજાવરના રાજાને શરણે ગયો, પણ તેણે પોતાનું વચન ન પાળતાં ચંદાસાહેબને મારી નાખ્યો. ચંદાસાહેબના મરણથી ફ્રેંચ લશ્કર પણ તાબે થયું, અને ફરીથી હથિયાર નહિ પકડવાની સરતે અંગ્રેજોએ ફ્રેંચ લોકોને જવા દીધા, ઇ. સ. ૧૭૫૨.

પ્રકરણ ૪૭.

ત્રિચીનાપલ્લીનો ઘેરો અને ફ્રેંચ સત્તાનો અંત.

ત્રિચીનાપલ્લીનો ઘેરો—એ શહેર કાવેરી નદી ઉપર આવેલું છે. તે કર્ણાટકનું મુખ્ય મથક હોવાથી અંગ્રેજોને તે પોતાના તાબામાં રાખવાનો વિચાર હતો. તેમજ તેમના મદદનીશો પણ તેને પોતાને કબજે રાખવા ઇચ્છતા હતા. પણ કલાઇવે તેમને તે આપવાની ના પાડવાથી તેમણે અંગ્રેજોનો પક્ષ છોડી દઇ ફ્રેંચને મદદ આપવા ડુપ્લેને

જણાવ્યું, એટલે દુપ્લે ફરી લડાઇ કરવા તૈયાર થયો. **મેજર લૉરેન્સે બાહુર** આગળ ફ્રેંચોને હરાવ્યા. ત્યાર પછી કલાઇવ ઇંગ્લાંડ ગયો, ઇ. સ. ૧૭૫૨. દુપ્લેએ ફરીને ત્રિચીનાપલ્લીને ઘેરો ઘાલ્યો. ઘેરો અઢાર માસ સુધી ચાલ્યો અને તેમાં બન્ને પક્ષના માણસોની ઘણી ખુવારી થઇ.

ફ્રેંચ અને અંગ્રેજ વચ્ચે સંધી—આ પ્રમાણે વારંવાર લડાઇમાં ઉતરવું પડતું હોવાથી બંને કંપનીને વેપારમાં નુકશાન થવા લાગ્યું. આખરે અંગ્રેજોએ સલાહ કરવા ઇચ્છા બતાવી તે એવી સરતે કે જો ફ્રેંચ મહંમદઅલ્લીને કર્ણાટકનો નવાબ માને તો અંગ્રેજો સલાબતજંગને દક્ષિણના સુબા તરીકે કબુલ રાખે. પણ ચંદા સાહેબના મરણ પછી દુપ્લેને કર્ણાટકના નવાબ થવાની ઇચ્છા થઇ હતી તેથી તેણે તે સરત નાકબુલ કરી. છેવટે અંગ્રેજોએ સઘળી હકીકત ઇંગ્લાંડમાં કંપનીના ડાયરેકટરોને જણાવી. યૂરોપમાં ઇંગ્લાંડ અને ફ્રાન્સ વચ્ચે થયેલી સલાહથી તેઓ પણ હિંદુસ્તાનના મામલાથી નાખુશ હતા. અંગ્રેજોએ લડાઇનું મૂળ દુપ્લેને ઠરાવ્યો, કારણ કે ચંદાસાહેબને કર્ણાટકનો નવાબ બનાવવાને મરાઠાઓને સાત લાખ રૂપીઆ આપી તેને કેદમાંથી છોડાવનાર તેજ હતો. તેણે ફ્રેંચસત્તા વધારી ઘણા સારા પાયાપર લાવી મૂકી હતી તોપણ વારંવાર લડાઇમાં ઉતરી તેણે કંપનીને દેવાદાર બનાવી હતી. ફ્રાંસની સરકારને પણ તેની આ રાજનીતિ પસંદ પડી નહિ તેથી તેણે બન્ને કંપની વચ્ચે સલાહ કરવાને દુપ્લેની જગ્યાએ ગોડ્યુને મોકલ્યો. તેણે હિંદમાં આવી અંગ્રેજો સાથે **પોંડીચેરી** મુકામે સંધી કરી, ઇ. સ. ૧૭૫૫. સંધીમાં એવું ઠર્યું કે બન્ને પક્ષે દેશી રાજ્યોના ઝઘડામાં ઉતરવું નહિ અને તેમના માંહોમાંહેના ટંટામાં ભળવું પણ નહિ. વળી બન્ને કંપનીઓએ એક બીજાનો જીતેલો મુલક પાછો આપી દેવો અને ફ્રેંચે મહંમદઅલ્લીને કર્ણાટકના નવાબ તરીકે કબુલ રાખવો.

બીજો ફ્રેંચ વિગ્રહ અને ફ્રેંચ સત્તાનો અંત—પોંડીચેરીની સંધી થયા પછી ઇ. સ. ૧૭૫૬ માં ફરી પાછી યૂરોપમાં ઇંગ્લાંડ અને ફ્રાન્સ વચ્ચે લડાઇ જાગી એટલે હિંદમાં ફ્રેંચ રાજ્ય સ્થાપવાને ફ્રાન્સની સરકારે **કાઉન્ટ ડી લાલીને** એક મોટું લશ્કર આપી મોકલ્યો. તે ઇ. સ. ૧૭૫૮ માં પોંડીચેરી આવી પહોંચ્યો. પ્રથમ તેણે ફોર્ટ સેંટ ડેવીડને ઘેરો ઘાલ્યો, અને થોડાજ વખતમાં તેને સર કરી જમીનદોસ્ત કરી નાંખ્યો. પોતાને મળેલી ફતેહના આવેશમાં તેણે અંગ્રેજોને હિંદમાંથી હાંકી કાઢવાનો નિશ્ચય કર્યો. તેણે નિઝામના રાજ્યમાંથી બુસીને પોતાની મદદે બોલાવી લીધો. લાલી અને બુસીએ બન્ને જણે મળી મદ્રાસને ઘેરો ઘાલ્યો. પણ એટલામાં અંગ્રેજોને મદદ આવી પહોંચવાથી લાલીને ઘેરો ઉઠાવવો પડયો. ઇ. સ. ૧૭૫૯ માં **કર્નલ કૂટ** નામના અંગ્રેજ સરદારે **વાંડીવાસ** આગળ ફ્રેંચને હરાવ્યા, અને બુસીને કેદ પકડયો, તેથી લાલી પોંડીચેરીમાં જઇને ભરાયો. અંગ્રેજોએ આવેશમાં આવી પોંડીચેરીને ઘેરો ઘાલ્યો. લાલીએ ઇ. સ. ૧૭૬૧ સુધી તેનું રક્ષણ કર્યું, પણ છેવટે ખોરાક ખુટવાથી તે તાબે થયો. પછી અંગ્રેજોએ પોંડીચેરીની પણ ફોર્ટ સેંટ ડેવીડના જેવી દશા કરી. ત્યાર પછી તેઓએ જીંજીનો કિલ્લો સર કર્યો. આ પ્રમાણે ફ્રેંચ સત્તા કર્ણાટકમાં પડીભાગી અને ડુપ્લેએ બાંધેલી આશાનો અંત આવ્યો. ફ્રેંચ ઇસ્ટ ઇંડીયા કંપુની ઇ. સ. ૧૭૬૯ થી હિંદમાં વેપાર કરતી બંધ પડી અને તેજ સાલથી ફ્રાન્સની સરકાર હિંદના ફ્રેંચ થાણાનો વહીવટ કરવા લાગી. હાલ તેમને તાબે હિંદુસ્તાનમાં **પોંડીચેરી, માહી, ચંદ્રનગર, યાનાન** અને **કારીકલ** બંદરો છે.

પ્રકરણ ૪૮.

સલાબતજંગ અને ફ્રેંચ સરદારો.

સલાબતજંગ—એ નિઝામ-ઉલ-મુલ્કનો ત્રીજો દિકરો હતો. તેનો બીજો ભાઇ **નાસિરજંગ** તેને કેદમાં નાખી ગાદીએ બેઠો, પણ તેના ભત્રીજા **મુજફ્ફરજંગે** ગાદીનો દાવો કર્યો. થોડા વખતમાં નાસિરજંગનું મરણ થવાથી તે ફ્રેંચની મદદ લઇ હૈદ્રાબાદ આવવા નીકળ્યો. રસ્તામાં કોઇ દુસ્મને તેને મારી નાખવાથી ફ્રેંચ સરદાર બુસીએ સલાબતજંગને કેદમાંથી મુકત કરી ગાદીએ બેસાડયો, ઇ. સ. ૧૭૫૦. પણ તે રાજકાજના તેમજ લડાઇના કામમાં કુશળ નહોતો. આ વખતે બાલાજી પેશ્વાની સરદારી નીચે મરાઠી સત્તા પૂર બળમાં હતી તેથી સલાબતજંગે પોતાની સત્તા હૈદ્રાબાદમાં જાળવી રાખવાને બુસીને પોતાના રાજ્યમાં રાખ્યો. આ પ્રમાણે રાજ્યમાં ફ્રેંચનું ચલણ વધારે થયેલું હોવાથી ત્યાંના સરદારો નારાજ થયા અને ત્યાંના વજીરે બુસીને હાંકી કાઢવા યત્ન કર્યો. આ વાતની ખબર પડતાં બુસીએ હૈદ્રાબાદ આવી આ વજીરને મારી નાંખ્યો. આથી સલાબતજંગે ડરી જઇ તેને તેના લસ્કરના ખર્ચપેટે ઉત્તર સરકાર પ્રાંત આપ્યો, ઇ. સ. ૧૭૫૩. ઇ. સ. ૧૭૫૮ માં હિંદમાં અંગ્રેજ અને ફ્રેંચ વચ્ચે લડાઇ જાગવાથી બુસીને ફ્રેંચ ગવર્નર લાલીએ પોંડીચેરી બોલાવી લીધો. બુસીના ગયા પછી મરાઠાઓએ નિઝામના રાજ્ય ઉપર ચડાઇ કરી. ઇ. સ. ૧૭૬૦ માં સલાબતજંગને ઉદ્‌ગીર આગળ હરાવ્યો. પણ તેણે કેટલોક મુલક આપી તેમની સાથે સલાહ કરી. એક વરસ પછી તેનો ઓરમાન ભાઇ **નિઝામઅલી** બીજા સરદારોની મદદથી તેને કેદ કરી ગાદીએ બેઠો, ઇ. સ. ૧૭૬૧.

દુપ્લે—તે હુગલી નદી ઉપર આવેલા ચંદ્રનગરમાં ફ્રેંચની કોઠીનો

ઉપરી હતો. તેણે જાપાન, ચીન અને તિબેટ સુધી વેપાર ચલાવ્યો હતો અને હિંદના મધ્ય ભાગમાં ઘણી વખારો સ્થાપી હતી. તે ઇ. સ. ૧૭૪૧ માં પોંડીચેરીમાં ફ્રેંચ ગવર્નર તરીકે નિમાયો. તેનો ઇરાદો હિંદમાં ફ્રેંચ રાજ્ય સ્થાપવાનો હતો, પણ ઇ. સ. ૧૭૪૬ માં યૂરોપમાં ઇંગ્લાંડ અને ફ્રાન્સ વચ્ચે લડાઇ જાગે તેમ હતું તેથી ફ્રાન્સથી તેને કાંઇ મદદ મળી શકે તેમ નહોતું. વળી અંગ્રેજની મદદે ઇંગ્લાંડથી એક લશ્કરની ટુકડી હિંદમાં આવવા નિકળ્યાની તેને ખબર પડવાથી તેણે ડરીને કર્ણાટકના નવાબ પાસે મદ્રાસના ગવર્નરને પોંડીચેરી ઉપર હલ્લો ન કરવાનું કહેવડાવ્યું. એટલામાં આફ્રિકાના ફ્રેંચ સંસ્થાનના પ્રમુખ લેબર્ડુનેસની કુમક આવી પહોંચતાંજ તેણે તેને મદ્રાસ જીતવા મોકલ્યો. આ વખતે મદ્રાસના ગવર્નરે પણ કર્ણાટકના નવાબની મદદ માગી એટલે ડુપ્લેએ મદ્રાસ નવાબને આપવાનું કહી અંગ્રેજને મળતી મદદ અટકાવી. લેબર્ડુનેસ મદ્રાસ જીતી અંગ્રેજો સાથે સંધી કરી પાછો ફર્યો. ડુપ્લેને તો અંગ્રેજને હિંદમાંથી કાઢી મુકી ફ્રેંચ રાજ્ય સ્થાપવાનો ઇરાદો હતો. તેથી તેણે જાતે મદ્રાસ જઇ અંગ્રેજોને કેદ કરી તે શહેર પોતાને સ્વાધિન કર્યું. કર્ણાટકના નવાબે ડુપ્લે પાસે મદ્રાસ માગ્યું પણ તે તેને ન મળવાથી તેણે પોતાના દિકરાને ૧૦૦૦૦ માણસનું લશ્કર આપી પોંડીચેરી જીતવા મોકલ્યો, પણ ડુપ્લેએ તેને હરાવી પાછો કહાડયો. પરંતુ તેને ઇ. સ. ૧૭૪૯ માં યૂરોપમાં ફ્રાન્સ અને ઇંગ્લાંડ વચ્ચે થયેલી સંધીની રૂએ મદ્રાસ અંગ્રેજોને સ્વાધિન કરવું પડયું. એટલે ફરી તેણે અંગ્રેજોને હિંદમાંથી હાંકી કાઢવાની બીજી યુક્તિ રચી. તેનો મિત્ર ચંદાસાહેબ કર્ણાટકના માજી નવાબનો વારસ થતો હતો. તે સતારામાં મરાઠાઓના તાબામાં કેદમાં હતો. તેને છોડવી કર્ણાટકનો નવાબ બનાવવામાં આવે તો તેનો હેતુ પાર પડે એમ તેને લાગ્યું તેથી તેણે મરાઠાઓને સાત લાખ રૂપીઆ આપી ચંદાસાહેબને છોડવ્યો. વળી એટલામાં નિઝામ-ઉલ્-મુલ્કના મરણથી હૈદ્રાબાદની ગાદીને માટે તકરાર ઉઠી, તેમાં તેણે નિઝામ-ઉલ-મુલ્કના

પૌત્ર મુજફ્ફરજંગને ગાદી અપાવવામાં મદદ કરી. તેણે બુસીને ફ્રેંચ લશ્કર આપી મુજફ્ફરને હૈદ્રાબાદની ગાદીએ બેસાડવા મોકલ્યો પણ તેનો રસ્તામાં જ કાળ થવાથી બુસીએ તેના ભાઇ સલાબતજંગને ગાદી આપી તેની પાસે ફ્રેંચનું ઉપરીપણું સ્વિકારાવ્યું. આ પ્રમાણે થોડા વખત સુધી ડુપ્લેને પોતાની યુકિત સફળ થયેલી જણાઇ. પણ અંગ્રેજો મહંમદઅલીને મદદ કરી ફ્રેંચના સામા થયા, અને અંગ્રેજ લશ્કરમાંના એક કલાઇવ નામના સરદારની ચતુરાઇથી ડુપ્લેની યુકિત નિષ્ફળ થઇ. કલાઇવે ફ્રેંચ લશ્કરને આર્નાટ આગળ હરાવ્યું. ચંદાસાહેબ છેવટે તંજાવરના રાજાને શરણે ગયો પણ તેણે તેને મારી નાંખ્યો. હવે ડુપ્લેની આશા ભંગ થઇ. ત્રિચીનાપલ્લી કલાઇવે મરાઠાઓને આપ્યું નહિ ત્યારે તેઓએ ડુપ્લેને મદદ આપવા જણાવ્યું. આથી ફરી પાછું તેના પગમાં જોર આવ્યું. અને ઇ. સ. ૧૭૫૨ માં લડાઇ ફરી શરૂ થઇ. પણ આ વખતે ફ્રાન્સની સરકાર વચ્ચે પડવાથી લડાઇ બંધ પડી અને તેની આશા નિષ્ફળ થઇ. ફ્રાન્સની સરકારે ડુપ્લેને લડાઇનું મૂળ જણાવી તેની જગાએ ગોધ્યુને હિંદમાં બન્ને કંપની વચ્ચે સલાહ કરવા મોકલ્યો, એટલે ડુપ્લે ઇ. સ. ૧૭૫૫ માં ફ્રાન્સ ગયો. પ્રથમ તો તેને પારીસમાં સારૂં માન મળ્યું. પણ પછીથી જ્યારે કંપનીના વ્યવસ્થાપકોને માલૂમ પડ્યુ કે હિંદની ઉથલપાથલ કરવામાં એજ મૂળ પુરૂષ હતો ત્યારે તેમની તેનાપર અપ્રીતિ થઇ. વળી તેની જામીનગીરી ઉપર જે લોકોએ ફ્રેંચ સરકારને નાણાં ધીર્યાં હતાં તેમણે તેના ઉપર દાવા કર્યા, અને તેથી તેનાં ઘરબાર જપ્ત થયાં. એ વાતની ખબર પડયા પછી ચાર માસમાં તેનો કાળ થયો, ઇ. સ. ૧૭૬૪

બુસી—એ એક ફ્રેંચ સરદાર હતો. ડુપ્લેએ તેને ચંદા સાહેબને કર્ણાટકનો નવાબ બનાવી મુજફ્ફરને નિઝામની ગાદી અપાવવા મોકલ્યો હતો. અંબુરની લડાઇમાં જય મેળવ્યા પછી તે મુજફ્ફરને લેઇ હૈદ્રાબાદ જતો હતો. એટલામાં મુજફ્ફરને રસ્તામાં કોઇ દુશ્મને મારી નાંખવાથી તેણે સલાબતજંગને ગાદીએ બેસાડી તેની પાસે ફ્રેંચનું ઉપરીપણું સ્વિકારાવ્યું.

સલાબતજંગે પોતાની તથા પોતાના રાજ્યની સહીસલામતી માટે તેને પોતાના રાજ્યમાં રાખ્યો. એક વખત તેની તબીયત સારી નહિ હોવાથી તે દરિયા કિનારે હવાફેરને માટે રહેતો હતો, તેવામાં સલાબતજંગના પ્રધાને બુસીના લશ્કરને પગાર આપ્યો નહિ અને તેને કાઢી મુકી મદ્રાસના ગવર્નરની મદદથી તેને ખસેડવાની યુક્તિ કરી. આ વાતની ખબર પડતાંજ બુસી પોતાનું લશ્કર ભેગું કરી એકાએક હૈદ્રાબાદ આવ્યો. એટલે સલાબતજંગ ગભરાયો અને તેણે તેના લશ્કરના ખર્ચ પેટે ઉતર સરકાર પ્રાંત ફ્રેંચને આપ્યો. બુસીએ લગભગ સાત વર્ષ સુધી નિઝામના રાજ્યમાં રહી ફ્રેંચ સત્તાને ઘણી સારા પાયા પર લાવી મુકી. ઇ. સ. ૧૭૫૮ માં હિંદમાં ફ્રેંચ અને અંગ્રેજ વચ્ચે લડાઇ જાગી ત્યારે તેને નિઝામના રાજ્યમાંથી મદદને માટે પોંડીચેરી બોલાવી લેવામાં આવ્યો હતો, પણ તે ફ્રેંચ અને અંગ્રેજ વચ્ચે થયેલી વાંદીવાસની લડાઇમાં કેદ પકડાયો ઇ. સ. ૧૭૫૯.

લાલી—એ ફ્રેંચનો બહુ બહાદુર સરદાર હતો. તેણે લગભગ ૪૦ વર્ષ યુદ્ધમાંજ ગાળ્યાં હતાં. તેણે યુદ્ધકળામાં એટલી બધી હોંશીયારી બતાવી હતી કે જ્યારે યુરોપમાં ઇંગ્લાંડ અને ફ્રાન્સ વચ્ચે લડાઇ જાગી ત્યારે હિંદમાં ફ્રેંચ રાજ્ય સ્થાપવાને તેને મોકલવામાં આવ્યો. તે ઇ. સ. ૧૭૫૮ માં પોંડીચેરી આવ્યો. આવતાંજ તેણે ફોર્ટ સેંટ ડેવીડને ઘેરો ઘાલી એક માસમાં તે જીતી લીધું અને તેને જમીનદોસ્ત કરી નાંખ્યું. અંગ્રેજો આ વખતે બંગાળામાં પોતાની સત્તા બેસાડવામાં રોકાયેલા હોવાથી મદ્રાસમાં તેમનું લશ્કર ઝાઝું નહોતું. તેથી લાલીએ મદ્રાસને ઘેરો ઘાલવાનું કહ્યું. પણ નૌકા સેનાધીપતિએ ના કહી અને પોંડીચેરીની કાન્સીલે નાણાંની મદદ આપવા ના પાડી. આથી તેણે બુસીને હૈદ્રાબાદના રાજ્યમાંથી બોલાવી લીધો. અને તેને સાથે લેઇ પોતે મદ્રાસ તરફ જવા નિકળ્યો. તેણે ફોર્ટસેંટ જ્યોર્જને ઘેરો ઘાલ્યો પણ એટલામાં અંગ્રેજોને બંગાળેથી મદદ આવી પહોંચવાથી લાલીને ઘેરો ઉઠાવવો

પડ્યો. અંગ્રેજ અને ફ્રેંચ વચ્ચે વાંડીવાસ આગળ ભારે યુદ્ધ થયું તેમાં ફ્રેંચ હાર્યા અને લાલીને પોંડીચેરીમાં ભરાઇ જવું પડયું. અંગ્રેજોએ પાંડીચેરીને ઘેરો ઘાલ્યો. લાલી ઘેરો ટકાવી શક્યો, પણ ખોરાક ખૂટવાથી તેને તાબે થવું પડયું. તેને હિંદમાંથી અંગ્રેજોને હાંકી કાઢી ફ્રેંચ રાજ્ય સ્થાપવા મોકલવામાં આવ્યો હતો, પણ તે બધું ખોઇ બેઠો. ફ્રાન્સ ગયા પછી પૂર્વ તરફના બધા સંસ્થાનો ગુમાવ્યાને માટે તેને કેદ કરવામાં આવ્યો. ત્યાં તેના પર કેસ ચાલ્યો તેમાં તે દોષિત ઠર્યાથી તેને ફાંસીની સજા થઇ, ઇ. સ. ૧૭૬૬.

પ્રકરણ ૪૯.

બંગાળામાં બ્રિટિશ રાજ્ય.

ઇ. સ. ૧૭૦૨ થી ૧૭૫૬.

બંગાળાની સ્થિતિ—ઔરંગઝેબ બાદશાહે ઇ. સ. ૧૭૦૨ માં **મુર્શીદ-કુલી-ખાન**ને બંગાળામાં જમાબંધી કરવા નિમ્યો હતો. તે ટોડરમલના જેવોજ તે કામમાં કુશળ હતો. બાદશાહે તેની નોકરીથી ખુશ થઇ બે વરસ પછી તેને **બંગાળા, બહાર** અને **ઓરીસાનો** સુબો નિમ્યો. તેણે પોતાના નામ ઉપરથી **મુર્શીદાબાદ** શહેર વસાવ્યું અને ત્યાં ગાદી સ્થાપી રાજ્ય કરવા લાગ્યો. આ વખતે બંગાળામાં અંગ્રેજ લોકોની કોઠીઓ પટણા, કલકત્તા વિગેરે સ્થળોમાં હતી. પણ અંગ્રેજ લોકનો વેપાર આ નવાબના વખતમાં મંદ પડ્યો હતો, કારણ કે તેણે કંપનીના વેપાર ઉપર જકાત વિગેરે ઘણા કર નાંખ્યા હતા. ઇ. સ. ૧૭૪૧ માં તેના વંશજને મારી નાંખી **અલીવર્દીખાન** બંગાળાનો સુબો થયો. તેણે કંપનીને તેનો વેપાર ખીલવવાને જોઇતી મદદ આપી.

આ નવાબના વખતમાં મરાઠાઓ પૂર જોરમાં હતા. ઇ. સ. ૧૭૪૨ માં રાઘુજી ભોંસલેનો સરદાર ભાસ્કરપંથ મોટું લસ્કર લેઇ બંગાળાપર ચઢી આવ્યો. તે મુર્શીદાબાદ લૂંટીને ત્યાંના શેઠીયાઓ પાસેથી ઘણો પૈસો લેઇ ગયો. ત્યાર પછી તે હુગલી શહેર લૂંટી ત્યાંના શેઠીઆઓને ઘણા હેરાન કરવા લાગ્યો તેથી તેઓ યૂરોપી પ્રજાના થાણામાં જઇ તેમને શરણે રહ્યા. આ વખતે કલકત્તામાં અંગ્રેજ, **ચંદ્રનગરમાં** ફ્રેંચ અને **ચિનસુરામાં** વલંદા લોકો વેપાર અર્થે કોઠીઓ ઘાલી રહેતા હતા. મરાઠાઓના ડરથી અંગ્રેજોએ નવાબની પરવાનગીથી કલકત્તાની આસપાસ ખાઇ ખોદાવી હતી, અને તે આજે પણ મરાઠા ખાઇ તરીકે પ્રસિદ્ધ છે. ઇ. સ. ૧૭૫૧ માં રાઘુજી ભોંસલે મોટું લસ્કર લેઇ બંગાળાપર ચઢી આવ્યો. વારંવાર મરાઠાઓના થતા હુમલાથી કંટાળી જઇને નવાબે તેની સામા ન થતાં તેને બંગાળાની ચોથ ઉઘરાવવાનો હક આપી પાછો કાઢ્યો. ત્યાર પછી પાંચ વર્ષ રાજ્ય કરી તે ઇ. સ. ૧૭૫૬ માં મરણ પામ્યો. તેના પછી તેનો પૌત્ર **શિરાજ-ઉદ્-દૌલ્લા** ગાદીએ બેઠો. તે સ્વચ્છંદી અને ઘાતકી હતો અને અંગ્રેજને બહુ ધિક્કારતો હતો.

શિરાજ-ઉદ્-દૌલ્લા અને અંગ્રેજ વચ્ચે દ્વેષનું કારણ:-શિરાજ-ઉદ્-દૌલ્લાએ ગાદીએ બેઠા પહેલાં ઢાકા પ્રાંત જીતી લેઇ ત્યાંના રાજાને કેદ કર્યો હતો. તેથી તેનો છોકરો **કિસનદાસ** નવાબથી ડરી પોતાના જાનમાલની સહીસલામતી માટે જગન્નાથની જાત્રાએ જવાનું બહાનું કહાડી કલકત્તે આવી અંગ્રેજને શરણે રહ્યો હતો. વળી આ અરસામાં અંગ્રેજ અને ફ્રેંચ વચ્ચે લડાઇ જાગવાનો સંભવ હતો, તેથી કલકત્તામાં અંગ્રેજો ફોર્ટ વિલિયમની દુરસ્તી કરાવતા હતા. નવાબ અંગ્રેજને બંગાળામાંથી હાંકી કાઢવા ઇચ્છતો હોવાથી તેને હવે લઢવાનું બહાનું જડી આવ્યું. તેણે ઢાકાના રાજાના પુત્ર કિસનદાસને તેની મીલકત સહ પોતાને સોંપવાનું અને નવા બાંધેલા કિલ્લાને તોડી પાડવાનું કલકત્તાના ગવર્નરને ફરમાવ્યું. પણ કલકત્તાના ગવર્નરે કિસનદાસને સોંપવાની ના પાડી

અને કિલ્લાની ફક્ત દુરસ્તીજ કરવામાં આવી છે એમ જણાવ્યું આ પ્રમાણે નવાબે પોતાની મરજી વિરૂદ્ધ જવાબ મળતાંજ **કાસીમ બજાર**માં આવેલી અંગ્રેજની કોઠી લૂંટી લેઇ ત્યાંના બધા માણસોને કેદ કર્યા; ત્યાર પછી તે એક મોટું લશ્કર લઇ કલકત્તાપર ચઢી આવ્યો, ઇ. સ. ૧૭૫૬.

પ્રકરણ ૫૦.

બંગાળામાં બ્રિટિશ રાજ્ય. (ચાલુ).

અંગ્રેજની નવાબે કરેલી દુર્દશા—આ વખતે કલકત્તાનો ગવર્નર ડ્રેક હતો, અને તેની પાસે ફકત ઘણાજ થોડા માણસો હતા. આવા મોટા લશ્કર સામે ટકી શકાશે નહિ એમ જાણી ડ્રેક કેટલાક માણસો સાથે વહાણમાં બેસી બે માઇલ દૂર જઇ લંગર કરી રહ્યો. બાકી રહેલા લશ્કરે **હોલવેલ**ને પોતાનો આગેવાન નીમી બે દિવસ સુધી ઘેરો ટકાવી રાખ્યો. લંગર થયલા વહાણોને મદદે આવવા આખી રાત અને દહાડો નિશાનીઓ બતાવવામાં આવી, પણ એકે વહાણ તેમની મદદે આવ્યું નહિ અને આખરે હોલવેલે થાકીને નવાબ સાથે સંધી કરી. પણ **નવાબ**ના વિશ્વાસઘાતી સિપાઇઓએ શહેરમાં ધુસી તેનો કબજો કર્યો. નવાબ જાણતો હતો કે અંગ્રેજ પાસે ઘણો પૈસો છે તેથી તેણે હોલવેલને તે પૈસો બતાવવા કહ્યું પણ ભોંયરામાંથી ફકત ૫૦૦૦૦ રૂપીઆ જડી આવ્યા એટલે નવાબનો મિજાજ ગયો અને તેણે પકડાએલા અંગ્રેજોને કેદ કરવા ફરમાવ્યું.

કલકત્તાનું કારાગ્રહ અને કંપનીનો નાશ—દેશી અમલદારોએ અંગ્રેજને કેદ કરવા માટે એક ઓરડી ખોળી કાઢી. આ ઓરડી ફકત ૨૦ ચોરસ ફૂટની હતી અને તેમાં ફકત બે નાનાં જાળીયાં હતાં. ઉનાળાના સખ્ત તાપના દિવસની રાતે આ નાની ઓર-

ડીમાં ૧૪૬ માણસોને પૂરવામાં આવ્યાં. તે પૈકી ૧૨૩ માણસો પાણી અને હવા વગર ગુંગળાઇને મરણ પામ્યાં અને સવારમાં ફક્ત ૨૨ પુરૂષો અને ૧ સ્ત્રી મળી ૨૩ માણસોને બેહોશ હાલતમાં બહાર કાઢ્યાં. આ વાતની દરકાર કર્યાં વગર નવાબ મુર્શીદાબાદ ચાલ્યો ગયો. અને ત્યાં જઇ તેણે કંપનીની તમામ કોઠીઓ જપ્ત કરવા ફરમાવ્યું. આ પ્રમાણે તેણે બંગાળામાંથી અંગ્રેજનો પગ કાઢી નાંખ્યો, ઇ. સ. ૧૭૫૬.

કલાઇવનું ફરી હિંદમાં આવવું—બુસીએ ફ્રેંચ સત્તા દક્ષિણમાં પૂરેપૂરી બેસાડી હતી. તેથી પેશ્વાની મદદ લેઇ ફ્રેંચ સત્તા તોડવાને ઇરાદે કલાઇવને ઇંગ્લાંડથી લશ્કર આપી મોકલવામાં આવ્યો. આ વખતે મલબાર કાંઠા પર દરિયાઇ લૂંટારો **એંગ્રીઆ** વહાણો લૂંટી લેઇ દરિયાઇ મુસાફરોને હેરાન કરતો હતો. તેણે વલંદા લોકોનાં ચાર વહાણો લૂંટી સળગાવી દીધાં હતાં. કલાઇવે પ્રથમ તેની સત્તા તોડવાનો નિશ્ચય કરી મદ્રાસથી લશ્કર લઇ વૅાટસનને બોલાવ્યો. બન્નેના એકત્ર થયેલા લશ્કરે એંગ્રીઆની રાજ્યધાની **ઘેરીયા**પર હલ્લો કર્યો. એક કલાક ભારે યુદ્ધ થયું પણ એંગ્રીઆનાં દશ વહાણો તોપના મારથી સળગી ગયાં અને તે પણ મરાયો. કલાઇવે તેનું તોપખાનું અને ખજાનો લૂંટી લીધો અને પછી તે અને વૅાટસન બંને મદ્રાસ ગયા.

બંગાળાપર ચઢાઇ—કલાઇવ મદ્રાસ આવ્યો એટલે બંગાળેથી ખબર આવી કે બંગાળાના નવાબે અંગ્રેજોની કોઠીઓ જપ્ત કરી ત્યાંના માણસોને મારી નાંખ્યા છે. આ વાત સાંભળતાંજ અંગ્રેજોને રોમેરોમ વેર વ્યાપી ગયું. અને તેનું વેર લેવાનું નક્કી કરી કલાઇવ અને વૅાટસન બન્ને જણ દરિયાઇ માર્ગે મદ્રાસથી લશ્કર લેઇ બંગાળે જવા નીકળ્યા. તેઓએ હુગલી નદીમાંથઇ પ્રથમ ફોર્ટસેંટ વિલિયમને ઘેરો ઘાલ્યો. નવાબે મુકેલો ત્યાંનો સુબો તોપનો મારો સહન ન કરી શકવાથી કલકત્તે નાશી ગયો. ત્યાંપણ તેને પોતાની સહીસલામતી ન લાગવાથી તે મુર્શીદાબાદ જતો રહ્યો. આ પ્રમાણે કલાઇવ સહેલાઇથી કલકત્તાનો કબજો કરી

શક્યો, અને અંગ્રેજનો વિજય વાવટો કલકત્તાના કિલ્લાપર ઉપર ફરી ફરકવા લાગ્યો. નવાબે ધાર્યું હતું કે હવે અંગ્રેજો ફરીને બંગાળામાં પગ મુકી શકનાર નથી. પણ અંગ્રેજોએ કલકત્તા કબજે કર્યાની ખબર મળતાંજ તે ખીજવાઈ ગયો અને એક જબરૂં લશ્કર લેઇ કલકત્તાપર ચઢી આવ્યો પણ લડાઇમાં તેના કેટલાક સરદારો મરાયાથી તેણે સંધી કરી, જેથી કંપનીને પ્રથમના બધા હક્ક પાછા મળ્યા અને કલકત્તા આગળ એક મજબૂત કિલ્લો બાંધવાની પરવાનગી મળી.

પ્રકરણ ૫૧.

બંગાળામાં બ્રિટિશ રાજ્ય (ચાલુ).

ચંદ્રનગરનો ઘેરો—ઇ. સ. ૧૭૫૬ માં ઇંગ્લાંડ અને ફ્રાન્સ વચ્ચે લડાઇ જાગવાથી હિંદમાં પણ અંગ્રેજ અને ફ્રેંચ વચ્ચે લડાઈ શરૂ થઇ. બંગાળામાં કલકત્તાથી ૨૦૦ માઇલપર આવેલા ચંદ્રનગરમાં ફ્રેંચનું લશ્કર હતું. વળી ફ્રેંચ સરદાર બુસી ઉત્તર સરકાર પ્રાંત નિઝામ પાસેથી મેળવી પોતાના લશ્કર સાથે ત્યાં રહેતો હતો. બંગાળાના નવાબે અંગ્રેજોને ફરીથી હાંકી કાઢવા માટે તેની મદદ માગી. બુસીનું લશ્કર ચંદ્રનગર માંહેલા ફ્રેંચ લશ્કરને આવી મળે તો બંગાળામાંથી અંગ્રેજની સત્તા નાબુદ થાય એમ કલાઇવને લાગ્યું, તેથી તેણે બુસીનું લશ્કર આવી પહોંચે તે પહેલાં ચંદ્રનગરપર ચઢાઇ કરી. વૉટસને જળ માર્ગે જઇ તોપનો મારો ચલાવ્યો અને કલાઇવે જમીન માર્ગે જઈ તેને ઘેરો ઘાલ્યો. નવ દિવસ સુધી ફ્રેંચ લોકો ઘેરો ટકાવી શક્યા પણ આખરે તેઓએ સલાહ કરી નવાબને મદદ નહિ આપવા કબુલ કર્યું.

નવાબ સામે કાવતરૂં—નવાબની ઘણી ઉદ્ધત અને જુલમી રા-

ન્યનીતિથી તેના નોકરો ઘણા નાખુશ હતા, તેમજ શહેરના શેઠ શાહુકારને પણ પોતાના જાનમાલની સહીસલામતી લાગતી નહોતી. આથી તેઓએ નવાબનો ઘાટ ઘડવા નિશ્ચય કરી ઐક્ય કર્યું. તેમાં અંગ્રેજોની મદદની જરૂર જણાયાથી તેઓએ કંપનીને કેટલાક લાભકારક કરાર કરી આપવાનું કબુલ કરી કલાઇવ સાથે સંધી કરી; સંધીમાં એવું ઠર્યું કે સેનાપતિ **મીરજાફરને** ગાદીએ બેસાડવો અને તેના બદલામાં મીરજાફરે બે કરોડ રૂપીઆ કંપનીને આપવા. આ સઘળું તરકટ કલકત્તાનો **અમીચંદ** નામનો એક શેઠ જાણતો હતો. એટલે તેણે તે વાત ગુપ્ત રાખવાના બદલામાં, પોતાને બે લાખ રૂપીઆ અને કંપનીને જે મળે તે ઉપર સેંકડે પાંચ ટકા દલાલી આપવાની સરત કરારનામામાં દાખલ કરવાની કલાઇવની પાસે માગણી કરી, અને તેમ નહિ કરવામાં આવે તો નવાબને સઘળું તરકટ જાહેર કરી દેવાની તેણે ધમકી આપી. કલાઇવ આવી ભારે માગણી સાંભળી વિસ્મય પામ્યો. પણ અમીચંદની માગણી કબુલ ન કરવામાં આવે તો કાવતરૂં રચનાર માર્યા જાય તેમ હતું, તેથી તેણે એક યુક્તિ રચી; તેણે એક ખરો અને બીજો ખોટો એવા બે દસ્તાવેજ બનાવ્યા, ખરો દસ્તાવેજ ધોળા કાગળ ઉપર કરવામાં આવ્યો અને તેમાં અમીચંદને આપવાની રકમ સંબંધી કાંઇપણ લખવામાં આવ્યું નહિ, અને બીજો દસ્તાવેજ લાલ કાગળ ઉપર કરવામાં આવ્યો, તેમાં અમીચંદને આપવાની રકમ બતાવવામાં આવી. ખોટા દસ્તાવેજ ઉપર વૉટસન સહી નહિ કરે એમ લાગવાથી કલાઇવે તેની બનાવટી સહી કરી.

પ્લાસીનું યુદ્ધ અને નવાબનું મરણ—ઉપર પ્રમાણે કરાર થયા પછી કલાઇવ લડાઇ કરવાનો નિશ્ચય કરી **પ્લાસી** આગળ લશ્કર લેઇ આવ્યો. નવાબ પણ પોતાનું લશ્કર લેઇ સામો આવ્યો. પ્લાસી આગળ ભારે યુદ્ધ થયું, તેમાં નવાબનો **મીરમદન** નામનો મુખ્ય સરદાર મરતાંજ તે નાશી જઇ મુર્શીદાબાદમાં ભરાયો. ત્યાં તેને પોતાની સહી-

સલામતી નહિ લાગવાથી તે ફકીરનો વેશ લઇ પટણા ભણી નાઠો. ત્યાંથી તેના કોઇ દુશ્મને પકડી તેને મુર્શીદાબાદ મોકલી દીધો. ત્યાં મીરજાફરના દિકરા **મીરને** તેને મારી નંખાવ્યો.

પ્લાસીના યુદ્ધનું પરિણામ—પ્લાસીના યુદ્ધમાં જય મળ્યા પછી બીજેજ દિવસે બંગાળાના મોટા મોટા સરદારોની સમક્ષ કલાઇવે મીરજાફરને બંગાળા, બહાર અને ઓરિસાના નવાબ તરીકે જાહેર કર્યો, તેના બદલામાં મીરજાફરે કંપનીને ચાલીસ લાખ રૂપીઆ અને કલકત્તાની દક્ષિણના મુલકની જમીનદારી બક્ષીસ કરી, તેમજ કંપનીના નોકરોને સારી સારી ભેટ આપી કલાઇવને પણ સોળલાખ રૂપીઆ આપ્યા. અમીચંદે પોતાને મળવાની રકમની માગણી કરી. પણ તેને ખોટા દસ્તાવેજ બતાવવામાં આવ્યો અને કંઇપણ આપવામાં આવ્યું નહિ, તેથી તે ગાંડો થઇ ગયો અને થોડી મુદત પછી મરણ પામ્યો.

અંગ્રેજની સત્તાનો વધારો—દિલ્લીના બાદશાહનો શાહજાદો બંગાળા ઉપર ચઢી આવ્યો પણ કલાઇવે તેને પટણા આગળ હરાવી નસાડયો, ઇ. સ. ૧૭૫૮. મીરજાફર ગાદીએ બેઠા પછી અંગ્રેજોને બંગાળામાંથી કાઢી મુકવાને વલંદા લોકો સાથે મળી જઇ યુક્તિ રચતો હતો. પણ કલાઇવે વલંદાના તાબાના **ચિનસુરા** શહેરને ઘેરો ઘાલી તેમને સંધી કરવાની ફરજ પાડી. અને તેમની પાસેથી લડાઇનો તમામ ખર્ચ લીધો. કર્ણાટકમાં અંગ્રેજ અને ફ્રેંચ વચ્ચે લડાઇ ચાલતી હતી ત્યાં તેણે **કર્નલ ફૉર્ડને** મોકલ્યો. અને પોતે બંગાળામાં બ્રિટિશ રાજ્યનો પાયો નાંખી ઇ. સ. ૧૭૬૦ માં ઇંગ્લાંડ ગયો અને **વાંસીટાર્ટ** બંગાળામાં ગવર્નર તરીકે કામ કરવા લાગ્યો.

પ્રકરણ ૫૨.

વાંસીટાર્ટના વખતમાં બંગાળાની સ્થિતિ.

દિલ્હીના બાદશાહની બંગાળાપર ચઢાઇ—દિલ્લીના બાદશાહના મરણ પછી તેનો શાહજાદો **શાહઆલમ બીજો** એ નામ ધારણ કરી ગાદીએ બેઠો. તેણે બંગાળાપર ચઢી આવી પટણાને ઘેરો ઘાલ્યો. ત્યાં અંગ્રેજના મુકેલા સુબા **રામનારાયણે** કેટલાક વખત સુધી તે ઘેરો બહાદુરીથી ટકાવી રાખ્યો. એટલામાં અંગ્રેજ સરદાર **કર્નલ કેલીયડ** લશ્કર લેઇ તેની મદદે આવી પહોંચતાં બાદશાહને ઘેરો ઉઠાવી નાશી જવું પડ્યું.

મીરજાફરનું પદભ્રષ્ટ થવું—મીરજાફર રાજકાર્યમાં કુશળ ન હોવાથી રાજ્યમાં ઘણી અવ્યવસ્થા થઇ ગઇ. તેના ઉડાઉપણાને લીધે ખજાનો પણ ખાલી થઇ ગયો હતો, અને લશ્કરને પૂરો પગાર પણ મળતો નહોતો, વળી તેણે હજી કંપનીનું દેવું પણ ચૂકવ્યું નહોતું. આવાં કેટલાંક કારણોને લીધે તે રાજ્યને માટે નાલાયક જણાયો અને તેથી કલકત્તાના ગર્વનરે તેને ગાદીપરથી ઉઠાડી મુકયો અને તેને કલકત્તે લઇ જઇ તેના જમાઇ **મીરકાસીમને** ગાદીએ બેસાડયો, ઇ. સ. ૧૭૬૦. તેના બદલામાં મીરકાસીમે કંપનીને ૨૦ લાખ લાખ રૂપીઆ આપ્યા, અને મીરજાફરનું બાકી રહેલું દેવું આપવાનું કબુલ કર્યું; તેમજ વધારામાં **બર્દવાન, મીદનાપુર અને ચીતાગોંગ** પરગણાનો તમામ વહીવટ કંપનીને સોંપી દીધો. વળી કંપનીના નોકરોને પણ નાંણાની ભારે ભારે રકમ આપી તેમને ખુશ કર્યા.

મીરકાસીમની રાજ્યનીતિ—એ રાજા તરીકે પોતાના કામમાં કુશળ અને લડાઇના કામમાં બહુ બહાદુર હતો. તે ગાદીએ બેઠો ત્યારે તેની તીજોરી ખાલી થઇ ગયેલી હતી. પણ તેણે પોતાની ચતુરાઇ અને ડહાપણથી

રાજ્યની બરાબર વ્યવસ્થા લગાડી પોતાની તીજોરી તર કરી. તેણે પોતાના રાજ્યમાંથી ભારે પગારની જગાઓ કમી કરી. તેણે ફરી નવેસરથી જમાબંધી કરાવી રૈયતને સુખી કરી, અને કંપનીના નોકરોને નાણાં મોકલી દેઇ તેમનો યોગ્ય બદલો વાળ્યો. તેણે મીરજાફરના વખતની બાકી રહેલી મહેસુલ વસુલ કરી એટલુંજ નહિ પણ જે અમલદારોએ રૈયતનો પૈસો લૂંટી ઘર ભર્યા હતાં તેમની પાસેથી તમામ પૈસા કઢાવ્યા. ત્યાર પછી તેણે કંપનીનું તમામ દેવું વાળી દીધું. હવે તેને કંપનીથી સ્વતંત્રપણે રાજ્ય કરવાની ઇચ્છા થઈ. પરંતુ તેની રાજ્યધાનીનું શહેર મુર્શિદાબાદ કલકત્તાની પાસે હોવાથી તેના રાજ્ય સંબંધી તમામ હિલચાલ કલકત્તામાં અંગ્રેજોના જાણ્યામાં જલદી આવે તેમ હતું. તેથી તેણે પોતાની ગાદી મુર્શીદાબાદથી ખસેડી કલકત્તેથી ૩૦૦ માઇલ દૂર આવેલા **મોંગીર** શહેરમાં સ્થાપી ત્યાં રાજ્ય કરવા માંડયું. ત્યાં તેણે મજબુત કિલ્લો બંધાવી તેનાપર ઉત્તમ પ્રકારની તોપો ગોઠવી. વળી તેણે **સમરૂ** નામના પોતાના આર્મિનિયન સરદાર પાસે લશ્કરને કેળવણી અપાવી તેને સારા પાયાપર લાવી મુકયું.

રામનારાયણ—એ પટણામાં અંગ્રેજનો મુકેલો સુબો હતો. જ્યારે દિલ્લીના બાદશાહ શાહઆલમે બંગાળાપર ચઢી આવી પટણાને ઘેરો ઘાલ્યો હતો ત્યારે તેણે ઘેરો ટકાવી રાખી તે શહેરનો બહુ બહાદુરીથી બચાવ કર્યો હતો અને થોડી મુદતમાં અંગ્રેજની મદદ આવી પહોંચતાં બાદશાહને ઘેરો ઉઠાવી નાશી જવું પડયું હતું. તેની બહાદુરીથી ખુશ થઇ અંગ્રેજે તેનું રક્ષણ કરવાનું તેને વચન આપ્યું. ઇ. સ. ૧૭૬૨ માં મીરકાસમે તેનાપર લોકો પાસેથી જોર જૂલમથી પૈસા કઢાવ્યાનું તહોમત મુકયું ત્યારે તેણે પોતાના રક્ષણને માટે કલકત્તેથી અંગ્રેજની મદદ માગી પણ તે તેને મળી નહિ, અને મીરકાસીમ મોટું લશ્કર લેઇ પટણાપર ચઢી આવ્યો. આખરે રામનારાયણ પકડાયો અને તેની પાસેથી પૈસા કઢાવવા માટે તેને રીબાવી રીબાવીને મારી નાંખવામાં આવ્યો.

પ્રકરણ ૫૩.

વાંસીટાર્ટના વખતમાં બંગાળાની સ્થિતિ (ચાલુ)

અંગ્રેજ અને મીરકાસીમ વચ્ચે દ્વેશનું કારણ—બાદશાહી જુની સનદના આધારે કંપનીનો માલ દેશમાં અને દેશની બહાર વગર જકાતે જવા દેવામાં આવતો. પ્લાસીની લડાઇ પછી કંપનીના નોકરો પોતાના ખાનગી વેપારમાં પણ તે હકકનો ઉપયોગ કરવા લાગ્યા, એટલુંજ નહિ પણ તેઓ દેશી લોકોને પરવાના વેચી પૈસા કમાવા લાગ્યા. આથી નવાબને ઉપજમાં ઘણું નુકશાન થવા લાગ્યું. તેથી તેણે એ બાબતનો બંદોબસ્ત કરવા કલકત્તે લખ્યું. તે ઉપરથી વાંસીટાર્ટ અને હેસ્ટીંગ્સ તેનો નિકાલ કરવા મોંગીર ગયા. નિકાલમાં એવું ઠર્યું કે બીજા બધા ૨૫ ટકા જકાત આપે તો કંપનીના નોકરો ૯ ટકા આપે. એ ઠરાવની કલકત્તે ખબર પડતાં કંપનીના નોકરોએ મીઠા ઉપર ૨½ ટકા શિવાય બીજા કોઈ પણ માલ ઉપર જકાત ન આપવાનો નિશ્ચય બતાવ્યો. આ વાત મીરકાસીમના જાણવામાં આવતાંજ તેણે દરેક માલ ઉપરની જકાત કાઢી નાંખી એટલુંજ નહીં પણ પોતાની પ્રજાને કંપનીના નોકરોના જેવાજ હકક આપ્યા. આથી કંપનીના નોકરોને વેપારમાં નુકશાન પહોંચ્યું. આથી તેઓ નવાબ સામે લડાઇમાં ઉતરવા તૈયાર થયા.

મીરકાસીમનો અંત—પટણામાં મુકેલા કંપનીના એજન્ટ એલીસે તે શહેરપર એકાએક હલ્લો કરી તેનો કબજો કર્યો. આ વાતની ખબર પડતાં મીરકાસમે પોતાના માણસોને બંગાળામાંના એકેએક અંગ્રેજને પકડવાનો હુકમ આપ્યો. નવાબના લશ્કરે જઇ પટણા જીતી લીધું અને ત્યાંના એજંટને અને બીજા માણસોને કેદ કર્યા. આથી કલકત્તેથી એક લશ્કર મોકલવામાં આવ્યું. અને તેણે મુર્શીદાબાદનો કબજો કરી મીરજાફરને ફરીથી ગાદીએ બેસાડયો. ત્યારપછી અંગ્રેજોએ મોંગીર જીતી લીધું. આ વખતે મીરકાસીમ પટણામાં હતો. તેણે અંગ્રેજોને આગળ વધતા જાણી પટણામાં કેદ કરેલા તમામ કેદીઓને કતલ કરવા હુ-

હુકમ આપ્યો; પણ તેના માણસોએ હથીયાર વગરના કેદીઓને કતલ કરવા ના પાડી છતાં **સમરૂ** નામના નીચ સરદારે એ કામ માથે લેઇ તેમને કેદખાનામાં મારી નાંખ્યાં, ઇ. સ. ૧૭૬૩. આથી અંગ્રેજોએ વધારે ઝનુનમાં આવી પટણાને ઘેરો ઘાલી તેનો કબજો કર્યો, અને મીરકાસીમ અને સમરૂ બન્ને જણ અયોધ્યા તરફ નાશી ગયા.

અંગ્રેજના સિપાઇઓનો બળવો—પટણા જીતાયા પછી લશ્કરના સિપાઇઓ પોતાને યોગ્ય બદલો મળશે એમ ધારતા હતા પણ તેમને કંઇપણ મળ્યું નહિ. વળી તેમનો ખોરાક પણ ખૂટી પડયો હતો. આથી અંગ્રેજ લશ્કરમાંના સીપાઇઓએ દુશ્મનનો પક્ષ કરવા જણાવ્યું અને એક ટુકડી ચાલી ગઇ, પણ **હેકટર મનરો** નામના બહાદુર લશ્કરી સરદારે તેમને પકડી પાડ્યા, અને તેમના પાંચ આગેવાનોને તોપને ગોળે ઉડાવી દેઇ બળવો સમાવી દીધો.

બકસરની લડાઇ—અયોધ્યાનો સુબો **શુજા-ઉદ્-દૌલ્લા** દિલ્લીના બાદશાહ **બીજા શાહઆલમને** લેઇ બહાર પ્રાંત ઉપર ચઢી આવ્યો. અંગ્રેજ સરદાર મનરો લશ્કર લેઇ તેની સામો થયો. ઇ. સ. ૧૭૬૪ માં **બકસર** આગળ ભારે યુદ્ધ થયું, તેમાં નવાબ હાર્યો અને રોહીલખંડ જતો રહ્યો. આથી શાહઆલમ અંગ્રેજને શરણે ગયો. વળી ફરી ઇ. સ. ૧૭૬૫ માં શુજા-ઉદ્-દૌલ્લા રોહીલા લોકોની મદદ લેઇ અંગ્રેજ સામો આવ્યો, પરંતુ તે **કોરા** આગળ હાર્યો અને અંગ્રેજને શરણે રહ્યો.

પ્રકરણ ૫૪.

કલાઇવની રાજ્ય વ્યવસ્થા.

કલાઇવનું હિંદમાં પુનરાગમન—મીરકાસીમ સાથેની લડાઇથી, પટણામાં થયેલી અંગ્રેજની કતલથી અને બંગાળામાં થએલી રાજ્યની ઉથલપાથલથી ઇંગ્લાંડમાં કંપનીની આબાદાનીની આશા ભાગી પડ્યા.

જેવી જણાઇ. આવા પ્રસંગે કંપનીની સત્તા ટકાવી બંગાળમાં વ્યવસ્થા લગાડવાનું કામ કરનાર કોઇ હોંશીયાર માણસની જરૂર જણાઇ. આ કામને માટે ક્લાઇવને પસંદ કરવામાં આવ્યો. અને તેને ફરી બંગાળાનો ગવર્નર નિમી હિંદમાં મોકલવામાં આવ્યો. ઇ. સ. ૧૭૬૫.

ક્લાઇવની રાજ્યનીતિ—હિંદમાં આવતાંજ તેને માલુમ પડયું કે કંપનીના તમામ નોકરો લાંચીયા અને સ્વાર્થી થઇ ગયા છે. તેથી તેમના ઉપર દાબ મુકવાનું કામ પ્રથમ તેણે હાથમાં લીધું. તેણે કંપનીના નોકરોને ખાનગી વેપાર કરવાની અને કોઇ પણ દેશી રાજાઓ પાસેથી ભેટ લેવાની મના કરી. આથી લાંચીયા અમલદારો તેની સામા થયા. પણ તે દૃઢ નિશ્ચયવાળો હતો તેમ તે તેમનાથી ડરે તેવો નોહોતો. તેણે તેમને નોકરીમાંથી કાઢી મુકી ઇંગ્લાંડ મોકલી આપવાની ધમકી આપી તાબે કર્યા. આ પ્રમાણે તેણે હિંદમાં આવી ટુંક મુદતમાં પોતાનો દાબ બેસાડયો. પછી તે મુર્શીદાબાદના નવાબના રાજ્યની વ્યવસ્થા કરવામાં રોકાયો. ઘરડો નવાબ મીરજાફર મરી ગયો હતો અને તેના બાળક છોકરાને ગાદીપર બેસાડવામાં આવ્યો હતો. પણ તે રાજ્યને માટે નાલાયક જણાયાથી ક્લાઇવે તેને તેના ખરચ પેટે ૫૩ લાખ રૂપીઆ બાંધી આપી બંગાળા, બહાર અને ઓરિસાનો કુલ વહીવટ પોતાના હાથમાં લીધો. પછી તેણે અયોધ્યાના નવાબને તેની ગાદી પાછી સોંપી, અને તેની પાસેથી **કોરા** અને **અલ્હાબાદ** પ્રાંત લેઇ દિલ્લીના બાદશાહને અપાવ્યા. વળી તેણે બાદશાહને તે પ્રાંતોની ઉપજ ઉપરાંત ૨૫ લાખ રૂપીઆ આપી પોતાને શરણે રાખ્યો અને તેના બદલામાં બાદશાહે દિલ્લીથી બંગાળા સુધીના તમામ મુલકનો કુલ વહીવટ કંપનીને સોંપી દીધો.

અંગ્રેજ લશ્કરનો બળવો—પ્લાસીની લડાઇ થઇ ત્યારથી અંગ્રેજોનું લશ્કર લઢવા જતું ત્યારે તેને પગાર ઉપરાંત ભથ્થું મળતું. મીરજાફરને ગાદી મળી ત્યારે તેણે તે ભથ્થું બેવડું આપવાનું ઠરાવ્યું હતું. આગળ જતાં લશ્કરી સિપાઇઓ તે ભથ્થું કાયમનું ગણી લેવા લાગ્યા.

આથી કંપનીની ઉપજને ઘણો ધોકકો પહોંચતો હતો. ઇંગ્લાંડથી આ રિવાજ બંધ કરવાને વારંવાર ફરમાવવામાં આવતું, પણ કંપનીના નોકરો સ્વાર્થની ખાતર તેના તરફ લક્ષ આપતા નહેતા. જ્યારે કલાઇવ હિંદમાં આવવા નિકળ્યો ત્યારે તેને આ કામ સોંપવામાં આવ્યું હતું. આવતાંજ તેણે ઇ. સ. ૧૭૬૬ ના જાનેવારી માસની ૧ લી તારીખથી તે ભથ્થુ નહિ આપવા હુકમ કર્યો. આથી કેટલાક લશ્કરી અમલદારોએ ઐકય કરી નોકરી છોડી જતા રહેવા કહ્યું એટલુંજ નહિ પણ મરાઠાઓને મદદ આપી અંગ્રેજની સત્તાને ધોકકો પહોંચાડવાની ધમકી આપી. પણ કલાઇવ તેમનો ડરાવ્યો ડરે તેવો નહતો. તેણે તેમને પકડી તોપને ગોળે ઉડાડી દેવા અને મદ્રાસથી નવા માણસો બોલાવી તેમની જગાએ નીમવા સેનાધિપતિને હુકમ આપ્યો. કલાઇવની આવી અડગ દઢતા જોઇ અમલદારો શાંત થઇ ગયા એટલુંજ નહિ પણ તેઓએ કલાઇવની માફી માગી. આ પ્રમાણે બંગાળાની વ્યવસ્થા લગાડ્યા પછી કલાઇવ માંદો પડવાથી ઇ. સ. ૧૭૬૭ માં ઇંગ્લાંડ ગયો.

કલાઇવના ગયા પછી કંપનીનો વહીવટ--કલાઇવના ગયા પછી બંગાળામાં પ્રથમના જેવીજ અવ્યવસ્થા ચાલી. કંપનીના નોકરો ધારે તેને ગાદીએ બેસાડતા અને ધારે તેને ઉઠાડી મુકી રાજયના પૈસા મરજી મુજબ વહેંચી લેતા, આથી કંપનીને નુકશાન થવા લાગ્યું. એટલામાં બંગાળામાં ભારે દુકાળ પડયો અને લાખો માણસો માર્યા ગયાં. આથી કંપનીની તીજોરી પણ ખાલી થઇ ગઇ અને કંપનીને ભારે દેવામાં ઉતરવું પડયું. બંગાળાની આવી અવ્યવસ્થાની ખબર ઇંગ્લાંડ પહોંચતાંજ કંપનીના વ્યવસ્થાપકોને હિંદમાં કોઇ પ્રમાણીક અને ત્યાંની સ્થિતિનો માહિતગાર માણસ નિમવાની જરૂર જણાઇ. આવી લાયકી વાળો માણસ તેઓને **વૉરન હેસ્ટિંગ્સ** માલમ પડયો અને તેને તેઓએ બંગાળાના ગવર્નર તરીકે નિમ્યો ઇ. સ. ૧૭૭૨.

દક્ષિણ હિંદની સ્થિતિ—ઇ. સ. ૧૭૬૧ માં અંગ્રેજે દક્ષિણમાં ફ્રેંચ સત્તાનો અંત આણ્યો; તેજ વરસમાં પાણીપતની હારથી મરાઠી સત્તાને ધોકકો પહોંચ્યો અને બાલાજી પેશ્વાનું મરણ થયું. પણ આગળ જતાં તેના પુત્ર માધવરાવ પેશ્વાએ પોતાના પિતાની ઝાંખી થયેલી કીર્તિ પુનઃ પ્રાપ્ત કરી મરાઠી સત્તાનું પ્રબળ વધાર્યું. ઇ. સ. ૧૭૬૧ માં સલાબતજંગને કેદ કરી તેનો ભાઇ નિઝામઅલ્લી દક્ષિણના સુબેદાર તરીકે રાજ્ય કરવા લાગ્યો. એ અરસામાં હૈદરઅલ્લી નામનો મુસલમાન સરદાર મ્હેસુરમાં પોતાની સત્તા જમાવતો હતો. આ નવી સત્તા તોડવામાં અંગ્રેજોને તેની સાથે યુદ્ધમાં ઉતરવું પડ્યું. મ્હૈસુરના રાજ્યની પૂર્ણ હકીકત આગળ આવશે.

પ્રકરણ ૫૫.

કલાઇવ વિષે ટુંક હકીકત.

કલાઇવ—એ કોઇ સાધારણ માણસનો છોકરો હતો. તે ઇસ્ટ ઇંડિયા કંપનીમાં કારકુન તરીકે ઇ. સ. ૧૭૪૪ માં હિંદમાં આવ્યો. ફ્રેંચ સરદાર **લેબોર્ડોનેસે** મદ્રાસ જીત્યું ત્યારે તે ત્યાં હતો. પછી તે કારકુનનું કામ છોડી, દેઇ લડાઇના કામમાં જોડાયો. મદ્રાસથી મહંમદઅલ્લીના રક્ષણ માટે ત્રિચીનાપલ્લી ઉપર મોકલેલા અંગ્રેજ લશ્કરમાં તે હતો, અને તેમાં તેણે પોતાની યુદ્ધ કળા બતાવી સારી પ્રખ્યાતિ મેળવી. કલાઇવને સામે મોઢે જયની આશા જણાઇ નહિ તેથી તેણે મદ્રાસના ગવર્નરને જણાવ્યું કે ચંદાસાહેબની રાજ્યધાની આર્કટ ઉપર લશ્કર મોકલવામાં આવે તો તેનું રક્ષણ કરવાને તેને ત્રિચીનાપલ્લીનો ઘેરો ઉઠાવવો પડશે. તેની આ યુક્તિ પસંદ પડવાથી મદ્રાસના ગવર્નરે તેને લશ્કર આપી આ-

ર્કટ પર મોકલ્યો. તેણે આર્કટ સર કરી તેનો કબજો કર્યો. આ વાત ચંદાસાહેબના જાણવામાં આવતાંજ તેણે પોતાના છોકરા રાજાસાહેબને લશ્કર આપી આર્કટ ઉપર મોકલ્યો. રાજાસાહેબે આર્કટને ઘેરો ઘાલ્યો. પણ ક્લાઇવ થોડા માણસો વડે તે ઘેરો ૫૨ દિવસ સુધી ટકાવી શક્યો. એટલામાં મદ્રાસથી તેને મદદ આવી પહોચતાંજ રાજાસાહેબ ઘેરો ઉઠાવી ચાલ્યો ગયો, પણ ક્લાઇવે તેની પાછળ પડી તેને તથા ફ્રેંચ લશ્કરને **આર્ની** આગળ હરાવ્યું. ત્યાંથી તે આગળ વધી ત્રિચીનાપલ્લી તરફ ગયો, એટલે ચંદાસાહેબ પણ ઘેરો ઉઠાવી ચાલ્યો ગયો. ત્યાર પછી તેણે **ચિંગલપટ** સર કર્યું અને થોડા વખત પછી તે ઇંગ્લાંડ ગયો, ઇ. સ. ૧૭૫૨. ત્રણ વરસ પછી હિંદમાં ફ્રેંચ સત્તા તોડી અંગ્રેજની સત્તા બેસાડવાને તેને મોકલવામાં આવ્યો. આવતાંજ તેણે દરિયાઇ લૂંટારા **અંગ્રીયા** ને મારી તેને રાજધાની **ઘેરીયા** સર કરી લીધું. પછી તે મદ્રાસ ગયો જ્યાં તેને બંગાળાના નવાબે અંગ્રેજોની કરેલી દુર્દશાના સમાચાર મળ્યા અને તરતજ તેનું વેર લેવાને તે બંગાળે ગયો. તેણે નવાબને **પ્લાસી** આગળ હરાવી બંગાળામાં અંગ્રેજી રાજ્યનો પાયો નાખ્યો, અને કરાર પ્રમાણે મીરજાફરને બંગાળાનો નવાબ નિમ્યો તેણે અમીચંદ જેવા લોભી માણસને છેતરી કંપનીની તીજોરી તર કરી. બે વરસ પછી બંગાળાનો નવાબ વલંદા લોકોની મદદથી ફરી પાછો અંગ્રેજને બંગાળામાંથી કાઢી મુકવાને યત્ન કરવા લાગ્યો. ક્લાઇવે વલંદા લોકોને હરાવી તેમને સલાહ કરવાની ફરજ પાડી અને નવાબને મદદ નહિ આપવાનું તેમની પાસે કબુલ કરાવ્યું. આ પ્રમાણે બંગાળામાં અંગ્રેજી સત્તા સર્વોપરી કરી તે ઇ. સ. ૧૭૬૦ માં ઇંગ્લાંડ ગયો. આથી ઇંગ્લાંડમાં તે દેવતાઇ પુરૂષ તરીકે મનાયો. તેના ગયા પછી બંગાળામાં એટલી બધી અંધાધુંધી ચાલી કે કંપનીની સત્તા પડી ભાગવા જેવી થઇ રહી, તેથી ત્યાં વ્યવસ્થા લગાડવાને કલકત્તાના ગર્વનર તરીકે તેને ફરી મોકલવામાં આવ્યો, ઇ. સ. ૧૭૬૫. આ વખતે કંપનીના નોકરો સ્વાર્થી અને લાંચીયા થઇ ગયેલા તેને માલમ

પડયા. તેણે એક કાયદો ઘડી કંપનીના નોકરોને ખાનગી વેપાર કરતા તથા ભેટ લેતા અટકાવ્યા. તેના આ કાયદાથી કેટલાક અમલદારો સામા થયા, પણ તેણે તેઓને નોકરીમાંથી કમી કરી ઇંગ્લાંડ મોકલી આપવાની ધમકી આપી તાબે કર્યાં. વળી લશ્કરને બેવડું ભથ્થુ અપાતું તે પણ તેણે બંધ કર્યું. આથી સિપાઇઓએ બળવો કર્યો એટલે તેણે બળવાન આગેવાનોને તોપને ગોળે ઉડાવી દેઇ તે બળવો સમાવ્યો. તેણે દીલ્લીના બાદશાહને અંગ્રેજના શરણમાં રખી તેના રાજ્યની વ્યવસ્થા લગાડી આપી દિલ્લીથી બંગાળા સુધીના તમામ મુલકનો કુલ વહીવટ કંપનીને સોંપી દેવડાવ્યો. આ પ્રમાણે વ્યવસ્થા લગાડયા પછી તે માંદો પડવાથી ઇ. સ. ૧૭૬૭ માં ઇંગ્લાંડમાં ગયો. ત્યાં તેણે હિંદમાં બજાવેલી અમૂલ્ય દેશ સેવાને માટે તેને ઘણું માન મળ્યું. પણ થોડા વખત પછી તેણે તેના પ્રમાણિકપણાથી અને અડગ નિશ્ચયથી હિંદમાં જે લોકોને નારાજ કર્યાં હતા તેઓએ ઇંગ્લાંડ આવી તેના ઉપર દેશી રાજાઓ પાસેથી લાંચ લીધાનો આરોપ મૂકયો. તેમાં તે દોષિત ઠર્યાથી તેણે મેળવેલો પૈસો જપ્ત કરવાનો હુકમ થયો પણ તેણે બજાવેલી સ્વદેશ ભકિત તરફ નજર કરી તેની કીર્તિને ઝાંખ ન લગાડવાનો ઠરાવ કરવામાં આવ્યો. તોપણ તેની થયેલી નિંદાએ તેના અંતઃકરણમાં ભારે દિલગીરી ઉપજાવી. અને તે શોકમાં ને શોકમાં ઇ. સ. ૧૭૭૩ માં આપઘાત કરી મરણ પામ્યો.

યૂરોપી પ્રજા હિંદમાં આવી ત્યારથી કલાઇવ સુધીના મુખ્ય બનાવોની સાલવાર યાદી.

મુખ્ય બનાવ.	પૃષ્ઠ	સાલ.
કેપ ઓફ ગુડ હોપની શોધ.	૯૩	ઇ. સ. ૧૪૮૭
અમેરિકાની શોધ.	૯૪	ઇ. સ. ૧૪૯૨
પોર્તુગીઝનું હિંદમાં આવવું (વાસ્કોડીગામા)	૯૪	ઇ. સ. ૧૪૯૮

ફ્રેંચ લોકોનું હિંદમાં આવવું	૯૭	ઇ. સ. ૧૬૭૪
અંગ્રેજ લોકનું હિંદમાં આવવું	૯૭	ઇ. સ. ૧૫૯૩
બ્રિટિશ ઇસ્ટ ઇંડિયા કંપનીની સ્થાપના	૯૮	ઇ. સ. ૧૫૯૮
દુપ્લેનું મદ્રાસ જીતવું	૧૦૧	ઇ. સ. ૧૭૪૬
મદ્રાસ અંગ્રેજોને પાછું મળે છે	૧૦૨	ઇ. સ. ૧૭૪૯
નિઝામ-ઉલ્-મુલ્કનું મરણ	૧૦૩	ઇ. સ. ૧૭૪૮
અંબુરની લડાઇ	૧૦૪	ઇ. સ. ૧૭૪૯
ઉત્તર સરકાર પ્રાંત ફ્રેંચને મળ્યો	૧૦૪-૧૦૯	ઇ. સ. ૧૭૫૩
આર્નીની લડાઇ	૧૦૬	ઇ. સ. ૧૭૫૧
કલાઇવનું ઇંગ્લાંડ જવું	૧૦૭	ઇ. સ. ૧૭૫૨
પોંડીચેરીની સંધી	૧૦૭	ઇ. સ. ૧૭૫૫
વાંડીવાંસની લડાઇ	૧૦૮	ઇ. સ. ૧૭૫૯
ફ્રેંચ સત્તાનો અંત	૧૦૮	ઇ. સ. ૧૭૬૧
દુપ્લેનું મરણ	૧૧૧	ઇ. સ. ૧૭૬૪
કલાઇવનું હિંદમાં પુનરાગમન.	૧૧૬	ઈ. સ. ૧૭૫૫
કલકત્તાનું કારાગ્રહ અને બંગાળામાં કંપનીનો નાશ	૧૧૫	ઇ. સ. ૧૭૫૬
પ્લાસીનું યુદ્ધ	૧૧૮	ઇ. સ. ૧૭૫૭
કલાઇવનું ફરી ઇંગ્લાંડ જવું	૧૧૯	ઇ. સ. ૧૭૬૦
મીરજાફરનું પદભ્રષ્ટ થવું	૧૨૦	ઇ. સ. ૧૭૬૦
પટણાની કતલ	૧૨૩	ઇ. સ. ૧૭૬૩
બકસરની લડાઈ	૧૨૩	ઇ. સ. ૧૭૬૪
કલાઇવનું હિંદમાં ત્રીજી વખત આવવું.	૧૨૩	ઇ. સ. ૧૭૬૫
કલાઈવનું છેલ્લીવાર ઇંગ્લાંડ જવું	૧૨૫	ઇ. સ. ૧૭૬૭
વૉરન હેસ્ટિંગ્સ બંગાળાનો ગર્વનર થાયછે	૧૨૫	ઇ. સ. ૧૭૭૨
કલાઇવનું મરણ	૧૨૮	ઇ. સ. ૧૭૭૩

પ્રકરણ ૫૯.

મ્હૈસુરનું રાજ્ય.

મ્હૈસુરનું રાજ્ય અને હૈદરઅલ્લી—મ્હૈસુર એ વિજયાનગરના હિંદુ રાજ્યનો ભાગ હતો. ઇ. સ. ૧૫૬૫ માં વિજયાનગરના હિંદુ રાજ્યનો અંત આવ્યા પછી એક હિંદુ રાજા મ્હૈસુરમાં ગાદી સ્થાપી ત્યાં રાજ્ય કરવા લાગ્યો. ત્યાર પછી લગભગ ૨૦૦ વરસ સુધી તેના વંશજોએ મરાઠાઓ સામે ટક્કર ઝીલી પોતાની સ્વતંત્રતા જાળવી રાખી હતી. ઇ. સ. ૧૭૬૧ માં ત્યાંનો રાજા બાળક હોવાથી નંદરાજ પ્રતિનિધિ તરીકે રાજ્યકારભાર ચલાવતો હતો. આ વખતે **હૈદરઅલ્લી** તેના લશ્કરની એક ટુકડીનો સરદાર હતો. તેણે ત્રિચીનાપલ્લીના ઘેરા વખતે રાજ્ય તરફથી સારી પ્રખ્યાતિ તેમજ નંદરાજની પ્રીતિ મેળવી હતી. આગળ જતાં પોતાની હોંશીયારી વડે તે લશ્કરનો સેનાધિપતિ નિમાયો. ત્યાર પછી પોતાના હાથમાં લશ્કરનો તમામ અંકુશ આવતાંજ રાજાને પદભ્રષ્ટ કરી તે ગાદીએ બેઠો. પછી લગભગ બે વરસમાં તો તેણે પોતાના રાજ્યનો વિસ્તાર કૃષ્ણા નદી સુધી વધાર્યો.

મરાઠા સાથે યુદ્ધ—હૈદરઅલ્લી દક્ષિણમાં પોતાની સત્તા જમાવતો હતો તેની ખબર પૂને પહોંચી એટલે માધવરાવ પેશ્વા મોટું લશ્કર લેઈ મ્હૈસુરપર ચઢી આવ્યો. પણ મરાઠાની પ્રબળ સત્તા આગળ ટકી શકાશે નહિ એમ જાણી હૈદરે તેમને લીધેલો મુલક પાછો સોંપી દીધો અને ૨૦ લાખ રૂપીઆ રોકડા અને દર વરસે ૩૨ લાખ રૂપીઆ ખંડણી આપવાનું કબુલ કરી તેમની સાથે સંધી કરી.

પહેલો મ્હૈસુર વિગ્રહ—હૈદર ફ્રેંચ સાથે ઐક્ય કરી અંગ્રેજોને હિંદમાંથી કાઢી મુકવા ધારે છે એવી ખબર મળતાં અંગ્રેજોએ આ નવી સત્તા નાબુદ કરવાના ઇરાદાથી નિઝામ સાથે ઐક્ય કર્યું. આ વાતની ખબર પડતાં હૈદરે નિઝામને ફોડી પોતાના પક્ષમાં લીધો અને

અંગ્રેજને દક્ષિણમાંથી હાંકી કાઢવાનો નિશ્ચય કરી તે **મદ્રાસ** તરફ ગયો. આ વખતે મદ્રાસમાં અંગ્રેજ લશ્કરનો અધિપતિ **કર્નલ સ્મિથ** હતો. હૈદરે **ચંગામ** આગળ તેના લશ્કર ઉપર ધસારો કર્યો, પણ તેને પાછા હઠવું પડયું. પછી સ્મિથે તેને **ત્રિનોમાલી** અને **અંબુર** આગળ હરાવ્યો. વળી બીજું લશ્કર **કર્નલ વુડ**ની સરદારી નીચે મોકલવામાં આવ્યું હતું, તેણે **ડીંડીગલ, પાલગઢ** અને **માંગ્લોર** જીતી લીધાં. આ પ્રમાણે દરેક સ્થળે વારંવાર હારવાથી હૈદરે અંગ્રેજ સાથે સંધી કરવા ઇચ્છયું. પણ મળેલી ફત્તેહથી ફુલાઇ જઇ મદ્રાસના ગવર્નરે એવી તો ભારે માગણીઓ કરી કે હૈદર તે માગણીઓ કબુલ કરી શક્યો નહીં, અને લઢાઇ ચાલુ રહી. એવામાં લશ્કરની આગેવાની **કર્નલ** વુડને આપવામાં આવી. તે સ્મિથ જેવો ચાલાક નહોતો. તેથી હૈદરે થોડાજ વખતમાં પોતાનો ગુમાવેલો મુલક પાછો લેઇ લીધો, અને પછી મોટું લશ્કર લેઇ તે મદ્રાસપર એકાએક ચઢી આવ્યો. મદ્રાસમાં આ વખતે લશ્કર નહોતું તેથી ડરી જઇ અંગ્રેજોએ મદ્રાસ મુકામે હૈદર સાથે સંધી કરી, ઇ. સ. ૧૭૬૯. સંધીમાં એવું ઠર્યું કે દરેક પક્ષ એક બીજાનો જીતેલો મુલક પાછો આપવો અને લડાઇના પ્રસંગે એક બીજાને મદદ કરવી. આ સંધીને **મદ્રાસની સંધી** કહે છે.

મરાઠા સાથે બીજું યુદ્ધ—મદ્રાસની સંધી થયા પછી હૈદરે પેશ્વાને કબુલ કરેલી ખંડણી આપી નહિ, તેથી પેશ્વા મરાઠાઓનું લશ્કર લેઇ મ્હેસુરપર ચઢી આવ્યો ઇ. સ. ૧૭૭૦. હૈદરે મદ્રાસની સંધીની રૂએ અંગ્રેજની મદદ માગી. આ વખતે મરાઠી સત્તા પૂર બળમાં હતી. તેની વિરૂદ્ધ થવાનું યોગ્ય ન લાગવાથી અંગ્રેજે હૈદરને મદદ કરી નહિ. હૈદરે હારી મરાઠાને લડાઇના ખર્ચ પેટે પોતાના રાજ્યનો ઉત્તર તરફનો મુલક અને ચઢેલી ખંડણી આપવાનું કબુલ કરી સલાહ કરી. ઇ. સ. ૧૭૭૨ માં તેણે માધવરાવ પેશ્વાને આપેલો મુલક પાછો જીતી લીધો એટલુંજ નહિ પણ લગભગ છ વરસ પોતાના રાજ્યનો વિસ્તાર વધારવામાં ગાળ્યાં.

પ્રકરણ ૫૭.

મ્હૈસુરનું રાજ્ય. (ચાલુ)

બીજો મ્હૈસુર વિગ્રહ—હિંદમાં પહેલો મરાઠા વિગ્રહ ચાલતો હતો, એ અરસામાં યુરોપમાં ઇંગ્લાંડ અને ફ્રાન્સ વચ્ચે લડાઇ જાગી તેથી અંગ્રેજોએ ફ્રેંચનું **માહી** બંદર જીતી લીધું. ઇ. સ. ૧૭૭૦ માં મરાઠાઓ મ્હૈસુર ઉપર ચઢી આવ્યા હતા ત્યારે હૈદરે મદ્રાસની સંધીની રૂએ અંગ્રેજોની મદદ માગી હતી પણ તે તેઓએ આપી નહોતી. તેનું વેર લેવાને હૈદર લાગ તપાસી રહ્યો હતો. અંગ્રેજોએ માહી જીતી લીધું, પણ તેની આસપાસનો મુલક હૈદરના તાબામાં હતો તેથી તેને અંગ્રેજ સાથે લડાઇ આરંભવાનું બહાનું મળ્યું. તેણે તેમને હિંદમાંથી કાઢી મુકવાનો નિશ્ચય કરી મરાઠા અને નિઝામ સાથે ઐક્ય કર્યું. પછી તે એક લાખ માણસનું જબરૂં લશ્કર લેઇ ગામ બાળતો અને દેશ ઉજ્જડ કરતો કર્ણાટકમાં પેઠો. **સર હેક્ટર મનરો** લશ્કર લેઇ તેની સામો ગયો અને ઉત્તર સરકાર પ્રાંતમાંથી **બેલી** લશ્કર લેઇ તેની મદદે આવવા નિકળ્યો. આ બંને લશ્કર ભેગાં થાય તે પહેલાં **પોલીલોર** આગળ હૈદરે બેલીને હરાવી તેના લશ્કરનો નાશ કર્યો અને તેને કેદ પકડી શ્રીરંગાપટ્ટણ મોકલી દીધો. મનરો બેલીની મદદે ગયો હોતતો લડાઇનું પરિણામ જુદું જ આવંત, પણ તે ડરી જઇ મદ્રાસ ચાલ્યો ગયો. બેલીના લશ્કરના નાશની ખબર કલકત્તે પહોચતાંજ ગવર્નર જનરલ વૉરન હેસ્ટીંગ્સે **સર આયર કુટ**ને લશ્કર આપી દરિયાઇ માર્ગે મદ્રાસ મોકલ્યો અને બીજું લશ્કર જમીન માર્ગે **કર્નલ પીયર્સ**ની સરદારી નીચે મોકલ્યું. વળી તેણે ભોંસલેને લાંચ આપી પોતાના પક્ષમાં લીધો. સર આયર કુટ મદ્રાસ આવી પહોંચ્યો ત્યારે હૈદરે વાંડીવાસને ઘેરો ઘાલ્યો હતો. એટલામાં અંગ્રેજને બંગાળેથી મદદ આવી પહોંચતાં હૈદરને ઘેરો ઉઠાવી ચાલ્યા જવું પડયું. પછી તેણે દશગણું લશ્કર ભેગું કરી સર આયર કુટને

પૉર્ટોનોવો આગળ રોકયો. છ કલાક ભારે યુદ્ધ થયું પણ હૈદરના લશ્કરમાં ભંગાણ પડવાથી તે મહા મુશીબતે નાશી છુટયો. હવે બંગાળેથી જમીન માર્ગે પીયર્સની સરદારી નીચે નીકળેલું લશ્કર કુટને પુલીકટ આગળ આવી મળ્યું. બંનેના એકત્ર થએલા લશ્કરે હૈદરને ઇ. સ. ૧૭૮૧ માં **પોલીલોર** અને **શોલીંગર** આગળ હરાવ્યો. આ દરમીયાન હેસ્ટીંગ્સે મરાઠાઓ સાથે સાલબાઇ મુકામે સંધી કરી તેમને હૈદરના પક્ષમાંથી પોતાના પક્ષમાં લીધા. હજુ પણ હૈદરનું બળ કમી થયું નહોતું. ફ્રેંચ તરફથી લશ્કરની મદદ મળતાં તેણે વાંડીવાસને ફરી પાછો ઘેરો ઘાલ્યો. સર આયરકુટે આવી તે કિલ્લાનું ફરીથી રક્ષણ કર્યું, અને હૈદરને ઘેરો ઉઠાવી જતા રહેવું પડયું. કુટે તેની પાછળ પડી તેના તથા ફ્રેંચના એકત્ર થએલા લશ્કરને **આર્ની** આગળ હરાવ્યું, ઇ. સ. ૧૭૮૨. પણ એટલામાં હૈદર પોતાની ૮૦ વરસની વયે તેજ વરસમાં મરણ પામ્યો, અને તેનો છોકરો **ટીપુ** ગાદીએ બેઠો. તેણે બે વરસ સુધી લડાઇ લંબાવી. એ અરસામાં યુરોપમાં ઇંગ્લાંડ અને ફ્રાન્સ વચ્ચે સંધી થઇ. તેની રૂએ ટીપુને ફ્રેંચની મદદ મળતી બંધ થઇ છતાં પણ હિંમત નહીં હારતાં તેણે **બેડનોર** અને **માંગ્લોર** જીતી લીધાં. તેના વધતા જતા બળથી ડરી જઇ મદ્રાસના ગવર્નરે તેની સાથે માંગલોર મુકામે સંધી કરી, ઇ. સ. ૧૭૮૪. તેમાં એવું ઠર્યું કે બંને પક્ષે એક બીજાનો જીતેલો મુલક પાછો સોંપી દેવો. આ સંધીને **માંગલોરની સંધી** કહે છે.

પ્રકરણ ૫૮.

મ્હૈસુરનું રાજ્ય. (ચાલુ)

ત્રીજો મ્હૈસુર વિગ્રહ—માંગલોરની સંધી કર્યા પછી તરતજ ટીપુએ મરાઠા અને નિઝામની સત્તા નાબુદ કરવાનો અને અંગ્રેજનો પગ

દક્ષિણમાંથી કાઢવાનો ઇરાદો કરી ફ્રેંચની મદદ માગી. વળી તેણે અંગ્રેજના મિત્ર ત્રાવણકોરના રાજા ઉપર ચઢાઇ કરી તેના કિલ્લાને જમીનદોસ્ત કરી તે દેશ ઉજ્જડ કર્યો. અંગ્રેજો પોતાના મિત્રનું રક્ષણ કરવાને બંધાએલા હતા. તેથી તેઓએ ટીપુના વધતા જતા બળને અટકાવવાને, મરાઠા અને નિઝામ સાથે ઐક્ય કર્યું. આ વખતે ગવર્નર જનરલ **લૉર્ડ કૉર્નવૉલીસ** હતો. તેણે ઇ. સ. ૧૭૯૧ માં મોટું લશ્કર લઇ મદ્રાસ આવી સેનાપતિનું કામ પોતે માથે લીધું અને ટીપુ જાણે નહિ એમ મ્હૈસુરપર ચઢાઇ કરી. તે બેંગલોર જીતી શ્રીરંગાપટ્ટણ તરફ ગયો. ટીપુ લશ્કર લેઇ સામો ગયો અને **એરીકેરા** આગળ ભારે યુદ્ધ થયું. તેમાં અંગ્રેજને પૂર્ણ જય મળ્યો અને ટીપુ શ્રીરંગાપટ્ટણમાં જઇ ભરાયો. વળી સંકેત પ્રમાણે અંગ્રેજને મરાઠાઓ અને નિઝામની મદદ આવી પહોંચી એટલે લૉર્ડ કૉર્નવૉલીસે શ્રીરંગાપટ્ટણને ઘેરો ઘાલ્યો. આવા મોટા લશ્કરની સામે થતાં પોતાનું રાજ્ય જવાની ધાસ્તીથી ટીપુને તાબે થયા વગર બીજો ઉપાય રહ્યો નહિ, તેથી તેણે અંગ્રેજ સાથે સંધી કરી, ઇ. સ. ૧૭૯૩. સંધીમાં એવું ઠર્યું કે ૧ ટીપુએ પોતાના રાજ્યનો અડધો મુલક આપવો, ૨ લડાઇના ખર્ચ પેટે ત્રણ કરોડ અને ત્રીસ લાખ રૂપીઆ આપવા, ૩ ટીપુએ તમામ અંગ્રેજ કેદીને છુટા કરવા, અને ૪ આ સંધીની સરતો બરાબર રીતે પાળવામાં આવે ત્યાં સુધી તેણે પોતાના બે છોકરાને અંગ્રેજના હવાલામાં સોંપવા. આ સંધી શ્રીરંગાપટ્ટણ મુકામે થયેલી હોવાથી તેને **શ્રીરંગાપટ્ટણની સંધી** કહેછે.

ચોથો મ્હૈસુર વિગ્રહ—નેપોલીયન બોનાપાર્ટ હિંદ જીતવાને ઇજીપ્ત સુધી આવેલો છે, અને ટીપુએ અંગ્રેજોને હિંદમાંથી હાંકી મુકવાને મોરીશીયસના ગવર્નરને ફ્રેંચની મદદ માટે લખ્યું છે, એ વાતની ખબર પડતાં ગવર્નર જનરલ લૉર્ડ **વેલેસ્લીએ** ટીપુને પોતાનો મિત્ર કરી લેવાને એક એલચી મોકલ્યો. પણ ટીપુએ અંગ્રેજ સાથે સલાહ કરવાનું બીલકુલ ગણકાર્યું નહિ તેથી તેની સાથે લડાઇ કર્યા

વગર છુટકો નથી એમ ધારી, ગવર્નર જનરલ જાતે એક મોટું લસ્કર લેઇ લડાઇની દેખરેખ રાખવાને મદ્રાસ આવ્યો અને તેણે લૉર્ડ **હેરીસને** સેનાધિપતિ નિમ્યો. હેરીસ ૧૮૦૦૦ માણસનું લસ્કર લેઇ મદ્રાસથી નીકળ્યો. રસ્તામાં તેને નિઝામ તરફથી ૧૬૦૦૦ માણસની મદદ આવી પહોંચી. મુંબઇથી જનરલ **સ્ટુઅર્ટ** લસ્કર લેઈ મલબાર કાંઠા તરફ આવતો હતો. પ્રથમ તેને રોકવાને ટીપુ ગયો પણ તે **સીદાસીર** આગળ હાર્યો. આથી હિમત નહિ હારતાં મદ્રાસથી આવતા લસ્કરને રોકવા તે **મેલવેલી** આગળ જઇ ઉભો. ત્યાં પણ તે હાર્યો તેથી તે શ્રીરંગાપટ્ટણમાં જઇ ભરાયો. એટલામાં હેરીસના લસ્કરને સ્ટુઅર્ટનું લસ્કર આવી મળ્યું. એટલે હેરીસે શ્રીરંગાપટ્ટણને ઘેરો ઘાલ્યો. ટીપુ ઘણી ભયંકર સ્થિતિમાં આવી પડયો અને શું કરવું તે તેને સુઝયું નહિ. આખરે મરણ પર્યંત સુધી લડવું પણ દુસ્મનને તાબે ન થવું એવા નિશ્ચયપર આવી તે લડવા બહાર નીકળ્યો. તેનું લસ્કર બહુ બહાદુરીથી લડયું પણ આખરે અંગ્રેજોને જય મળ્યો અને ટીપુ લડાઇમાં માર્યો ગયો. આ પ્રમાણે હૈદરે સ્થાપેલા રાજ્યનો અંત આવ્યો. ટીપુના બન્ને છોકરાઓને પેન્શન બાંધી આપી મ્હૈસુરના જુના હિંદુ રાજાના ખરા વારસને ગાદીએ બેસાડવામાં આવ્યો, ઇ. સ. ૧૭૯૯.

પ્રકરણ ૫૯.

હૈદર અને ટીપુ.

હૈદર—તેનો જન્મ ઇ. સ. ૧૭૦૨ માં થયો હતો. તે મ્હૈસુરના રાજાના લસ્કરની એક ટુકડીનો સરદાર હતો. તે ૪૭ વરસ સુધી કાંઇ પણ પ્રસિદ્ધિમાં આવ્યો નહોતો. ત્રિચિનાપલ્લીના ઘેરા વખતે તેણે મ્હૈસુરના

રીજંટનો બચાવ કરી તેની પ્રીતિ મેળવી હતી. તે પોતાનું લશ્કર લઇ આસપાસનો મુલક લૂટી લાવતો અને લૂંટમાં મળેલું ધન પોતાના લશ્કરમાંજ વહેંચી આપતો. આથી લશ્કરની તેનાપર સારી ચાહના હતી. આગળ જતાં પોતાની બહાદુરીથી તે લશ્કરનો સેનાધિપતિ નિમાયો. લશ્કરનો કાબુ હાથમાં આવતાંજ ત્યાંના રાજાને ગાદીએથી ઉઠાડી મુકી પોતે રાજા તરીકે રાજ્ય કરવા લાગ્યો, ઇ. સ. ૧૭૬૩. તે લઢાઇમાં શૂરો અને રાજ્યકાર્યમાં કુશળ હતો. ગાદીએ બેઠા પછી બે વરસમાં તો તેણે પોતાના રાજ્યનો વિસ્તાર કૃષ્ણા નદી સુધી વધાર્યો અને મલબાર કાંઠાનો પણ કેટલોક મુલક જીતી લીધો. તેના વખતમાં દક્ષિણમાં નિઝામ, મરાઠા અને અંગ્રેજની સત્તા પ્રબળ હતી અને આ ત્રણે સત્તા તેની સત્તા નાબુદ કરવામાં રાજી હતી. તેથી તેને એ ત્રણેની સાથે યુદ્ધમાં ઉતરવું પડયું. મરાઠાઓએ તેને બે વાર હરાવી ખંડણી આપવાનું કબુલ કરાવ્યું હતું. તેણે ફ્રેંચની મદદથી અંગ્રેજને હિંદમાંથી હાંકી કાઢવાનો બે વાર યત્ન કર્યો. પહેલા વિગ્રહમાં તે **ચંગામ** અને **ત્રીનોમાલી** આગળ હાર્યો પણ પાછળથી તે એક જબરૂં લશ્કર લઇ મદ્રાસ પર ચઢી આવ્યો ત્યારે ત્યાંના ગવર્નરે તેની સાથે સંધી કરી. પરંતુ આ સંધી પ્રમાણે અંગ્રેજોએ મરાઠા સામે લઢવામાં તેને મદદ નહિ કરવાથી તેણે બીજી વાર તેઓની સાથે લઢાઇ આરંભી. ઇ. સ. ૧૭૮૦ માં તેણે કર્નલ બેલી અને બ્રેથવેટના લશ્કરનો નાશ કર્યો. પણ ઇ. સ. ૧૭૮૧ માં સર આયરકુટ અને કર્નલ પીઅર્સના એકત્ર થએલા લશ્કરે તેને પોર્ટોનોવો, પોલીલોર અને શોલીંગર આગળ હરાવ્યો, અને ઇ. સ. ૧૭૮૨ માં આર્નીની લઢાઇમાં હાર ખાધા પછી તે પોતાની ૮૦ વરસની વયે મરણ પામ્યો.

ટીપુ—એ હૈદરનો પુત્ર હતો. તે પણ તેના બાપના જેવોજ લડાઇમાં શૂરો પણ અવિચારી અને નિર્દય હતો. તેના બાપના વખતે તે મલબાર કાંઠા તરફ હતો ત્યાંથી આવી સરદારોને ભારે ભારે રકમો આપી તેમને પોતાના પક્ષમાં લેઇ તે ગાદીએ બેઠો. ગાદીએ બેઠા પછી તેણે

અંગ્રેજ સાથે વિગ્રહ જારી રાખ્યો. પણ મદ્રાસના ગવર્નરની માગણીથી તેણે અંગ્રેજ સાથે માંગ્લોર મુકામે ઇ. સ. ૧૭૮૪ માં સંધી કરી. આ સંધી કર્યા પછી પણ તેણે મરાઠા અને નિઝામની સત્તા નાબુદ કરવાને અને અંગ્રેજને હિંદમાંથી કાઢી મુકવાને ફ્રેંચની મદદ માગી અને પોતે લડાઇની તૈયારી કરવા માંડી. પ્રથમ તેણે કેનેરા અને કુર્ગ જીતી લીધાં અને ત્યાંના લોકોને વટલાવી મુસલમાન કર્યા. તેની સત્તાથી મરાઠા અને નિઝામને ડર પેંઠા અને તેઓએ તેની સત્તા તોડવાને ઐક્ય કર્યું પણ આખરે ટીપુ જીત્યો અને તેને દક્ષિણના સુબા તરીકે સ્વિકારવામાં આવ્યો. પછી તેણે ફ્રેંચની મદદથી અંગ્રેજને હિંદમાંથી કાઢવા બેવાર યત્ન કર્યો. ઇ. સ. ૧૭૯૩ માં ગવર્નર જનરલ લૉર્ડ કૉર્ન વૉલીસે મરાઠા અને નિઝામ સાથે ઐક્ય કરી તેને હરાવ્યો. ટીપુ શ્રીરંગાપટ્ટણમાં જઈ ભરાયો. લૉર્ડ કૉર્નવૉલીસે તે શહેરને ઘેરો ઘાલી તેને સંધી કરવાની ફરજ પાડી. બીજી વખતે તેણે ઇ. સ. ૧૭૯૯ માં ફ્રેંચની મદદથી અંગ્રેજ સાથે વિગ્રહ આરંભ્યો. આ વખતે કલકત્તાના ગવર્નર જનરલ લૉર્ડ વેલેસ્લીએ મદ્રાસ આવી તેને હરાવી માર્યો અને તેના બે પુત્રને પેન્શન આપી માજી હિંદુ રાજાના વારસને ગાદીએ બેસાડ્યો.

પ્રકરણ ૬૦.

વૉરન હેસ્ટીંગ્સ-પહેલો ગવર્નર જનરલ.

વૉરન હેસ્ટીંગ્સ—ઇ. સ. ૧૭૭૨ થી ઇ. સ. ૧૭૮૪. એ ઇ. સ. ૧૭૩૨ માં જન્મ્યો હતો. તે હિંદમાં પ્રથમ ઇ. સ. ૧૭૫૦ માં આવ્યો. કલકત્તાના કારાગ્રહમાં પકડાએલા કેદીઓમાં એ પણ હતો. પ્લાસીની લડાઇ વખતે તેણે કલાઇવને સારી મદદ કરી હતી. તે ઇ. સ.

૧૭૬૦ માં કલકત્તાની કૌંસીલનો સભાસદ નિમાયો હતો. તે ન્યાયી અને પ્રમાણિક હતો તેથી જે કંપનીના નોકરો ખાનગી વેપાર કરતા અને દેશી રાજાઓ પાસેથી બક્ષીસો લેતા તેમની વિરૂદ્ધ તે હતો. તે ઇ. સ. ૧૭૬૪ માં ઇંગ્લાંડ ગયો હતો. પણ તેના પ્રમાણિકપણાથી અને તેણે બજાવેલી દેશ સેવાથી ખુશ થઇ કંપનીના વ્યવસ્થાપકોએ તેને ઇ. સ. ૧૭૬૯ માં મદ્રાસની કૌંસીલનો સભાસદ નિમી મદ્રાસ મોકલ્યો, અને ઇ. સ. ૧૭૭૨ માં તેની લાયકી જોઇ તેને બંગાળાનો ગવર્નર નિમ્યો.

હેસ્ટીંગ્સના સુધારા—તેણે કંપનીના નોકરોને ખાનગી વેપાર કરવાની મના કરી. તેણે સૌથી વધારે રકમ આપે તેને જમીન દશ વરસના પટે ઇજારે આપી, અને તેના ઉપર દેખરેખ રાખવાને અંગ્રેજ અમલદારો નિમ્યા. તેણે હિંદુ મુસલમાનને માટે કાયદા ઘડાવ્યા, અને લોકોપરથી જકાત વિગેરે કેટલાક કર કાઢી નાંખી તેમને સુખી કર્યા.

રેગ્યુલેટીંગ ઍક્ટ—ઇ. સ. ૧૭૭૩ માં ઇંગ્લાંડમાં રેગ્યુલેટીંગ ઍક્ટ નામનો કાયદો પસાર થયો અને તે હિંદમાં ઇ. સ. ૧૭૭૪ માં અમલમાં આવ્યો. આ કાયદાથી બંગાળાના ગવર્નરને **ગવર્નર જનરલ** નિમી હિંદના તમામ બ્રિટિશ સંસ્થાનોનો ઉપરી બનાવવામાં આવ્યો અને તેને સલાહ આપવાને ચાર મેમ્બરોની કૌંસીલ નિમવામાં આવી. કલકત્તામાં ન્યાયને માટે એક હાઇકોર્ટ સ્થાપવામાં આવી અને તેમાં એક ચીફ જસ્ટીસ અને બીજા ત્રણ મદદનીશ ન્યાયાધિશો નિમવામાં આવ્યા. આ કાયદાથી હેસ્ટીંગ્સ હિંદનો પહેલો ગવર્નર જનરલ નિમાયો, અને તેની કૌંસીલના ચાર મેમ્બરમાં એક **બેરવેલ** કરીને તેનો મિત્ર હતો અને બીજા ત્રણને ઇંગ્લાંડથી મોકલવામાં આવ્યા હતા.

રોહીલા સાથે લડાઈ—ઇ. સ. ૧૭૭૨ માં મરાઠી સત્તા પૂર બળમાં હતી અને સિંધીયા ઉત્તર હિંદમાં મરાઠી સત્તા બેસાડતો હતો. તે વખતે રોહીલખંડના સરદાર **રહેમતખાને** અયોધ્યાના નવાબ શુજા-ઉદ્-દોલ્લાને રોહીલખંડનું રક્ષણ કરવા ૪૦ લાખ રૂપીઆ આપવા

કબુલ કર્યાં હતા. પણ એટલામાં નારાયણરાવ પેશ્વાનું મરણ થવાની ખબર થતાંજ સિંધીયા રોહીલખંડ ઉપર ચઢાઈ કર્યાં વગર પૂના તરફ ચાલ્યો ગયો. નવાબે વગર લઢે રોહીલા પાસે ૪૦ લાખ રૂપીઆ માગ્યા. તે તેમણે આપવાની ના પાડી. આ તકનો લાભ લેઇ કંપનીની તીજોરી તર કરવાને હેસ્ટીંગ્સે બનારસ જઈનવાબ સાથે સંધી કરી. આ સંધીને **બનારસની સંધી** કહે છે. તેમાં એવું ઠર્યું કે કલાઇવે દિલ્લીના બાદશાહ શાહઆલમને આપેલા કોરા અને અલ્હાબાદ પ્રાંતો નવાબને આપવા અને તેના પેટે નવાબે અંગ્રેજને ૫૦ લાખ રૂપીઆ આપવા. અંગ્રેજે નવાબને રોહીલખંડ જીતવામાં લશ્કરની મદદ કરવી અને તેના બદલામાં નવાબે અંગ્રેજને લડાઇનો ખર્ચ આપવો. જીત થયા પછી નવાબે કંપનીને ૪૦ લાખ રૂપીઆ અને ચુનારગઢ આપવો. આ સંધીની રૂએ હેસ્ટીંગ્સે **કર્નલ ચૅમ્પીયન**ની સરદારી નીચે એક લશ્કર મોકલ્યું. રોહીલા લોકો હારી નાશી ગયા અને રોહીલખંડ અંગ્રેજોએ તાબે કરી નવાબને સોંપ્યું.

હેસ્ટીંગ્સના કૌંસીલરોની વિરૂદ્ધતા--ઇંગ્લાંડથી આવેલા ત્રણ સભાસદો હેસ્ટીંગ્સના વિરૂદ્ધ પક્ષના હોવાથી તે દરેક કામમાં હેસ્ટીંગ્સના મતની વિરૂદ્ધ પડતા. તેમનામાં **ફ્રાંસીસ** આગેવાન હતો અને તે વધુ મતે પોતાનું ધાર્યું કરતો. તેણે હેસ્ટીંગ્સ પાસે અયોધ્યાના નવાબ સાથે કરેલી સંધી સંબંધીના કાગળો માગ્યા પણ હેસ્ટીંગ્સે તે બતાવવા ના પાડી, ત્યારે તેણે વધુ મતે અયોધ્યાના નવાબને કંપનીનું નીકળતું લેણું એકદમ પૂરેપૂરૂં ચુકવી દેવાનો હુકમ કર્યો. તેજ વરસમાં શુજા-ઉદ્-દૌલા મરણ પામ્યો અને તેનો છોકરો અસફ-ઉદ્-દૌલા ગાદીએ બેઠો. ફ્રાંસીસે વધુ મતે તેનાપર દબાણ કરી બનારસની મ્હેસુલ કંપનીને સોંપવા અને દરવરસે ત્રણ લાખ રૂપીઆ ખંડણી આપવાની તેને ફરજ પાડી. તેમજ તેના બાપનું દેવું પણ ચુકવી આપવાનું અને તેના બાપના મરણ વખતે તીજોરીમાંના બે કરોડ રૂપીઆ તેની બેગમોને આપી

દેવાનો હુકમ કર્યો. આથી નવાબની તીજોરી ખાલી થઈ એટલુંજ નહિ પણ લશ્કરને પગાર મળતો અટક્યો અને કંપનીનું દેવું પણ પત્યું નહિ. હેસ્ટીંગ્સ ફ્રાન્સીસના આવાં જુલમી કૃત્યોની વિરૂદ્ધ હતો પણ તેનું કાંઇ પણ ચાલતું નહિ.

નંદકુમાર—તે બંગાળાની દેશી રાજ્ય વહીવટની સભાનો મેમ્બર હતો. તેના ગેરવ્યાજબી વર્તનને માટે હેસ્ટીંગ્સે તેનાપર કામ ચલાવ્યું હતું. તેથી તેણે પોતાનું વેર લેવાને હેસ્ટીંગ્સપર મીરજાફરની બેગમ પાસેથી લાંચ લીધાનું તહોમત મુકી કૌંસીલમાં ફરીઆદ કરી. હેસ્ટીંગ્સે એવી તપાસ કરવાનો કૌંસીલને અધિકાર નથી એમ કહી કૌંસીલ બરખાસ્ત કરી. એવામાં નંદકુમારપર ખોટો દસ્તાવેજ કર્યાની ફરીઆદ થઈ અને તે સાબિત થવાથી તેને ફાંસીની સજા થઈ.

હેસ્ટીંગ્સનું કૌંસીલમાં બળ વધ્યું—નંદકુમારને ફાંસીની સજા થઈ એટલે બીજા દેશી લોકો હેસ્ટીંગસની વિરૂદ્ધ બોલતા બંધ થઈ ગયા. વળી એવામાં કૌંસીલનો એક મેમ્બર મરણ પામ્યો અને ફ્રાંસીસ ઇંગ્લાંડ ગયો એટલે હવે હેસ્ટીંસનું ધાર્યું થવા લાગ્યું.

પ્રકરણ ૬૧.

મરાઠી પેહેલો વિગ્રહ.

મરાઠી પહેલા વિગ્રહનું કારણ—ઈ. સ. ૧૭૭૨ માં માધવરાવ પેશ્વા અપુત્ર મરણ પામવાથી તેનો ભાઈ નારાયણરાવ ગાદીએ બેઠો. પણ એક વરસમાં તેનું ખૂન થવાથી તેનો કાકો રાઘોબા ગાદીએ બેઠો. રાઘોબા નિઝામ સાથે યુદ્ધમાં રોકાયેલો હતો તે વખતે પુનાના રાજ્યમંડળે નારાયણરાવની વિધવા સ્ત્રીને પુત્ર જન્મ્યાથી તેના નામની આણ

ફેરવી, નાના ફડનવીસને તેનો પ્રતિનિધિ નિમ્યો. આ વાતની ખબર પડતાં રાઘોબાએ પુને ન જતાં સુરત જઇ અંગ્રેજની મદદ માગી. (જુઓ પાન ૮૩.)

સુરતની સંધી—રાઘોબાએ સુરત આગળ મુંબઇના ગવર્નર સાથે સંધી કરી. તેમાં એવું ઠર્યું કે અંગ્રેજોએ રાઘોબાને ગાદીએ બેસાડવો અને તેના બદલામાં તેણે લડાઇના ખર્ચ પેટે **સાલસીટ** અને **વસાઇ** અંગ્રેજને આપવાં.

પુરંધરની સંધી—રેગ્યુલેટીંગ એકટથી મુંબઇનો ગવર્નર કલકત્તાના ગવર્નર જનરલના તાબામાં હતો. સુરતની સંધી તેણે કલકત્તાના ગવર્નર જનરલને પૂછ્યા વગર કરેલી હોવાથી હેસ્ટીંગ્સે તે સંધી નાકબુલ કરી અને પોતે પુનાના રાજ્યમંડળ સાથે પુરંધર મુકામે સંધી કરી, ઇ. સ. ૧૭૭૩. તેમાં એવું ઠર્યું કે અંગ્રેજે રાઘોબાનો પક્ષ છોડી દેવો અને તેના બદલામાં મરાઠાઓએ **સાલસીટ** અંગ્રેજને આપવું.

મરાઠી પેહેલો વિગ્રહ—ઇંગ્લાંડમાં કંપનીના વ્યવસ્થાપકોએ સુરતની સંધી કબુલ રાખી તેથી મુંબઇના ગવર્નરે ફુલાઇ જઇ બંગાળેથી મોકલેલા લશ્કરની દરકાર કર્યા વિના રાઘોબાને પુનાની ગાદીએ બેસાડવા **કર્નલ કૉકબર્ન**ની સરદારી નીચે લશ્કર મોકલ્યું, ઇ. સ. ૧૭૭૮. સિંધીયાએ મરાઠાઓનું મોટું લશ્કર લેઇ **તેલંગણ** આગળ કૉકબર્નને રોકયો. આવા મોટા લશ્કર સામે ટકી નહીં શકાય એમ લાગવાથી અંગ્રેજ લશ્કર પાછું હઠયું અને કૉકબર્ન વારગામમાં જઈ ભરાયો. મરાઠાઓએ તેની પાછળ પડી વારગામને ઘેરો ઘાલ્યો. અંગ્રેજોએ ડરીને વારગામ મુકામે સંધી કરી. **વારગામની સંધીમાં** એવું ઠર્યું કે ૧ અંગ્રેજોએ મરાઠાઓનો લીધેલો મુલક પાછો સોંપવો, ૨ ભરૂચ સિંધીયાને આપવું, ૩ કલકત્તેથી નિકળેલા લશ્કરને પાછું વિદાય કરવું, અને ૪ આ સરતો પાળવામાં આવે ત્યાંસુધી બે અંગ્રેજના માણસોને મરાઠાઓના હવાલામાં સોંપવા. પણ આ કરાર

અંગ્રેજના હિતની વિરૂદ્ધ હોવાથી રદ કરવામાં આવ્યા, અને બંગાળેથી **કર્નલ ગોડાર્ડને** લશ્કર આપી મોકલ્યો. તેણે આવી પુનાના રાજ્યમંડળ સાથે સલાહ કરવા વિચાર જણાવ્યો. પણ પુનાના રાજ્યમંડળની ભારે ભારે માગણીઓ કબુલ કરવામાં આવી નહિ અને લડાઇ જારી રહી. ગોડાર્ડે **અમદાવાદ** જીતી **વસાઇનો** કિલ્લો લીધો. પણ આ વખતે અંગ્રેજનો બીજો શત્રુ હૈદરઅલ્લી જાગ્યો હતો (જુઓ પાન ૧૩૦), અને તેની સાથે તેઓને યુદ્ધમાં ઉતરવું પડે તેમ હતું. તેથી હેસ્ટીંગ્સે બીજી યુક્તિ રચી. પ્રથમ તેણે ભોંસલેને ફોડી પોતાના પક્ષમાં લીધો, અને સિંધીયા દક્ષિણમાં હતો તેથી બંગાળેથી લશ્કર મોકલી તેની રાજધાની ગ્વાલીયર જીતી લીધું. આથી સિંધીયા અને બીજા મરાઠા સરદારોને અંગ્રેજ સાથે સલાહ કરવાની જરૂર પડી અને તેઓએ તેમની સાથે **સાલબાઇ** મુકામે સંધી કરી, ઇ. સ. ૧૭૮૨.

સાલબાઇની સંધી—ઉપર પ્રમાણે મરાઠી પહેલા વિગ્રહનો સાલબાઇની સંધીથી ઇ. સ. ૧૭૮૨ માં અંત આવ્યો: આ સંધીમાં મુખ્ય સરતો એ હતી કે—૧ અંગ્રેજે રાઘોબાનો પક્ષ છોડી દેવો અને તેના બદલામાં તેમને **સાલસીટ** આપવું, ૨ રાઘોબાને ત્રણ લાખનું પેન્શન બાંધી આપવું, ૩ મરાઠાઓએ અંગ્રેજના કોઇ દુશ્મનને નોકરીમાં રાખવો નહિ, અને ૪ હૈદરઅલ્લીએ અંગ્રેજનો અને કર્ણાટકના નવાબનો જીતેલો મુલક પાછો મેળવવામાં મરાઠાઓએ અંગ્રેજને મદદ કરવી.

પ્રકરણ ૧૯.

હેસ્ટીંગ્સની રાજ્યવ્યવસ્થા.

હેસ્ટીંગ્સને નાણાંની તંગી અને તેને માટે તેણે લીધેલા ઇલાજ—હેસ્ટીંગ્સના વખતમાં મરાઠી પહેલો વિગ્રહ તથા મ્હૈસુરનો

બીજો વિગ્રહ ચાલતા હતા. આ લડાઇઓને લીધે કંપનીને ઘણોજ ખર્ચ થયો હતો. તેથી તેણે પૈસા મેળવવાને માટે પોતાની સત્તાનો બનતો ઉપયોગ કર્યો. તેણે બનારસના રાજા ચૈયતસિંગ અને અયોધ્યાના નવાબની બેગમો પાસેથી પૈસા કઢાવ્યા. આ વખતે શાહઆલમ બાદશાહે અંગ્રેજનું શરણ છોડી દેઈ મરાઠાઓનું શરણુ લીધેલું હોવાથી હેસ્ટીંગ્સે તેને ૨૫ લાખ રૂપીઆ આપવા બંધ કર્યા અને તેને આપેલા અલ્હાબાદ અને કોરા પ્રાંત ૫૦ લાખ રૂપીઆ લેઇ અયોધ્યાના નવાબને આપ્યા.

ચૈયતસીંગ—અયોધ્યાના નવાબે બનારસની મ્હેસુલ કંપનીને સોંપી ત્યારે ચૈયતસીંગ ત્યાંનો જમીનદાર હતો. ફ્રાંસીસે તેને રાજા નિમ્યો અને તેના બદલામાં તેણે અંગ્રેજને પૈસા અને લશ્કરની મદદ આપવા અને દર વરસે અઢી લાખ રૂપીઆ ખંડણી આપવા કબુલ કર્યું હતું. મરાઠા અને મ્હેસુર વિગ્રહને લીધે હેસ્ટીંગ્સ નાણાની તંગીમાં આવી પડયો હતો. તેથી તેણે ચૈયતસીંગને પાંચ લાખ રૂપીઆ અને ૨૦૦૦ ઘોડે સ્વાર મોકલવા લખ્યું. પણ તેણે નહિ ગણકારવાથી હેસ્ટીંગ્સે જાતે બનારસ જઇ તેને કેદ કર્યો. રાજા છુપી રીતે નાશી ગયો પણ તેના લશ્કરે હેસ્ટીંગ્સને અને તેના મુઠીભર માણસને ઘેરી લીધા. આથી હેસ્ટીંગ્સ ભયંકર સ્થિતિમાં આવી પડયો પણ રાતોરાત ચુનારગઢ જઇ પહોંચ્યો. એટલામાં **કર્નલ પોફામ** તેની મદદે આવી પહોંચતાંજ રાજાનું લશ્કર નાશી ગયું અને તેનો ખજાનો અંગ્રેજોએ લૂંટી લેઇ તેના ભત્રિજાને બમણી ખંડણી આપવાના સરતે ગાદીએ બેસાડયો.

અયોધ્યાની બેગમો—હવે હેસ્ટીંગ્સે અયોધ્યાના નવાબ અસફ-ઉદ-દૌલાને કંપનીનું દેવું આપી દેવા ફરમાવ્યું. પણ નવાબ પાસે પૈસા નહોતા અને લશ્કરનો પગાર ચઢેજ જતો હતો. વળી કૌસીલરોએ તેના બાપની તીજોરીના બે કરોડ રૂપીઆ તેના મરણ પછી તેની બેગમોને અપાવી દીધા હતા. તે પૈસા લેઇ કંપનીના લેણા પેટે રકમ વસુલ કરવા

નવાબે કલકત્તે લખ્યું. એટલે હેસ્ટીગ્સે તે બેગમો પાસેથી ૭૬ લાખ રૂપીઆ કઢાવ્યા.

પીટનો કાયદો—હિંદનો રાજ્ય વહિવટ ચલાવવાનો પીટનો કાયદો ઇ. સ. ૧૭૮૪ માં મંજુર થયો. એમાં ઠરાવવામાં આવ્યું કે (૧) ડાયરેકટરોની સત્તા છુપી કમિટીના ત્રણ મેમ્બરોને સોંપવી અને તે કમિટીએ ઇંગ્લાંડની સરકારે નિમેલા છ સભાસદનું મંડળ કહે તે પ્રમાણે કામ કરવું; (૨) છ સભાસદમાંના પ્રમુખને હિંદ ખાતાનો પ્રધાન કહેવો; (૩) પાર્લામેન્ટની સંમત્તિ શિવાય હિંદમાં કોઇપણ દેશી રાજા સાથે સંધી કે વિગ્રહ કરવો નહિ; (૪) બંગાળાની કૌંસીલમાંના ચાર મેમ્બરોમાંથી એક મેમ્બર કમી કરી મદ્રાસ અને મુંબઇના ગવર્નરને પણ સલાહને માટે કૌંસીલ આપવી. (૫) કંપનીના કોઇપણ નોકરે દેશી રાજા સાથે પૈસા સંબંધી લેવડદેવડ કરવી નહિ. (૬) ગવર્નર જનરલની અને બીજી ભારે હોદ્દાની જગાઓ ઉપર અમલદારો ઇંગ્લાંડની સરકારે નિમવા.

હેસ્ટીંગ્સનું નોકરી છોડી ઇંગ્લાંડ જવું—કંપનીના ડાયરેક્ટરોએ હેસ્ટીંગ્સને બનારસના રાજા તથા અયોધ્યાની બેગમો પાસેથી પૈસા કઢાવ્યાને માટે ઘણો ઠપકો લખ્યો તેથી હેસ્ટીંગ્સ પોતાની નોકરીનું રાજીનામું આપી ઇ. સ. ૧૭૮૫ માં ઇંગ્લાંડ ગયો. પ્રથમ તો તેને ઇંગ્લાંડમાં સારૂં માન મળ્યું પણ તેનો કટ્ટો દુશ્મન ફ્રાંસીસ પાર્લામેન્ટમાં મેમ્બર હતો. તેણે હેસ્ટીંગ્સ ઉપર ઘણા પ્રકારના આરોપ મુકી તેને ઘણોજ ત્રાસ આપ્યો. તેની તપાસ સાત વર્ષ સુધી ચાલી પણ આખરે તે નિર્દોષ ઠર્યો, ઈ. સ. ૧૭૯૫.

પ્રકરણ ૬૩.

લૉર્ડ કૉર્નવૉલીસ.

ઈ. સ. ૧૭૮૬ થી ૧૭૯૩.

કૉર્ન વૉલીસ—હેસ્ટીંગ્સના ગયા પછી લગભગ ૨૨ માસ સુધી કંપનીનો રાજ્ય કારભાર કલકત્તાના કાઉન્સીલના વડા મેમ્બર **મેકફર્સને** ચલાવ્યો. તેણે કેટલાક સુધારા કરી કંપનીની ઉપજમાં દોઢ કરોડ રૂપીઆનો ફાયદો કરી આપ્યો. ઈ. સ. ૧૭૮૬ માં લૉર્ડ **કૉર્નવૉલીસ** બીજા ગવર્નર જનરલ તરીકે હિંદમાં આવ્યો. તે પ્રમાણિક, અડગ નિશ્ચયવાળો, દયાળુ અને શાંત પ્રકૃતિનો હતો. વળી તે યુદ્ધના કામમાં ઘણોજ બહાદુર હતો. મ્હૈસુર ત્રીજા× વિગ્રહમાં તેણે મરાઠા અને નિઝામ સાથે ઐક્ય કરી જાતે દક્ષિણમાં જઈ સેનાપતિનું કામ માથે લીધું અને ટીપુને હરાવી સંધી કરવાની ફરજ પાડી. વળી તેણે નિઝામ પાસેથી **ગંતુર** પ્રાંત લેઈ તેના રક્ષણ માટે અંગ્રેજ લશ્કર તેના રાજ્યમાં રાખ્યું હતું. ઈ. સ. ૧૭૯૩ માં ઇંગ્લાંડ અને ફ્રાંસ વચ્ચે લડાઈ જાગવાથી અંગ્રેજોએ હિંદમાં ફ્રેંચનું પોંડીચેરી બંદર જીતી લીધું.

કૉર્ન વૉલીસના સુધારા—કંપનીના વ્યવસ્થાપકો પોતાના સગા વહાલાને હિંદમાં ભારે હોદ્દાની જગાપર નિમતા, તે રિવાજ તેણે બંધ કરાવ્યો. અત્યાર સુધી કંપનીના નોકરોનો પગાર જુજ હતો તેથી તેઓ લાંચ લેતા અને ખાનગી વેપાર કરતા; તે તેણે બંધ કરી તેમને પગાર વધારી આપ્યો. તેણે દેશી લોકોને માટે ઉર્દુ અને બંગાળી ભાષામાં કાયદાનો તરજુમો કરાવ્યો. વંશપરંપરાના કાયમના જમીનદારો નિમવાની પદ્ધત કાઢનાર એજ પુરૂષ હતો. વળી તેણે ન્યાય સંબધી સારા સુધારા કર્યા. તેણે મોટા મોટા શહેરમાં દીવાની કચેરીઓ

× જુઓ પાન ૧૩૨.

સ્થાપી તેમાં અંગ્રેજ ન્યાયાધિશો નિમ્યા અને તેમને ફોજદારી કામ ચલાવવાના અધિકાર આપ્યા. તેમના ઠરાવપર અપીલને માટે ઢાકા, મુર્શીદાબાદ, કલકત્તા અને પટણામાં ચાર પ્રાંત ન્યાયાધિશીઓ સ્થાપી અને તેમના ઠરાવની અપીલને માટે કલકત્તામાં એક હાઇકોર્ટ સ્થાપી. ઈ. સ. ૧૭૯૩ માં પોતાનો હોદ્દો છોડી તે ઇંગ્લાંડ ગયો.

મ્હેસુલ સંબંધી સ્થિતિ--અસલના વખતથી દેશની જમીન રાજાની માલકીની ગણાતી અને તેની મ્હેસુલનો અમુક ભાગ સરકારમાં ભરવામાં આવતો. ખેડુતે જમીનની ઉપજનો કેટલો હિસ્સો સરકારમાં આપવો તે સંબંધી અકબર બાદશાહના વખતમાં રાજા ટોડરમલે જમીનની માપણી કરી તેની ઉપજ પ્રમાણે અમુક આંકડો નક્કી કર્યો હતો, અને તે ઉઘરાવવાને જીલ્લાવાર દેશી અમલદારો નિમ્યા હતા. વળી તેઓ મદદને માટે સિપાઇઓ રાખી મ્હેસુલ ઉઘરાવવાનું કામ કરે જતા હતા. આ અમલદારો વંશપરંપરાના હક્કદાર થઈ પડ્યા હતા અને આગળ જતાં તેમની સત્તા એટલી બધી વધી પડી કે તેઓ પોતાના તાબાની જમીનના માલીક થઈ પડ્યા અને પોતે જમીનદાર કે રાજા કહેડાવવા લાગ્યા. હેસ્ટીંગ્સે આ જમીનદારોને જમીનના ધણી તરીકે માન્યા નહિ અને સૌથી વધારે પૈસા આપનારને જમીન ઇજારે સોંપી; પણ એ પદ્ધતિ નિષ્ફળ નીવડી. કારણ કે જમીન ઇજારે રાખનારને પોતાની પાસે જમીન સ્થાયી રહેશે કે કેમ તેનો ભરોસો નહિ લાગવાથી જમીનમાં ખેડાણ થતું નહિ, તેથી જમીનમાં પૈસો ખરચાતો નહિ અને તેથી જમીનનો પાક ઓછો ઉતરવા લાગ્યો. આથી કંપનીને વિઘોટીનો દર ઓછો કરવો પડ્યો અને તેની ઉપજમાં પણ ઘટાડો થવા લાગ્યો.

મ્હેસુલ સંબંધી સ્થાયી કાયદો—ઇ. સ. ૧૭૯૩ માં લૉર્ડ કૉર્નવૉલીસે જમીન સંબંધી કાયમનો હક્ક આપવાનો કાયદો બહાર પાડ્યો. તેમાં જમીનદારોએ સરકારમાં અમુક રકમ ભરવી એમ ઠરાવી તેમને જમીનની કાયમની માલકી સોંપવામાં આવી. આથી ખેડુત વર્ગ

જમીનદારોના તાબામાં પડી જવાથી તેમના હિતને કંઇક અંશે નુકશાન પહોંચ્યું ખરૂં; તોપણ આ પદ્ધતિ એકંદર રીતે ઘણી લાભકારક નીવડી અને તે આજ પર્યંત નભે છે. કાયમનો લાભ સમજી જમીનદારોએ પૈસા ખરચી જમીન સુધારવા તરફ મન લગાડ્યું એટલુંજ નહિ પણ પડતર જમીનમાં ખેડાણ કરવા લાગ્યા. અને તેથી દેશ આબાદ થયો અને જમીનદારો અને તેમના તાબાના ખેડુતો પણ પૈસાદાર અને સુખી થયા.

કંપનીની મુદતમાં વધારો—ઇ. સ. ૧૭૯૩ માં કંપનીના પટાની મુદત પુરી થવાથી કંપનીને વેપાર કરવાને તે મુદતમાં ૨૦ વરસનો વધારો કરી નવો પટો કરી આપવામાં આવ્યો. અને તેમાં બીજા વેપારીઓને પણ હિંદમાં વેપાર કરવાની છુટ આપવામાં આવી.

પ્રકરણ ૬૪.

સર જૉન શોર.

સર જૉન શોર—ઇ. સ. ૧૭૯૩-૧૭૯૮. લૉર્ડ કૉર્નવૉલીસના ગયા પછી **સર જૉન શોર** ગવર્નર જનરલ તરીકે નીમાયો. મ્હેસુલ સંબંધી કાયમનો કાયદો કરવામાં તેણે ઘણો શ્રમ લીધો હતો. તે પ્રમાણિક અને આબરૂદાર માણસ હતો. તેણે પીટના કાયદાની રૂએ કોઇ પણ દેશી રાજાના ઝઘડામાં વચ્ચે નહિ પડવાનો નિશ્ચય કર્યો હતો. આ પ્રમાણે ચુસ્ત રીતે પોતાના નિશ્ચયને વળગી રહેવાથી અંગ્રેજી સત્તા જરા નબળી પડી ખરી અને મરાઠા અને ટીપુની સત્તાને વધવાનું કારણ મળ્યું. ઇ. સ. ૧૭૯૩ માં મ્હૈસુર ત્રીજા વિગ્રહમાં અંગ્રેજ મરાઠા અને નિઝામ વચ્ચે થયેલી સંધીની રૂએ તેઓ એક બીજાને તેના દુશ્મનો સામે મદદ કરવા બંધાયલા હતા. ઇ. સ. ૧૭૯૫ માં મરાઠા અને નિઝામ

લડાઈ જાગી. તેમાં તેણે પોતાના નિશ્ચયને વળગી રહી કોઇને મદદ આપી નહિ. આથી મરાઠાઓએ નિઝામપર સ્વારી કરી તેને ખરડા આગળ હરાવ્યો. અંગ્રેજો તરફથી મદદ ન મળવાથી નિઝામે મરાઠાઓને કેટલોક મુલક આપી સંધી કરી અને પોતાના રક્ષણ માટે મુકેલા અંગ્રેજ લશ્કરને કાઢી મુકી ફ્રેંચ લોકને નોકરીમાં રાખ્યા.

અયોધ્યાના રાજ્યની વ્યવસ્થા—ઇ. સ. ૧૭૯૭ માં અયોધ્યાનો નવાબ **અસફ-ઉદ-દૌલ્લા** મરણ પામ્યો. તેની જુલ્મી રાજનીતિથી રાજ્યમાં ઘણી અવ્યવસ્થા થઈ રહી હતી. તેના પછી સર જૉન શોરે **વજીરઅલ્લીને** નવાબ નિમ્યો. પણ પાછળથી તપાસ કરતાં માલુમ પડ્યું કે તે ગાદીનો હક્કદાર વારસ નહોતો; તેથી સર જૉન શોરે લખનૌ જઈ અસફ-ઉદ્-દૌલ્લાના ભાઈ સાદતઅલ્લીને ગાદીએ બેસાડ્યો, અને વજીરઅલ્લીને પેન્શન બાંધી આપી કાશીમાં રાખ્યો. આ પ્રમાણે અયોધ્યાના રાજ્યની વ્યવસ્થા લગાડી સર જૉન શોર ઇ. સ. ૧૭૯૮ માં ઇંગ્લાંડ ગયો અને તેના પછી **લૉર્ડ મૉર્નીંગટન ઉર્ફે માર્કવીસ ઑફ વેલેસ્લી** કલકત્તાના ગવર્નર જનરલ તરીકે હિંદમાં આવ્યો.

પ્રકરણ ૬૫.

બ્રિટિશ રાજ્યની પૂર્ણ કળા.

મારકિવસ ઑફ વેલેસ્લી.

મારકિવસ ઑફ વેલેસ્લી—ઇ. વ. **૧૭૯૮ થી ૧૮૦૫.** એ એના પહેલાના બે ગવર્નર જનરલ કરતાં જૂદાજ વિચારનો હતો. તેનો ઇરાદો અંગ્રેજ સત્તાને સાર્વભૌમ કરવાનો હતો. તેથી સહાયકારી લશ્કર આપવાની પદ્ધતિ કાઢી એક પછી એક દેશી રાજાને તે અંગ્રેજના

શરણુમાં લાવતો ગયો. તેણે જે દેશી રાજાઓએ અંગ્રેજનું ઉપરીપણું ન સ્વિકાર્યું તેમની સાથે લડાઇ કરી તેમને હરાવી તેમ કરવાની ફરજ પાડી. આ પ્રમાણે અંગ્રેજની સત્તા હિંદમાં સર્વોપરી બનાવવામાં તેણે પોતાની આખી કારકીર્દિ લડાઇમાંજ ગાળી. મરાઠી ત્રીજો વિગ્રહ પૂરો થતાં પહેલાં કંપનીના વ્યવસ્થાપકોને તેની રાજનીતિ પસંદ નહિ પડવાથી તે ઇ.સ. ૧૮૦૫ માં ઇંગ્લાંડ ગયો. તેણે દેશીઓને રાજ્યકાર્યમાં કુશળ કરવા અને કંપનીના નોકરોને દેશી ભાષાનું જ્ઞાન અને કાયદા સંબંધી શિક્ષણ આપવા કલકત્તામાં એક પાઠશાળા સ્થાપી હતી અને દેશીઓને તેમની લાયકી પ્રમાણે જગાઓ આપવા ઠરાવ્યું હતું.

રાજ્યનો વધારો—પ્રથમ તેણે કર્ણાટકના નવાબ અને તંજાવરના રાજાના હક્કદાર વારસને પેન્શન બાંધી આપી તેમના રાજ્યનો મુલક મદ્રાસ ઇલાકા સાથે જોડી દીધો. પછી તેણે મ્હૈસુર ચોથા વિગ્રહમાં ટીપુ સુલતાનને હરાવી માર્યો અને હૈદરે સ્થાપેલા રાજ્યનો અંત આણ્યો. (જુઓ પાન ૧૩૪) અને મ્હૈસુરની ગાદીના માજી હિંદુ રાજાના હક્કદાર વારસને ગાદીએ બેસાડી તેની પાસે અંગ્રેજનું ઉપરીપણું સ્વિકારાવ્યું એટલુંજ નહિ પણ તેના રાજ્યનો કેટલોક મુલક ખાલસા કર્યો. તેણે નિઝામ અને પેશ્વાને સહાયકારી લશ્કર આપી તેમની પાસે પણ અંગ્રેજનું ઉપરીપણું સ્વિકારાવ્યું. આ પ્રમાણે તેણે મદ્રાસ ઇલાકાનો વિસ્તાર દક્ષિણે કેપ કોમોરીનથી ઉત્તરે કૃષ્ણા અને ગોદાવરી સુધી અને પશ્ચિમે મલબાર કિનારાથી પૂર્વે કોરોમાંડલ કિનારા સુધી વધારી દક્ષિણમાં અંગ્રેજની સત્તા સાર્વભૌમ કરી. ઇ. સ. ૧૮૦૩ માં તેણે ગાયકવાડ પાસે અંગ્રેજનું ઉપરીપણું સ્વિકારાવ્યું. ઉત્તર હિંદમાં અફઘાનીસ્તાનનો રાજા **ઝેમનશાહ** હિંદ ઉપર ચડી આવવાની વકી હોવાથી અયોધ્યાના નવાબે ડરી જઇ વાવ્ય પ્રાંતો અંગ્રેજને આપ્યા અને સહાયકારી લશ્કર રાખી તેમનું ઉપરીપણું સ્વિકાર્યું. પરંતુ સિંધિયા, ભોંસલે અને હોલ્કર તેમનું ઉપરીપણું ન સ્વિકારતાં તેમની સા-

ત્તાની સામા થયા અને તેથી અંગ્રેજને તેમની સામે યુદ્ધમાં ઉતરવું પડ્યું. ભોંસલે અને સિંધિયા સાથે થયેલા વિગ્રહને મરાઠી બીજો વિગ્રહ અને હોલ્કર સાથેના વિગ્રહને મરાઠી ત્રીજો વિગ્રહ કહે છે.

સહાયકારી લશ્કર રાખવાની પદ્ધતિ—દેશી રાજાઓને સહાયકારી લશ્કર આપી તેમની પાસે અંગ્રેજનું સાર્વભૌમપણું સ્વિકારવાની પદ્ધતિ લૉર્ડ વેલેસ્લીએ કાઢી. તેમાં મુખ્ય બાબત એ હતી—કે ૧ દેશી રાજાઓએ અંગ્રેજની સંમત્તિ લીધા સિવાય કોઇ સાથે સંધી કે વિગ્રહ કરવો નહિ. ૨ તેઓએ પોતાના રાજ્યમાં ફ્રેંચને નોકરીમાં રાખવા નહિ. ૩ તેમણે પોતાના રક્ષણ માટે એક અંગ્રેજ લશ્કર રાખવું અને તેના ખર્ચપેટે તેટલી ઉપજનો મુલક અંગ્રેજને આપવો. તેના બદલામાં અંગ્રેજે તેમનું રક્ષણ કરવું.

પ્રકરણ ૬૬.

મારકિવસ ઑફ વેલેસ્લી. (ચાલુ)

મરાઠી બીજો વિગ્રહ.

મરાઠી બીજા વિગ્રહનું કારણ—વસાઇની સંધીથી પેશ્વાએ પોતાની સ્વતંત્રતા ખોઇ અંગ્રેજનું ઉપરીપણું સ્વિકાર્યું હતું (જુઓ પાન ૮૫) પણ આ સંધીના કરારો સિંધિયા, ભોંસલે, હોલ્કર વિગેરે મરાઠા સરદારોને પુછ્યા સિવાય તેણે કરેલા હોવાથી તેઓએ તે સંધી માન્ય ન કરતાં એક સર્વોપરી મરાઠી રાજ્ય સ્થાપવાનો નિશ્ચય કરી અંગ્રેજ સાથે લડાઇ આરંભી. પ્રથમ ભોંસલે અને સિંધિયા આગળ પડ્યા. દોલતરાવ સિંધિયા પોતાનું લશ્કર લેઇ નર્મદા ઓળંગી રાઘુજી ભોંસલેને આવી મળ્યો. આ વાતની ખબર પડતાં ગવર્નર જનરલ લૉર્ડ

વેલેસ્લીએ પણ પોતાના સરદારોને લશ્કર આપી મરાઠાઓને ચારે બાજુએથી ઘેરી તાબે કરવા જુદે જુદે સ્થળે મોકલ્યા.

ભોંસલે સાથે લડાઇ--જનરલ વેલેસ્લીએ **અહ્મદનગર** જીત્યું અને **આસાઇ** આગળ સિંધિયા અને ભોંસલેના એકત્ર થયેલા લશ્કરને હરાવ્યું. જનરલ **સ્ટીવનસને આસીરગઢ** અને **બરાનપુર** જીતી લીધાં. જનરલ વેલેસ્લીએ ભોંસલેને **આર્ગામ** આગળ હરાવ્યો અને **ગાવીલગઢ**નો કિલ્લો સર કર્યો. આ પ્રમાણે દરેક સ્થળે હાર ખાધાથી ભોંસલેએ અંગ્રેજ સાથે **દેવગામ** આગળ સંધી કરી, ઇ. સ. ૧૮૦૩.

દેવગામની સંધી---આ સંધી અંગ્રેજ અને ભોંસલે વચ્ચે ઇ. સ. ૧૮૦૩ માં થઈ, તેમાં એવું ઠર્યું કે ભોંસલેએ **બાલાસોર** સહીત કટક પ્રાંત અંગ્રેજને આપવો; વર્ધા નદીની પશ્ચિમનો અને ગાવીલગઢની દક્ષિણનો તમામ મુલક નિઝામને આપવો. અંગ્રેજની સંમત્તિ સિવાય તેમના કોઈ પણ દુશ્મનને નોકરીમાં રાખવો નહિ અને પોતાના રક્ષણ માટે **નાગપુર**માં એક અંગ્રેજ લશ્કર રાખવું.

સિંધિયા સાથે લડાઈ--એક બાજુએ ભોંસલે સાથે લડાઇ ચાલુ રાખી બીજી બાજુએથી અંગ્રેજે સિંધિયા સાથે પણ લડાઇ શરૂ કરી હતી. જનરલ **લેક અલીગઢ** જીતી લઇ છેક દિલ્લી સુધી જઇ પહોંચ્યો અને અંધ મોગલબાદશાહ શાહઆલમને પોતાના શરણમાં લઇ દિલ્લી સર કરી લીધું. સિંધિયાનું લશ્કર ફ્રેંચ સરદાર **લુઇ બોરક્વિન**ની સરદારી નીચે કવાયત પામેલું હતું. તો પણ અંગ્રેજના તોપના માર આગળ તેનાથી ટકી શકાયું નહિ. વળી જનરલ લેકે સિંધિયાના લશ્કરને **લાસવારી** આગળ સજ્જડ હાર ખવરાવી, આગ્રા અને ચંબલ નદીની દક્ષિણનો તમામ મુલક કબજે કર્યો. ગુજરાતમાં મોકલેલા લશ્કરે ભરૂચ અને ચાંપાનેર જીતી લીધાં. આ પ્રમાણે સિંધિયાએ દરેક સ્થળે હાર ખાવાથી અંગ્રેજ સાથે ઇ. સ. ૧૮૦૩ માં સંધી કરી.

સીરજી અંજેંગામની સંધી—આ સંધી અંગ્રેજ અને સિંધિયા વચ્ચે સિરજી અંજે-ગામ આગળ થઇ. તેમાં એવું ઠર્યું કે જમના અને ગંગા નદી વચ્ચેનો મુલક અને જયપૂર અને જોધપૂરના રાજ્યોનો ઉત્તર તરફનો તમામ મુલક અગ્રેજને સોંપવો; ભરૂચ અંગ્રેજને આપવું; અહમદનગર પેશ્વાને આપવું અને બીજો મુલક નિઝામને આપવો. સિંધિયાએ અગ્રેજના કોઇ પણ દુશ્મનને નોકરીમાં રાખવો નહિ અને ગ્વાલિયરમાં એક અંગ્રેજ લશ્કર રાખવું.

પ્રકરણ ૬૭.

મારક્વિસ ઑફ્ વેલેસ્લી. (ચાલુ)

મરાઠી ત્રીજો વિગ્રહ.

મરાઠી ત્રીજા વિગ્રહનું કારણ—રાઘુજી ભોંસલે અને દોલતરાવ સિંધિયા અંગ્રેજ સાથે લડતા હતા ત્યારે જસવંતરાવ હોલકર તેઓ થાકે એટલે પોતાની સત્તા સર્વોપરી કરવાના વિચારમાં લડાઇના પરિણામની રાહ જોયા કરતો હતો. એટલામાં ખબર મળી કે સિંધિયા અને ભોંસલે હાર્યા અને અંગ્રેજને ફત્તેહ મળી, એટલે પોતાનો વિચાર બર લાવવાને તે અંગ્રેજ સાથે લડાઇનો આરંભ કરવા યત્ન કરવા લાગ્યો. તેણે રાજપૂતાના ઉપર ચઢાઇ કરી ત્યાંના રજપૂત રાજાઓ પાસેથી ચોથ ઉઘરાવવા માંડી. સિંધિયા સાથે થયેલી સંધીથી રજપૂત રાજાઓ અંગ્રેજના આશ્રિત બન્યા હતા અને અંગ્રેજ તેમનું રક્ષણ કરવા બંધાયેલા હતા. તેથી ગવર્નર જનરલે હોલ્કરને રજપુતાનામાંથી લોર્ડ વેલેસ્લીએ પાછા જવા લખ્યું પણ તેણે ગણકાર્યું નહિ એટલે ગવર્નર જનરલે તેની સાથે લડાઇની તૈયારી કરી.

હોલ્કર સાથે લડાઇ—રજપૂતાનામાંથી હોલ્કરને હાંકી કાઢવા ઉત્તરમાં જનરલ લેકને અને દક્ષિણમાં જનરલ વેલેસ્લીને ફરમાવવામાં આવ્યું. પણ વેલેસ્લી પોતાની પાસે ખોરાક ખૂટી પડેલો હોવાથી જઇ શકે તેમ નહોતું એટલે ગૂજરાતમાંથી જનરલ **મુરને** મોકલવામાં આવ્યો. જનરલ લેક રજપુતાનામાં પેઠો એટલે હોલકરનું લશ્કર ત્યાંથી નાશી ગયું. પછી લેકે રામપુરનો કિલ્લો સર કર્યો. અને ત્યાં હોલ્કરની હિલચાલ ઉપર દેખરેખ રાખવાને જનરલ **મોનસુનને** મુકી પોતે પોતાની છાવણીમાં જઈ રહ્યો. પછી જનરલ મોનસુન ગુજરાતમાંથી મોકલેલા લશ્કરને અને સિંધિયાએ અંગ્રેજની મદદે ઉજ્જનથી મોકલેલા લશ્કરને ભેગા થવા ચંબલ નદી ઓળંગી હોલ્કરના રાજ્યમાં પેઠો. પણ બંનેમાંથી એકે લશ્કર આવી પહોચ્યું નહિ અને તે ભારે આપત્તિમાં આવી પડયો. વર્ષાઋતુ બેઠી હતી અને ખોરાક પણ ખૂટી પડયો હતો, તેમજ માણસો પણ માંદગીથી મરણ પામ્યા હતા એટલે તે મહા મુશીબતે થોડાજ માણસો સાથે આગ્રે જઇ પહોંચ્યો. ઘવાયેલા અને થાકથી પાછળ પડી ગયેલા લશ્કરને હોલકરે પાછળ પડી કાપી નાખ્યું. અંગ્રેજની આ ભારે ખુવારીથી તેના પગમાં વધારે જોર આવ્યું અને વળી તેને **ભરતપુરના** રાજાની મદદ મળી. એટલે તેણે **મથુરા** જીતી લીધું અને દિલ્હીના બાદશાહ શાહઆલમને પોતાને કબજે લેવાના ઇરાદાથી દિલ્હીને ઘેરો ઘાલ્યો; પણ જનરલ **આઉટરલોનીએ** તે ઘેરો નવ દિવસ સુધી બહાદુરીથી ટકાવી રાખ્યો. એટલામાં અંગ્રેજને મદદ આવી પહોંચતાં હોલકર ઘેરો ઉઠાવી નાશી ગયો. જનરલ ફ્રેઝે ભરતપુરના રાજાને **ડીગ** આગળ હરાવી તે કિલ્લો સર કર્યો, ઇ. સ. ૧૮૦૪. ઇ. સ. ૧૮૦૫ માં લેકે ભરતપુરના કિલ્લાને ઘેરો ઘાલ્યો. ઘેરો ચાર માસ સુધી ચાલ્યો. આખરે રાજાએ પાંચ લાખ રૂપીઆ આપવાના કબૂલ કરી સલાહ કરી પણ અંગ્રેજના લશ્કરની ભારે ખુવારી થઇ. જનરલ મોનસુનના લશ્કરના નાશથી અને ભરતપુરના ઘેરામાં અંગ્રેજ લશ્કરની થયેલી

ભારે ખુવારીથી અંગ્રેજની સત્તા જરા લુલી થઇ એમ ધારવામાં આવ્યુ અને સિંધીયાએ હોલકર અને ભરતપુરના રાજા સાથે છુપી રીતે સલાહ કરી અંગ્રેજને હિંદમાંથી હાંકી કાઢવાનો યત્ન કર્યો. તેણે ગ્વાલીયરમાં રાખેલા અંગ્રેજ લશ્કરની છાવણી લૂંટી લેઈ રેસીડેન્ડ મી. જેન્કીસનને કેદ કર્યો અને પછી તે લશ્કર લેઈ હોલકર અને ભરતપૂરના રાજાને જઈ મળ્યો. પણ એટલામાં દેશી રાજાઓ સાથે સલાહ કરવાનું ઇંગ્લાંડથી ફરમાવવામાં આવ્યું તેથી સિંધિયા અને હોલ્કરને તેમનો મુલક પાછો સોંપી ઈ. સ. ૧૮૦૬ માં તેમની સાથે સલાહ કરવામાં આવી.

પ્રકરણ ૬૮.

સરજ્યૉર્જ બાર્લો.

લૉર્ડ કૉર્નવૉલિસ—હિંદમાં શાંતિ ફેલાવવાને માટે **લૉર્ડ કૉર્નવૉલિસ**ને ફરી ગવર્નર જનરલ તરીકે નિમી હિંદમાં મોકલવામાં આવ્યો, ઈ. સ. ૧૮૦૫. તેણે કલકત્તામાં પગ મૂકતાંજ દેશીઓને સ્વતંત્રતા આપવાની રાજ્યનીતિ જાહેર કરી અને તે પ્રમાણે તે હોલ્કર અને સિંધિયા સાથે સલાહ કરવા જતો હતો પણ રસ્તામાં તે **ગ્યાઝીપુર** આગળ મરણ પામ્યો. ઇ.સ. ૧૮૦૫.

સરજ્યૉર્જ બાર્લો—ઇ. સ. ૧૮૦૫ થી ઈ. સ. ૧૮૦૭. લૉર્ડ કૉર્નવૉલિસના મરણથી કાઉન્સીલનો વડો મેમ્બર **સર જ્યૉર્જ બાર્લો** ગવર્નર જનરલનું કામ કરવા લાગ્યો. એણે અંગ્રેજ સત્તા સાર્વભૌમ કરવામાં વેલેસ્લીને સારી મદદ કરી હતી. પણ કંપનીના વ્યવસ્થાપકોની ઇચ્છા લડાઇ વિરૂદ્ધ જણાયાથી તેણે પણ દેશી રાજાઓ સાથે સલાહ કરવા વિચાર કર્યો. તેણે સિંધિયા અને હોલ્કરને તેમનો જીતી લીધેલો

મુલક પાછો સોંપી દેઇ તેમની સાથે સલાહ કરી. રજપૂતોએ અંગ્રેજને મરાઠી વિગ્રહમાં સારી મદદ કરેલી હોવાથી તેમનું રક્ષણ કરવા અંગ્રેજ બંધાયેલા હતા. છતાં બાર્લોએ રજપુતોને હેરાન કરતાં હોલ્કરને અટકાવ્યો નહીં. કંપનીના વ્યવસ્થાપકોએ પેશ્વા અને નિઝામ સાથેની સંધી રદ કરવા લખ્યું હતું પણ તેમાં તેણે આડા પડી અંગ્રેજનો ટેક જાળવી રાખ્યો હતો. ઇ. સ. ૧૮૦૭ માં **લોર્ડ મિન્ટો** ગવર્નર જનરલ નિમાયાથી તેને મદ્રાસનો ગવર્નર નિમવામાં આવ્યો. કંપનીના વ્યવસ્થાપકોએ મદ્રાસ ઇલાકાનો ખર્ચ કમી કરવા લખ્યાથી તેણે લસ્કરને તંબુના ખર્ચ પેટે મળતું ભથ્થુ બંધ કર્યું. આથી સિપાઇઓએ મદ્રાસમાં બંડ ઉઠાવ્યું પણ લોર્ડ મિન્ટોએ જાતે જઇ તે બંડ સમાવ્યું અને સર જ્યૉર્જ બાર્લોને પાછો ઇંગ્લાંડ બોલાવી લેવામાં આવ્યો. ઇ. સ. ૧૮૧૩.

વેલોરનું બંડ—ટીપુના બે છોકરાઓને પેન્શન આપી વેલોરમાં રાખવામાં આવ્યા હતા. વેલોરમાં અંગ્રેજનું ૩૦૦ યુરોપીઅન અને ૧૫૦૦ દેશી સિપાઇઓનું લસ્કર હતું. દેશી લસ્કરમાંના ઘણા ખરા માણસો ટીપુના લસ્કર પૈકીના માણસો હતા. આ લસ્કરના સેનાપતિએ મદ્રાસના ગવર્નર **લોર્ડ વિલિયમ બેન્ટીક**ની પરવાનગીથી લસ્કરના નિયમમાં કેટલાક નવા ફેરફાર દાખલ કર્યા. સિપાઇઓએ પરેડ કરતી વખતે જ્ઞાતિ ચિન્હ ધારણ કરવાં નહિ; વળી તેમણે પોતાની હડપચી મુડાવવી નહિ તેમ દાઢી આમળવી નહિ અને પાઘડીને બદલે અંગ્રેજના જેવી ટોપી પહેરવી. આ નવા ફેરફારથી દેશી સિપાઇઓને લાગ્યું કે અંગ્રેજ તેમને ખ્રિસ્તિ બનાવવા ધારે છે તેથી તેમણે ઇ. સ. ૧૮૦૬ માં બંડ કરી અંગ્રેજ લસ્કરના કેટલાક માણસોને કાપી નાખ્યા. આ વાતની ખબર આર્કટ પહોચતાંજ જનરલ **ગેલેસ્પીને** લસ્કર આપી વેલોરના રક્ષણાર્થે મોકલવામાં આવ્યો. બંડમાં ટીપુના છોકરાઓનો હાથ છે એમ લાગવાથી તેણે તેમને કલકત્તે મોકલાવી દીધા અને બંડના આગેવાનોને મારી નાંખી ઘણા ખરા માણસોને નોકરીમાંથી કમી કર્યા અને

નવા ફેરફાર રદ કરી બંડ સમાવ્યું. મદ્રાસના ગવર્નર લૉર્ડ વિલિયમ બેન્ટીકને ઇંગ્લાંડ બોલાવી લેવામાં આવ્યો.

પ્રકરણ ૬૯.

લૉર્ડ મિન્ટો.

લૉર્ડ મિન્ટો—ઇ. સ. **૧૮૦૭ થી ૧૮૧૩.** તેને હિંદમાં સલાહ શાંતિ રાખી રાજ્ય કારભાર ચલાવવા ઇ. સ. ૧૮૦૭ માં મોકલવામાં આવ્યો. તોપણ તેને હિંદમાં શાંતિ ફેલાવવાને અને અંગ્રેજની સત્તાને ઝાંખ ન લાગે એટલા માટે કેટલીક વખત લશ્કરનો ઉપયોગ કરવો પડ્યો હતો. તેણે **બુંદેલખંડ**માં લૂંટારાઓને વશ કરી સારો બંદોબસ્ત કર્યો. તેણે પઠાણ સરદાર **અમીરખાનને** અને શીખ સરદાર **રણજીતસિંહને** તાબે થવાની ફરજ પાડી હતી. વળી સરહિંદના બીજા શીખ સરદારોએ અંગ્રેજનું ઉપરીપણું સ્વિકારવાથી તેણે તેમના રક્ષણાર્થે લુદીયાનામાં એક અંગ્રેજ લશ્કર રાખ્યું હતું. મદ્રાસના ગવર્નર **સર જ્યૉર્જ બાર્લૌના** વખતમાં મદ્રાસમાં લશ્કરના સિપાઇઓએ કરેલું બંડ તેણે જાતે જઇ સમાવ્યું હતું, ઇ. સ. ૧૮૧૦. વળી ફ્રાન્સનો રાજા નેપોલીયન હિંદ જીતવા આવે છે એવી ખબર મળતાં તેણે એલચી મોકલી ઇરાન અને કાબુલના રાજાઓ સાથે સંધી કરી તેને આવતો અટકાવવા બંદોબસ્ત કર્યો. તેણે આફ્રિકામાં દરિયાઇ લશ્કર મોકલી ફ્રેંચના **બુર્બોન** અને **મોરિશીયસ** બેટ જીતી લીધા. તેમાંનો મોરિશીયસ બેટ જ્યાંથી 'મોરસ ખાંડ' આવે છે તે હાલ પણ અંગ્રેજ સરકારને તાબે છે, અને બુર્બોન ઇ. સ. ૧૮૧૪ માં ફ્રેંચને પાછો સોંપી દેવામાં આવ્યો છે. ઇ. સ. ૧૮૧૩ માં તેણે જાતે જઇ **જાવા** બેટ

પણ સર કર્યો. આ પ્રમાણે અંગ્રેજની દરિયાઇ સત્તા સાર્વભૌમ કરી તે ઇ. સ. ૧૮૧૩ માં ઇંગ્લાંડ ગયો.

કંપનીની મુદતમાં વધારો—ઇ. સ. ૧૭૯૩ માં કંપનીને ૨૦ વરસનો પટો કરી આપવામાં આવ્યો હતો તે મુદત પુરી થવાથી ઇ. સ. ૧૮૧૩ માં બીજાં ૨૦ વરસની મુદત વધારી નવો પટો કરી આપવામાં આવ્યો. આથી ઇંગ્લાંડની પ્રજાને પણ હિંદ સાથે વેપાર કરવાની છૂટ મળી અને કંપનીને ફક્ત ચીન સાથે વેપાર કરવાની પરવાનગી મળી.

શીખધર્મ અને નાનક—શીખ ધર્મનો સ્થાપનાર **નાનક** હતો તેથી તેના અનુયાયીઓ શીખ કહેવાયા. નાનક ઇ. સ. ૧૪૬૯ માં જન્મ્યો હતો. અને તેણે ઇ. સ. ૧૯૯૦ થી એ ધર્મનો ઉપદેશ કરવા માંડયો. તેનો ઉદ્દેશ હિંદુ મુસલમાનને એકજ ધર્મના કરવાનો હતો. તેથી તે કહેતો કે હિંદુઓએ જુદી જુદી મૂર્તિઓને માનવું છોડી દેઇ એકજ ઇશ્વરને માનવો અને મુસલમાનોએ ગૌવધ અને ધર્મ સંબંધી જુલમનો ત્યાગ કરવો અને દેશી બંધુઓપર પ્રેમભાવ રાખવો. તેની પછી પણ તેના અનુયાયીઓએ એ ધર્મનો ઉપદેશ કરી ઘણા લોકોનો જમાવ કરી શીખને લડાઇક પ્રજા બનાવી હતી.

શીખ પ્રજા—શીખ ધર્મના સ્થાપનાર નાનકના અનુયાયીઓના ઉપદેશથી ઘણા લોક એ ધર્મમાં ભળ્યા હતા. ગુરૂ **ગોવીંદે** તેમને લશ્કરી કેળવણી આપી લડાઇના કામને માટે તૈયાર કર્યા હતા. ઇ. સ. ૧૭૦૮ માં દિલ્લીના બાદશાહે શીખ લોકોને હરાવી નસાડ્યા હતા એટલુંજ નહિ પણ તેમને પકડી કતલ કરવા હુકમ કર્યો હતો. તેથી તે લોક પંજાબના ઇશાનકોણ તરફ આવેલા પર્વતોમાં ભરાઇ ગયા હતા. અહંમદશાહ અબદલ્લીના મરણપછી અફઘાનીસ્તાનમાં ગેરવ્યવસ્થા ચાલી હતી તેનો લાભ લેઇ તેઓએ પંજાબ જીતી લીધું. ત્યાર પછીથી તેમના જુદા જુદા સરદારો પોતાના તાબામાં આવેલા મુલકના ધણી થઇ પડી રાજ્ય કરતા હતા. ઇ. સ. ૧૭૯૯ માં કાબુલનો રાજા **ઝેમનશાહ** જ્યારે હિંદ

ઉપર ચઢી આવ્યો ત્યારે તેને શીખ સરદાર **રણજીતસિંગે** સારી મદદ કરેલી હોવાથી તેણે રણજીતસિંગને પંજાબનો સુબો નિમ્યો હતો.

રણજીતસિંગ—એ શીખ લોકનો સરદાર હતો. તેનો બાપ **માહુ-સિંગ** ઈ. સ. ૧૭૯૧ માં મરી ગયો ત્યારે તે ૧૭ વર્ષની ઉમ્મરનો હતો. તે મહાન શિવાજી અને હૈદરના જેવો બહાદૂર હતો. ઈ. સ. ૧૭૯૯ માં તેની બાહાદુરીથી ખુશ થઈ કાબુલના રાજા **ઝેમનશાહે** તેને પંજાબનો સુબો નીમ્યો હતો. તેણે રાજ્યનો વિસ્તાર ઘણો વધાર્યો. તે લૉર્ડ મિન્ટોના વખતમાં બીજા શીખ સરદારો પાસે પોતાનું ઉપરીપણું સ્વિકારાવવા યત્ન કરતો હતો પણ તેમાં તે ફાવ્યો નહિ. અફઘાનીસ્તાનના રસ્તે થઇ ફ્રેંચ લોકો હિંદમાં પેસે નહિ તેથી લૉર્ડ મિન્ટોએ તેની સાથે સંધી કરી તેને અંગ્રેજનો મિત્ર બનાવ્યો હતો. ઈ. સ. ૧૮૩૩ માં રૂશીયાનો રાજા હિંદપર ચઢી આવવાની વકી હતી તેથી લૉર્ડ વિલિયમ બેન્ટીકે તેની સાથે સંધી કરી હતી. તે ઈ. સ. ૧૮૩૯ માં મરણ પામ્યો અને મરતા સુધી અંગ્રેજનો દૃઢ મિત્ર રહ્યો.

પ્રકરણ ૭૦.

લૉર્ડ હેસ્ટીંગ્સ ઈ. સ. ૧૮૧૩ થી ઈ. સ. ૧૮૨૩.

હિંદની સ્થિતિ—સરજ્યૉર્જ બાર્લોની અને લૉર્ડ મિન્ટોની મૌન ધારણ કરેલી રાજ્યનીતિથી ઘણા લૂંટારા લોકો દેશને હેરાન કરતા હતા. **અમીરખાન** નામનો પઠાણ સરદાર ઘણો મુલક બથાવી પડી મધ્ય પ્રાંતમાં લૂંટ ચલાવતો હતો. પિંઢારા લોકો પણ પૂર બળમાં આવ્યા હતા અને ધાડ પાડી એક પછી એક ગામ લૂંટી દેશને ઉજ્જડ કરતા હતા. પેશ્વા પણ હોલકર, ભોંસલે અને સિંધિયા સાથે મળી જઇ અંગ્રેજને

હિંદમાંથી હાંકી કાઢવાનો છુપી રીતે યત્ન કરતો હતો. ગુરખા લોકોએ બંગાળા અને બહાર પ્રાંતમાં અંગ્રેજનો મુલક જીતી લીધો હતો. આ બધી અવ્યવસ્થા લૉર્ડ મિન્ટો જોઇ રહે તેવો નહોતો પણ કંપનીના વ્યવસ્થાપકોની મરજી વિરૂદ્ધ તે કાંઇ કરી શકયો નહોતો. ઇ સ. ૧૮૧૩ માં તેના ઇંગ્લાંડ ગયા પછી **લૉર્ડ હેસ્ટીંગ્સ** ગવર્નર જનરલ તરીકે આવ્યો. તેણે આ બધી અવ્વસ્થા જોતાંજ મારકિવસ ઑફ વેલેસ્લીની રાજયનીતિ પસંદ કરી અંગ્રેજ સત્તા સાર્વભૌમ કરવાનો વિચાર કર્યો અને તે વિચાર પાર પાડવાને ચાંપતા ઇલાજ લીધા.

ગુરખા લોકો—એ લોકો અસલ કાશ્મીરના વતની હતા. તેઓ રજપૂત બ્રાહ્મણના વંશના હતા. તેઓ **ગુરખા** નામથી ઓળખાય છે. ઇ. સ. ૧૭૬૭ માં એ લોકોએ નેપાળના મૂળ વતની **નેવાર** લોકોને હરાવી જંગલમાં કાઢી મુકયા અને તેમના તમામ મુલકનો કબજો કરી તેઓ ત્યાં વસ્યા. તેઓ લડાઇના કામમાં ઘણા બહાદુર હતા. તેઓએ તિબેટ પર સ્વારી કરી **લાસા** શેહેરનાં દેવળો લૂંટી લીધાં હતાં. વળી તેમણે બહાર અને બંગાળા પ્રાંતમાંનો અંગ્રેજના તાબાનો કેટલોક મૂલક જીતી લીધો હતો.

નેપાલના ગુરખા સાથે લડાઈ—લૉર્ડ મિન્ટોના વખતમાં ગુરખા લોકોએ અયોધ્યા પ્રાંતમાં આવેલો કેટલોક અંગ્રેજનો મુલક તાબે કર્યો હતો, તેથી તે સોંપી દેવા લૉર્ડ મિન્ટોએ નેપાળના રાજાને લખ્યું હતું; તેનો જવાબ આવતાં પહેલા લૉર્ડ મિન્ટો ઇંગ્લાંડ ગયો હતો અને લૉર્ડ હેસ્ટીંગ્સ ગવર્નર જનરલ નિમાઇને આવ્યો ત્યારે તે પ્રાંત ઉપર નેપાળના રાજાનો હક છે એવો જવાબ તેને મળ્યો. એટલે લૉર્ડ હેસ્ટીંગ્સે અમૂક દિવસમાં તે પ્રાંત અંગ્રેજને સ્વાધિન કરવા રાજાને લખ્યું. પણ રાજાએ તે મૂલક સોંપી દીધો નહિ અને બન્ને પક્ષે લડાઇની તૈયારી કરી. અંગ્રેજ લોકોનાં ચાર લસ્કર ચાર જુદી જુદી દિશાએથી નેપાળમાં પેઠાં. જનરલ **ગેલેસ્પીએ કલીંગા**ના કિલ્લાને ઘેરો ઘાલ્યો પણ તેમાં તે હાર્યો અને મરાયો.

પછી તેના લશ્કરે **જીટક**ને ઘેરો ઘાલ્યો. ત્યાં પણ અંગ્રેજો ફાવ્યા નહિ. પણ જનરલ **ડેવીડ આક્ટરલોનીએ** પશ્ચિમ તરફથી આવી ગુરખાના સરદાર **અમરસિંહને મલુન** આગળ સજ્જડ હરાવ્યો, ઇ.સ.૧૮૧૪. અમરસિંહ નાશી ખટમંડુ ગયો. અને અંગ્રેજોએ આગળ વધી **જીટક** અને **કુમાન**ના કિલ્લા સર કર્યા. તેથી ગુરખાના સરદાર **ભીમસેન થાપાએ** સલાહ કરવા કહેણ મોકલ્યું. સંધીમાં એવું ઠર્યું કે કાલી નદીની પશ્ચિમ તરફનો તમામ મુલક અંગ્રેજને સોંપવો અને ખટમંડુમાં રેસી-ડન્ટ રાખવો. આ કરાર અમરસિંહને પસંદ નહિ પડવાથી ફરી પાછી લડાઈ ચાલી. જનરલ આક્ટરલોનીએ ફરી પાછા ગુરખાને **મકવાનપુર** આગળ હરાવ્યા. પછી તેણે **ખટમંડુ** ઉપર સ્વારી કરી. ગુરખા લોકો ડરી ગયા અને તેઓએ પ્રથમના કરાર કબુલ કરી ઇ. સ. ૧૮૧૬ માં **સીગાવલી** મુકામે સંધી કરી. આ સંધીને **સીગાવલીની સંધી** કહે છે. આ સંધીમાં અંગ્રેજને મળેલા મુલકમાં **સિમલા, નૈનિતાલ, મસુરી** વિગેરે હવા ખાવાનાં સ્થળો હાલ પણ અંગ્રેજના તાબામાં છે.

પ્રકરણ ૭૧.

લાર્ડ હેસ્ટીંગસ અને પિંઢારા લોકો.

પિંઢારા લોકો—આ લોકો કયી જાતના હતા તે ચોક્કસ જણાયું નથી પણ તેઓ હલકી વર્ણના લૂંટારા હતા. તેમનો હેતુ લૂંટ શિવાય બીજો કંઇજ નહોતો. તેઓ સિંધિયા, હોલકર વિગેરે મરાઠા સરદારોને લડાઇમાં મદદ કરતા અને તેમને પોતાની લૂંટમાંથી ભાગ આપતા. આગળ જતાં તેઓનું બળ એટલું બધું વધ્યું કે તેઓ અંગ્રેજ લોકોનો મુલક પણ લૂંટી ઉજ્જડ કરવા લાગ્યા. તેઓના આગેવાન સરદાર **ચિતુ** અને

કરીમખાન હતા. તેમના ત્રાસમાંથી પ્રજાને મુક્ત કરવાને લૉર્ડ હેસ્ટિંગ્સે સાંપતા ઇલાજ લેવાનો ઠરાવ કર્યો. પણ તે પહેલાં મરાઠા તરફથી એમને મળતી મદદ અટકાવવી જોઇએ એમ લાગવાથી તેણે સિંધિયા, વિગેરે સરદારોને સંધી કરવા ફરજ પાડી અને એમના રાજ્યમાં એવી નવી ટોળીઓ નહીં થવા દેવાનું અને પિંઢારા લોકોનો નાશ કરવામાં અંગ્રેજને જોઇતી મદદ આપવાનું તેમની પાસે કબૂલ કરાવ્યું.

અમીરખાન—એ એક પઠાણ સરદાર હતો. તે લૂંટારૂઓના ટોળામાં ભળતો. તે પોતાની બહાદૂરીથી હોલ્કરના લશ્કરની ટુકડીનો સરદાર બન્યો હતો. આગળ જતાં તે હોલ્કરના રાજ્યનો કેટલોક મૂલક પચાવી પડી પોતાને રાજા કહેવડાવવા લાગ્યો. તેણે બરારના રાજા ઉપર સ્વારી કરી હતી પણ લૉર્ડ મિંટોએ લશ્કર મોકલી તેને નસાડયો હતો. પણ અંગ્રેજ લોકની દેશી રાજાઓના ઝઘડામાં નહિ પડવાની પદ્ધતિથી તે ફરી પાછો વધારે બળમાં આવી પિંઢારા લોકોને મદદ કરવા લાગ્યો. લૉર્ડ હેસ્ટિંગ્સે તેની સાથે પણ સંધી કરી પિંઢારા લોકનો પક્ષ નહિ લેવાનું અને તે લોકોની સામા થવામાં અંગ્રેજને મદદ આપવાનું તેની પાસે કબૂલ કરાવ્યું. તેના બદલામાં અંગ્રેજે તેને હોલ્કરના બથાવી પડેલા મુલકનો સ્વતંત્ર રીતે અમલ કરવા દીધો. આજે પણ તેના વંશજો ટોન્કના નવાબના નામથી ઓળખાય છે.

પિંઢારાનો નાશ—લૉર્ડ હેસ્ટિંગ્સે આ પ્રમાણે સિંધિયા અને અમીરખાન વિગેરે સરદારોને પોતાના પક્ષમાં લીધા અને એક જબરૂં લશ્કર ભેગું કરી પિંઢારા લોકને ચારે બાજુએ ઘેરી લીધા. મરાઠાઓ તરફથી મળતી મદદ નહિ મળવાથી પિંઢારા લોકો ગભરાયા અને નાસવા લાગ્યા. જે બાજુએ નાસે તે તરફ અંગ્રેજનું લશ્કર તેમની સામું થતું. ઘણાખરા બહાદુરીથી લડતા મરાયા અને બાકી રહેલા નાસીને ગામડાંમાં ભરાઇ ગયા. પ્રથમ તેઓએ ગામડાઓમાં ઘણો ત્રાસ વર્તાવેલો હોવાથી ગામડીયાઓએ પણ તેમને મારી નાંખ્યા કરીમખાન

છેવટે તાબે થયો તેથી અંગ્રેજે તેને ગોરખપુરનું સંસ્થાન તેના નિર્વાહ માટે આપ્યું. ચિતુ જંગલે જંગલ રખડયો પણ અંગ્રેજને હાથ ન આવ્યો. આખરે વાઘે તેને જંગલમાં મારી નાંખ્યો.

હોલ્કરના રાજ્યની વ્યવસ્થા—જશવંતરાવ હોલ્કર તેના બાળક પુત્ર **મલ્હારરાવ**ને પોતાની પાછળ મુકી ઈ. સ. ૧૮૧૧ માં મરણ પામ્યો. તેથી તેની મા **તુલસીબાઈ** રાજ્ય કારભાર કરવા લાગી. પરંતુ રાજ્યમાં લશ્કરી અમલદારોનું બળ વધારે હતું અને તેઓ અંગ્રેજ સામે લડવાને પેશ્વા સાથે છૂપી મસલત કરતા હતા. તેથી લૉર્ડ હેસ્ટિંગ્સે તુલસીબાઇને સંધી કરવા જણાવ્યું અને તેણે પણ પોતાના પૌત્રની તેમજ રાજ્યની સહીસલામતી માટે તેમ કરવા કબુલ કર્યું. પણ આ વાત લશ્કરી અમલદારોને રૂચતી નહિ આવવાથી તેમણે એને મારી નાંખી અને તેઓ લશ્કર લેઇ આગળ વધ્યા; પણ મહીદપુર આગળ **સર જૉન માલકમે** તેમને હરાવી સંધી કરવાની ફરજ પાડી, ઈ. સ. ૧૮૧૮. એ સંધાને **માંદેશ્વરની સંધી** કહે છે. તેમાં એવું ઠર્યું કે હોલ્કરે અમીરખાનના મુલકપરથી કાયમનો હક્ક છોડી દઇ અમુક મુલક અંગ્રેજને આપવો, અને તેના બદલામાં અંગ્રેજે હોલ્કરને સ્વતંત્ર રાજા તરીકે માનવો અને તેના રાજ્યની સહીસલામતી માટે ત્યાં રેસિડેન્ટ નિમી એક લશ્કર રાખવું.

પ્રકરણ ૭૨.

લૉર્ડ હેસ્ટિંગ્સ. (ચાલુ.)

મરાઠી ચોથા વિગ્રહ અને પેશ્વાઈનો અંત.

મરાઠી ચોથા વિગ્રહનું કારણ—ઇ. સ. ૧૮૦૨ માં બાજીરાવ પેશ્વા વસાઇની સંધીથી અંગ્રેજનું ઉપરીપણું સ્વિકારી નિર્ભય

બન્યો હતો. તે પોતાના મિત્ર ત્ર્યંબકજી ડેંગ્લેની સોબતમાં દુર્વ્યસની બની ગયો હતો તેથી તેના કહ્યા પ્રમાણે એ ચાલતો હતો; એણે ડેંગ્લેની ઉશ્કેરણીથી અંગ્રેજની સત્તા તોડી પોતાની સત્તા સર્વોપરી કરવા સિંધિયા, હોલ્કર વિગેરે મરાઠા સરદારો સાથે છૂપી મસલત કરવા માંડી. આ અરસામાં પેશ્વા અને ગાયકવાડ વચ્ચે પ્રથમના લેણા સંબંધી તકરાર ચાલતી હતી. તેનો નિકાલ કરવા અંગ્રેજની બાંહેધરીથી ગાયકવાડ સરકારનો દિવાન ગંગાધર શાસ્ત્રી પૂને ગયો હતો, તેને એણે ડેંગ્લેની ઉશ્કેરણીથી પંઢરપુર આગળ મારી નંખાવ્યો. આથી પૂનાના રેસીડેન્ટ એલ્ફિન્સ્ટને ડેંગ્લેને પોતાને સોંપી દેવા પેશ્વાને ફરમાવ્યું અને ડેંગ્લેને કેદ કરી થાણે મોકલી દેવામાં આવ્યો. પણ થોડા વખતમાં તે ત્યાંથી નાશી છૂટયો અને પેશ્વાની છૂપી મદદથી લશ્કર જમાવવા લાગ્યો. આ વાતની ખબર પડતાં રેસીડેન્ટ એલ્ફીન્સ્ટને પેશ્વા સાથે પુના આગળ સંધી કરી અહમદનગર અને તેની આસપાસનો મુલક અંગ્રેજને આપવા અને ડેંગ્લે સાથે કોઇ પણ જાતનો વ્યવહાર નહિ રાખવા ફરજ પાડી. પરંતુ પેશ્વા આ પ્રમાણે નહિ વર્તવાથી લડાઇ જાગી.

પેશ્વા સાથે લડાઈ અને પેશ્વાઇનો અંત--પેશ્વા જાત્રાનું બહાનું કહાડી પૂના બહાર ગયો અને થોડા વખતમાં મોટું લશ્કર ભેગું કરી પાછો આવ્યો, અને કિલ્લાઓ સમરાવી લડાઇની તૈયારી કરવા લાગ્યો. આ વાતની ખબર પડતાં એલ્ફિન્સ્ટને પોતાના બચાવ માટે પૂનાથી ચાર માઇલ દૂર ખિરકી આગળ જઇ મુકામ કર્યો. પણ પેશ્વા અને તેનો સેનાપતિ બાપુ ગોખલે લશ્કર લેઇ ત્યાં પહોંચ્યા, છતાં અંગ્રેજને મદદ આવી પહોંચવાથી તેઓ હાર્યા અને નાશી ગયા. પછી ઇ. સ. ૧૮૧૮ માં અંગ્રેજ સરદાર સ્ટૉન્ટને પેશ્વાને કોરેગામ આગળ હરાવ્યો. આથી તે અંગ્રેજને શરણે ગયો એટલે તેને આઠ લાખનું પેન્શન બાંધી આપી બિઠુરના કિલ્લામાં રાખવામાં આવ્યો, અને તેનું રાજ્ય ખાલસા કરવામાં આવ્યું. ઇ. સ. ૧૮૧૮.

નાગપુરના રાજ્યની વ્યવસ્થા—ઇ. સ. ૧૮૧૬ માં રાઘુજી ભોંસલેના મરણ પછી આપાસાહેબ ગાદીએ બેઠો. તે પેશ્વાને છૂપી રીતે મદદ કરી અંગ્રેજને હિંદમાંથી હાંકી કાઢવાને યત્ન કરતો હતો. ઇ. સ. ૧૮૧૭ માં તેણે **સીતાબાલ્ડી**ની ટેકરી ઉપર રહેતા અંગ્રેજના લશ્કર ઉપર હલ્લો કર્યો પણ અંગ્રેજોએ તેના લશ્કરને નસાડયું અને આપાસાહેબને કેદ પકડી અલ્લાહાબાદ મોકલી દીધો અને રાઘુજી ભોંસલેના પૌત્રને ગાદીએ બેસાડયો, પણ તે ઈ. સ. ૧૮૫૩ માં અપુત્ર મરણ પામવાથી લૉર્ડ **ડેલહાઉસી**એ નાગપૂરનું રાજ્ય ખાલસા કર્યું.

લૉર્ડ હેસ્ટિંગ્સનો અમલ અને તેની અસર—એને પોતાની કારકીર્દિનાં પહેલાં પાંચ વર્ષ લડાઇમાં ગાળવાં પડ્યાં. એણે પિંઢારા લોકના ત્રાસમાંથી પ્રજાને મુક્ત કરી, સિંધિયા, હોલ્કર વિગેરે દેશી રાજાઓ પાસે અંગ્રેજનું ઉપરીપણું સ્વિકારાવી, અંગ્રેજની સત્તા આખા હિંદમાં સાર્વભૌમ કરી. વળી એણે પેશ્વાઇનો અંત આણી, પેશ્વાના રાજ્યનો મુલક મુંબઇ ઇલાકામાં અંગ્રેજના રાજ્ય સાથે જોડી દઇ, અંગ્રેજી રાજ્યનો વિસ્તાર ઘણોજ વધાર્યો, એટલુંજ નહિ પણ આખા હિંદમાં શાંતિ ફેલાવી. એની કારકીર્દિનાં છેલ્લાં ત્રણ વર્ષમાં એણે રાજ્યમાં એવો બંદોબસ્ત કર્યો કે લૂંટથી જે દેશ અને ગામ ઉજ્જડ થયાં હતાં તે ફરી પાછાં આબાદ થયાં. સ્મશાન જેવાં થઇ ગયેલાં ખેતરો ફરી પાછાં પાકથી ભરેલાં દ્રવ્ય જેવાં દેખાવા લાગ્યાં, અને ધાન્યનો પાક સારો ઉતરવા લાગ્યો. એણે ખર્ચમાં ઘટાડો કરી, રાજ્યની ઉપજમાં સારો વધારો કર્યો અને દેશીઓને કેળવણી આપવા સારૂ બંગાળામાં નિશાળો સ્થાપી. 'સમાચાર દર્પણ' નામનું વર્તમાન પત્ર પ્રથમ એનાજ વખતમાં શરૂ થયું.

પ્રકરણ ૭૩.

લૉર્ડ આમ્હર્સ્ટ.

લૉર્ડ આમ્હર્સ્ટ—ઇ. સ. ૧૮૨૩ થી ઇ. સ. ૧૮૨૮. લૉર્ડ હેસ્ટિંગના ગયા પછી તે ઇ. સ. ૧૮૨૩ માં ગવર્નર જનરલ તરીકે હિંદમાં આવ્યો. તે આવ્યો ત્યારે કંપનીની તીજોરીમાં બે કરોડ રૂપીઆનો વધારો હતો. પણ બ્રહ્મીલોક સાથે અને ભરતપુરના રાજા સાથે તેને લડાઇમાં ઉતરવું પડેલું હોવાથી કંપનીને ભારે દેવામાં ઉતરવું પડયું. તે પાંચ વર્ષ હિંદમા રહી ઇ. સ. ૧૮૨૮ માં ઇંગ્લાંડ ગયો.

બ્રહ્મદેશનું રાજ્ય—બ્રહ્મદેશ ઉપર પેગુના રાજાનો અંમલ હતો. પણ ઇ. સ. ૧૭૫૩ માં **અલમ્પરા** નામના એક સરદારે એ દેશ જીતી લેઇ **આવા**માં ગાદી સ્થાપી. પછી એણે ઇ. સ. ૧૭૮૭ માં આરાકાન જીતી લીધું. પણ ત્યાંના રહેવાશીઓ ઉપર એણે ઘણો જુલમ કર્યાથી તેઓ અંગ્રેજના રાજ્યમાં જઇ તેમના રક્ષણમાં રહ્યા હતા; આવાની સરકાર તે લોકોને પાછા સોંપવાનું વારંવાર કલકત્તાના ગવર્નર જનરલને લખાતી, પણ તે વાત ઉપર બરાબર લક્ષ આપવામાં આવતું નહિ. ઇ. સ. ૧૮૨૨ માં બ્રહ્મદેશના સરદાર **મહા બન્ડુલા**એ આસામ, મણીપુર, કાચાર વિગેરે જીતી લઇ બ્રહ્મી રાજ્યનો વિસ્તાર ઘણોજ વધાર્યો.

પહેલો બ્રહ્મી વિગ્રહ—આરાકાનથી નાશી ગયેલા લોકોને અંગ્રેજ પાછા સોંપતા નહોતા તેથી આવાની સરકાર તેમની વિરૂદ્ધ હતી. વળી આરાકાનના બ્રહ્મી સુબાએ અંગ્રેજના **શાહપુરી** બેટપર આવાની સરકારનો હકક છે એમ કહી ત્યાંના અંગ્રેજને કાપી નાંખ્યા. વળી આવાની સરકારે અંગ્રેજને બંગાળામાંથી કાઢી મુકવા તથા ગવર્નર જનરલને કેદ કરી આવે લાવવા બંડુલાને લશ્કર આપી આસામ તરફ મોકલ્યો. ઇ. સ. ૧૮૨૪ માં **કેમ્પબેલ** નામનો અંગ્રેજ

સરદાર લશ્કર લેઇ રંગુન જઇ પહોંચ્યો. અંગ્રેજની તોપને પહેલેજ ધડાકે બ્રહ્મી લોકો નાશી ગયા અને ગામના લોકો પણ ડરથી નાશી જઇ ગામડામાં ભરાઈ ગયા. બંદુલા આખું આગળ અંગ્રેજ લશ્કરને હરાવી રંગુન તરફ ગયો; પણ ત્યાં હારવાથી ડોનાબ્યુના કિલ્લામાં જઈ ભરાયો. અંગ્રેજોએ ડોનાબ્યુ ઉપર તોપનો મારો ચલાવ્યો અને બંદુલા મરાયો એટલે લોકો નાહિંમત થઇ નાશી ગયા. અંગ્રેજ તે કિલ્લાનો કબજો કરી આગળ વધ્યા અને આવા તરફ ચાલ્યા. આથી ત્યાંના રાજાએ ડરી જઇ સંધી કરવા કહેણુ મોકલ્યું. આ સંધીના કરાર યેંદાબુ મુકામે થએલા હોવાથી તે સંધી યેંદાબુની સંધીને કહે છે.

યેંદાબુની સંધી—આ સંધીથી અંગ્રેજને **આરાકાન, આસામ,** અને **ટેનાસરીમ** પ્રાંતો મળ્યા. અને લડાઇના ખર્ચ પેટે કંપનીને એક કરોડ રૂપીઆ આપવાનું અને આવામાં એક અંગ્રેજ રેસિડેંટ રાખવાનું તેમજ કાચાર અને મણીપુરના રાજ્યોના વહીવટમાં હાથ ન ઘાલવાનું ઠરાવવામાં આવ્યું.

ભરતપુરનું રાજ્ય—ભરતપુરનો રાજા ઇ. સ. ૧૮૨૫ માં મરણ પામવાથી તેનો સાત વરસનો પુત્ર **બલવંતસિંહ** ગાદીએ બેઠો અને તે બાળક હોવાથી તેનો મામો પ્રતિનિધિ નિમાયો. પણ તેના કાકાના છોકરા **દુર્જનસાલે** લશ્કરને પોતાના પક્ષમાં લઇ પ્રતિનિધિને મારી નાંખ્યો અને બાળરાજાને કેદ કરી પોતે ગાદીએ બેઠો. મારકિવસ ઑફ વેલેસ્લીના વખતમાં ભરતપુરના રાજાએ અંગ્રેજનું શરણ લીધું હતું તેથી દિલ્હીના રેસિડેન્ટ **જનરલ આક્ટરલોનીએ** આ ગાદી બથાવી પડનારને ગાદી ઉપરથી ઉઠાડી બાળરાજાને ગાદી સોંપવા લશ્કર મોકલ્યું. પણ આ વખતે બ્રહ્મદેશ સાથે લડાઇ ચાલતી હોવાથી ગવર્નર જનરલે તેમ કરવાની મના કરી. એમાં તેની મોટી ભૂલ હતી. એક વરસ પછી દુર્જનસાલે અંગ્રેજથી સ્વતંત્ર રાજ્ય કરવા ઇચ્છ્યું અને પિંડારા, જાટ લોકો વિગેરેનો જમાવ કરવા લાગ્યો. આથી કલકત્તાની કૌન્સીલે લડાઇ

કરી તેને નમાવવા પરવાનગી આપી. ઇ. સ. ૧૮૨૬ માં લૉર્ડ કૉમ્બરમીયરની સરદારી નીચે એક મોટું લશ્કર મોકલવામાં આવ્યું. તેણે આવી ભરતપૂરને ઘેરો ઘાલ્યો. કિલ્લો ઘણો મજબુત હતો તેથી તેણે સુરંગ ફોડી તે કિલ્લાને ઉડાવી દીધો, અને દુર્જનસાલને કેદ કરી બાળરાજાને ફરી ગાદીએ બેસાડયો. ઇ. સ. ૧૮૨૬.

પ્રકરણ ૭૪.

લૉર્ડ વિલિયમ બેન્ટિક.

લૉર્ડ વિલિયમ બેન્ટિક--ઇ. સ, ૧૮૨૮ થી ઇ. સ. ૧૮૩૫. ઇ. સ. ૧૮૦૬ માં એ મદ્રાસનો ગવર્નર હતો. તેણે વેલોરના લશ્કરની દેશી પલટણોના સિપાઇઓની ધર્મ સંબંધી લાગણી દુખાય એવા કેટલાક નિયમ દાખલ કરેલા હોવાથી તેમણે બંડ કર્યું હતું, અને તેથી તેને ઇંગ્લાંડ બોલાવી લેવામાં આવ્યો હતો. તે ઇ. સ. ૧૮૨૮ માં ગવર્નર જનરલ તરીકે નિમાઇને ફરી પાછો હિંદમાં આવ્યો. એના વખતમાં દેશમાં શાંતિ હતી. તે લોકપ્રિય, દયાળુ, અને રાજકાર્યના કામમાં ઘણોજ કુશળ હતો. તેણે હિંદમાં ઘણા સારા સુધારા દાખલ કર્યા. તેણે કુર્ગની પ્રજાને તેના રાજાના ત્રાસમાંથી મુકત કરી અને રાજાને પેન્શન બાંધી આપી કુર્ગનું રાજ્ય ખાલસા કર્યું. વળી તેણે મ્હૈસુરના રાજ્યની સારી વ્યવસ્થા કરી દેશ આબાદ કર્યો. તેણે લશ્કરને લડાઇ વખતે મળતું ભથ્થુ બંધ કર્યું. તે દોઢ કરોડ રૂપીઆનું તારણ કરી ઇ. સ. ૧૮૩૫ માં ઇંગ્લાંડ ગયો.

મ્હૈસુરના રાજ્યની વ્યવસ્થા--મારકિવસ ઑફ વેલસ્લીએ ટીપુનો અંત આણી મ્હૈસુરના હિંદુ રાજાના વારસને ગાદી સોંપી હતી. તે બાળક હોવાથી પુર્નિયા નામનો દિવાન રાજ્યની સઘળી વ્યવસ્થા

કરતો હતો. આ બાળરાજા પુખ્ત ઉંમરનો થવાથી તેણે રાજ્યની લગામ પોતાના હાથમાં લીધી. પરંતુ તે ઘણો ઉડાઉ નીકળ્યો અને રાજ્યનો તમામ પૈસો મોજશોખમાં તેણે ઉડાવી દીધો. જ્યારે રાજ્યની તીજોરી ખાલી થઇ ગઇ ત્યારે તેણે લોકો ઉપર ભારે ભારે કર નાંખી રૈયત ઉપર ત્રાસ વર્તાવવા માંડયો. તેથી લોકોએ બંડ ઉઠાવ્યું. અંગ્રેજે લશ્કર મોકલી દેશનો તમામ કારભાર પોતાના હાથમાં લીધો અને રાજાને પેન્શન બાંધી આપી કાશી મોકલી દીધો. લગભગ ૫૦ વર્ષ પછી તે રાજાના દત્તક પુત્રને ગાદી પાછી આપવામાં આવી અને આજે પણ તેના વંશજો મ્હેસુરમાં રાજ્ય ભોગવે છે.

લૉર્ડ બેન્ટિકના સુધારા—તેણે સતિ થવાનો ચાલ બંધ કર્યો, ઠગ લોકો મુસાફરોને લૂંટી લઇ મારી નાંખતા તે લોકોને ચારે બાજુએથી ઘેરી તેગનો ઇ. સ. ૧૮૨૯માં નાશ કર્યો. બધી કચેરીઓમાં ફારસી ભાષામ લખાણુ થતું તે બંધ કરી તેણે દેશી ભાષામાં કામ ચલાવવાની પદ્ધત દાખલ કરી તેણે દેશી ભાષા સાથે અંગ્રેજી ભાષાનું જ્ઞાન આપવાની શાળાઓમાં યોજના કરી, અને દેશીઓને પણ તેમની લાયકી પ્રમાણે ભારે હોદ્દાની જગાઓ આપવાનું ઠરાવ્યું. તેણે વાવ્ય પ્રાંતમાં જમીનની માપણી કરાવી તેના પાકના પ્રમાણમાં વિંઘોટીનો દર નકકી કર્યો. વળી તેણે ન્યાય સંબંધી સુધારા સારા કર્યા. દિલ્હીના લોકોને અપીલને માટે કલકત્તે જવાનું ઘણું દૂર પડતું હોવાથી તેણે અલ્હાબાદમાં અપીલ કોર્ટ સ્થાપી. તેણે કલકત્તામાં દેશી વિદ્યાર્થીઓને વૈદક શાસ્ત્ર શિખવવાને એક પાઠશાળા કાઢી અને તેમાં અંગ્રેજી ભાષામાં તે વિદ્યાનું જ્ઞાન અપાય એવી યોજના કરી. પુસ્તકાલય અને મ્યુઝીયમ કાઢનાર પ્રથમ પુરૂષ એજ હતો.

કંપનીની મુદતમાં વધારો—કંપનીના પટાની મુદત ઇ. સ. ૧૮૩૩ માં પૂરી થવાથી ફરી વીસ વર્ષનો પટો કરી આપવામાં આવ્યો. પણ તેમાં એવું ઠર્યું કે હિંદ અને ચીન સાથેનો વેપાર કંપનીએ બંધ કરવો અને તે હક્ક આખી ઇંગ્લાંડની પ્રજાને આપવામાં આવ્યો, અને કંપ-

નીને ફક્ત હિંદના રાજ્ય વહીવટની વ્યવસ્થા સોંપવામાં આવી. વળી આગ્રા અને વાવ્ય પ્રાંતનો ઇલાકો જુદો પાડવામાં આવ્યો.

પ્રકરણ ૭૫.

સર ચાર્લ્સ મેટ્કાફ અને લૉર્ડ ઑકલાંડ.

સર ચાર્લ્સ મેટ્કાફ—ઇ. સ. **૧૮૩૫ થી ૧૮૩૬.** લૉર્ડ વિલિયમ બેન્ટિક ઇંગ્લાંડ ગયા પછી હિંદમાં ગવર્નર જનરલ તરીકે કોને મોકલવો તે સંબંધી ભાંજગડ ચાલવા માંડી. તે દરમિયાન કલકત્તાની કૅાંસીલના વડા મેમ્બર **સર ચાર્લ્સ મેટ્કાફ**ની કામ ચલાઉ ગવર્નર જનરલ તરીકે નિમણુંક કરવામાં આવી. તે લૉર્ડ વિલિયમ બેન્ટિકના જેવાજ વિચારનો હતો. તેણે છાપ કામનો કાયદો પસાર કરી છાપખાનાને સ્વતંત્રતા આપી. પરંતુ તેનો આ કાયદો ઇંગ્લાંડમાં કંપનીના વ્યવસ્થાપકોને પસંદ નહિ પડવાથી તેઓએ મેટ્કાફને આગ્રાના ગવર્નર તરીકે નિમી **લૉર્ડ ઑકલાંડ**ને ગવર્નર જનરલ તરીકે મોકલ્યો. થોડા વખત પછી મદ્રાસના ગવર્નરની ખાલી પડેલી જગા તેને ન મળવાથી તે રાજીનામું આપી ઇ. સ. ૧૮૩૭ માં ઇંગ્લાંડ ગયો.

લૉર્ડ ઑકલાંડ—ઇ. સ. **૧૮૩૬ થી ૧૮૪૨.** એ ઇ. સ. ૧૮૩૬ માં ગવર્નર જનરલ તરીકે નિમાઇ હિંદમાં આવ્યો. તેની કાર્કીર્દિના ૭ વરસમાં લડાઇઓ સિવાય બીજો કાંઇ જાણવા જોગ બનાવ બન્યો નથી. તેને અફઘાનો અને ચીના સાથે લડાઇમાં ઉતરવું પડયું, તેથી કંપનીની તીજોરીમાં લોર્ડ વિલિયમ બેન્ટીકે મુકેલો પૈસો ઉડી ગયો. એની કાર્કીર્દિના પાછલા ભાગમાં અફઘાનીસ્તાનમાં અંગ્રેજોની કીર્તિને જરા ઝાંખ લાગવાથી તેને ઇ. સ. ૧૮૪૨ માં ઇંગ્લાંડ બોલાવી લેવામાં આવ્યો.

કાબુલનું રાજ્ય—ઇ. સ. ૧૭૦૮ માં **અહંમદશાહ અબદલ્લીના** વંશનો **શાહસુજા** કાબુલમાં રાજ્ય કરતો હતો. તેને ઉઠાડી મુકી તેનો ભાઇ **મહંમદ** રાજ્ય કરવા લાગ્યો, પણ અફ્ઘાનોએ તેને મારી નાંખી **દોસ્તમહંમદ**ને ગાદીએ બેસાડયો. આથી શાહસુજા જઇ **લુદીઆનામાં** અંગ્રેજને શરણે રહ્યા. તેણે ઇ. સ. ૧૮૩૪ માં કાબુલની ગાદી પાછી મેળવવા યત્ન કર્યો હતો પણ તેમાં તે ફાવ્યો નહોતો.

પહેલો અફ્ઘાન વિગ્રહ—ઇ. સ. ૧૮૩૬ માં રૂશિયાનો રાજા હિંદ ઉપર ચઢી આવવાની વકી હતી. તેથી એવા પ્રસંગે અફ્ઘાનીસ્તાનનો અમીર અંગ્રેજનો મિત્ર હોય, તો રૂશીયાના રાજાને હિંદપર આવતાં અટકાવવામાં તે અંગ્રેજને મદદ રૂપ થઇ પડે એમ લાગવાથી ગવર્નર જનરલે દોસ્તમહંમદ સાથે મૈત્રી કરવા એક એલચી મોકલ્યો. પણ તેનો વિચાર રૂશિયાને મદદ કરવાનો જણાયાથી ગવર્નર જનરલે શાહસુજાને ગાદીએ બેસાડવાનો નિશ્ચય કરી લડાઇની તૈયારી કરી. એક લશ્કર **જૉન કીન**ની સરદારી નીચે બોલન ઘાટને માર્ગે અફ્ઘાનીસ્તાનમાં પેઠું. તેણે **કંદહાર** જીતી શાહસુજાની આણ ફેરવી, ઇ. સ. ૧૮૩૯. ત્યાંથી અંગ્રેજ લશ્કરે આગળ વધી **કાબુલ** સર કર્યું એટલે દોસ્ત મહંમદ નાશી ગયો. બીજું એક લશ્કર જે 'ખૈબરઘાટ'ને માર્ગે અફ્ઘાનીસ્તાનમાં પેઠું હતું તેણે **જલાલાબાદ** જીતી લીધું. લડાઇનો હેતુ પાર પડવાથી કાબુલમાં થોડું લશ્કર શાહસુજાના રક્ષણ માટે રાખી બાકીનું લશ્કર હિંદમાં પરત આવવા નીકળ્યું. એ લશ્કર સાથે દોસ્ત મહંમદને ભારે ઝપાઝપી થઇ પણ આખરે **પરવાન**° આગળ હાર ખાવાથી તે અંગ્રેજને શરણે આવ્યો, એટલે તેને દર વર્ષે બે લાખ રૂપીઆ પેન્શન આપી **લુદીઆનામાં** રાખવામાં આવ્યો, ઇ. સ. ૧૮૪૦.

કાબુલમાં બંડ—શાહસુજા લોકપ્રિય નહોતો અને વળી અંગ્રેજના આવવાથી અફ્ઘાનો પણ નાખુશ હતા. તેથી તેઓએ બંડ કરી

કાબુલમાં રહેતા અંગ્રેજોને કાપી નાંખ્યા. એવામાં દોસ્તમહંમદનો છોકરો **અકબરખાન** અફઘાનોનું જબરૂં લશ્કર લઇ કાબુલ તરફ આવતો હતો, તેણે રસ્તામાં **બાલાહિસાર**ના કિલ્લાને ઘેરો ઘાલ્યો. આથી ત્યાં રહેતું અંગ્રેજ લશ્કર ભારે વિપત્તિમાં આવી પડ્યું. તેમની પાસે ખોરાક પણ ખૂટી ગયો હતો. આખરે તેઓએ ઇ. સ. ૧૮૪૧ માં સંધી કરી. સંધીમાં એવું ઠર્યું કે ૧ અંગ્રેજોએ અફઘાનીસ્તાનમાંથી ચાલ્યા જવું, ૨ દોસ્તમહંમદને છૂટો કરવો અને ૩ શાહસુજાને વર્ષાસન આપી ગાદી ઉપરથી તેનો હક્ક નષ્ટ કરવો. તેના બદલામાં અકબરખાને અંગ્રેજોને જોઇતી મદદ આપી હિંદમાં સહીસલામત પહોંચાડવા. આ કરાર લેખી કરાવી લેવાને **સરવિલિયમ મેકનોટન** ત્રણ સરદાર સાથે અકબરખાંન પાસે ગયો પણ અકબરખાને તેને મારી નાંખ્યો. આનું વેર લેવાને બદલે અંગ્રેજોએ હિંમત હારી જઇ હિંદ તરફ જવા માંડ્યું. પરંતુ અફઘાનોએ ટેકરીઓ ઉપર ચઢી તેઓને ગોળીથી મારી નાંખ્યા. આ માઠા સમાચાર જણાવવાને ફક્ત ડૉકટર **બ્રાઈડન** મહા મુશીબતે **જલાલાબાદ** પહોંચ્યો.

ચીન સાથે લડાઇ—અંગ્રેજ વેપારીઓ હિંદમાંથી અફીણ લઇ જઇ છુપી રીતે ચીનમાં વેપાર કરતા. આથી ચીનના રાજાને જકાત સંબંધી નુકશાન પહોચતું તેથી ચીના લોકોએ અંગ્રેજના વહાણો લૂંટી લીધાં, એટલે અંગ્રેજ વેપારીઓએ અંગ્રેજ સરકારની મદદ માગી એટલે લૉર્ડ ઑકલાંડે સર જનરલ હ્યું ગાફને લશ્કર આપી ચીન મોકલ્યો. તેણે ચીના લોકને હરાવી સંધી કરવાની ફરજ પાડી. આથી અંગ્રેજને હૉંગકૉંગ બેટ મળ્યો અને બીજા ચાર બંદરમાં વેપાર કરવાની છૂટ મળી.

પ્રકરણ ૭૬.

લૉર્ડ એલનબરો અને અફઘાન વિગ્રહ. (ચાલુ)

લૉર્ડ એલનબરોનો અમલ—ઇ. સ. ૧૮૪૨ થી ઇ. સ. ૧૮૪૪. તે ગવર્નર જનરલ તરીકે ઇ. સ. ૧૮૪૨ માં હિંદમાં આવ્યો. તેણે અફઘાનોને હરાવી અંગ્રેજની ઝાંખી થયેલી કીર્તિને પુનઃ પ્રાપ્ત કરી. વળી તેણે સિંધના અમીરોને હરાવી તે દેશ ખાલસા કર્યો, તેણે સિંધિયાના લશ્કરને હરાવી ગ્વાલીયરના રાજ્યનો સારો બંદોબસ્ત કર્યો. તેણે માણસોને ગુલામ તરીકે વેચવાનો ધંધો તદન નાબુદ કર્યો અને પોલીસ ખાતુ કાઢી તેમાં ગમે તે ધર્મના માણસને દાખલ કરવા ઠરાવ્યું. તે ઘણો બહાદુર અને ઉત્સાહી હતો; પણ તેના વિચાર કંપનીના વ્યવસ્થાપકોના વિચારની વિરૂદ્ધ હોવાથી ઇ. સ. ૧૮૪૪ માં તેને ઇંગ્લાંડ પાછો બોલાવી લેવામાં આવ્યો.

અફઘાન વિગ્રહ ચાલુ—વિલિયમ મેકનોટનના ખૂનની અને અંગ્રેજ લશ્કરના નાશની ખબર મળતાં તેનું વેર લેવાની એક સરખી બુમ ઉઠી. **જનરલ સેલ** જલાલાબાદમાં પોતાનો બચાવ કરી રહ્યો હતો. તેની મદદે **જનરલ પોલૉક**ની સરદારી નીચે પેશાવરથી એક અંગ્રેજ લશ્કર નીકળ્યું. આ ખબર મળતાંજ અકબરખાને તે મદદ આવી પહોંચે તે પહેલાં જનરલ સેલના લશ્કરનો નાશ કરવાને જલાલાબાદને ઘેરો ઘાલ્યો. પણ અંગ્રેજ લશ્કરે એવી બહાદુરીથી તોપનો મારો ચલાવ્યો કે તેનું લશ્કર નાશી ગયું. એટલામાં જનરલ પોલૉક લશ્કર લઇ આવી પહોંચ્યો. **જનરલ નૉટ** જે કંદહાર આગળ હતો તેને જનરલ ઇંગ્લાંડની મદદ આવી પહોંચી. આ અરસામાં અફઘાનોએ શાહસુજાને બાલાહીસારમાં મારી નાંખ્યો અને અકબરખાનને ગાદીએ બેસાડયો. આથી શાહસુજાનો છોકરો નાશી જઇ અંગ્રેજને શરણે ગયો. જલાલાબાદ અને કંદહાર આગળના લશ્કરે કાબુલ પર ચઢાઇ કરી. અકબરખાન લશ્કર લઇ સામો

આવ્યો પણ હાર્યો અને ત્યાંથી નાશી ગયો. અંગ્રેજોએ કાબુલ સર કરી તમામ અંગ્રેજ કેદીઓને મુકત કર્યા. પછી દોસ્તમહમદને છુટો કરી ગાદીએ બેસાડવામાં આવ્યો અને તેને સ્વતંત્ર રીતે રાજ્ય કરવાનો અધિકાર આપી અંગ્રેજ લશ્કર પાછું ફર્યું.

સિંધ દેશનું ખાલસા થવું—સિંધમાં અંગ્રેજનું સહાયકારી લશ્કર રહેતું હતું. ઇ. સ. ૧૮૪૨ માં **સર ચાર્લ્સ નેપિયર** તે લશ્કરનો અધિપતિ નિમાયો. સિંધના અમીરો પ્રથમ અંગ્રેજ સાથે મૈત્રિભાવથી વર્ત્તતા હતા પણ પાછળથી તેઓ અંગ્રેજોની વિરૂદ્ધ જણાયાથી સર ચાર્લ્સ નેપિયરે તેઓને સંધી કરવાની ફરજ પાડી. સંધીમાં એવું ઠર્યું કે અમીરોએ અગ્રેજને અમુક મુલક આપવો અને તેમની આગબોટોનું બળતણ પુરૂં પાડવું. આ સંધી તેમની મરજી વિરૂદ્ધ થએલી હોવાથી તેઓએ બંડ કરી સિંધના સુબા **આઉટરામ**ના ઘરને ઘેરો ઘાલ્યો. આઉટરામ મહમુશીબતે અંગ્રેજની છાવણીમાં નાશી છુટયો. નેપિયરે અમીરોના એકત્ર થએલા લશ્કરને ઇ. સ. ૧૮૪૩ માં **મિયાની** અને **હૈદ્રાબાદ** આગળ હરાવ્યું, અને અમીરોને કેદ કરી બનારસ મોકલી દઇ સિંધને અંગ્રેજ રાજ્ય સાથે જોડી દીધું.

ગ્વાલિયરના રાજ્યની વ્યવસ્થા—ગ્વાલિયરનો રાજા ઇ. સ. ૧૮૪૩ માં મરણ પામ્યો. તેની વિધવા સ્ત્રીએ એક બાળક છોકરાને દત્તક લીધો, પણ પ્રતિનિધિ નિમવાની તકરાર ઉઠી. ગવર્નર જનરલે **મામાસાહેબને** પ્રતિનિધિ નિમ્યો. પણ તે વાત મહારાણીને રૂચતી ન આવવાથી ગવર્નર જનરલના નિમેલા પ્રતિનિધિને બરતરફ કરી તે જગો **દાદાખાસજી**ને આપી. રાજ્યમાં ચાલતી અવ્યવસ્થાને લીધે લશ્કરને પુરો પગાર પણ મળતો નહિ, અને તેઓ પોતાની મરજીમાં આવે તેમ વર્ત્તતા. આ વખતે પંજાબમાં પણ શીખ લોકો બંડ કરવાની તૈયારીમાં હતા. આ બે લશ્કરો એકત્ર થઇ બંડ કરે તો અંગ્રેજની સત્તાને ધાકો પહોંચવાનો સંભવ હતો. તેથી ગવર્નર જનરલે સિંધીયાના રાજ્યમાં

બંદોબસ્ત કરવાને **સર હ્યુ ગાફને** લશ્કર આપી ગ્વાલિયર મોકલ્યો, અને પોતે આગ્રેથી લશ્કર લઇ ગ્વાલિયરપર ચઢાઈ કરી. આથી મહારાણીએ સલાહ કરવા ઇચ્છયું, પણ લશ્કરી અમલદારોએ માન્યું નહિ અને લઢવા તૈયાર થયા. પરંતુ અંગ્રેજોએ તેમને ઇ. સ. ૧૮૪૪ માં **મહારાજપુર** અને **પનિયાર** આગળ હરાવી સંધી કરવાની ફરજ પાડી. આથી મહારાણીને પેન્શન બાંધી આપી રાજ્યકાર્યભાર ચલાવવાને એક કૌંસિલ નિમવામાં આવી અને આ કૌંસિલે ત્યાંના રેસિડેન્ટના કહ્યા પ્રમાણે કામ કરવું એમ ઠરાવવામાં આવ્યું; તેમજ ગ્વાલિયરના લશ્કરમાં પણ ઘટાડો કરવામાં આવ્યો. હાલ પણ એ સંધિની રૂએ ગ્વાલિયરના મહારાજા રાજ્ય કરે છે.

પ્રકરણ ૭૭.

લૉર્ડ હાર્ડિંજ અને પહેલો શિખ વિગ્રહ.

લૉર્ડ **હાર્ડિંજ અને તેના સુધારા**—ઇ. સ. **૧૮૪૪** થી ઇ. સ. **૧૮૪૮.** તે હિંદમાં ચાર વર્ષ રહ્યો, તે દરમિયાન તેણે પંજાબમાં શીખ લોકોને વશ કરી અંગ્રેજની સત્તા બેસાડી. જો કે તે લડાઇના કામમાં ગૂંથાયો હતો છતાં તેણે દેશમાં મહત્વના સુધારા દાખલ કર્યા. તેણે ગંગા નદીમાં નહેર ખોદવાનું કામ પૂરૂં કરાવ્યું અને હિંદમાં રેલ્વે બાંધવાની યોજનાને સારૂં ઉત્તેજન આપ્યું. સરકારી કેળવણી ખાતામાં પસાર થયેલા દેશીઓને સરકારી નોકરી આપવાનો નિયમ કરનાર એજ પુરૂષ હતો. સરકારી કામ રવિવારે બંધ રાખવાનો રિવાજ એણેજ દાખલ કર્યો. અંગ્રેજના રાજ્યમાં સતિ થવાનો ચાલ બંધ હતો પણ આ ગવર્નર જનરલે દેશી રાજાઓના રાજ્યમાં પણ એ ચાલ બંધ કરવા ઠરાવ્યું. તે ઘણો મળતાવડા સ્વભાવનો હતો અને તેને લીધે તેણે પ્રજાની સારી

પ્રીતિ મેળવી હતી. અંગ્રેજને લગભગ સાત વરસ સુધી હથિયાર લેવાં નહિ પડે એવી ખાત્રી કરી તે ઇ. સ. ૧૮૪૮ માં ઇંગ્લાંડ ગયો. પરંતુ બાર માસ પૂરા વિત્યા નહિ તે પહેલાં એનું ધારવું ખોટું પડયું.

પંજાબનું શિખ રાજ્ય—રણજીતસિંગના મરણ પછી પંજાબમાં ઘણી અવ્યવસ્થા ચાલી. એક પછી એક એમ રાજાના ખૂન થવા લાગ્યાં. આ પ્રમાણે રણજીતસિંગના ત્રણ પુત્રો માર્યા ગયા. આખરે ચોથા પુત્ર **દુલિપસિંગને** ગાદીએ બેસાડવામાં આવ્યો; પરંતુ તે બાળક હોવાથી તેના વતી ચાર આગેવાન સરદારોનું સભામંડળ રાજ્યકારભાર કરતું હતું, તેને **ખાલસા** કહેતા પણ રાજ્યમાં લશ્કરનું પ્રબળ વધારે હતું. લશ્કરના સિપાઇઓ પોતાની ટુકડીમાં પંચ નિમતા, અને તેમનો હુકમ માન્ય કરતા.

પહેલો શિખ વિગ્રહ—રાજમાતાએ પોતાના ભાઇને અને **લાલસિંગને** પ્રધાન પદ સોંપ્યું. પણ દુલિપના મામાએ ખાલસાનું અપમાન કર્યાથી તેને મારી નાંખવામાં આવ્યો. આથી રાજમાતા અને લાલસિંગને ભારે ડર પેઠો. લશ્કરના સિપાઇઓ પગારને માટે માગણી ઉપર માગણી કરવા લાગ્યા. પણ તિજોરી ખાલી થઇ ગઈ હતી એટલે પગાર વહેંચવાનું સાધન નહોતું. તેઓ લૂંટફાટ કરી દેશને ઉજ્જડ કરશે એમ જણાયાથી તેમને તેજસિંગની સરદારી નીચે દિલ્લી અને બનારસમાં લૂંટ ચલાવવા મોકલવામાં આવ્યા, ઇ. સ. ૧૮૪૫. શીખ લશ્કરના બે ભાગ પડી એક ભાગ **લાલસિંગ**ની સરદારી નીચે **મુડકી** તરફ વળ્યો. ફિરોજપૂરમાં રાખેલા અંગ્રેજ લશ્કરના સરદાર **જૉનલિટ્લરની** મદદે **સર હ્યુ ગાફ** લશ્કર લેઇ આવી પહોચ્યો. એ બન્નેના એકત્ર થએલા લશ્કરે શીખ લશ્કરને **મુડકી** આગળ હરાવ્યું; એટલે શીખ લોકો **ફીરોજશાહર** આગળ છાવણી કરી રહ્યા, અને લડાઇની તૈયારી કરવા લાગ્યા. સર હ્યુ ગાફને ગવર્નર જનરલની મદદ આવી પહોંચી એટલે તેણે **ફીરોજશાહર** ઉપર હલ્લો કરવાનો નિશ્ચય કર્યો. શીખ લોકો બે દિવસ સુધી ઘણીજ

બહાદુરીથી લડ્યા પણ તેમનામાં કલહ પેસવાથી આખરે અંગ્રેજને જય મળ્યો, ઇ. સ. ૧૮૪૫. આ લડાઇમાં બન્ને પક્ષની ઘણીજ ખુવારી થઇ. સર હ્યુ ગાફ પાસે દારૂ ગોળો ખુટી પડવાથી તેને નવી કુમક આવી પહોંચે ત્યાં સુધી ત્યાંજ થોભવું પડયું. શીખ લોકો ગુલાબસિંગને પોતાનો આગેવાન નિમી **અલીવાલ** આગળ છાવણી નાંખી પડયા. એટલામાં **સર હેરીસ** ૧૪૦૦૦ માણસનું લશ્કર લેઇ હ્યુ ગાફની મદદે આવી પહોંચ્યો અલીવાલ આગળ ભારે યુદ્ધ થયું, તેમાં શીખ લોકો બહાદુરીથી લડયા પણ તેઓને હારી નાશી જવું પડયું ઇ. સ. ૧૮૪૬. વળી અંગ્રેજોએ આગળ વધી તેમને ફરી પાછા **સોબ્રાઅન** આગળ હરાવી, લાહોર ભણી કુચ કરી; તેથી શીખ લોકોએ ડરી જઇ અંગ્રેજ સાથે સંધી કરી. ઇ. સ. ૧૮૪૬.

લાહોરની સંધી—શીખ લોકોએ દરેક સ્થળે હાર ખાધાથી ડરી જઇ અંગ્રેજ સાથે ઇ. સ. ૧૮૪૬ માં લાહોર મુકામે સંધી કરી. એમાં એવું ઠર્યું કે **જાલંધર દુઆબ** અને **કાશ્મિર** અંગ્રેજને આપવું. દુલિપસિંગને પંજાબના રાજા તરીકે માનવો અને કૌંસીલે રેસિડેન્ટની સલાહ પ્રમાણે કામ કરવું, શીખ લોકોએ લડાઇનો તમામ ખર્ચ અંગ્રેજને આપવો અને અંગ્રેજે લાહોરમાં એક અંગ્રેજ લશ્કર રાખવું. લડાઇના ખર્ચ પેટે આપવાની રકમ તિજોરીમાં નહિ હોવાથી અંગ્રેજે એક કરોડ રૂપીઆ લઇ કાશ્મિર ગુલાબસિંગને આપ્યું.

પ્રકરણ ૭૮.

લૉર્ડ ડલહાઉસી—બીજો શિખ વિગ્રહ.

લૉર્ડ ડલહાઉસી—ઇ. સ. ૧૮૪૮ થી ઇ. સ. ૧૮૫૬. એ ઇ. સ. ૧૮૪૮ માં ગવર્નર જનરલ તરીકે તેની છત્રીસ વર્ષની ઉમરે હિંદમાં

આવ્યો. તે સારાસાર વિચારવાળો, ખંતીલો અને દૃઢ નિશ્ચયવાળો હતો. તે હિંદમાં આઠ વરસ રહ્યો, તે દરમીયાન તેણે લોકોપયોગી મહત્વના સુધારા દાખલ કરી પ્રજાને સુખી કરી. તેણે શીખ લોકને હરાવી પંજાબ ખાલસા કર્યું, અને બ્રહ્મી લોકને જીતી પેગુ પ્રાંતને આરાકાન અને તેનાસરીમ પ્રાંત ભેગો જોડી દઇ તેનું નામ બ્રિટિશ બર્મા પાડયું વળી તેણે દેશી રાજાઓ અપુત્ર મરણ પામે તેમને તેમના મરણ પછી દત્તક લેવાની મના કરી તેમનાં રાજ્ય ખાલસા કરવા નિશ્ચય કર્યો; અને તે પ્રમાણે તેણે નાગપૂર, સતારા, સંભલપૂર, અયોધ્યા, કાશી, ઝાંસી વિગેરે દેશી રાજ્યો ખાલસા કરી બ્રિટિશ રાજ્યનો વિસ્તાર ઘણોજ ફેલાવ્યો. તેણે કર્ણાટકના નવાબ, બાજીરાવ પેશ્વા વિગેરેને મળતાં વર્ષાસન તેમના મરણ પછી તેમના દત્તક પુત્રોને આપવાં બંધ કરી કંપનીની ઉપજમાં વધારો કર્યો.

બીજા શીખ વિગ્રહનું કારણ—લાહોરની સંધીની રૂએ પંજાબમાં અંગ્રેજ રેસિડેન્ટની સલાહથી રાજ્ય કારભાર કૌંસિલ કરતી હતી. ત્યાં જમીનની મહેસુલ સંબંધી કેટલાક સુધારા દાખલ કરવામાં આવ્યા અને તેવાજ સુધારા દાખલ કરવાને મુલતાનના ગવર્નર **મૂળરાજને** ફરમાવવામાં આવ્યું. પણ તેને તે ફેરફાર રૂચતા ન આવવાથી તેણે રાજીનામું મોકલ્યું. પંજાબની કૌંસીલે તે રાજીનામું મંજુર કર્યું અને **ખાનસિંગને** મુલતાનનો ગવર્નર નિમી મહેસુલ સંબંધી સુધારા દાખલ કરવા તેની સાથે બે અંગ્રેજ અમલદારો મોકલ્યા. તે અમલદારોને મારી નાંખી ઇ. સ. ૧૮૪૮ માં મૂળરાજ ધર્મ યુદ્ધ જાહેર કરી શીખ લોકોનો જમાવ કરવા લાગ્યો.

બીજો શીખ વિગ્રહ—આ વખતે અંગ્રેજ સરદાર **ગાફ** લશ્કર લેઇ મુલતાન આવ્યો હોત તો બળવો સમી જાત. પણ તેણે શિયાળાની રૂતુ બેસતા સુધી લડાઇ લંબાવી રાખવા ઇચ્છયું. છતાં અંગ્રેજ સરદાર **એડવર્ડીસે** બલુચી અને પઠાણ લોકોનું લશ્કર જમાવી મૂળરાજને હરાવ્યો અને મુલતાનને ઘેરો ઘાલ્યો. વળી આ બળવો પંજાબ સરકારની સામે છે

એમ ધારવામાં આવ્યાથી લાહોરથી અંગ્રેજ સરદાર **વિશ** અને શીખ સરદાર **શેરસિંગને** મોકલવામાં આવ્યા. અંગ્રેજ લસ્કરે મુલતાનપર તોપનો મારો ચલાવ્યો, એટલે શેરસિંગે મૂળરાજનો પક્ષ કરી અંગ્રેજ સામે ધર્મ યુદ્ધ જાહેર કર્યું. આ વાતની ખબર પડતાં લૉર્ડ ડેલાઉઝી પંજાબ જીતી તેને ખાલસા કરવાનો ઇરાદો કરી ઇ. સ. ૧૮૪૮ માં લસ્કર લઇ આવ્યો. અંગ્રેજને મદદ આવી પહોંચી એટલે જનરલ **વિશે** મુલતાનપર તોપનો મારો ચલાવી તે શહેરને બાળી પાધર કર્યું એટલે મૂળરાજ તાબે થયો. ઇ. સ. ૧૮૪૮ માં જનરલ ગાફે અને કેમ્પબેલે શીખ લસ્કરને **ચીનીઅલવાલ** આગળ હરાવ્યું તેથી તે નાશી ત્રણ માઇલ દૂર **ગુજરાત** આગળ છાવણી કરી રહ્યું. જનરલ ગાફને બીજી કુમક આવી મળતાં તેણે તેને ગુજરાત આગળ સજ્જડ હરાવ્યું અને પંદર માઇલ સુધી તેમની પાછળ પડી તેમનો લડાઇનો સામાન અને તોપો લઇ લીધી. આથી શેરસિંગ વિગેરે શીખ સરદારો હથિયાર છોડી દઇ તાબે થયા એટલે લૉર્ડ ડેલાઉઝીએ પંજાબ ખાલસા કરી ત્યાંના રાજા દુલિપસિંગને પેન્શન બાંધી આપી ઇંગ્લાંડ મોકલી દીધો અને ત્યાં રાજ્યકારભાર કરવા જનરલ **લૉરેન્શને** નિમી ઘણા શીખ લોકોને અંગ્રેજ લસ્કરમાં નોકર રાખ્યા, જેઓએ ઇ. સ. ૧૮૫૭ ના બળવામાં અંગ્રેજને સારી મદદ કરી.

પ્રકરણ ૭૯.

લૉર્ડ ડેલાઉઝી (ચાલુ) અને બીજો બ્રહ્મી વિગ્રહ.

બીજો બ્રહ્મી વિગ્રહ—ઇ. સ. ૧૮૫૧ માં બ્રહ્મી લોકો રંગૂનમાં અંગ્રેજ વેપારીઓને ઘણો ત્રાસ આપવા લાગ્યા એ બાબતનો બંદો-

બસ્ત કરવા તે વેપારીઓએ હિંદ સરકારને ફરીયાદ કરી. રાજાએ પ્રજાનું રક્ષણ કરવું જોઇએ એ નિયમાનુસાર હિંદી સરકારે આવાની સરકારને અંગ્રેજ વેપારીઓપર થતો જુલમ અટકાવવા લખી જણાવ્યું. તે ઉપરથી રંગુનના ગવર્નરને બદલી ત્યાં બીજો ગવર્નર નિમવામાં આવ્યો. તે પણ વધારે જુલમ કરવા લાગ્યો. અને તેણે લૉર્ડ ડેલાઉઝીએ મોકલેલા એલચીનું અપમાન કરી ઉદ્ધત જવાબ આપ્યો. તેથી લૉર્ડ ડેલાઉઝીએ લડાઇ કરી વેપારીઓનું દુઃખ ટાળવાનો નિશ્ચય કર્યો. તેણે એક બંગાળેથી અને બીજું મદ્રાસથી એમ બે લશ્કર બ્રહ્મદેશમાં મોકલ્યાં. અંગ્રેજોએ બ્રહ્મી લોકને હરાવી રંગુનનો કબજો કર્યો. પેગુના રહેવાશીઓ બ્રહ્મી રાજાની જુલમી રાજ્યનીતિથી કંટાળી ગયેલા હોવાથી તેઓએ અંગ્રેજના અમલ નીચે રહેવાની ઇચ્છા જણાવી. એટલે લૉર્ડ ડેલાઉઝીએ પેગુ પ્રાંત આરાકાન અને ટેનાસરીમ સાથે જોડી દેઇ તેને બ્રિટિશ બર્મા એવું નામ આપ્યું એવામાં આવાના રાજાને ગાદીએથી ઉઠાડી મુકી તેનો ભાઇ ગાદીએ બેઠો અને તેણે અંગ્રેજ સાથે સલાહ કરી.

કંપનીની મુદતમાં વધારો—કંપનીના પટાની મુદત ઇ. સ. ૧૮૫૩ માં પૂરી થવાથી કંપની પાસેથી હિંદનો રાજ્ય વહીવટ લઇ લેવાની ભાંજગડ ઇંગ્લાંડની પાર્લામેન્ટમાં ચાલતી હતી. પણ આખરે એવું ઠર્યું કે-પાર્લામેન્ટ બીજો હુકમ કરે ત્યાં સુધી કંપનીએ હિંદનો રાજ્ય વહીવટ કરવો; વ્યવસ્થાપકોની સંખ્યા ૩૯ ને બદલે ૧૮ રાખી તેમાંના ૭ પાર્લામેન્ટે નિમવા અને કંપનીના નોકરો હિંદમાંથી આવે તેમને વ્યવસ્થાપકોની જગા આપવી નહિ. ગવર્નર જનરલને બંગાળા અને બહારના રાજ્ય વહીવટમાંથી મુક્ત કરી તે કામને માટે જુદો લેફ્ટેનન્ટ ગવર્નર નિમવામાં આવ્યો.

લૉર્ડ ડેલાઉઝીના સુધારા—તેણે ઇજનેર ખાતુ કહાડી સડકો નહેરો, પૂલ વિગેરે બાંધકામ ખોલ્યાં. તેણે પોસ્ટ ખાતુ કહાડી અડધા આનામાં અને પા આનામાં હજારો માઇલ ખબર પહોંચાડ-

વાનું સુખ લોકને કરી આપ્યું. રેલ્વેની યોજના લૉર્ડ ઑકલાંડના વખતમાં થઇ હતી પરંતુ ચાલતી લડાઇઓને લીધે તિજોરી ખાલી હોવાથી તે અમલમાં મુકાઇ નહોતી, તે એના વખતમાં અમલમાં આવી અને દિલ્લીથી કલકત્તા સુધીની **ઇસ્ટ ઇંડિયા રેલ્વે** પ્રથમ એનાજ વખતમાં શરૂ થઇ. વળી તેણે વીજળીના તાર નંખાવી હિંદના લોકોને એક જગાએથી બીજી જગાએ તાત્કાળિક ખબર મળે એવી યોજના દાખલ કરી. તેણે કેળવણી ખાતું કહાડી તેને સારા પાયા પર મુક્યું. તેણે હિંદની પ્રજાને ઇંગ્લાંડમાં થતી સિવિલ સર્વિસની પરીક્ષા આપવાનો હક્ક આપ્યો. અને તેમને તેમની લાયકી પ્રમાણે નોકરી આપવાનું ઠરાવ્યું.

લૉર્ડ ડેલહાઉઝીની રાજ્યનીતિની અસર—લૉર્ડ ડેલહાઉઝી દેશી રાજાઓને દત્તક લેવાની મના કરી તેમના મરણ પછી તેના રાજ્યને બ્રિટિશ રાજ્ય સાથે જોડી દેવા લાગ્યો. તેની આ રાજ્યનીતિથી ઘણા લોકના તેમજ રાજા રજવાડાના મન બેદીલ થયાં. તેનું પરિણામ એ આવ્યું કે વખત આવે તેઓ પોતાની સત્તા જમાવવા ટાંપી રહ્યા હતા. અયોધ્યાનું રાજ્ય ખાલસા કરવાથી અયોધ્યાની બેગમ પોતાના લશ્કરને ઉશ્કેરતી હતી. બિથોરમાં પેશ્વાના દત્તક પુત્ર **નાના સાહેબ**ને પેન્શન આપવું બંધ કર્યાથી તે પણ પેશ્વાઇ પુનઃ પ્રાપ્ત કરવાના ઘાટ ઘડ્યા કરતો હતો. **ઝાંસી**ની રાણી પણ પોતાને દત્તક લેવા નહિ દેવાથી પોતાના ઘાટમાંજ હતી. દિલ્લીનો છેલ્લો બાદશાહ બાહાદુરશાહ પણ મુગલાઇ રાજ્યની પુનઃ સ્થાપના કરવાના વિચારમાં હતો. રોહીલા લોકો પણ પોતાની સ્વતંત્રા પાછી મેળવવાના યત્નમાંજ હતા. આ પ્રસંગમાં જરાક ઉશ્કેરણીનું કારણ મળે તો હિંદમાં મહાન બળવો જાગવાનો સંભવ હતો અને તેનો ભભુકો લૉર્ડ કેનિંગના આવ્યા પછી હિંદમાં સળગી ઉઠ્યો અને તે આજે **૧૮૫૭** ના **બળવા**ના નામે હિંદમાં મશહુર છે.

પ્રકરણ ૮૦.

લૉર્ડ કેનિંગ—હિંદનો બળવો.

લૉર્ડ કેનિંગ—ઇ. સ. ૧૮૫૬ થી ઇ. સ. ૧૮૬૨. લૉર્ડ ડેલ્હાઉઝીના ઇંગ્લાંડ ગયા પછી લૉર્ડ કેનિંગ ઇ. સ. ૧૮૫૬ માં હિંદમાં ગવર્નર જનરલ તરીકે નિમાઇને આવ્યો. તે છેલ્લો ગવર્નર જનરલ હતો. તે હિંદમાં આવ્યો તે વખતે સર્વ ઠેકાણે શાંતિ હતી. પણ લૉર્ડ ડેલ્હાઉઝીની રાજ્યનીતિથી લોકોના મન ઉંચા થયેલાં હતાં અને તેઓ બળવો કરવાનો લાગ શોધતા હતા. કેનિંગ આવ્યા પછી થોડાજ વખતમાં ઉત્તર હિંદુસ્તાનમાં એકાએક બળવો ઉઠયો. આ બળવાને લીધે કંપનીને ભારે દેવું થયું હતું. તે દેવું પતાવવાને તેણે લોકો ઉપર આવક વેરો નાંખ્યો. હાલમાં ચાલતી "કરન્સી નોટો" પ્રથમ તેનાજ વખતમાં દાખલ થઇ. તેણે ચીન ઉપર લશ્કર મોકલી અંગ્રેજને વેપાર કરવાની છૂટ આપવા ત્યાંના રાજાને ફરજ પાડી. તેમજ તેના વખતમાં દેશનિકાલ કરેલા કેદીઓને આંદામાન બેટમાં મોકલી દેવાનું ઠરાવવામાં આવ્યું. તે અંગ્રેજી રાજ્યનો મજબુત પાયો નાખવામાં ઘણો શ્રમ વેઠી ઇ. સ. ૧૮૬૨ માં ઇંગ્લાંડ ગયો અને તેજ સાલમાં મરણ પામ્યો.

બળવાનું કારણ—લૉર્ડ ડેલ્હાઉઝીની રાજ્યનીતિથી લશ્કરના માણસોના તેમજ હિંદના રાજા રજવાડાના મન વ્યગ્ર તો હતાંજ, તેમાં તેમને બળવો કરવાનું કારણ જડી આવ્યું. અંગ્રેજો ગાય અને ડુક્કરની ચરબી વાળી ટોટીઓ લશ્કરના સિપાઇઓને આપવાના છે અને તે દાંત વતી તોડી વાપરવાની છે, એટલે તેઓ હિંદુ મુસલમાનને ખ્રિસ્તી કરવા ધારે છે, એવી અફવાએ લશ્કરી સિપાઇઓના મન દુભવ્યાં, અને આથીજ દેશી પલટણોના સિપાઇઓ ઉશ્કેરાઇ જઇ અંગ્રેજ સત્તાની સામા થયા. પ્રથમ મીરતમાંના મુસલમાન સિપાઇઓએ બળવાની શરૂઆત કરી. તેઓએ ટોટીઓ લેવા ના પાડી તેથી તેમના પર લશ્કરી રાહે કેસ ચલાવી તેમને દશ વરસ સુધી સખત મજુરીની કેદની શિક્ષા કરવામાં આવી. આ સાંભળતાંજ બીજા લશ્કરી સિપાઇઓએ ઉશ્કેરાઇ જઇ

રવીવારે અંગ્રેજો દેવળમાં જતા હતા ત્યારે જેલમાં જઇ પોતાના સાથીઓને છુટા કર્યાં એટલુંજ નહિ પણ જે અંગ્રેજો હાથમાં આવ્યા તેને મારી નાંખ્યા, અને રાતમાં ને રાતમાં છાવણી સળગાવી મુકી તેઓ સવારે દિલ્લી જઇ પહોંચ્યા. આ બળવાની ખબર પડતાંજ અલ્હાબાદથી તે સતલજ સુધી ઠેરઠેર બંડ ઉઠયાં. તેમાંનાં મુખ્ય સ્થળો પંજાબ, કાનપૂર, અયોધ્યા, ઝાંસી, રોહીલખંડ વિગેરે હતાં.

દિલ્લીમાં બળવો—પંજાબમાં પ્રથમ લુદીયાના અને જાલંધરમાં દેશી પલટણોએ બળવો કર્યો. સર જૉન લૉરેન્સે શીખ લોકોનું નવું લશ્કર જમાવી તે બંડ સમાવ્યું એટલુંજ નહિ પણ તેણે દિલ્લી આવી બંડખોરોને નસાડ્યા અને દિલ્લીના બાદશાહ બહાદુરશાહને કેદ કરી તેને તેના કુટુંબ સાથે બ્રહ્મદેશ મોકલી દઇ મુગલાઇનો અંત આણ્યો.

કાનપૂરમાં બળવો—કાનપૂર આગળ બિથોરના કિલ્લામાં બાજીરાવ પેશ્વાનો દત્તક પુત્ર નાનાસાહેબ પેશ્વા રહેતો હતો. અંગ્રેજોએ બાજીરાવને મળતું પેન્શન તેને નહિ આપવાથી તેણે બંડખોરોને ઉશ્કેર્યા અને પોતાના સરદાર **તાત્યા ટોપી**ની મદદથી લશ્કરનો આગેવાન બની અંગ્રેજની છાવણીને ઘેરો ઘાલ્યો. અંગ્રેજોએ ઘેરો ત્રણ અઠવાડીયાં ટકાવી રાખ્યો. આખરે અંગ્રેજો પોતાના બૈરાં છોકરાંના જાનમાલની સહી સલામતી ખાતર નાના સાહેબે કરેલી માગણી કબુલ કરી અલ્હાબાદ જવા તૈયાર થયા. રસ્તામાં નદી ઓળંગતાં નાના સાહેબે દગો કરી તેમના ઉપર તોપનો મારો ચલાવી તેમને મારી નાંખ્યા. આ વાતની ખબર પડતાંજ જનરલ હેવલૉકે અલ્હાબાદથી આવી તેને તથા બંડખોરોને હરાવી નસાડ્યા.

ઝાંસીનો બળવો—ઝાંસીની રાણીને દત્તક લેવાની મના કરવામાં આવેલી હોવાથી તે પણ બળવાખોરોને ઉશ્કેરી મરદનો પોશાક પહેરી તેમની આગેવાની લઇ લડવા બહાર પડી. તેને તાત્યા ટોપી તરફથી મદદ આવી પહોંચી, છતાં અંગ્રેજે તેને કુંજ આગળ હરાવ્યાથી તે **કાલ્પી**

જતી રહી. ત્યાંથી પણ અંગ્રેજ લશ્કરે તેને હરાવી નસાડી. પાછળથી અંગ્રેજ સાથેની ઝપાઝપીમાં કોઇ અંગ્રેજ ઘોડેસ્વારના હાથે તે મરણ પામી.

ગ્વાલિયરમાં બળવો— તાત્યા ટોપી કુંજ આગળ હારી ગ્વાલિયર ગયો; કાલ્પી આગળ હાર્યાથી બંડખોરો પણ ગ્વાલિયરમાં જઇ તેને મળ્યા. આથી સિંધિયા આગ્રે નાશી ગયો અને બળવાખોરોએ તિજોરી લૂંટી લેઇ નાનાસાહેબ પેશ્વાની આણ ફેરવી. આ ખબર મળતાંજ **સર હ્યુ રોઝ** અંગ્રેજનું જબરૂં લશ્કર લેઇ ગ્વાલિયર પહોંચ્યો. તેણે બંડખોરોને નસાડી તેમની પાછળ પડી તેમને કતલ કરી નાંખ્યા અને સિંધિયાને પુનઃ ગાદીએ બેસાડયો. મધ્ય પ્રાંતમાં મુંબઇ અને મદ્રાસથી આવેલા લશ્કરે **ધાર** અને **માઉ** જીતી **મંદેશ્વર** આગળ બળવાખોરોને હરાવી નસાડ્યા.

લખનૌમાં બળવો—હજી અયોધ્યામાં ભારે બંડ જામ્યું હતું. સર હેન્રી લૉરેન્સે અંગ્રેજનું જબરૂં લશ્કર લેઇ જઇ લખનૌને ઘેરો ઘાલ્યો. બંડખોરો દસ દિવસ સુધી અંગ્રેજ સામા ટકી રહ્યા. પણ અંગ્રેજોએ સતત લડાઇ જારી રાખવાથી બંડખોરો નાશી ગયા અને અંગ્રેજો લખનૌનો કબજો કરી શકયા.

રોહીલખંડમાં બળવો—રોહીલાના સરદાર **ખાનબહાદુરખાને** આ બળવાનો લાભ લેઇ પોતાની સ્વતંત્રા જાહેર કરી ત્યાંના બે અંગ્રેજ ન્યાયાધિશને મારી નાંખ્યા, વળી ત્યાં અયોધ્યાની બેગમ, નાનાસાહેબ પેશ્વા વિગેરે બંડખોરોના આગેવાનો હારીને ભરાયાં હતા. તેથી અંગ્રેજોએ રોહીલખંડ ઉપર ચડાઇ કરી. બંડખોરો હાર્યા અને નાનાસાહેબ અને અયોધ્યાની બેગમ નેપાલ ભણી નાશી ગયાં અને ત્યાંજ પોતાની જીંદગી પૂરી કરી. તાત્યા ટોપી ગુજરાત ભણી નાઠો પણ તે પકડાયો અને તેને ફાંસીની સજા કરવામાં આવી. આ પ્રમાણે બંડખોરોના તમામ આગેવાનો મરાયાથી બળવો શાંત થઇ ગયો. ઇ. સ. ૧૮૫૯.

પ્રકરણ ૮૧.

લૉર્ડ કેનિંગ (ચાલુ.)

હિંદનો પહેલો વાઇસરૉય અને કંપનીના રાજ્યનો અંત.

કંપનીના રાજ્યનો અંત—ઇ. સ. ૧૮૫૭ ના બળવાથી હિંદમાં બ્રિટિશ સત્તાને ધોકો પહોંચશે એમ ઇંગ્લાંડની સરકારને ભય પેઠો તેથી હિંદનો રાજ્ય વહીવટ બ્રિટિશ સરકારે હસ્તગત કરવાની ચર્ચા ત્યાંની પાર્લામેન્ટમાં ચાલી. આખરે ઇ. સ. ૧૮૫૮ માં **ઇંડિયા બીલ** પસાર થયું. તેમાં એવું ઠર્યું કે કંપની પાસેથી હિંદનો તમામ રાજ્ય વહિવટ લઇ લેઇ બ્રિટિશ સરકારે કરવો. હિંદના રાજ્ય વહીવટને માટે એક **વાયસરૉય** કે પ્રતિનિધિ નિમવો. આ પ્રમાણે લૉર્ડ કેનિંગ હિંદનો પહેલો વાયસરૉય નિમાયો. તેના ઉપર દેખરેખ રાખવાને માટે ઇંગ્લાંડના પ્રધાન મંડળમાં એક જણને સેક્રેટરી નિમી તેને સલાહ આપવાને માટે ૧૫ સભાસદો નિમવા. તેમાંના ૮ જણ હિંદમાં નોકરી કરી આવેલા અનુભવી ગ્રહસ્થો હોવા જોઇએ. આ પ્રમાણે સો વર્ષે કંપનીના રાજ્યનો અંત આવ્યો.

ઇંગ્લાંડની મહારાણીનું જાહેરનામું—હિંદનો રાજ્ય વહિવટ બ્રિટિશ સરકારે પોતાના હાથમાં લીધા પછી, મહારાણીશ્રી **વિક્ટોરીયાએ** હિંદમાં શાંતિ ફેલાવવા માટે ઇ. સ. ૧૮૫૮ ના નવેમ્બરની પહેલી તારીખે એક જાહેરનામું કાઢયું અને તેનો જુદી જુદી દેશી ભાષામાં તરજુમો કરાવી તે પ્રસિદ્ધ કરવામાં આવ્યું. તેમાં એમ જણાવ્યું કે કંપનીના હાથમાંથી હિંદનો રાજ્ય વહીવટ મહારાણીશ્રીએ પોતાના હાથમાં લીધોછે. જે લોકો બળવામાં સામેલ હશે તે જો શરણે થશે તો તેમને માફી આપવામાં આવશે. તમામ સંધીના કરારો, હક, રીત, રિવાજ વિગેરેને યોગ્ય રીતે માન આપવામાં આવશે. જ્ઞાતિ કે ધર્મનો ભેદ રાખ્યા સિ-

વાય સમગ્ર પ્રજાને રાજ્યમાં નોકરી આપવામાં આવશે અને કોઇની ધર્મ સંબંધી લાગણી દુખવવામાં આવશે નહિ અને દેશી રાજા વિગેરેને દત્તક લેવાની સનદ આપવામાં આવશે. આ જાહેરનામાને હિંદની સમસ્ત પ્રજાએ ખરા અંતઃકરણ પૂર્વક માન આપ્યું.

રાજ્ય બંધારણમાં સુધારા—એના વખતમાં હિંદના કાયદા ઘડવા માટે કૌંસીલ નિમવામાં આવી. તેમાં ૧૨ સભાસદો પૈકી ૭ નોકર વર્ગના અને ૭ નોકર નહિ એવા પ્રજા વર્ગના આગેવાનોને નિમવાનું ઠરાવવામાં આવ્યું. ઈ. સ. ૧૮૬૦ માં પીનલકોડ મંજુર થયો અને ઈ. સ. ૧૮૬૧ માં દિવાની કામ ચલાવવાનો કાયદો અને ફોજદારી કામ ચલાવવાનો કાયદો અમલમાં મુકવામાં આવ્યા. વળી કાયદા ઘડનારી અને તેને અમલમાં મુકનારી કૌંસીલો તેના વખતમાં નિમવામાં આવી હતી જેના બંધારણમાં ઈ. સ. ૧૯૦૯ માં સુધારો વધારો કરવામાં આવ્યો છે. વળી હેસ્ટિંગ્સના વખતમાં સ્થપાયેલી સાદર અદાલત અને સુપ્રીમ કોર્ટને બદલે કલકત્તામાં એક હાઇકોર્ટ સ્થાપવામાં આવી જે હાલ પણ છે. એના વખતમાં કલકત્તા, મદ્રાસ અને મુંબઇમાં યુનિવર્સિટીઓ સ્થાપવામાં આવી. આગળ જતાં અલ્હાબાદ અને પંજાબમાં પણ યુનિવર્સિટિઓ સ્થાપવામાં આવી છે અને તે પ્રમાણે હાલમાં હિંદમાં પાંચ યુનિવર્સિટિઓ છે.

પ્રકરણ ૮૨.

હિંદના વાયસરોય (ચાલુ).

લૉર્ડ એલ્જીન—ઈ. સ. ૧૮૬૨ થી ૧૮૬૩. લૉર્ડ કેનિંગના ઇંગ્લાંડ ગયા પછી તે હિંદનો વાયસરોય નિમાયો. તેણે લૉર્ડ કેનિંગના વ-

અંતમાં ચીન ઉપર સ્વારી કરી ત્યાં વેપાર કરવાની પરવાનગી મેળવી હતી. તે હિંદમાં ઘણીજ થોડી મુદત રહી હિમાલય પર્વત ઉપર એક ધર્મશાળામાં મરણ પામ્યો. એના વખતમાં પેશાવર પાસે **સિતાના**ના **વહાબી** પંથના મુસલમાનોએ બંડ કરી અંગ્રેજોને હિંદમાંથી કહાડી મુકવાનો યત્ન કર્યો. પણ લૉર્ડ એલ્જીને **સર નેવીલ ચેમ્બરલેન**ને એક જબરૂં લશ્કર આપી ત્યાં મોકલ્યો. પર્વતોની ખીણો અને ટેકરીઓ ઓળંગતાં અંગ્રેજ લશ્કરની ભારે ખુવારી થઈ, પણ લૉર્ડ એલ્જીનના મરણ પર્યંત આ લોક તાબે થયા નહોતા. તેનાં મરણ પછી મદ્રાસના ગવર્નર **સર ડેનીસને** કલકત્તે જઈ બીજાની નિમણોક થતા સુધી વાયસરોયનું કામ ચલાવ્યું. તેણે ચેમ્બરલેનની મદદે **હેવલૉક**ની સરદારી નીચે બીજું લશ્કર મોકલી વહાબી ધર્મના મુસલમાનોને તાબે થવાની ફરજ પાડી.

સર જૉન લૉરેન્સ—ઇ. સ. **૧૮૬૪ થી ૧૮૬૯** તેણે પંજાબમાં ઘણા વર્ષ રહી ત્યાંના લોકોની સ્થિતિ ઘણીજ સુધારી હતી. તેણે ૧૮૫૭ ના બળવામાં બહુજ બહાદુરી બતાવી અંગ્રેજ રાજ્યનું રક્ષણ કર્યું હતું. આ પ્રમાણે તેણે બજાવેલી નોકરીથી ખુશ થઇ તેમજ તેના જેવા હિંદના વહીવટના જાણીતા અને અનુભવી માણસની હિંદના વાયસરોય તરીકે નિમવાની જરૂર જણાયાથી ઈંગ્લાંડની સરકારે તેને ઈ. સ. ૧૮૬૪ માં હિંદનો વાયસરોય નિમ્યો. તેના વખતમાં રૂનો વેપાર ઘણોજ તેજી પર આવ્યો. અમેરિકામાં લઢાઇ જાગવાથી ત્યાંથી ઈંગ્લાંડ જતું રૂ બંધ થયું અને તેથી રૂના ભાવ હિંદમાં વધી પડ્યા અને લોકો ઘણા પૈસાદાર થયા. આથી મુંબઈ શહેરની આબાદાની વધી અને લોકો સટ્ટાના ધંધા કરવા લાગ્યા. નવી નવી કંપનીઓ નીકળી અને તેના શેરના ભાવ પણ ઘણાજ વધી ગયા. ઈ. સ. ૧૮૬૬ માં ઓઢીઆમાં ભારે દુકાળ પડ્યો

અને લાખો માણસ મરણ પામ્યાં. વળી તેના વખતમાં મ્હૈસુરના રાજાને દત્તક લેવાની પરવાનગી આપવામાં આવી અને તે પુખ્ત ઉમરનો થાય ત્યાર પછી તેને ગાદી પાછી સોંપવાનું ઠરાવવામાં આવ્યું.

ભૂતાનવિગ્રહ—અંગ્રેજોએ આસામ જીત્યું ત્યારે તેઓએ ભૂતાનના તાબાનું **દોઆબ** પરગણું પણ તાબે કર્યું હતું. પણ તેની ઉપજમાંથી અમુક વાર્ષિક રકમ ભૂતાનના રાજાને મોકલવામાં આવતી, છતાં પણ ભૂતાનના જંગલી લોકો પરગણામાં આવી લૂંટફાટ કરતા. આથી અંગ્રેજે ત્યાંના રાજાને મળતી વાર્ષિક રકમ બંધ કરી. એટલે તેઓ વધારે લૂંટફાટ કરવા લાગ્યા. તેનો બંદોબસ્ત કરવા એક અંગ્રેજ એલચી મોકલવામાં આવ્યો પણ તેનું કોઇએ માન્યું નહિ એટલે ભૂતાન સાથે લડાઇ જાગી. અંગ્રેજ લશ્કરને ભૂતાન સર કરવા મોકલવામાં આવ્યું પણ ત્યાંની ખરાબ હવાપાણીને લીધે અંગ્રેજ લશ્કરને ભારે હેરાનગતી પહોંચી. એટલે દુઆબના બદલામાં ૨૫૦૦૦ રૂપીઆ આપવા કરી ઈ. સ. ૧૮૬૫ માં અંગ્રેજોએ સંધી કરી.

લૉર્ડ મેયો—ઈ. સ. **૧૮૬૯ થી ૧૮૭૨**. લૉર્ડ મેયો વાયસરોય તરીકે ઈ. સ. ૧૮૬૯ માં હિંદમાં આવ્યો. તેણે અફધાનીસ્તાનના અમીરને **અંબાલા**માં માન સહિત બોલાવી દર વરસે ૧૨ લાખ રૂપીઆ આપવાના કરી તેની સાથે મૈત્રી કરી. તે ઘણો લોકપ્રિય હતો, તેણે રેલ્વેનું કામ ધમધોકારે ચલાવી લગભગ ૧૦૦૦૦ માઇલની રેલ્વે સરકાર તરફથી બાંધવાની યોજના કરી. તે ઈ. સ. ૧૮૭૨ માં **આંદામાન** બેટના કેદીઓની સ્થિતિ જોવા ગયો ત્યાંજ તેના કોઈ દુશ્મને તેને મારી નાંખ્યો.

લૉર્ડ નૉર્થ બ્રુક—ઈ. સ. **૧૮૭૨** થી ઈ. સ. **૧૮૭૬**. તે ઈ. સ. ૧૮૭૨ માં હિંદના વાયસરોય તરીકે નિમાયો. તેણે અફઘાનિસ્તાનની

સરહદમાં વચ્ચે નહિ પડવા રૂશીયાના રાજા સાથે ઠરાવ્યું. તેના વખતમાં બંગાળા અને બહાર પ્રાંતમાં ભારે દુકાળ પડયો પણ તેણે બાંધ કામો ઉઘાડી દુષ્કાળથી પીડાતી પ્રજાને નિર્વાહના સાધનો પૂરાં પાડયાં. વળી તેણે લૉર્ડ કેનિંગે નાખેલો આવક વેરો કાઢી નાખી પ્રજાને સુખી કરી. વડોદરામાં મલ્હારરાવ ગાયકવાડ રાજ્ય કરતો હતો. તેની ઉપર ત્યાંના રેસિડન્ટ કર્નલ ફેરને ઝેર દીધાનું તહોમત આવવાથી તેની તપાસ કરવા ત્રણ અંગ્રેજ અમલદાર અને ત્રણ દેશી રાજાઓનું કમીશન નિમાયું, ઈ. સ. ૧૮૭૫. તેમાં મતભેદ પડવાથી તેમજ તે રાજય કરવા નાલાયક જણાયાથી તેને ગાદી ઉપરથી પદભ્રષ્ટ કરવામાં આવ્યો અને માજી મહારાજા ખંડેરાવની વિધવા રાણીની સંમત્તિથી ખાનદેશમાં આવેલા દૂરના સગા પૈકીના એક બાળકને ગાદીએ બેસાડવામાં આવ્યો અને હાલ પણ તે સયાજીરાવના નામથી ગાયકવાડના મુલક ઉપર અમલ કરે છે. ઇ. સ. ૧૮૭૫ માં આપણા હાલના શહેનશાહ જયોર્જના પિતા એડવર્ડ જેઓ તે વખતે પ્રિન્સ ઑફ વેલ્સ હતા તેઓએ હિંદની મુલાકાત લીધી, હતી. તે વખતે હિંદના તમામ દેશી રાજાઓએ તથા હિંદની સમસ્ત પ્રજાએ તેમને ઘણુંજ માન આપ્યું હતું. લૉર્ડ નૉર્થબ્રુક પોતે જકાત સંબંધી બહાર પાડેલો કાયદો ઇંગ્લાંડની સરકારને પસંદ નહિ પડવાથી ઇ. સ. ૧૮૭૬ ની શરૂઆતમાં રાજીનામું આપી ઇંગ્લાંડ ગયો.

પ્રકરણ ૮૭.

હિંદના વાયસરોય (ચાલુ).

લૉર્ડ લિટન અને બીજો અફઘાન વિગ્રહ.

લૉર્ડ લિટન—ઈ. સ. ૧૮૭૬ થી ૧૮૮૦. તે ઈ. સ. ૧૮૭૬ માં

વાયસરોય તરીકે હિંદમાં આવ્યો. તેણે ધીમે ધીમે રૂ ઉપરની જકાત વ-ધારી અને તેણે લૉર્ડ નૉર્થ બ્રુકે કાઢી નાંખેલો આવક વેરો ફરી શરૂ કર્યો અને છાપખાનાને માટે કાયદો કરી લગભગ ૪૦ વર્ષ ઉપર લૉર્ડ મેટકાફે વર્તમાનપત્રને આપેલી છૂટ ઉપર અંકુશ મુકયો. તેણે દિલ્હીમાં દરબાર ભરી મહારાણીશ્રીને હિંદના શહેનશાહ તરીકે જાહેર કર્યાં, ઈ. સ. ૧૮૭૭. આ માંગલિક પ્રસંગે દરબારમાં હિંદના તમામ રાજા રજવાડાઓએ ભેગા થઇ મહારાણીશ્રી તરફની પોતાની વફાદારી બતાવી. ઈ. સ. ૧૮૭૭ માં મુંબઈ અને મદ્રાસ ઈલાકામાં ભારે દુકાળ પડયો. પરંતુ લૉર્ડ લિટને રેલ્વેનાં બાંધકામો ઉઘાડી તથા બંગાળેથી અનાજ મંગાવી પ્રજાને જીવ-તી રાખી; પરંતુ આ મહાન દુકાળના સપાટામાં ઘણા માણસો નાશ પામ્યા. તેના વખતમાં બીજો અફઘાનવિગ્રહ શરૂ થયો હતો પણ તે પૂરો થતાં પહેલાં ઈંગ્લાંડમાં પ્રધાન મંડળ બદલાયાથી તે રાજીનામું આપી ઈંગ્લાંડ ગયો ઈ. સ. ૧૮૮૦.

બીજા અફઘાન વિગ્રહનું કારણ—દોસ્તમહંમદના મરણ પછી ઇ. સ. ૧૮૬૩ માં તેનો પુત્ર **શેરઅલી** કાબુલની ગાદીએ બેઠો. તેણે રૂશિયાના રાજાએ મોકલેલા એલચીને કાબુલમાં રાખવાથી લૉર્ડ લિટને અંગ્રેજ એલચીને પણ ત્યાં મોકલ્યો અને તેનો સ્વિકાર કરવા શેર-અલીને લખ્યું પણ તેણે તેને અફઘાનીસ્થાનમાં પેસવા દીધો નહિ. અંગ્રેજે તેને સમજાવવા બે વખત એલચી મોકલ્યા છતાં તેણે ઉદ્ધતાઇ ભરેલો જવાબ આપવાથી લડાઇ જાહેર કરવામાં આવી, ઈ. સ. ૧૮૭૮.

બીજો અફઘાન વિગ્રહ—અંગ્રેજ સરદાર સેમ્યુઅલ બ્રાઉન ૯.૩૦૦ લેઇ ખૈબર ઘાટના રસ્તે અફઘાનીસ્તાનમાં પેઠો અને તેણે

જલાલબાદ જીતી લેઇ **અલી મસજીદ**નો કિલ્લો સર કર્યો. બીજું અંગ્રેજ લશ્કર **જનરલ રોબર્ટસ**ની સરદારી નીચે કુરમની ખીણ પાસે થઇને અફઘાનીસ્તાનમાં પેઠું અને કંદહાર જીતી કાબુલ જઇ પહોંચ્યું. એટલે શેરઅલી **બલ્ખ** નાશી ગયો અને ત્યાં થોડા વખતમાં મરણ પામ્યો. તેના પછી તેનો છોકરો **યાકુબખાન** ગાદીએ બેઠો. પણ તેણે હિંદી સરકારે આપેલી ધમકીથી તાબે થઇ સંધી કરી અને કાબુલમાં કાયમનો અંગ્રેજ એલચી રાખવાનું કબુલ કર્યું, ઇ. સ. ૧૮૭૯. આથી ત્યાં **મેજર કાવેનરી** રેસીડેન્ટ તરીકે નિમાયો. પરંતુ થોડાજ વખતમાં અફઘાનોએ તેને મારી નાંખવાથી ફરી લડાઇ જાગી. જનરલ રોબર્ટસે કાબુલપર ચઢાઇ કરી, પણ યાકુબ શરણે આવવાથી તેને પેન્શન આપી હિંદમાં મોકલી દેવામાં આવ્યો. હવે કાબુલની ગાદીઉપર કોને બેસાડવો તેની ભાંજગડ ચાલી. પરંતુ આ અરસામાં ઇંગ્લાંડનું પ્રધાનમંડળ બદલાયાથી લૉર્ડ લિટન રાજીનામું આપી ઇ. સ. ૧૮૮૦ માં ઇંગ્લાંડ ગયો.

લૉર્ડ રીપન—ઇ. સ. ૧૮૮૦ થી ઇ. સ. ૧૮૮૪. લૉર્ડ લિટનના ગયા પછી તે હિંદના વાયસરોય તરીકે નિમાઇને આવ્યો. તેના આવ્યા પછી પણ અફઘાનીસ્તાનનો મામલો શાંત થયો નહોતો. યાકુબખાનનો ભાઇ **અયુબખાન** અને દોસ્તમહંમદનો પૌત્ર **અબદુલ રહેમાન** ગાદીના વારસ હતા. **અયુબ** આ વખતે **હિરાત**માં હતો. તેણે કંદહાર ઉપર ચઢાઇ કરી પણ જનરલ રોબર્ટસે કાબુલથી આવી તેને હરાવ્યો એટલે તે હિરાત નાશી ગયો. લૉર્ડ રીપન પૈસાની તેમજ માણસોની થતી ભારે ખુવારીથી લડાઇની વિરૂદ્ધ હતો તેથી તેણે અબદુલ રહેમાનને કાબુલની ગાદીપર બેસાડી અફઘાનીસ્તાનમાંથી અંગ્રેજ લશ્કર પાછું બોલાવી દીધું, ઇ. સ. ૧૮૮૧,

લૉર્ડ રીપનની રાજ્યનીતિ—તેણે હિંદમાં પ્રજાના કલ્યાણાર્થે સારા સુધારા કર્યા. તેણે લૉર્ડ લિટને પસાર કરેલો છાપખાનાનો કાયદો રદ કરી વર્ત્તમાનપત્રોને છૂટ આપી અને સુતરાઉ કાપડપરની જકાત તેમજ ઘણી ખરી આયાત ચીજો ઉપરની જકાત કાઢી નાખી. વળી તેણે મીઠાના કરમાં પણ ઘટાડો કર્યો, અને દેશીઓને ભારે હોદ્દાની જગા આપવાનું ઠરાવ્યું. દર દસ વરસે વસ્તીની ગણત્રી કરવાની પદ્ધત તેનાજ વખત દાખલ કરવામાં આવી અને આ પ્રમાણે ઇ. સ. ૧૮૮૧ માં હિંદની વસ્તીની ગણત્રી પ્રથમ કરવામાં આવી. તે વખતે હિંદમાં લગભગ ૨૫ કરોડ માણસની વસ્તી હતી. તેણે લોકલ ફંડ ઉભું કરી મ્યુનિસિપાલિટિનો કારભાર પ્રજાને હાથ સોંપ્યો. તેણે ખાનગી રીતે શાળાઓ ચલાવવાને સરકાર તરફથી ગ્રાન્ટ (મદદ) આપવાનું ઠરાવ્યાથી ઘણી શાળાઓ આબાદ થઇ. તેણે મ્હૈસુરના રાજાનો દત્તક પુત્ર પુખ્ત વયનો થયાથી તેની ગાદી તેને પાછી સોંપી ઇ. સ. ૧૮૮૧. વળી નિઝામનો પુત્ર બાળક હોવાથી **સર સાલરજંગ** તેના પ્રતિનિધિ તરીકે રાજ્યકારભાર કરતો હતો. પણ તે ઇ. સ. ૧૮૮૩ માં મરણ પામવાથી તેમજ બાળકુંવર પુખ્ત ઉમરનો થયેલો હોવાથી નિઝામની ગાદી તેને સોંપવામાં આવી, ઇ. સ. ૧૮૮૪. લૉર્ડ રીપન ઘણાં પ્રજાકીય કામો કરી રૈયતની સારી પ્રીતિ મેળવી ઇ. સ. ૧૮૮૪ નાં ડીસેમ્બર માસમાં ઇંગ્લાંડ ગયો.

પ્રકરણ ૮૪.

હિંદના વાયસરોય (ચાલુ).

લૉર્ડ ડફરીન—ઇ. સ. **૧૮૮૫-૧૮૮૮.** તેણે હિંદમાં આવ્યા પછી રૂશિયા સાથે સરહદ સંબંધી તકરાર ચાલતી હોવાથી પોતાનો પક્ષ સબળ

કરવાને અને તેને હિંદપર ચઢી આવતાં અટકાવવાને અફઘાનીસ્તાનના અમીર અબ્દુલ રહેમાન સાથે સંધી કરી. આથી તેણે અમીરને શસ્ત્રો અને દારૂગોળો પૂરો પાડ્યો એટલુંજ નહિ પણ પ્રથમ તેને મળતી બાર લાખ રૂપીઆની વાર્ષિક રકમ આપવી શરૂ કરી. તેના બદલામાં અમીરે તેની સાથે મૈત્રીભાવથી વર્તવા કબુલ કર્યું. વળી અયુબખાન જે હિરાત નાશી ગયો હતો તેને અફઘાનો તરફથી આશ્રય ન મળવાથી તે હિંદમાં અંગ્રેજને શરણે રહ્યો અને આથી અફઘાનીસ્તાનમાં શાંતિ ફેલાઇ. બ્રહ્મદેશનો રાજા **થીબો** અંગ્રેજ વેપારીઓ ઉપર ઘણો જુલમ કરતો હતો, તેના ત્રાસમાંથી તેમને મુક્ત કરવાને આ વાયસરોએ લશ્કર મોકલી **થીબો**ને પકડી મંગાવી મદ્રાસ મોકલી દીધો અને બ્રહ્મદેશનું રાજ્ય ખાલસા કર્યું. હાલ હિંદમાં દર વરસે ડિસેંબર માસમાં ભરાતી **નેશનલ કૉંગ્રેસ** (પ્રજાકીય સમાજ) એનાજ વખતમાં પ્રથમ કલકત્તામાં ભરવામાં આવી, ઇ. સ. ૧૮૮૭. વળી એના મૅડમ સાહેબે એક ફંડ ઉભું કરી ઉંચી વર્ણની સ્ત્રીઓની સારવાર માટે સ્ત્રી ડાક્તરોને હિંદમાં નોકરી આપવાની પદ્ધત દાખલ કરી. આ ફંડ **લેડી ડફ્રીન** ફંડને નામે પ્રસિદ્ધ છે. આ વાયસરોય ફક્ત ત્રણ વરસ રહી ઇ. સ. ૧૮૮૮ માં નોકરીનું રાજીનામું આપી ઇંગ્લાંડ ગયો.

લૉર્ડ લેન્સડાઉન—ઇ. સ. **૧૮૮૮ થી ૧૮૯૪**. લૉર્ડ ડફ્રીન પછી એ ઇ. સ. ૧૮૮૮ માં વાયસરોય નિમાઇને આવ્યો. એ આવ્યો ત્યારે કાશ્મીરમાં બહુજ અંધાધુંધી ચાલતી હતી તેથી એણે ત્યાંના રાજાને પદભ્રષ્ટ કરી ત્યાંના અંગ્રેજ રેસિડેન્ટની સલાહથી રાજ્યનો વહીવટ કરવા કૌંસીલ નીમી અને રાજાના ભાઇને પ્રમુખ નીમ્યો. આસામ પાસે આવેલા મણીપુરના દેશી રાજાએ આસામના વડા કમીશનરને અને બીજા ચાર અમલદારોને મારી નાંખવાથી તેનું રાજ્ય લઇ લેવામાં આવ્યું અને એક બાળ રાજાને ગાદીએ બેસાડી અંગ્રેજ અમલદારને રાજ્યકારભાર

સોંપવામાં આવ્યો. હાલમાં તે રાજ્ય ત્યાંના દેશી સત્તાધિશને પાછું સોંપવામાં આવ્યું છે. આ વાયસરૉયના વખતમાં એક ઍક્ટ પસાર થયો, તેમાં ઇલાકાની ધારા સભા અને બીજી રાજ્ય બંધારણ સભામાં કેટલીક બાબતોપર પ્રજાકિય વિચારો જાણવાને માટે પ્રજાના આગેવાનોને ચૂંટી કાઢવાનું ઠરાવવામાં આવ્યું. વળી ઘણે ઠેકાણે રેલવે શરૂ થઇ અને તેનાં બાંધકામો ચાલુ રહ્યાં. ઇ. સ. ૧૮૯૧ માં હિંદની વસ્તીની ગણત્રી થઇ તેમાં માલૂમ પડ્યું કે દસ વરસ અગાઉની વસ્તી કરતાં આ વખતે તેમાં ૨૨ લાખ માણસનો વધારો થયો હતો.

બીજો લૉર્ડ એલ્જીન—ઇ. સ. ૧૮૯૪ થી ૧૮૯૮. લૉર્ડ લૅન્સડાઉનના ગયા પછી લૉર્ડ એલ્જીન વાયસરૉય થઇને હિંદમાં આવ્યો. તે લૉર્ડ કેનીંગની પછી થયેલા હિંદના વાયસરૉય 'લૉર્ડ એલ્જીન' નો પુત્ર હતો. ઇ. સ. ૧૮૯૬ માં 'બ્યુબૉનિક પ્લેગ' નામનો ગાંઠીયા તાવનો રોગ પ્રથમ મુંબઇમાં શરૂ થયો. તેમાં હજારો માણસો મરણના ભોગ થઇ પડ્યા. ત્યારપછી આ રોગ લગભગ આખા હિંદમાં ફેલાયો અને હજી પણ તે હિંદમાંથી નાબુદ થયો નથી. ઇ. સ. ૧૮૯૭ માં બંગાળા, બહાર અને અયોધ્યા પ્રાંતમાં દુકાળ પડયો પણ રીલીફ કામો ઉઘાડી ભુખમરાથી પીડાતી પ્રજાને સારી મદદ કરવામાં આવી. વળી આયાત ચીજો ઉપર ૫ ટકા જકાત નાંખવામાં આવી. આ વાયસરૉયના વખતમાં હિંદની રાજમાતા મહારાણી શ્રી વિકટોરિયાને રાજ્ય કરતાં ૬૦ વર્ષ પૂરાં થયેલાં હોવાથી તેમની 'ડાયમંડ જ્યુબિલી' પૂર જોસમાં અને ઉમંગ ભેર ઉજવવામાં આવી. તે પાંચ વરસ હિંદમાં રહી ઇ. સ. ૧૮૯૮ માં ઇંગ્લાંડ ગયો.

લૉર્ડ કર્ઝન—ઇ. સ. ૧૮૯૮ થી ૧૯૦૫. પ્રથમ તે સાધારણ પંક્તિનો માણસ હતો, પણ તે પોતાના બુદ્ધિબળે લૉર્ડની પદ્દી પામી હિંદનો વાયસરૉય નિમાયો. ઇ. સ. ૧૮૯૯ માં દક્ષિણ આફ્રિકામાં ત્યાંના બોઅર્સ લોકો અને અંગ્રેજ વચ્ચે લડાઇ ચાલતી હતી ત્યારે તેણે હિંદમાંથી ત્યાં

લશ્કર મોકલ્યું હતું. આ હિંદી લશ્કર ઘણી બહાદુરીથી લડી બોઅર્સને હરાવવામાં ફત્તેહમંદ નિવડ્યું હતું. વળી ચીનમાં પણ તેણે હિંદમાંથી લશ્કર મોકલી પેકીનમાં અંગ્રેજ એલચી રાખવાનું કબુલ કરાવ્યું. તેમજ તેણે મીઠાપરનો વેરો ઓછો કરી પ્રજાને સારો ફાયદો કરી આપ્યો. ઇ. સ. ૧૯૦૦ માં હિંદમાં ભારે દુષ્કાળ પડયો તેથી રૈયતને એ દુઃખથી મુક્ત કરવામાટે ઘણાં બાંધકામો ઉઘાડવામાં આવ્યાં, તોપણ લાખો માણસો ભુખમરાથી મરણ પામ્યાં. એણે બંગાળા ઇલાકાના બે ભાગ પાડી ત્યાંની પ્રજાને ઘણી નાખુશ કરી. તેના વખતમાં હિંદની શહેનશાહ મહારાણી શ્રી વિકટોરિયા ઇ. સ. ૧૯૦૧ ના જાન્યુઆરી મહિનાની ૨૨ મી તારીખે મરણ પામ્યાં. આ ભલી રાજમાતાના મરણથી હિંદમાં ભારે દિલસોજી ફેલાઇ. તેની પછી તેના વડાપુત્ર એડવર્ડ હિંદના શહેનશાહ થયા. લૉર્ડ કર્ઝને ઇ. સ. ૧૯૦૩ માં દિલ્હીમાં મોટો ભવ્ય દરબાર ભરી તેમને હિંદના શહેનશાહ તરીકે જાહેર કર્યા. આ વખતે હિંદના તમામ દેશી રાજાઓએ તથા પ્રજાના આગેવાનોએ દરબારમાં જઇ શહેનશાહ પ્રત્યે નિમકહલાલી ભરેલી લાગણી દર્શાવી હતી. તેણે હિંદના પુરાતની મકાનો અને મિનારાઓ કાયમ રાખવાનો ઍક્ટ પસાર કર્યો હતો, તેમજ યુનિવર્સિટિ ઍક્ટ પસાર કરી કેળવણીના ધોરણમાં વધારો કર્યો હતો.

લૉર્ડ મિન્ટો--ઇ. સ. **૧૯૦૫** થી ઇ. સ. **૧૯૧૦** લૉર્ડ કર્ઝન પછી તે હિંદના વાયસરોય તરીકે નિમાઇને આવ્યો. આ વાયસરોય લગભગ ૧૦૦ વર્ષ ઉપર થઇ ગયેલા હિંદના ગવર્નર જનરલ લૉર્ડ મિન્ટોનો પ્રપૌત્ર હતો. તેણે ઇ. સ. ૧૯૧૦ ના ફેબ્રુઆરી માસમાં છાપખાનાનો કાયદો કરી વર્તમાનપત્ર ઉપર ભારે અંકુશ મુકયો. તેજ સાલમાં હિંદના શહેનશાહ ઍડવર્ડનું મરણ થવાથી તેમના વડા પુત્ર **જ્યૉર્જ** હિંદના શહેનશાહ તરીકે જાહેર થયા છે. આ વાયસરોય હિંદમાં પાંચ વરસ રહી ઇ. સ. ૧૯૧૦ ના અકટોબર માસમાં ઇંગ્લાંડ ગયો અને લૉર્ડ **હાર્ડિંજ** હાલના વાયસરોય તરીકે કલકત્તે આવી પહોંચ્યા છે.

હૈદરના રાજ્યથી લૉર્ડ મિન્ટો સુધીના મુખ્ય બનાવોની સાલવાર યાદી.

મુખ્ય બનાવ.	પૃષ્ટ.	સાલ,
મદ્રાસની સંધી.	૧૩૧	૧૭૬૯
પોલીલોરની લડાઇ.	૧૩૩	૧૭૮૧
આર્નીની લડાઇ.	૧૩૩	૧૭૮૨
માંગ્લોરની સંધી.	૧૩૩	૧૭૮૪
શ્રીરંગાપટ્ટણની સંધી.	૧૩૪	૧૭૯૩
હૈદરે સ્થાપેલા રાજ્યનો અંત.	૧૩૫	૧૭૯૯
વૉરન હેસ્ટિંગ્સ.	૧૩૭	૧૭૭૨–૧૭૮૪
રેગ્યુલેટિંગ ઍક્ટ.	૧૩૮	૧૭૭૩
વારગામની સંધી.	૧૪૧	૧૭૭૮
સાલબાઇની સંધી.	૧૪૨	૧૭૮૨
પીટનો કાયદો.	૧૪૪	૧૭૮૪
લૉર્ડ કૉર્નવૉલિસ.	૧૪૫	૧૭૮૬–૧૭૯૩
સર જૉનશોર.	૧૪૭	૧૭૯૩–૧૭૯૮
માર્કિવસ ઑફ વેલેસ્લી.	૧૪૮	૧૭૯૮–૧૮૦૫
મરાઠી બીજો વિગ્રહ. અને દેવગામની સંધી.	૧૫૦–૧૫૧	૧૮૦૩
સીરજી અંજેંગામની સંધી.	૧૫૨	૧૮૦૩
મરાઠી ત્રીજો વિગ્રહ.	૧૫૨	૧૮૦૪
લૉર્ડ કૉર્નવૉલિસ (બીજી વાર)	૧૫૪	૧૮૦૫
સરજ્યૉર્જ બાર્લો.	૧૫૪	૧૮૦૫–૧૮૦૭
વેલોરનું બંડ.	૧૫૫	૧૮૦૬
લૉર્ડ મિન્ટો.	૧૫૬	૧૮૦૭–૧૮૧૩
લૉર્ડ હેસ્ટિંગ્સ.	૧૫૮	૧૮૧૩–૧૮૨૩
ગુરખા સાથેની સીગાવલીની સંધી.	૧૬૦	૧૮૧૬
લૉર્ડ આમ્હર્સ્ટ.	૧૬૬	૧૮૨૩–૧૮૨૮
પહેલો બ્રહ્મી વિગ્રહ.	૧૬૫	૧૮૨૪
યેંદાબુની સંધી.	૧૬૬	૧૮૨૬
ભરતપૂરની જીત.	૧૬૬	૧૮૨૬
લૉર્ડ વિલિયમ બેન્ટિક.	૧૬૭	૧૮૨૮–૧૮૩૫

પરિશિષ્ટ.

આ ઇતિહાસમાં આવેલાં મુખ્ય સ્થળોની ભૂગોળ સંબંધી માહિતી.

પ્રકરણ (૧) ગીઝની, અફઘાનીસ્થાનમાં શહેર છે, **ઉજ્જન**, અને **ગ્વાલિયર**, મધ્યહિંદ એજન્સીમાં શહેરો છે. **દિલ્લી**, જમના નદિ ઉપર છે. **અજમેર**, રજપૂતાના એજન્સીમાં શહેર છે. **સોમનાથ** કાઠીયાવાડમાં પ્રભાસપાટ્ટણ આગળ પ્રખ્યાત દેવળ છે. (૨) **કનોજ**, અને આગ્રા અયોધ્યાના સંયુકત પ્રાંતમાં શહેર છે. **થાનેશ્વર**, પંજાબમાં શહેર છે. (૭) **દોલતાબાદ**, નિઝામના રાજ્યમાં શહેર છે. **ચિતોડ**, મેવાડની જુની રાજધાનીનું શહેર છે. (૯) **વિજયાનગર**, મદ્રાસ ઇલાકામાં શહેર છે. (૧૨) **કાલીકટ**, મલબાર કિનારાપર બંદર છે, **પાણીપત** પંજાબમાં પ્રખ્યાત રણક્ષેત્ર છે. (૧૪) **વરાડ**, મધ્ય હિંદુસ્તાનમાં પ્રાંત છે. **બિજાપુર**, મુંબઇ ઇલાકામાં સતારા પાસે શહેર છે. **અહમદનગર**, મુંબઇ ઇલાકામાં દક્ષિણમાં શહેર છે. **ગોવલકોંડા**, નિઝામના રાજ્યમાં શહેર છે. **બેડર**, નિઝામના રાજ્યમાં શહેર છે. **તાલીકોટા**, કૃષ્ણા નદી ઉપર શહેર છે. **જોધપુર** અને **જયપુર** રજપૂતાનામાં શહેરો છે. (૧૫) **ફત્તેહપુરસિક્રી**, આગ્રા અને અયોધ્યાના સંયુક્ત પ્રાંતમાં શહેર છે. (૧૬) **મંદેશ્વર**, ઇંદોર આગળ શહેર છે. **દીવ**, કાઠીયાવાડની દક્ષિણે બેટ છે. **ચુનાર**, અને **બકસર**, બહાર પ્રાંતમાં શહેર છે. **અમરકોટ**, સિંધમાં શહેર છે. (૧૭) **સરહિંદ**, પંજાબમાં શહેર છે. (૧૯) **ઉદેપૂર**, મેવાડની નવી રાજધાનીનું શહેર છે. (૨૩) **લાહોર**, પંજાબનું મુખ્ય શહેર છે. (૨૪) **કંદહાર**, અફઘાનીસ્થાનમાં શહેર છે. (૨૬) **આરાકાન**, બ્રહ્મદેશમાં પ્રાંત

છે. **બનારસ**, આગ્રા અને અયોધ્યાના સંયુક્ત પ્રાંતમાં શહેર છે. (૨૮) **શાહાપુર**, પંજાબમાં શહેર છે. (૩૦) **બેંગ્લોર**, મ્હૈસુરમાં શહેર છે. (૩૧) **કલ્યાણ** અને **પુના** મુંબઇ ઇલાકામાં શહેર છે. (૩૨) **તંજાવર**, મદ્રાસ ઇલાકામાં શહેર છે. (૩૩) **સતારા** અને **કોલ્હાપુર**, મુંબઇ ઇલાકામાં દક્ષિણમાં શહેર છે. (૩૬) **ભોપાળ**, મધ્યહિંદ એજન્સીમાં શહેર છે. (૩૮) **ખર્ડા**, નિઝામના રાજ્યમાં શહેર છે. (૩૯) **વસાઈ**, મુંબઇ ઇલાકામાં શહેર છે. **કાનપુર**, આગ્રા અને અયોધ્યાના સંયુક્ત પ્રાંતમાં શહેર છે. (૪૧) **કેપ ઓફ ગુડ હોપ** આફ્રિકાનું દક્ષિણ બિંદુ છે. (૪૨) **ગોવા**, મુંબઇ ઇલાકાની દક્ષિણે પોર્ટુગીઝનું સંસ્થાન છે. **સુમાત્રા**, **જાવા**, એશિયાનામાં બેટ છે. **સિયામ**, હિંદી ચીનનો ભાગ છે. (૪૩) **બુર્બોન** અને **માડાગાસ્કર**, હિંદીમહાસાગરમાં બેટ છે. **પોંડીચેરી**, કોરોમાંડલ કોસ્ટ ઉપર ફ્રેંચ સંસ્થાન છે. **ચંદ્રનગર**, બંગાળામાં હુગલી નદી ઉપર શહેર છે. **મછલીપટ્ટણ**, મદ્રાસ ઇલાકામાં બંદર છે. (૪૪) **આર્કટ**, કર્ણાટકનું મુખ્ય શહેર છે. (૪૫) **અંબુર**, કર્ણાટકમાં શહેર છે. (૪૬) **આર્ની**, મદ્રાસ પાસે શહેર છે. **શ્રીરંગામ**, મદ્રાસ ઇલાકામાં શહેર છે. (૪૭) **ત્રિચીનાપલ્લી**, મદ્રાસ ઇલાકામાં શહેર છે. **વાંડીવાસ**, મદ્રાસ ઇલાકામાં શહેર છે. **માહી**, મલબાર કિનારાપર બંદર છે. **યાનાન**, ગોદાવરીના મુખ આગળ બંદર છે. **કારીકલ**, કાવેરીના મુખ આગળ બંદર છે. (૪૯) **મુર્શીદાબાદ**, બંગાળામાં શહેર છે. **ચિનસુરા**, હુગલી નદી ઉપર શહેર છે. **કાસીમબઝાર** બંગાળામાં શહેર છે. (૫૦) **ઘેરીયા**, મલબાર કાંઠાપર બેટ છે. (૫૧) **પ્લાસી** બંગાળામાં શહેર છે. (૫૨) **બર્દ્વાન** અને **મિદનાપુર** બંગાળામાં અને **ચિંતાગોંગ** આસામમાં શહેરો છે. **મોંગીર**, બહાર પ્રાંતમાં શહેર છે. (૫૩) **પટણા** બહાર પ્રાંતમાં શહેર છે. (૫૪) **અલ્હાબાદ**, આગ્રા અને અયોધ્યાના સંયુક્ત પ્રાંતોમાં શહેર છે. (૫૫) **ચિંગલપટ**, મદ્રાસ ઇલાકામાં શહેર

છે. (૫૬) ચંગામ મદ્રાસ ઇલાકામાં શહેર છે. ત્રિનોમાલી મદ્રાસ ઇલાકામાં બંદર છે. ડિંડીગલ પાલઘટ અને માંગ્લોર મદ્રાસ ઇલાકામાં શહેર છે. (૫૭) પૅાલીલોર, શોલીંગર અને પોર્ટોનોવો મદ્રાસ ઇલાકામાં શહેર છે. બેડનોર, મ્હૈસુરમાં શહેર છે. (૫૮) સેરીંગેરી, મ્હૈસુરમાં શહેર છે. શ્રીરંગાપટ્ટણ મ્હૈસુરની જુની રાજધાનીનું શહેર છે. (૫૯) કુર્ગ, મ્હૈસુની પૂર્વે પ્રાંત છે. (૬૧) સાલસીટ મુંબઇની ઉત્તરે બેટ છે. (૬૩) ગંતુર કૃષ્ણા નદીના મુખ આગળ શહેર છે (૬૬) આસીરગઢ અને બ્રહ્માનપુર, મધ્ય પ્રાંતમાં શહેર છે. આર્ગાંમ અને ગાવિલગઢ અને બ્રહ્માનપુર, મધ્ય પ્રાંતમાં શહેર છે આર્ગામ અને ગાવિલગઢ, વરાડમાં શહેર છે. બાલાસોર અને કટક, ઓરિસામાં શહેર છે. નાગપુર, મધ્ય પ્રાંતનું મુખ્ય શહેર છે. અલિગઢ, આગ્રા અયોધ્યાના સયુંકત પ્રાંતમાં શહેર છે. (૬૭) ભરતપુર, રજપૂતાના એજન્સીમાં શહેર છે. મથુરાં અને ડીગ આગ્રા અને અયોધ્યાના સંયુકત પ્રાંતમાં શહેર છે. (૬૮) ગ્યાઝીપુર, આગ્રા અને અયોદયાના સંયુયુકત પ્રાંતમાં શહેર છે. (૭૦) લાસા, તિબેટની રાજયધાનીનું શહેર છે. ખટમંડુ, નેપાળનું મુખ્ય શહેર છે. સીગાવલી, નેપાળને દક્ષિણે શહેર છે. સિમલા પંજાબમાં હવાખાવાનું સ્થળ છે. નૈનીતાલ અને મસુરી, આગ્રા અને અયોધ્યાના સંયુકત પ્રાંતોમાં હવાખાવાના સ્થળ છે. (૭૧) ટોંક રજપૂતાનામાં શહેર છે. (૭૨) પંઢરપુર, ખિરકી અને કોરેગામ મુંબઇ ઇલાકામાં શહેર છે. સીતાબાલદી નાગપુર છે. (૭૧) ટોંક, રજપૂતાનામાં શહેર છે. (૭૨) પંઢરપુર, ખિરકી અને કોરેગામ મુંબઇ ઇલાકામાં શહેર છે. સીતાબાલદી નાગપુર પાસે પ્રખ્યાત ટેકરી છે. (૭૩) આવા, બ્રહ્મદેશમાં શહેર છે. શાહપુરી, બંગાળી ઉપસાગરમાં બેટ છે. રંગુન, ડોનાબ્યુ અને પેન્હાણ પેગુમાં શહેરો છે. (૭૫) લુધીઆના, પંજાબમાં શેહેર છે. કાબુલ,

અને જલાલાબાદ, અફઘાનીસ્થાનમાં શહેર છે. (૭૬) **ભિવાની** અને **હૈદ્રાબાદ** સિંધ દેશમાં શહેર છે. (૭૭) **મુડકી, ફીરોઝ-શહર, અલીવાલ, સોબ્રાન** અને **જાલંધર** પંજાબમાં શહેર છે. (૭૮) **ચીનીઅલવાલ** અને **ગુજરાત,** પંજાબમાં શહેર છે. (૮૦) **મીરત, કાનપુર, ઝાંસી,** આગ્રા અને અયોધ્યાના સંયુકત પ્રાંતમાં શહેર છે. **લખનૌ,** અયોધ્યાનું મુખ્ય શહેર છે. (૮૨) **અંબલ** પંજાબમાં શહેર છે. **આંદામાન,** બંગાળી ઉપસાગરમાં બેટ છે. (૮૩) **અહ્લી મસજીદ, બલ્ખ** અને **હિરાત,** અફઘાની સ્થાનમાં શહેર છે.

